ॐ

વીતરાગાય નમઃ

# અમૃત બોધ

## (ભાગ–૩)

(પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર
વિભિન્ન સ્થળે ચાલેલા પ્રવચનો)

પ્રકાશક

શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ
મુંબઈ

| | | | |
|---|---|---|---|
| કહાન સંવંત ૩૭ | વિક્રમ સંવંત ૨૦૭૩ | વીર સંવંત ૨૫૪૩ | ઈ. સન ૨૦૧૭ |

**પ્રકાશન**
માગશર વદ ૮, તા. ૧૦-૧૨-૨૦૧૭, રવિવાર
શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યનો આચાર્ય પદવી આરોહણ દિન

**પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન**
**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
**વિલે પાર્લા, મુંબઈ**
**ફોન : ૦૨૨-૨૬૧૩૦૮૨૦**

**ટાઈપ સેટિંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય

અંતિમ જિનેશ્વર શ્રી મહાવીર સ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક આચાર્ય ભગવંતો, મુનિ ભગવંતોએ સ્વયંની પ્રચંડ સાધના વડે મોક્ષમાર્ગને જીવંત રાખ્યો છે. તેઓશ્રીની સાતિશય દિવ્ય પ્રજ્ઞાના નિમિત્તે પ્રવાહિત અનેક પરમાગમોમાં મોક્ષમાર્ગનું રહસ્ય ખુલ્લું કરીને મૂક્યું છે. તેઓશ્રીના પ્રત્યેક વચનોમાં અમૃત નીતરી રહ્યું છે. આપણા સૌનું મહાન સદ્ભાગ્ય છે કે આવા પરમાગમો આજે પણ મોજૂદ છે.

પ્રવર્તમાન કાળ એ હુંડાવસર્પિણીના નામે પ્રચલિત છે. આવા નિકૃષ્ટ કાળમાં મોક્ષમાર્ગનું જીવંત રહેવું એક આશ્ચર્યકારક ઘટના છે. ભગવાનની દિવ્યધ્વનિના મધુરા રણકારો જિનાગમોમાં તો જીવંત છે જ, પરંતુ તેમને ઉકેલનાર કોઈ નહોતું. સમાજ ચુસ્ત રૂઢિવાદમાં જકડાયેલો હતો. ક્રિયાકાંડમાં ધર્મ માનનારા તથા મનાવનારાનો પ્રભાવ વર્તતો હતો. સત્ય મોક્ષમાર્ગ શું છે, જન્મ-મરણનો અંત કઈ રીતે આવે, આત્મિક સુખ કઈ રીતે પ્રાપ્ત થાય ઈત્યાદિ અનેક વિષયો પ્રાયઃ લુપ્ત થઈ ગયા હતા.

એવા ઘોર તિમિરમય કાળમાં એક એવા સૂર્યનો પ્રકાશ થયો જેમણે પૂરા સમાજને નવી દિશા આપીને અસીમ અમાપ ઉપકાર કર્યો છે. સૌરાષ્ટ્રના ઉમરાળા જેવા નાના ગામમાં આપણા સૌના તારણહાર પરમોપકારી જ્ઞાન દિવાકર અજ્ઞાન અંધકારનો નાશ કરનાર, કૃપાળુ કહાન ગુરુદેવનો જન્મ આપણને સૌને તારવા માટે જ થયો. સ્થાનકવાસી સંપ્રદાયમાં જન્મ થયો તથા દીક્ષિત પણ તેમાં થયા, તેમ છતાં સત્યની શોધ, આત્મહિત કરવાની પ્રચંડ ભાવનાએ તેઓશ્રીને શાશ્વત સુખના પંથે દોરવ્યા. તેઓશ્રીના ગુણગાન શું કરવા? જેની કોઈ કિંમત ન થઈ શકે એવા પરમ નિર્મળ મોક્ષમાર્ગને તેઓશ્રીએ સ્વયંની નિષ્કારણ કરુણાથી પ્રકાશી વર્તમાન સમાજ ઉપર અનંત અનંત ઉપકાર કર્યો છે.

તેઓશ્રીનો આત્મા પ્રત્યેનો પ્રેમ, મુમુક્ષુઓ કઈ રીતે મોક્ષમાર્ગ પર્યંત પહોંચે એવી નિષ્કારણ કરુણા, જિનદેવ, જિનધર્મ, જિનવાણી આદિના સાતિશય બહુમાનથી નિતરતી તેઓશ્રીની વાણી મુમુક્ષુઓને રસતરબોળ કરી મૂકે છે. પ્રત્યેક વચનોમાં ટપકતુ અમૃત મુમુક્ષુઓને અજરામર પદની પ્રાપ્તિ કરાવે તેવા છે. જે શુદ્ધોપયોગમાંથી બહાર આવતાં તેઓશ્રીને ઉત્પન્ન થયેલો વિકલ્પ મુમુક્ષુઓના જન્મ-મરણને ટાળી શકતો હોય તો તેઓશ્રીના શુદ્ધોપયોગની શું વાત કરવી!! તેઓશ્રીનો અંતરંગ વૈભવ તો જે સ્વસંવેદનજ્ઞાનમાં આવે તે જ જાણે.

એવા પરમ પવિત્ર સ્વસંવેદનને જન્મ આપનારા પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય ભગવતી માતા ચંપાબહેન, ધર્મરત્ન, ધર્મની શોભા ઈત્યાદિ અનેક પ્રશંસાયુક્ત શબ્દોથી પૂજ્ય ગુરુદેવ

મુક્ત કંઠે પ્રશંસા કરતાં થાકતા નહોતા. પૂજ્ય ગુરુદેવ પરમાગમો ઉપર તો પ્રવચન કરીને મોક્ષમાર્ગનું રહસ્ય તો ખોલ્યું જ છે, પરંતુ અંતિમ વર્ષોમાં પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર પણ તેઓએ પ્રવચનો કર્યા. પૂજ્ય ગુરુદેવ પ્રવચનોમાં અનેક વખત ફરમાવતા હતા, અમે કોઈ દિવસ કોઈ શાસ્ત્ર છપાવો, એમ કહ્યું નથી. પરંતુ આ 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક એક લાખ છપાવો. એવી સૌ પ્રથમ આજ્ઞા આપી. એવું તો એમના વચનામૃતમાં શું ભર્યું છે? એ તો પ્રસ્તુત પ્રવચનોનું રસપાન જ્યારે મુમુક્ષુઓ કરશે ત્યારે તેઓ સ્વયં જ સમજી જશે.

જે ગૂઢ સિદ્ધાંતો પરમાગમોમાંથી ઉકેલવા, સમજવા મુમુક્ષુઓને કઠિન લાગે છે, તે જ સિદ્ધાંતોને સાદી ભાષામાં વચનામૃતમાં સુસ્પષ્ટપણે સમજાવવામાં આવ્યા છે. મુમુક્ષુઓના કાળજાની કોર સમાન પૂજ્ય બહેનશ્રીની સાતિશય દિવ્ય પ્રજ્ઞામાં રહેલું ઊંડાણ, તેમની વિશાળતા, મુમુક્ષુઓની પ્રત્યેક મુંઝવણને દૂર કરનારા તેમના વચનામૃતો ખરેખર આ કાળની અજાયબી છે.

પ્રસ્તુત ગ્રંથમાં વિભિન્ન સ્થળે ચાલેલા કુલ ૨૨ પ્રવચનો તૃતીય ભાગમાં લેવામાં આવેલ છે. અમુક પ્રવચનો હિન્દી ભાષામાં ચાલેલ છે તેથી માત્ર તેમની લિપિ બદલાવીને હિન્દી ભાષામાં જ પ્રકાશિત કરવામાં આવેલ છે. સૌ પ્રથમ સી.ડી. પ્રવચનોને શબ્દશઃ ઉતારી લઈ, જ્યાં કૌંસ ભરવાની જરૂરિયાત લાગી ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે તથા વાક્ય રચના પૂર્ણ કરવામાં આવી છે. જ્યાં કંઈ પણ સંભળાતું નથી ત્યાં ડોટ કરીને મૂકી દેવામાં આવેલ છે. પાઠક વર્ગે સ્વયંની સમજણ અનુસાર અર્થઘટન કરવા વિનંતી.

કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલે પાર્લા, મુંબઈ દ્વારા શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યના આચાર્ય પદવી આરોહણ દિને તૃતીય ભાગ પ્રકાશિત થઈ રહ્યો છે. શબ્દશઃ પ્રવચનો ઉતારવાનું તથા સંપાદિત કરવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. પ્રસ્તુત પ્રવચનોમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ રહી જવા પામી હોય તો દેવ-શાસ્ત્ર-ગુરુની શુદ્ધ અંતઃકરણપૂર્વક ક્ષમા યાચીએ છીએ. મુમુક્ષુ વર્ગને નમ્ર વિનંતી છે કે તેમને કોઈ ક્ષતિ જણાય તો સુધારો કરી મોકલે જેથી સુધારો કરી શકાય. આ પ્રવચનો www.vitragvani.com પર મૂકવામાં આવેલ છે. અંતતઃ પ્રસ્તુત પ્રવચનોનું અમૃતપાન કરી અજરામર એવા શાશ્વત સુખને પ્રાપ્ત કરીએ, એ જ ભાવના.

ટ્રસ્ટીગણ

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ ગયો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણુ, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી. તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતા સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે :

'શિવરમણી રમનાર તું તું હી દેવનો દેવ'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ

જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં, છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે-'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદગાર નીકળે છે 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભુલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈન ધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક

છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં

દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ.) ૧૯૪૧ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યેજ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫ મા હિરકજયંતિ પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી

શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષદેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતુ કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત

સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગ સર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો ! તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો !

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો !

# અનુક્રમણિકા


| પ્રવ. નં. | તારીખ | વચનામૃત | પૃ. સં. |
|---|---|---|---|
| ૧૪ | ૧૧-૦૪-૧૯૮૦ | ૩૩, ૩૬, ૪૩ | ૦૦૧ |
| ૧૫ | ૧૨-૦૪-૧૯૮૦ | ૪૪, ૪૫, ૫૫, ૬૨, ૭૧ | ૦૧૨ |
| ૧૬ | ૧૫-૦૪-૧૯૮૦ | ૨૦૧ | ૦૨૩ |
| ૧૭ | ૦૭-૦૮-૧૯૭૯ | ૧, ૩૦૬, ૨૧૭, ૨૨૩ | ૦૩૫ |
| ૧૮ | ૦૮-૦૮-૧૯૭૯ | ૨૩૨, ૨૪૧, ૨૪૫, ૨૪૭, ૨૪૮ | ૦૪૮ |
| ૧૯ | ૦૯-૦૮-૧૯૭૯ | ૨૬૬, ૨૮૧, ૨૮૫, ૩૨૮ | ૦૬૨ |
| ૨૦ | ૦૯-૦૮-૧૯૭૯ | ૩૨૮, ૩૨૯, ૩૩૧, ૩૪૧, ૩૮૪ | ૦૭૬ |
| ૨૧ | ..... | ૧૭, ૨૧ | ૦૯૧ |
| ૨૩ | ૨૫-૦૫-૧૯૮૦ | ૨૪૦, ૨૦૮ | ૧૦૧ |
| ૭૬૩ | ૧૭-૦૪-૧૯૭૯ | ૧૧, ૨૧, ૩૩ | ૧૧૭ |
| ૭૬૪ | ૧૮-૦૪-૧૯૭૯ | ૩૪, ૩૬, ૪૫ | ૧૩૧ |
| ૭૬૫ | ૧૯-૦૪-૧૯૭૯ | ૪૫, ૬૦ | ૧૪૪ |
| ૭૬૬ | ૨૦-૦૪-૧૯૭૯ | ૭૬, ૮૧ | ૧૫૭ |
| ૭૬૭ | ૨૧-૦૪-૧૯૭૯ | ૮૨, ૮૬, ૧૦૦ | ૧૭૦ |
| ૭૬૮ | ૨૨-૦૪-૧૯૭૯ | ૧૦૫, ૧૩૬, ૧૩૮ | ૧૮૫ |
| ૭૬૯ | ૨૩-૦૪-૧૯૭૯ | ૧૩૯, ૧૪૦, ૧૫૯ | ૧૯૯ |
| ૭૭૦ | ૨૪-૦૪-૧૯૭૯ | ૧૬૧, ૧૬૨, ૧૬૮, ૪૦૧, ૩૪૯ | ૨૧૨ |
| ૭૭૧ | ૨૫-૦૪-૧૯૭૯ | ૧૬૨, ૪૦૧, ૧૬૭, ૧૭૮ | ૨૨૫ |
| ૭૭૨ | ૨૬-૦૪-૧૯૭૯ | ૧૮૦, ૧૮૨, ૧૯૩ | ૨૩૯ |

| | | | |
|---|---|---|---|
| ७७३ | २७-०४-१९७९ | १९७ | २५३ |
| ७७४ | २८-०४-१९७९ | १९८, २०० | २६७ |



પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી



પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

ૐ

॥નમઃ સિદ્ધેભ્ય॥

# અમૃત બોધ

## (ભાગ-૩)

## (અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના બહેનશ્રીનાં વચનામૃત ઉપરના વિવિધ પ્રવચનો)

**ચૈત્ર વદ ૧૧, શુક્રવાર તા. ૧૧-૪-૧૯૮૦**
**બોલ-૩૩,૩૬,૪૩, પ્રવચન-૧૪** (DVD-15)

**'જેને લાગી છે તેને જ લાગી છે'.. પરંતુ બહુ ખેદ ન કરવો. વસ્તુ પરિણમનશીલ છે, કૂટસ્થ નથી; શુભાશુભ પરિણામ તો થશે. તેને છોડવા જઈશ તો શૂન્ય અથવા શુષ્ક થઈ જઈશ. માટે એકદમ ઉતાવળ ન કરવી. મુમુક્ષુ જીવ ઉલ્લાસનાં કાર્યોમાં પણ જોડાય. સાથે સાથે અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે, સંતોષ ન થાય. હજુ મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે,-એવી ઊંડી ખટક નિરંતર રહ્યા જ કરે છે, તેથી બહારમાં ક્યાંય તેને સંતોષ થતો નથી; અને અંદર જ્ઞાયકવસ્તુ હાથ આવતી નથી, એટલે મૂંઝવણ તો થાય; પણ આડો-અવળો નહિ જતાં મૂંઝવણમાંથી તે માર્ગ શોધી કાઢે છે. ૩૩.**

વચનામૃત. ૩૩ બોલ. **'જેને લાગી છે તેને જ લાગી છે...'** અહીંથી શરૂ કર્યું. આહાહા..! એક આત્મા અનાદિ સનાતન સત્ય રાગના વિકલ્પથી ભિન્ન એવી જેને અંદર લગની લાગી છે **'જેને લાગી છે તેને જ લાગી છે...'** આહાહા..! ઉપર ટપકે વાંચન કરે, શ્રવણ કરે, વાંચન કરે અને બોલે એ કાંઈ ચીજ નથી. આહાહા..! ઝીણી વાત છે. **'પરંતુ બહુ ખેદ ન કરવો. વસ્તુ પરિણમનશીલ છે,...'** વસ્તુ બદલે

છે. પરિણમન થાય છે, પર્યાય છે. આહાહા..! શું કહેવું છે? કે શુભાશુભભાવ થશે. કેમકે પરિણનશીલ છે તેથી તે છે '**કૂટસ્થ નથી;...**' કૂટસ્થ ધ્રુવ છે પણ પર્યાયમાં પલટો છે. એકરૂપ વસ્તુ રહે એવું વસ્તુનું સ્વરૂપ પર્યાયનું નથી. એ વાત સિદ્ધ કરવી છે. છે?

'**કૂટસ્થ નથી;...**' કૂટસ્થ નામ પલટતી અવસ્થા બિલકુલ નથી એમ નથી. પલટે છે અને ધ્રુવ છે. '**શુભાશુભ પરિણામ તો થશે.**' આહાહા...! ૪૯૩માં આવી ગયું છે. શુભભાવ પણ કાળો નાગ છે. એમ આવી ગયું છે. આહાહા..! ચૈતન્ય અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ, એમાં શુભભાવ પણ કાળો નાગ (લાગે છે). એટલે કે આત્માના સ્વભાવથી વિરુદ્ધ ઝેર-ઝેર છે. આહાહા..! છતાં થશે એમ કહે છે. વીતરાગ નથી, સમ્યક્ થયું છે છતાં વીતરાગ નથી એટલે એ ભાવ થશે. છે?

'**શુભાશુભ પરિણામ તો થશે. તેને છોડવા જઈશ તો શૂન્ય...**' એટલે? વસ્તુ જે છે... ઝીણી વાત છે જરી. વસ્તુ છે તેના ઉપર દૃષ્ટિ છૂટીને શુભાશુભભાવને છોડવા જઈશ (તો) મિથ્યાત્વ થશે. ઝીણી વાત છે. આહાહા..! છે? '**શુભાશુભભાવ પરિણામ તો થશે.**' વીતરાગ જ્યાં સુધી નથી ત્યાં સુધી એ પરિણામ થાય. તેને છોડવા જઈશ એટલે? દ્રવ્ય જ્ઞાયક સ્વરૂપ તરફ દૃષ્ટિ છોડીને શુભ અને અશુભભાવને છોડવા જઈશ તો દૃષ્ટિ પર્યાયદૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિ થશે. ઝીણી વાત છે, ભગવાન! આહાહા..! છે? '**તેને છોડવા જઈશ તો શૂન્ય અથવા શુષ્ક થઈ જઈશ.**' શૂન્ય એટલે? વસ્તુ સ્વરૂપ હાથ નહિ આવે. શૂન્ય થઈ જઈશ. રાગ એકલો દેખાશે. બીજું કાંઈ નહિ દેખાય. શૂન્ય થઈ જઈશ અને શુષ્ક થઈ જઈશ. અંતર આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદનું ધામ એ તરફની દૃષ્ટિને છોડીને શુભાશુભને છોડવા જઈશ તો શુષ્ક અને શૂન્ય થઈ જઈશ. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! છોડવું નથી.

નિશ્ચયથી તો આત્મા શુભ પરિણામનો નાશ કરનારો પણ છે નહિ. ૩૪મી ગાથામાં આવ્યું છે. સમયસાર. આહાહા..! આવો માર્ગ! પ્રભુ ચિદાનંદ સ્વરૂપ, તેને દૃષ્ટિમાંથી છોડીને તું શુભ અને અશુભ રાગ નાશ કરવા જઈશ તો શૂન્ય થઈશ, શુષ્ક થઈશ. અને ૩૪મી ગાથાની હિસાબે રાગનો નાશ (કર્તા) આત્મા નામમાત્ર છે. આહાહા..! એટલે શું કહ્યું? રાગનો નાશ કરે છે આત્મા એ પણ નામમાત્ર છે. કેમ? કે વસ્તુ જે છે એ દૃષ્ટિમાં જ્યાં આવી ત્યાં રાગ વસ્તુમાં છે નહિ. છે નહિ એટલે રાગનો નાશ કરશે આત્મા એમ છે નહિ. છે ઝીણી વાત જરી. આહાહા..!

૩૪મી ગાથામાં તો એમ જ કહ્યું છે કે રાગનો પણ નાશ આત્મા કરે એ નામમાત્ર કથન છે. પરમાર્થે રાગનો નાશ કરે એ આત્મા નહિ. આહાહા..! ગજબ વાત છે,

ભાઈ! અંતરની ચીજ આનંદકંદ પ્રભુ એની જેને લગની લાગી એને તો રાગનો નાશ કરવાનું પણ રહેતું નથી, એમ કહે છે. રાગ સહેજે ઉત્પન્ન થઈને નાશ થઈ જશે. ઉત્પન્ન થશે એ તો કીધું. શુભાશુભ પરિણામ તો થશે. ઉત્પન્ન થશે. વીતરાગ નથી એટલે ઉત્પન્ન થશે. આહાહા..! આ તે મોટી વાતું. છતાં એને નાશ કરું એવું લક્ષ જ્ઞાનીનું રહેતું નથી. આહાહા..!

જ્ઞાની રાગના વિકલ્પ શુભભાવને પણ નાશ કરવા જાય તો દૃષ્ટિ ત્યાં એકલી પર્યાય ઉપર જાય છે. ઝીણી વાત છે, ભાઈ! તત્ત્વજ્ઞાન વીતરાગ ત્રિલોકનાથના મુખમાંથી નીકળેલું પરમ તત્ત્વ સત્ય બહુ ઝીણું છે. આહાહા..! શુભાશુભ પરિણામ થશે. કૂટસ્થ નથી. છતાં ત્યાં જો નાશ કરવા જઈશ એના ઉપર લક્ષ રાખીને (તો શૂન્ય થઈ જઈશ). લાલચંદભાઈ! આહાહા..! ઝીણી વાત તો આવી છે, ભાઈ! શુભાશુભભાવ થશે. પણ એનાથી લાભ તો નથી, પણ એનો નાશ કરવા જઈશ ત્યાં દૃષ્ટિ તારી પર્યાય (દૃષ્ટિ) અને શુષ્ક થઈ જશે. ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..!

ભગવાન છે અંદરમાં તો બાપુ! બધા આત્માઓ ભગવાન છે અંદર. રાગને આત્મા અડ્યો પણ નથી. આહાહા..! રાગ-શુભરાગ દયા, દાન અરે..! તીર્થંકરગોત્ર બાંધે એવો રાગ, એ રાગને પણ પ્રભુ અડ્યો નથી. આહાહા..! એવી ચૈતન્યની અસ્તિત્વ દશા કૂટસ્થ જે છે તેના ઉપર દૃષ્ટિના જોરે રાગને નાશ કરવાનો પણ તેને અવસર છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? છે જરી ઝીણી વાત.

'**જેને લાગી છે તેને જ લાગી છે... પરંતુ બહુ ખેદ ન કરવો.**' બહુ ખેદ કરવા જઈશ, રાગનો નાશ કરવા જઈશ તો બુદ્ધિ-દૃષ્ટિ ફરી જશે તારી. આહાહા..! આવી વાત સાંભળવી મુશ્કેલ પડે. '**તેને છોડવા જઈશ તો શૂન્ય અથવા શુષ્ક થઈ જઈશ.**' આહાહા..! '**માટે એકદમ ઉતાવળ ન કરવી.**' એટલે શું? એકદમ શુભ અને અશુભને નાશ કરવાના જોરમાં દોરાઈ ન જવું, એમ કહે છે. શુભ અને અશુભને નાશ કરવા એકદમ દોરવાઈ ન જવું, નહિતર દૃષ્ટિ ... વસ્તુ પડી રહેશે. આહાહા..! આવો અધિકાર હવે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે, પ્રભુ! અનંત તીર્થંકરો, અનંત કેવળીઓએ (આમ વસ્તુનું સ્વરૂપ જોયું છે).

એ વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન, જેને રાગનો સ્પર્શ થયો નથી, કર્મને તો અડ્યો નથી... આહાહા..! ભગવાન આત્મતત્ત્વ કર્મ તત્ત્વ જે જડ છે એને તો ત્રણે કાળમાં કોઈ દિ' અડ્યો જ નથી. પોકાર અત્યારે એ છે જૈનમાં. કર્મને લઈને વિકાર થાય, કર્મને લઈને શુભભાવ થાય, કર્મને લઈને આ થાય. ભગવાન ઝીણી વાત છે, પ્રભુ! એ જડ અજીવ કર્મ છે એને જીવ અડતો પણ નથી. અને તે પોતે અડતો નથી અને

કર્મ પણ એને અડતું નથી. ફક્ત પોતાની પર્યાયમાં શુભાશુભભાવ થશે. આવ્યું ને? એ કર્મથી થશે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

એ સમયની અવસ્થામાં તેના જન્મનો ક્ષણ રાગની ઉત્પત્તિનો ક્ષણ હશે તો થશે. કર્મથી નહિ. આહાહા..! પણ તેને એકદમ નાશ કરવા માટે દૃષ્ટિ ત્યાં પર ઉપર જશે તો શુષ્ક થઈ જઈશ. આહાહા..! અહીં વાત એ સિદ્ધ કરવી છે કે ચૈતન્ય સ્વરૂપ છે તેમાં દૃષ્ટિ દે, એનો આશ્રય લે, તેનું અવલંબન લે. તેના અવલંબનને લે નહિ, નબળાઈને લઈને રાગ તો થશે પણ તેને નાશ કરવાની ઉતાવળ કરીશ નહિ. આહાહા..! ઝીણી વાત બહુ.

**'મુમુક્ષુ જીવ ઉલ્લાસનાં કાર્યોમાં પણ જોડાય. સાથે સાથે અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે,...'** શું કહે છે? સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની શુભાશુભ ભાવમાં જોડાય. ઉલ્લાસના કાર્યમાં પણ જોડાય. દેખાય ઉલ્લાસ. આહાહા..! ઈન્દ્રો પણ સમકિતી એક ભવતારી નંદીશ્વર દ્વીપમાં ઘૂઘરા બાંધીને નાચે છતાં તેની દૃષ્ટિમાં ઉલ્લાસ શુભભાવ ઉપર નથી. દેખાય બહારમાં. બહારમાં ઉલ્લાસ દેખાય. ત્રણ લોકના નાથની સામે આમ કૂદે.

મુમુક્ષુ :- તાંડવ નૃત્ય કરે.

ઉત્તર :- નાચે. કીધું ને. ઘૂઘરા બાંધીને નાચે. છતાં એ ઉલ્લાસ દેખાય, ઉલ્લાસના કાર્યમાં પણ જોડાય. આહાહા..! ઝીણી વાત છે, હોં!

**'સાથે અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે,...'** ઊંડાણમાં ખટક રહ્યા જ કરે કે એ ચીજમાં હું નથી. એ મારામાં નથી અને એમાં હું નથી. એવી ખટક તો રહ્યા જ કરે. આહાહા..! ઝીણી વાત, ભાઈ! સાધકપણું અલૌકિક ચીજ છે. સાધારણ માણસ સાધકપણું માનીને મનાવી લે શુભભાવથી, ... આત્મા આદિ એ માર્ગ તદ્દન જુદો છે, ભાઈ! આહાહા..! આવશે ભાવ, કહે છે. ઉલ્લાસ પણ દેખાશે. છતાં.. આહાહા..! અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે. સંતોષ નહિ થાય. એટલે? એ ભાવ શુભભાવ આવશે, એનાથી સંતોષ નહિ થાય. આહાહા..! સંતોષ તો અંતર આનંદ સ્વરૂપમાં સંતોષ છે. એ સંતોષ શુભભાવમાં નહિ થાય અને શુભભાવ આવ્યા વિના રહેશે પણ નહિ. અને શુભભાવમાં ઉલ્લાસપણું દેખાયા વિના પણ નહિ રહે. આહાહા..! ઉલ્લાસપણું દેખાશે છતાં ત્યાં સંતોષપણું છે નહિ. એ રાગથી ભિન્ન ભગવાન આત્મા ત્યાં ધર્મી જીવની દૃષ્ટિ ચોંટી છે.

ગમે તેવા કાર્યના પ્રસંગમાં ધર્મીની દૃષ્ટિ દ્રવ્યના ધ્રુવ ઉપરથી ખસતી નથી. ગમે તેવા પ્રસંગમાં. આહાહા..! એ વિષયના ભોગમાં પણ હોય છે જ્ઞાની. છતાં દૃષ્ટિ

ધર્મના ધ્રુવ જે ધ્યાન છે તેમાંથી ખસતી નથી દૃષ્ટિ. આહાહા..! કોઈ અજર પ્યાલા છે, બાપા! સાધકપણાના માર્ગ અજર અજર છે. કહે છે કે અંદર ખટક રહ્યા જ કરે. **'સંતોષ ન થાય. હજુ મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે,...'** આહાહા..! મારે કરવાનું તો પૂર્ણાનંદની પ્રાપ્તિ છે. એ અશુભભાવમાં સંતોષાશે નહિ. વચ્ચે આવશે ઉલ્લાસ પણ દેખાશે. છતાં ત્યાં સંતોષાશે નહિ. તેમાં પોતાનું પોતાપણું માનીને અટકશે નહિ. અંદરમાં ખટક રહ્યા જ કરશે. આહાહા..! આવો માર્ગ.

**'એવી ઊંડી ખટક નિરંતર રહ્યા જ કરે છે,...'** મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે. સ્વરૂપમાં ઠરવું, પૂર્ણ ઠરવું, પૂર્ણ વીતરાગતા કરવી એ ઊંડી ખટક નિરંતર રહ્યા જ કરે છે. **'તેથી બહારમાં ક્યાંય તેને સંતોષ થતો નથી;...'** આહાહા..! સમ્યગ્દૃષ્ટિને ભગવાનના ભક્તિના ભાવ પણ આવે ત્યાં એ સંતોષાતો નથી. આહાહા..! એ રાગને પણ કાળો નાગ દેખે છે. સમકિતી રાગને પણ કાળો નાગ-ઝેર દેખે છે-દુઃખ દેખે છે. કેમ કે શુભરાગ છે એ આકુળતા દુઃખ છે. ભગવાન આત્મા અનાકુળ આનંદ છે. આહાહા..! છતાં પૂર્ણ છે નહિ એટલે ત્યાં શુભાશુભ તો આવશે. છતાં ત્યાં સંતોષાશે નહિ. અંતર તરફના વલણમાંથી ખસશે નહિ. ઝીણી વાત બહુ છે, બાપુ! આહાહા..!

**'અંદર જ્ઞાયક વસ્તુ હાથ આવતી નથી, એટલે મૂંઝવણ તો થાય;...'** શરૂઆતવાળાને. શુભભાવ છૂટી અને અંદરમાં જ્ઞાયકભાવ હાથ ન આવે ત્યાં સુધી જરી મૂંઝવણ પણ થાય. **'પણ આડો-અવળો નહિ જતાં...'** આહાહા..! પણ પર્યાયબુદ્ધિના સંતોષમાં ન જતાં. આહાહા..! **'મૂંઝવણમાંથી તે માર્ગ શોધી કાઢે છે.'** અંદરમાંથી શોધી કાઢે છે. આહાહા..! ચૈતન્ય સ્વરૂપ પૂર્ણાનંદના નાથને અંદરમાંથી ગોતીને અંદર મૂંઝવણ કાઢી નાખે છે. મૂંઝવણ થતી નથી. આ પેરેગ્રાફ જરી ઝીણો છે. શરૂઆતની દશામાં પણ મૂંઝવણ થોડી થાય, અંદરમાં જવા ખટક રહ્યા કરે છતાં શુભભાવ આવ્યા વિના રહે નહિ, છતાં ત્યાં સંતોષાય નહિ, છતાં ખટક રહ્યા કરે કે ત્યાંથી ખસીને આમાં આવવું. એ ખટક રહ્યા જ કરે. આટલા બોલ સિદ્ધ કર્યા છે. આહાહા..! છે?

**'આડો અવળો નહિ જતાં મૂંઝવણમાંથી તે માર્ગ શોધી કાઢે છે.'** આહાહા..! મૂંઝવણમાંથી શોધે એટલે? રાગાદિ ભાવ જરી આવે. એમાંથી ખસીને અંદરમાં શોધી કાઢે. મૂંઝવણમાંથી એટલે રાગમાંથી શોધી કાઢે એમ નહિ. રાગ આવે છતાં ખટક અંદરમાં આનંદમાં રહી છે તેથી એનો માર્ગ અંદર શોધી લેશે અને અનુભવ થઈ જશે એને. પણ આ રીત અને આ પદ્ધતિ હશે તો. આડીઅવળી કાંઈ પણ રીત

કરવા જશે (તો) વસ્તુ હાથ નહિ આવે, આડે રસ્તે ચાલ્યો જાશે. આહાહા..! આ બહેનની વાણી અંતરની છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- આડે રસ્તે એટલે?

ઉત્તર :- આડે રસ્તે એટલે આ રાગને રસ્તે. રાગ આવશે, રાગ થશે એમ કીધું ને? છતાં તેને રસ્તે તે નહિ જાય. દૃષ્ટિનું વલણ ત્યાં નહિ રહે. વલણ રહેશે અંદરમાં. અંદર ખટક અંદર ખટક. જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... એવી ખટકમાં જ્ઞાયકને ગોતી લેશે. આહાહા..! ૩૩મો બોલ છે. જરી ઝીણો પડે એવો છે. શબ્દ એવા છે. મૂળ ચીજ છે આ.

મૂળ શું કીધું? કે મૂળ ચીજ તો કૂટસ્થ છે. પણ પરિણામ થયા વિના રહેતા નથી. પર્યાયમાં પરિણામ છે. એ પરિણામમાં શુભાશુભ પરિણામ પણ થશે. છતાં ધ્રુવને પકડવા જવામાં તને મૂંઝવણ આવશે. પણ મૂંઝાતા નહિ. અને તેના તરફના વલણની ખટક છોડી દઈ, અંદરના વલણની ખટકને ઊભી કર. આહાહા..! સમજાય છે કાંઈ? એ આ ૩૩મો બોલ છે. પછી ક્યો લેવો છે? ૩૬?

**જે પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે પણ અંતરંગ રુચિને પલટાવતો નથી, તેને માર્ગનો ખ્યાલ નથી. પ્રથમ રુચિનો પલટો કરે તો ઉપયોગનો પલટો સહજ થઈ જશે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે. ૩૬.**

૩૬. '**જે પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે...**' શું કહે છે? આહાહા..! આત્માની વર્તમાન જ્ઞાનની પર્યાયનો જે વેપાર એ પર તરફ વળેલો, ઝુકેલો છે એને અંતરમાં વાળવો છે. આહાહા..! '**પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે પણ અંતરંગ રુચિને પલટાવતો નથી,...**' શું ઈ કહે છે? પર્યાય તરફની રુચિને છોડતો નથી અને ઉપયોગને પલટાવવા માગે છે. શું કીધું એ વાત? આહાહા..! ઉપયોગ જે છે પર તરફ એ અંતરમાં વાળવા માગે છે પણ પરની રુચિને છોડતો નથી. રુચિ અનુયાયી વીર્ય. જે એને રુચે ત્યાં વીર્ય કામ કરશે. રુચિમાં પોષાણ એ આવે, પર્યાય રાગ શુભરાગની રુચિમાં પોષાણ આવે અને પલટો સ્વભાવ તરફ જાય એમ બને નહિ. ઝીણી વાત છે ભાઈ! આ બધી. આહાહા..! અંતરના રસ્તાનો માર્ગ છે, બાપુ! આહાહા..!

કહે છે... ૩૬ ને? '**પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે પણ અંતરંગ રુચિને પલટાવતો નથી,...**' એટલે શું? શુભભાવની રુચિને છોડતો નથી અને ઉપયોગને

પલટાવવા માગે છે. તો બેય વિરુદ્ધ છે એ તો. આહાહા..! '**તેને માર્ગનો ખ્યાલ નથી.**' જોયું! જેની રુચિ જ પલટી નથી તેને ખ્યાલ જ માર્ગનો નથી. શુભભાવની પણ રુચિ રહે અને છૂટી નથી અને છોડતો નથી તેને માર્ગનો ખ્યાલ જ નથી. આહાહા..! આવો માર્ગ હવે ઝીણો લાગે. બહેને તો દીકરીઓમાં કહ્યું હશે. એમાંથી આ લખાણ બહાર આવી ગયું. અનુભૂતિમાંથી આ બધી વાત આવી છે. આહાહા..!

કેટલાક અત્યારે કહે છે, વિદ્યાસાગર કે ચોથે ગુણસ્થાને અનુભૂતિ ન હોય. એમ એ કહે છે. અનુભૂતિ ન હોય. કારણ કે લોકોને ક્રિયાકાંડમાં સમાવી દેવું છે બધું. પંચ મહાવ્રત અને આ ને ત્યાગ ને બહાર ને નગ્નપણું ને... પણ અનુભૂતિ વિના એ બધું થોથા છે. સમ્યગ્દર્શનમાં જ અનુભૂતિ થાય છે. અંતર તરફ વલણમાં અનુભવ એટલે આનંદનો સ્વાદ ચોથે ગુણસ્થાને (આવે છે).

સર્વગુણાંશ તે સમકિત, સર્વગુણાંશ તે સમકિત. એમ વચન છે ને શ્રીમદ્‌નું. આપણે આ ટોડરમલનું વચન છે રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં. દરેક જેટલા ગુણો છે તે બધા ગુણોનો એક અંશ વ્યક્તપણે વેદનમાં આવે તેને સમકિત કહે છે. સમજાય છે કાંઈ? જેટલા સંખ્યાએ ગુણ છે... આહાહા..! અનંતા અનંત, એની જ્યાં અંતર રુચિ થઈ અને એનું જ્યાં પોસાણ થયું તો જેટલી સંખ્યા છે એટલી સંખ્યાનો અંશ વ્યક્ત પ્રગટમાં આવે. આહાહા..!

સમ્યગ્દર્શન થતાં અતીન્દ્રિય આનંદ તો આવે... શરૂઆત થઈ જાય અહીંથી. ચૌદમેં અજોગી થઈ જાય અકંપ. અકંપનો અંશ ચોથેથી શરૂ થઈ જાય. આહાહા..! કેમ કે જેટલા ગુણો છે એ આખા ગુણોનું એકરૂપ દ્રવ્ય જે છે એ દ્રવ્યનો જ્યાં અનુભવ થયો, જેટલી શક્તિઓ છે એની બધી શક્તિમાંથી પર્યાયમાં વ્યક્તરૂપે એક અંશ વ્યક્તરૂપે બધી શક્તિનો વ્યક્તરૂપે અનુભવ થાય. એને સર્વગુણાંશ તે સમકિત કહ્યું છે. આહાહા..! એ ચોથે જોગના કંપનો અંશ નાશ થાય. આહાહા..! અજોગી ચૌદમે થાય. ચોથેથી અજોગનો એક અંશ શરૂ થઈ જાય. આહાહા..!

એ અહીં કહેવામાં આવે છે. છે? આહાહા..! રુચિનો પલટો કર. રુચિ અંદર જેટલા ગુણો છે તે બધાની રુચિ કર. એમ. '**ઉપયોગનો પલટો કરવા માગે છે પણ અંતરંગ રુચિને પલટાવતો નથી...**' પોષાણ અંદર... આહાહા..! અકંપ સ્વરૂપની પણ રુચિ ત્યાં પલટી થઈ જાય છે. આહાહા..! સમયસારમાં આવે છે. શું છે? સમકિતીના બધા ગુણોનો અંશ નાશ થઈ જાય છે. બધા ગુણો એટલે અવગુણ. સમકિત થતાં બધા ગુણોનો એક અંશ વ્યક્તપણે નાશ થઈ જાય છે અને એક અંશ વ્યક્તપણે પ્રગટ થાય છે. ઝીણી વાત છે થોડી. એ સમયસારના કળશમાં આવે છે.

ભાવાર્થમાં આવે છે.

અહીં કહે છે... આહાહા..! (જે પ્રથમ) ઉપયોગનો પલટો (કરવા માગે છે) તેને માર્ગનો ખ્યાલ નથી. આહાહા..! ઉપયોગને રાગમાં જ રાખ્યા કરે છે અને સમ્યગ્દર્શન પામવા માગે છે એમ પ્રાપ્ત થતું નથી. આહાહા..! વિધિ આકરી છે. અનંત અનંત કાળમાં નહિ થયેલું અપૂર્વ અચિંત્ય નિર્વિકલ્પ... આહાહા..! જે ચીજ છે તે ચીજના અંશનો નમૂનો એની પર્યાયના સ્વાદમાં આવી જાય. જે વસ્તુ અનંત ગુણનો પિંડ છે તેટલા બધા ગુણોનો રુચિને લઈને રુચિ. ઉપયોગ પલટાવા માગે પણ રુચિ પલટાવતો નથી તો અનંત રુચિ નથી એને. અનંત ગુણની એને રુચિ થઈ નથી. આહાહા..! ઝીણું તો છે, ભાઈ!

**'ઉપયોગનો પલટો સહજ થઈ જશે.'** પ્રથમ ઉપયોગનો પલટો કરે... આહાહા..! શુભ અને અશુભનું પોષાણ, રુચિ છૂટતાં ઉપયોગનો પલટો સહજ થઈ જશે. ઉપયોગ સહજ અંદર આનંદમાં આવી જશે. આહાહા..! ઝીણી વાત છે. **'માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે.'** માર્ગની-અંતરના માર્ગની વિધિનો આ ક્રમ છે. એક ઠેકાણે એમ પણ કહે કે જેમાં વિધિ અને નિષેધ બેય નથી. પણ આ વિધિ અસ્તિરૂપે છે. ઓલી વિધિ આમ કરું.. કરું... કરું... એમ (છે) અને આ તો અસ્તિરૂપે વિધિ. આ જ ક્રમ છે કે પૂર્ણાનંદના નાથને રુચિમાં પોષાણમાં લાવતા ઉપયોગ પલટી જાય છે. ઉપયોગ પર તરફ છે એ આનંદના નાથની રુચિ કરતાં એનું પોષાણ (થતાં), આનંદનો સાગર એને પોષાતા ઉપયોગ પલટી જાય છે. ઉપયોગ સહજ તે તરફ વળી જાય છે. આહાહા..! **'યથાર્થ વિધિનો આ ક્રમ છે.'** લાગે તો ઝીણું. આહાહા..! વસ્તુ તો આ સ્થિતિ છે. પછી ક્યો લેવો છે?

મુમુક્ષુ :- ૪૩-૪૩.

ઉત્તર :- ૪૩? લીધા છે બધા તમે? આહાહા..!

**જેમ કોઈ બાળક માતાથી વિખૂટો પડી ગયો હોય તેને પૂછીએ કે 'તારું નામ શું?' તો કહે 'મારી બા', 'તારું ગામ ક્યું?' તો કહે, 'મારી બા'. 'તારા માતા-પિતા કોણ?' તો કહે, 'મારી બા' તેમ જેને આત્માની ખરી રુચિથી જ્ઞાયકસ્વભાવ પ્રાપ્ત કરવો છે તેને દરેક પ્રસંગે 'જ્ઞાયકસ્વભાવ...જ્ઞાયકસ્વભાવ'-એવું રટણ રહ્યા જ કરે, તેની જ નિરંતર રુચિ ને ભાવના રહે. ૪૩.**

દૃષ્ટાંત આપે છે. **'જેમ કોઈ બાળક માતાથી વિખૂટો પડી ગયો હોય...'** આહાહા..!

**'તેને પૂછીએ કે તારું નામ શું? તો કહે, 'મારી બા,...'** એક જ ધૂન લાગી હોય. નજરે જોયું છે. પોરબંદર. પોરબંદરના અપાસરા પાસે એની મા છૂટી પડી ગઈ. છોડી રહી ગઈ. પોલીસ આવીને પૂછે. ગમે તે તારી ઓળખાણ કોણ? તારી શેરી કોણ? એક મારી બા... મારી બા... એક જ લગની લાગી હોય છે.

**'જેમ કોઈ બાળક માતાથી વિખૂટો પડી ગયો હોય તેને પૂછીએ કે તારું નામ શું? તો કહે, 'મારી બા,...'** એટલે કે એને બાની ધૂન લાગી છે. મારી બા ક્યાં ગઈ? મા ક્યાં ગઈ? આંગળી ઝાલીને ચાલતા હોય અને છૂટી પડી ગઈ. આહાહા..! **'તારું ગામ ક્યું? તો કહે, 'મારી બા,...'** એક જ લગની લાગી હોય. મારી બા સિવાય એને ક્યાંય ગોઠતું ન હોય. **'તો કહે મારી બા, તારા માતા-પિતા કોણ? તો કહે, 'મારી બા;...'** આહાહા..!

**'તેમ જેને આત્માની ખરી રુચિથી જ્ઞાયકસ્વભાવ પ્રાપ્ત કરવો છે...'** આહાહા..! **'તેમ જેને આત્માની ખરી રુચિથી...'** અહીં શબ્દ છે. આહાહા..! આનંદના નાથનું જ્યાં પોષાણ થાય છે, રુચિ અનુયાયી વીર્ય જ્યાં અંદર જાગે છે, પલટો-રુચિને કારણે ઉપયોગ ફરે છે. આહાહા..! ખરી રુચિથી, **'આત્માની ખરી રુચિથી જ્ઞાયકસ્વભાવ પ્રાપ્ત કરવો છે...'** આહાહા..! દુનિયાને દેખાડવું નથી, દુનિયામાં મને માને એ આવડતને દેખાડવી નથી. આહાહા..! મને કાંઈક આવડે છે એવી આવડત પણ જેને બહાર બતાવવી નથી. આહાહા..!

'સમાધિશતક'માં તો ત્યાં સુધી કહ્યું છે, અરે..! હું સમજાવું છું, એ વિકલ્પ ઉન્માર્ગ છે. આહાહા..! એ રાગ છે. સમજાવું છું, બીજાને ઉપદેશ આપું છું, સત્ય ઉપદેશ આપું છું એવો જે વિકલ્પ એ ઉન્માર્ગ છે. આહાહા..! કેમ કે રાગ છે. એ સ્વભાવ નથી. સ્વરૂપમાં એ વિકલ્પનો તો ત્રિકાળ અભાવ છે. ત્રિકાળ અભાવ (છે) એમાં આવીને ઉપદેશ કરે છે ત્યાં કહે છે કે આહાહા..! અરે..! હું ઉન્માર્ગમાં આવી ગયો. મારો નાથ અંદર પડ્યો રહ્યો. અને આ વિકલ્પ આવી ગયો. ઉપદેશનો વિકલ્પ કરતાં. આહાહા..! જેને વિકલ્પની રુચિનું પોષાણ નથી, એને રુચિ ગોઠતી નથી એથી તે તરફનું વલણ તેને ગોઠતું નથી. આત્મા.. આત્મા... આત્મા...

જે માંથી છૂટી પડેલ (તેને પૂછે કે) મા તારી કોણ? કહે બા. તારું નામ શું? કહે, મારી બા... મારી બા... મારી બા.. ગમે તે પૂછે કે તારી ગોઠણ કોણ? કહે, મારી બા. તારી શેરી કોણ? કહે, મારી બા. આહાહા..! એમ જેને આત્માના આનંદની રુચિ જામી છે એને કોઈ રાગની રુચિનો અંશ પણ (ગોઠતો) નથી. આહાહા..! ઝીણી વાત છે બહુ. મૂળ વાત છે. આહાહા..!

**'ખરી રુચિથી જ્ઞાયકસ્વભાવ પ્રાપ્ત કરવો છે તેને દરેક પ્રસંગે 'જ્ઞાયકસ્વભાવ... જ્ઞાયકસ્વભાવ'-એવું રટણ રહ્યા જ કરે,...'** આહાહા..! રટણ, લઢણ, ઘૂંટણ આહાહા..! જેને આત્મા જ્ઞાયકભાવ પ્રગટ કરવો છે એનું એને રટણ ને ઘૂંટણ થયા જ કરે, રહ્યા જ કરે. આહાહા..! જેમ એને ઓલી માથી છૂટો પડ્યો છોકરો, એને ગમે તે પૂછો તો એની બા-બા કહે. એમ અહીંયાં જ્ઞાયક... જ્ઞાયક... આહાહા..! ચૈતન્યમૂર્તિ ભગવાન એક સમયની પર્યાયનો સંસાર. એ સિવાયનો આખો ભગવાન એ દ્રવ્યને તો સંસાર પણ નથી. દ્રવ્ય તો ત્રિકાળ નિરાવરણ છે. આહાહા..!

વસ્તુ જે સમ્યગ્દર્શનનો વિષય (એ તો) ત્રિકાળ નિરાવરણ છે, અખંડ છે, એક છે, અવિનશ્વર છે. શુદ્ધ પરિણામિક પરમભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું. આહાહા..! ૩૨૦ ગાથા. સમયસારની ૩૨૦ ગાથા. જયસેનાચાર્યની ટીકા છે આ. એને એવી લગની લાગી જાય છે, કહે છે. આહાહા..! સકલ ત્રિકાળ નિરાવરણ, સકળ નિરાવરણ. મારી ચીજને આવરણ નથી. વસ્તુને આવરણ હોય તો વસ્તુ અવસ્તુ થઈ જાય. શું કીધું? પ્રભુ! એક સમયની પર્યાયમાં રાગનો સંબંધ છે. વસ્તુ જે ત્રિકાળી ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એ તો ત્રિકાળ નિરાવરણ છે. ત્રિકાળ નિરાવરણ અખંડ એક પ્રતિભાસમય શુદ્ધ પરિણામિક પરમભાવ. વિકલ્પમાત્ર નહિ, હું અબદ્ધ છું.. એ પહેલાં અંદર આવી ગયું છે. હું અબદ્ધ છું.. પહેલાં આવી ગયું છે ક્યાંક. છે. એ ૩૭ બોલે છે. ૩૭.

**'હું અબદ્ધ છું, જ્ઞાયક છું' એ વિકલ્પો પણ દુઃખરૂપ લાગે છે,...'** છે? ૩૭. **'હું અબદ્ધ છું, જ્ઞાયક છું એ વિકલ્પો...'** વિકલ્પ વૃત્તિ. ૧૪૨ ગાથામાં સમયસારમાં એમ આવ્યું છે કે હું અબદ્ધ અને શુદ્ધ છું ચૈતન્યમૂર્તિ અખંડ અભેદ, એવા વિકલ્પમાં આવ્યો એથી શું? એવો પાઠ છે સંસ્કૃત. (તત્) કિમ્? વ્યવહાર પુણ્ય, દયા, દાનના શુભભાવને તો ક્યાંય કાઢી નાખ્યા. પણ હું અબદ્ધ છું, જ્ઞાયક છું, શુદ્ધ છું, પરિપૂર્ણ છું, પ્રત્યક્ષ થવાને લાયક છું એવો પણ વિકલ્પ જે ઊઠે... આહાહા..! તેથી શું? એવું સંસ્કૃત છે. અમૃતચંદ્રાચાર્યના સંસ્કૃતમાં આ છે કે અહીં સુધી આવ્યો તેથી શું? આહાહા..! હજી તો જીવ ક્યાંય ને ક્યાંય એ સિવાય બીજે સંતોષાઈ જાય છે. ક્યાંક જાણપણું શાસ્ત્રનું થાય અને ઓલું થઈ જાય એટલે જાણે આપણને આવડત થઈ ગયા, આપણને કાંઈક શ્રદ્ધા થઈ. બાપુ! મારગડા જુદા, બાપા! આહાહા..!

કહે છે કે અબદ્ધ અને અસ્પૃષ્ટ સુધી વિકલ્પ આવ્યો, વિકલ્પ આવ્યો તેથી શું? એમાં તને લાભ શું? એમ કીધું. વ્યવહારથી તો લાભ નથી. એમ આવ્યું છે એમાં, ભાઈ લાલચંદભાઈ! વ્યવહાર તો અમે છોડાવતા આવ્યા છીએ. પાઠમાં આવ્યું છે.

વ્યવહાર તો અમે છોડાવતા આવ્યા છીએ. પણ નિશ્ચયમાં અબદ્ધ અને અસ્પૃષ્ટનો જે વિકલ્પ છે તેથી શું? ઝીણી વાત છે, ભગવાન! આહાહા..! ત્યાં સુધી પણ રાગ ને વિકાર ને ઝેર છે. આહાહા..! ત્યાં સુધી પ્રભુ હાથ નથી આવ્યો એને. એ વિકલ્પથી છૂટી... છે?

**'જ્ઞાયકસ્વભાવ... જ્ઞાયકસ્વભાવ... એવું રટણ રહ્યા જ કરે,...'** વિકલ્પ છે ભલે. પણ પછી વિકલ્પમાં જોર છે, જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવનું. એ તરફનું જોર છે. **'તેની જ નિરંતર રુચિ ને ભાવના રહે.'** લ્યો! આહાહા..! એવો ભગવાન આત્મા... ઝીણું પડ્યું આજ, બાપુ! આ બેય અધિકાર. આહાહા..! વસ્તુ તો એ છે. એમ જ છે, એવી રીતે જ છે, એમ જ પમાય છે. બીજો કોઈ રસ્તો છે નહિ. હું જ્ઞાયક ને અબદ્ધ છું એવો પણ વિકલ્પ છોડી દે. આહાહા..! હું પૂર્ણાનંદનો નાથ છું, એવો પણ શુભ વિકલ્પ છે રાગ, એ બંધનું કારણ છે. આહાહા..! એને છોડી દે, નાથ! તારે જોઈતું હોય તત્ત્વ તો. તને તારું તત્ત્વ પોષાતું હોય, એ તત્ત્વ પોષાતું હોય તો રાગનું પોષાણ છોડી દે. આહાહા..! તો ત્યાં જ્ઞાયકપણું હાથ આવશે. એમ કહે છે. જોયું? **'નિરંતર રુચિ ને ભાવના રહે.'** નિરંતર પોષાણ. આત્માનો આનંદ જ પોષાણ રહે એમ કહે છે. રાગ પોષાય નહિ. એ રુચિ નિરંતર રહ્યા કરે છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ચૈત્ર વદ ૧૨, શનિવાર તા. ૧૨-૪-૧૯૮૦**
**બોલ-૪૪, ૪૫, ૫૫, ૬૨, ૭૧, પ્રવચન-૧૫ (DVD-15)**

**રુચિમાં ખરેખર પોતાને જરૂરિયાત લાગે તો વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે જ નહિ. તેને ચોવીસે કલાક એક જ ચિંતન, ઘોલન, ખટક ચાલુ રહે. જેમ કોઈને 'બા'નો પ્રેમ હોય તો તેને બાની યાદ, તેની ખટક નિરંતર રહ્યા જ કરે છે, તેમ જેને આત્માનો પ્રેમ હોય તે ભલે શુભમાં ઉલ્લાસથી ભાગ લેતો હોય છતાં અંદરમાં ખટક તો આત્માની જ હોય. 'બા'ના પ્રેમવાળો ભલે કુટુંબ-કબીલાના ટોળામાં બેઠો હોય, આનંદ કરતો હોય, પણ મન તો 'બા'માં જ રહ્યું હોય છે : 'અરે! મારી બા.. મારી બા!'; એવી જ રીતે આત્માની ખટક રહેવી જોઈએ. ગમે તે પ્રસંગમાં 'મારો આત્મા.. મારો આત્મા!' એ જ ખટક ને રુચિ રહેવી જોઈએ. એવી ખટક રહ્યા કરે તો 'આત્મ-બા' મળ્યા વગર રહે જ નહિ. ૪૪.**

વચનામૃત-૪૪. મુદ્દાની વાત છે. '**રુચિમાં ખરેખર પોતાને જરૂરિયાત લાગે...**' શું કહે છે? આત્મા આનંદ જ્ઞાયકભાવ, ભૂતાર્થ ભાવ ત્રિકાળી એની રુચિ અને લગની લાગે. '**રુચિમાં ખરેખર પોતાને જરૂરિયાત લાગે...**' ક્યાંય અટક્યા વિના. શુભરાગ ભક્તિ આદિના પ્રેમમાં પણ અટક્યા વિના. આહાહા..! ખરેખર રુચિમાં પોતાને જરૂરિયાત લાગે. 'આનંદસ્વરૂપ એ હું છું' એની દૃષ્ટિમાં જેને જોર આવે '**તો વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે જ નહિ.**' બીજો કોઈ ઉપાય નથી.

ચિદાનંદ ભગવાન તેના પ્રેમની રુચિ. એ સિવાય કોઈપણ ચીજના પ્રેમમાં ન રોકાતા પોતાના સ્વરૂપની રુચિની લગનીમાં લગન લાગે તો જરૂર વસ્તુની પ્રાપ્તિ થાય. એ ક્રિયાકાંડ અને બહારથી પ્રાપ્તિ થાય નહિ. આહાહા..! કેમ કે એ તો બધા વિકલ્પ અને રાગ (છે). રાગ છે એ રાગની રુચિ, અરાગી એવો વીતરાગી સ્વભાવ, રાગના રસના પ્રેમથી વીતરાગનો રસ કેમ આવે? આહાહા..! આખી દુનિયાથી ફરી એક સ્વરૂપ ચિદાનંદ પ્રત્યે ઝુકાવ કરતાં ખરેખર પ્રાપ્તિ થયા વિના રહે નહિ.

'**તેને ચોવીશે કલાક એક જ ચિંતન,...**' આહાહા..! જ્ઞાયક આનંદ, શુદ્ધ પવિત્ર પરમાનંદનો સાગર એમ વારંવાર એક જ ચિંતન, એક જ '**ઘોલન, ખટક ચાલુ રહે.**' આહા..! '**જેમ કોઈને 'બા'નો પ્રેમ હોય તો તેને બાની યાદ, તેની ખટક નિરંતર**

**રહ્યા જ કરે છે,...**' આહાહા..! નાની ઉંમરમાં બા મરી ગઈ હોય અને એ બાળકને એની માની હૃદયમાં જે ખટક રહ્યા કરે... આહાહા..! મારી મા.. મારી બા.. એમ જે નાની ઉમંરમાં બાળકને બે વર્ષની ઉંમરમાં માં ગુજરી જતાં તેના ઘોલનમાં એની માં જ રહ્યા કરતી હોય. આહાહા..! બીજી વાત એને ક્યાંય અંદરમાં ... ન હોય. એમ ખટક નિરંતર રહ્યા કરે.

**'તેમ જેને આત્માનો પ્રેમ હોય તે ભલે શુભમાં ઉલ્લાસથી ભાગ લેતો હોય...'** શુભ પરિણામમાં ભક્તિમાં ઉલ્લાસ દેખાય, શાસ્ત્રવાંચન, શ્રવણમાં પણ ઉલ્લાસ દેખાય **'છતાં અંદરમાં ખટક તો આત્માની જ હોય.'** આહાહા..! ભાષા છે. ભાવ તો અંદરમાં છે. આહાહા..! અંતર્મુખના આનંદમાં જવા માટે એની ખટક ત્યાં જ રહ્યા કરે. બીજી કોઈ ચીજમાં એને અટકવું, રોકાવું બની શકે નહિ. આહાહા..! **'બા'ના પ્રેમવાળો ભલે કુટુંબ-કબીલાના ટોળામાં બેઠો હોય, આનંદ કરતો હોય, પણ મન તો 'બા'માં જ રહ્યું હોય છે...'** આહાહા..! નાની ઉંમરમાં છોકરાની મા મરી ગઈ જોઈ છે ને. આહાહા..! આ છોકરાના.. બહારથી ગમે તેવી ચીજમાં રોકાવું થાય. **'આત્માની ખટક રહેવી જોઈએ.'** છતાં અંતર તો આત્મામાં આનંદમય ધ્રુવ ચીજની અંદર ખટક રહ્યા જ કરે. આહાહા..!

**'ગમે તે પ્રસંગમાં મારો આત્મા...'** જેમ એને 'મારી બા' (રહ્યા કરે), એમ મારો આત્મા પ્રભુ, હું આનંદ અને જ્ઞાનસાગર, મારો આત્મા પ્રભુ પરમાત્મા. આહાહા..! મારો આત્મા, બે વાર આવ્યું ને? **'મારો આત્મા... મારો આત્મા!'** મારો શબ્દમાં ભગવાનનો આત્મા પણ નહિ. આહા..! આ ચૈતન્યમૂર્તિ ભગવાન એક જ. મારી ચીજ એ છે અને એ જ હું છું. એમ જેને અંદર ખટક રહ્યા કરે **'એ જ ખટક ને રુચિ રહેવી જોઈએ.'** એ જ ખટક અને રુચિ રહેવી. **'એવી ખટક રહ્યા કરે તો આત્મ-બા મળ્યા વગર રહે જ નહિ.'** આત્મારૂપી બા મળ્યા વિના રહે નહિ. આહાહા..!

ઉપરનું વાંચન અને વિચાર ને ઉપર ટપકે વાંચન આદિમાં રોકાય જાય અને કાંઈક ધારણા થોડી થઈ એનું એને આવડતનું અભિમાન આવી જાય. મને કાંઈક આવડે છે, હું બીજાને સમજાવી શકું છું. આહાહા..! ત્યાં રોકાતા એનો પ્રભુ નહિ મળે એને. પરમાત્મા અંતરમાં ચિદાનંદ પ્રભુ, એમાં જેને રસ લાગ્યા એને આખી દુનિયાનો રસ તૂટી જાય છે. આખી દુનિયાનો રસ તૂટી જાય છે. ત્રણ લોકના નાથના ભક્તિનો રાગ પણ તૂટી જાય છે. આહાહા..! કેમ કે એ પરદ્રવ્ય છે. સ્વદ્રવ્ય **'सदव्वा हु सुग्गइ होइ।'** **'परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।'** પરદ્રવ્યમાં કોઈપણનો

વિચાર અને વલણમાં રાગ જ રહ્યા કરે. ચૈતન્યની દુર્ગતિ છે ઈ. આહાહા..! એ ચૈતન્યની ગતિ સિદ્ધગતિ નહિ મળે. ઝીણી વાત છે, ભાઈ!

ભગવાન આત્મા અંદર આનંદસ્વરૂપ એની ખટક રહ્યા કરે તો આત્મા મળ્યા વગર રહે જ નહિ. આહાહા..! આ ક્રિયા. આ કાર્યની પરિણતિ, કાર્યની પરિણતિ. આહાહા..! શુદ્ધ ચિદાનંદ આત્માની લગનીના જેને રસ લાગ્યા એને બીજા કોઈ પણમાં રસ લાગતો નથી. વિષયના ભોગમાં જતાં પણ જાણીને ઝેર લાગે, દુઃખ લાગે, કાળો નાગ હોય એમ લાગે છે. આહાહા..! ધર્મીની દૃષ્ટિમાં આનંદનો નાથ વારંવાર તરવરે છે. એથી બીજી ચીજમાં ક્યાંય એને રસ લાગતો નથી. આહાહા..! છે? .. એ ૪૪ થયો.

**અંતરના તળિયાં તપાસીને આત્માને ઓળખ. શુભ પરિણામ, ધારણા વગેરેનો થોડો પુરુષાર્થ કરી 'મેં ઘણું જ કર્યું છે' એમ માની, જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે. અજ્ઞાનીને જરાક કાંઈક આવડે, ધારણાથી યાદ રહે, ત્યાં તેને અભિમાન થઈ જાય છે; કારણ કે વસ્તુના અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી; તેથી તે બુદ્ધિના ઉઘાડ આદિમાં સંતોષાઈ, અટકી જાય છે. જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી. પૂર્ણ પર્યાય પ્રગટ થાય તોપણ સ્વભાવ હતો તે પ્રગટ્યો તેમાં નવીન શું? તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી. ૪૫.**

૪૫. છે એમાં? '**અંતરનાં તળિયાં તપાસીને આત્માને ઓળખ.**' એ શું કહે છે? પર્યાય અને રાગ ઉપર લક્ષ ન રાખતાં અંતરનું પર્યાયના તળિયામાં-તળમાં, એક સમયની પર્યાયના તળમાં પરમાત્મા અંદર બિરાજે છે. એવા તળિયા તપાસીને, એ તળિયા તપાસીને.. આહાહા..! આ તે કાંઈ વાત! અંતરમાં ભગવાન આનંદસાગરના તળિયાને. તળિયું કેમ કહ્યું? કે પર્યાય છે એ ઉપર તરે છે. પર્યાયની હેઠે અંતરમાં અનંત કાળમાં કોઈ દિ' ગયો નથી. પર્યાયબુદ્ધિમાંથી ખસીને રાગ અને એના પ્રેમમાં રહ્યો છે. નવમી ગ્રૈવેયક રહ્યો, જૈન દિગંબર સાધુ થયો. આહાહા..! અગિયાર અંગના ભણતર ભણ્યા પણ પ્રભુ હાથ ન આવ્યો. કેમ કે એમાં એ આત્મા ક્યાં છે? આત્મા તો અહીંયાં તળમાં .. માંથી અંદર જતાં તેને બહારની કોઈ અપેક્ષા રહેતી નથી. એવા આત્માને.. આહાહા..! તળિયાં તપાસીને. ... શબ્દ છે.

'**તળિયાં તપાસીને...**' એ ચૈતન્યનું તળિયું. એક સમયની પર્યાયની હેઠે, જે ... પાતાળલોક પાતાળ. પાતાળ ભર્યો છે મોટો પરમાત્માનો. આહાહા..! એના તરફ નજર

કરતાં આત્માને ઓળખ. પર્યાય તપાસીને આત્માને ઓળખ. રાગ કરીને આત્માને ઓળખ કે પુણ્ય કરીને, વ્યવહાર કરીને આત્માને ઓળખ એમ છે નહિ. આહા..! **'અંતરના તળિયાં તપાસીને આત્માને ઓળખ.'** આહાહા..! .. ભગવાન આત્મા અંદરમાં વધવાને બદલે બહારની ધારણા અને શુભભાવોમાં રોકાતાં 'મેં કાંઈક કર્યું છે અને કાંઈક હું કરું છું' એવા અભિમાનમાં રોકાતા અંતરના પરિણામમાં જઈ શક્યો નથી. છે?

**'મેં ઘણું જ કર્યું છે એમ માની,...'** આહાહા..! ભાષા તો સાદી છે. ભાવ ઘણાં ઊંડા ગંભીર છે. આહા..! શાસ્ત્રનું જાણપણું કાંઈક કર્યું, શુભભાવ કર્યો ત્યાં એને થયું કે મને હવે આવડ્યું બહુ. હું ઘણું શીખ્યો, ઘણું મને આવડ્યું. એવા અભિમાનમાં આત્માના તરફનું વલણ કરી શકતો નથી. **'ત્યાં તેને અભિમાન થઈ જાય છે; કારણ કે વસ્તુના અગાધ સ્વરૂપનો...'** એ શું કહે છે? એ શુભભાવ કે શાસ્ત્રનું જ્ઞાન એથી વસ્તુ અગાધ છે. એથી વસ્તુ અગાધ ગંભીર છે. આહાહા..! શાસ્ત્રનું જ્ઞાન અને શુભભાવ એનાથી ચીજ અંદર અગાધ છે. મહા ગંભીર છે. જેના તળિયા જોતાં અનંત અનંત આનંદ આવે એવી અગાધ ચીજને ભૂલીને બહારની ધારણા અને શુભભાવમાં અભિમાન થઈ જાય. એ આગળ નહિ વધી શકે. આહાહા..! છે?

**'અગાધ સ્વરૂપનો...'** અગાધ..! આહાહા..! અરે..! જેની પાસે બાર અંગનું જ્ઞાન પણ જેના અગાધ સ્વભાવ આગળ કાંઈ ન મળે. બાર અંગનું જ્ઞાન, ચૌદ પૂર્વનું જ્ઞાન જેના અગાધ સ્વભાવની શક્તિ આગળ કાંઈ ગણતરી ન મળે એની. આહાહા..! એવો અગાધ સ્વભાવ અંદર ભગવાન પડ્યો છે તેના ઉપર દૃષ્ટિ કર. આહાહા..! **'કારણ કે વસ્તુના અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી;...'** સાધારણ જાણવું અને સાધારણ શુભભાવ (એમાં) અટકીને અગાધ સ્વભાવ તરફનું એને બહુમાન છે જ નહિ. આહાહા..! અગિયાર અંગ ભણ્યો અનંત વાર. એક એક અંગમાં અઢાર હજાર પદ. એક એક પદમાં ૫૧ કરોડ જાજેરા શ્લોક. એવા પણ અનંત વાર (ભણ્યો). એક અંગના એટલા ડબલ, બીજાના, ત્રીજા ડબલ કરતા અગિયાર અંગના ડબલ કંઠસ્થ કર્યા. આહાહા..! પણ એ કાંઈ જ્ઞાન નથી. જ્ઞાન તો ચૈતન્યમૂર્તિના ... પૂર્ણાનંદના નાથમાં અંદર સ્પર્શતા અગાધ ગંભીર અગાધ સ્વભાવ, એમાં જતાં.. આહાહા..!

**'અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી; બુદ્ધિના ઉઘાડ આદિમાં સંતોષાઈ, અટકી જાય છે.'** આહાહા..! **'જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી...'** ધર્મીને તો પૂર્ણ સ્વભાવ, વસ્તુનો પૂર્ણ સ્વભાવ, અગાધ સ્વભાવ લક્ષમાં હોવાથી.. આહાહા..! **'તે**

**અંશમાં અટકતો નથી.**' આહાહા..! અગાધ સ્વભાવનું ભાન જ્ઞાનીને હોવાથી અગિયાર અંગના જાણપણામાં કે શુભભાવ દયા, દાન, ભક્તિ આદિમાં અટકતો નથી. એ તો વિકાર છે. પરલક્ષી જ્ઞાન છે. ભગવાનની વાણી સાંભળે (અને) અહીં જે જ્ઞાન થાય એ પણ પરલક્ષી જ્ઞાન છે. એ જ્ઞાનથી આત્મજ્ઞાન ન થાય. આહાહા..! ભગવાનની વાણી સાંભળીને જ્ઞાન થાય એ જ્ઞાન પણ જ્ઞાન નથી. આહાહા..!

અંતર ત્રણ લોકનો નાથ આનંદ અને જ્ઞાનથી ભરેલો ભગવાન, એને આશ્રયે જ્ઞાન થાય, ભલે થોડું (હોય), એ થોડું છતાં તેને વિજ્ઞાન કહેવાય છે. અજ્ઞાનીના જ્ઞાનને અગિયાર અંગ ભણતર છતાં એને વિજ્ઞાન ન કહેતાં અજ્ઞાન કહેવાય છે. અને થોડું પણ વિજ્ઞાન અંદર જ્ઞાન ચૈતન્યસ્વભાવનું જ્ઞાન, થોડું પણ જ્ઞાન.. એ આવે છે. ૧૪મી ગાથાના અર્થમાં. ૧૪મી ગાથા. થોડું પણ જ્ઞાન તેને વિજ્ઞાન કહેવામાં આવે છે અને અગિયાર અંગના ભણતરને પણ અજ્ઞાન કહેવામાં આવે છે. આને જ્ઞાન કહેવામાં આવે છે. ઓલાને અજ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! કરવાનું એણે ઘણું છે, ભાઈ! અગાધ મહાપ્રભુ બિરાજે છે. એમાં જવું, એ અનંત પુરુષાર્થ અનંત ચૈતન્ય ચમત્કારી પુરુષાર્થ છે. અનંત ચૈતન્ય ચમત્કારી પુરુષાર્થ છે. એ સાધારણ પુરુષાર્થથી એ પત્તો હાથમાં આવે એવું છે નહિ. આહાહા..!

'**અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી; તેથી તે બુદ્ધિના ઉઘાડ આદિમાં સંતોષાઈ, અટકી જાય છે. જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી. પૂર્ણ પર્યાય પ્રગટ થાય તોપણ સ્વભાવ હતો તે પ્રગટ્યો...**' આહા..! પૂર્ણ સ્વભાવ જે છે તે પ્રગટે તો પણ હતું તે પ્રગટ્યું. એથી જ્ઞાનીને એનું કાંઈ અધિકપણું લાગતું નથી. કેમ કે એનું એને અભિમાન આવતું નથી. આહાહા..! '**સ્વભાવ હતો તે પ્રગટ્યો તેમાં નવીન શું**?' ચૈતન્ય જાગતી જ્યોત ઝળહળ અનંત ગુણના સ્વભાવના ભંડારથી ભરેલો ભગવાન જ્યાં જાગ્યો. આહાહા..! એને કહે છે, નવીન કાંઈ લાગતું નથી. એ પ્રગટ્યું છતાં નવીન લાગતું નથી. અજ્ઞાનીને ધારણા થોડીઘણી જ્યાં થાય (ત્યાં) એને એમ થઈ જાય કે આપણને આવડે છે. એ આવડતના જ્ઞાનમાં રોકાતા આગળ નહિ જઈ શકે. આહાહા..!

'**તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી.**' આહાહા..! જ્ઞાનીને અગિયાર અંગના જાણપણા હોવા છતાં, નવ પૂર્વની લબ્ધિ હોવા છતાં તેનું તેને ધર્મીને અભિમાન થતું નથી. ક્યાં અગાધ સ્વભાવ અને ક્યાં નવ પૂર્વનું જ્ઞાન. પામર તરીકે એ તો છે. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં એક ગાથા છે. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા. પરમાત્માને જ્યારે આત્મજ્ઞાન થાય છે ત્યારે ભલે ચૌદ પૂર્વ અને બાર અંગનું જ્ઞાન થાય છે. છતાં

તે એમ જાણે છે કે અરે..! કેવળજ્ઞાનની આગળ આ તો પામર તુચ્છ છે. હું તો પામર છું. આહા..! કેવળજ્ઞાનની પર્યાયની આગળ બાર અંગનું જ્ઞાન (પામર છે).

બહેનમાં પણ આવે છે કે બાર અંગ એકદમ ખીલી જાય અંતર્મુહૂર્તમાં. તો પણ શું? આહાહા..! અંતર ચિદાનંદ ભગવાન આત્મા નિજ સ્વભાવનો પત્તો ન લે અને પરમાં રોકાઈ જાય એને આત્મા હાથ નહિ આવે. એને સમ્યગ્દર્શન સચ્ચિદાનંદ પ્રભુ એના જ્ઞાનમાં તેનું જ્ઞાન એને નહિ થાય. જ્ઞાનમાં તેનું જ્ઞેય નહિ થાય. જ્ઞાનની એક સમયની પર્યાય એમાં આખો ભગવાન જ્ઞેય થવો જોઈએ. આહાહા..!

'તેમાં નવીન શું?' કહે છે, પ્રગટ્યો. જે હતો સ્વભાવ એ પ્રગટ થયો તેમાં નવીન શું? '**તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી.**' આહાહા..! બાર અંગનું જ્ઞાન અને આત્મજ્ઞાન થવાં છતાં ધર્મીને તેનું અભિમાન થતું નથી. આહાહા..! જેના ગર્વ ગળી ગયા છે, જેના માન મરી ગયા છે. આહાહા..! જેની માયા નાશ થઈ ગઈ છે. જેના લોભના અંશો .. થતા નથી. લોભના અંશો નાશ થઈ ગયા છે. એવો જે ભગવાન આત્મા અકષાય સ્વભાવે અનુભવમાં આવતા પરની ... એને અભિમાન થતું નથી. આહાહા..! ભાષા તો સાદી છે. છે ઊંચું. પછી કેટલામો આવશે બોલ?

**ચૈતન્યની ભાવના કદી નિષ્ફળ જતી નથી, સફળ જ થાય છે. ભલે થોડો વખત લાગે, પણ ભાવના સફળ થાય જ. ૫૫.**

૫૫. '**ચૈતન્યની ભાવના કદી નિષ્ફળ જતી નથી.**' એ આવી ગઈ છે વાત. ચૈતન્યની ભાવના, ચૈતન્યની ભાવના. અસ્તિ સિદ્ધ કરી. ચૈતન્ય પૂર્ણાનંદનો નાથ એના તરફની ભાવના નિષ્ફળ નથી જતી. '**સફળ જ થાય છે.**' એ આવી ગઈ છે વાત આપણે પહેલી. ચૈતન્યની પરિણતિ, શુદ્ધ ચૈતન્યની પરિણતિ સફળ થયા વિના રહેતી નથી. એનું ફળ આવ્યા વિના રહેતું નથી. સિદ્ધપદ આવ્યા વિના રહેતું નથી. અને જો ન આવે (તો) જગતને શૂન્ય થવું પડે. એટલે કે દ્રવ્યનો નાશ થાય. દ્રવ્યની પરિણતિથી દ્રવ્યની પૂર્ણતાની દશા ન થાય તો તે ગતિ જ ન રહે. અને ગતિ ન રહેતાં ચૌદ બ્રહ્માંડનો પણ નાશ થઈ જાય. એ આવી ગઈ છે વાત. આહાહા..! ભાષા સાદી છે, ભાવ જરી ઊંડા છે. આમ જાણે સમજી ગયા છીએ, સમજાઈ ગયું છે એમ લાગે. આહાહા..!

અંદરમાં અગાધ ભગવાન આત્મા એને જોતાં.. આહાહા..! '**ચૈતન્યની ભાવના કદી નિષ્ફળ જતી નથી. સફળ જ થાય છે.**' કેવળ થાય જ છે. ચૈતન્યની ભાવના

થતાં પરમાત્માપદ પ્રાપ્ત થાય જ છે. આહાહા..! '**ભલે થોડો વખત લાગે.**' સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કરવામાં જરી વખત લાગે પણ ભાવના સફળ થાય જ. પૂર્ણાનંદના નાથની ભાવના કરતાં, પુણ્ય અને પાપની ભાવના છોડતાં મૂળ ચીજ, તેની ભાવના કરતાં એ ભાવના સફળ થયા વિના રહે નહિ. એને સિદ્ધપણું થયા વિના રહે નહિ. આહાહા..! એકમાં આવી ગયું છે આપણે. ૨૧માં. ૨૧મા બોલમાં.

**જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે, ચિંતવન કરે, મંથન કરે તેને-ભલે કદાચ સમ્યગ્દર્શન ન થાય તોપણ-સમ્યક્ત્વસન્મુખતા થાય છે. અંદર દૃઢ સંસ્કાર પાડે, ઉપયોગ એકમાં ન ટકે તો બીજામાં ફેરવે, ઉપયોગ બારીકમાં બારીક કરે, ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો કરતો, ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરતો આગળ વધે, તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. ૬૨.**

.. ચૈતન્યમૂર્તિ ભગવાન પરમાત્મા તેનું ધ્યેય મંથન કરતાં કદાચિત તે ક્ષણે કે તે કાળે '**સમ્યગ્દર્શન ન થાય તોપણ સમ્યક્ત્વસન્મુખતા થાય છે.**' સ્વસન્મુખ થાય. એના સંસ્કાર સ્વસન્મુખ પડે અને એ સંસ્કાર આવતા ભવમાં પણ પૂર્ણતાને પામે એવા સંસ્કાર થાય. આહાહા..! નિત્યાનંદના સંસ્કાર પૂર્ણાનંદના નાથના સંસ્કાર ફળ્યે છૂટકો. એ વસ્તુ છે એ અસ્તિ છે તો તેનો પર્યાય પણ અસ્તિ જ છે. એને પરમાત્મપદ મળ્યે જ છૂટકો. એના સંસ્કાર રહે તો. એના સંસ્કાર અંદર રહ્યા કરે તો. એ છે ને?

'**ઉપયોગ એકમાં ન ટકે તો બીજામાં ફેરવે.**' ઉપયોગ ફરે જાણવામાં, દેખવામાં, શ્રદ્ધવામાં. '**ઉપયોગ બારીકમાં બારીક કરે,...**' ઝીણી વાત બહુ. એટલો બધો ઝીણો કરે. જ્યાં સુધી ભગવાન પૂર્ણાનંદ પકડાતો નથી ત્યાં સુધીના ઉપયોગને સ્થૂળ કહેવામાં આવે છે. આહાહા..! જે ઉપયોગ સૂક્ષ્મ થાય અને તેને પકડી શકે તેને સૂક્ષ્મ ઉપયોગ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- કરવો કઈ રીતે?

પૂજ્ય ગુરુદેવશ્રી :- હેં?

મુમુક્ષુ :- કરવો કઈ રીતે?

ઉત્તર :- કરવો કઈ રીતે? આહાહા..! કર્તા થઈને કરવો કઈ રીતે. પર તરફના વલણવાળો જે ઉપયોગ છે એમાં સ્વ પકડાતો નથી. તેથી તેને સૂક્ષ્મ કરી, પાતળો કરી.. આહાહા.! અંતર તરફ વળે તેવા ઉપયોગને સૂક્ષ્મ કહેવામાં આવે છે. જ્યાં સુધી અંતરમાં વળે નહિ ત્યાં સુધી તે ઉપયોગને સૂક્ષ્મ કહેવામાં આવતો નથી. આહાહા..! કરવો કઈ રીતે? કે પરમાં કર્તા થઈને કરે છે કે નહિ? પરમાં કર્તા થઈને કરે છે

એ રીતે તેનું સામર્થ્ય છે કે નહિ? તો સ્વમાં કર્તા થઈને કરે એ સામર્થ્ય કેમ ન આવે? આહાહા..! શું કીધું?

પરમાં કર્તાપણા થઈને કરે છે એ સામર્થ્ય તેની પ્રતીતમાં છે. એ તો પ્રતીત વિપરીત છે. આહાહા..! ઝીણી વાત છે. અંદરમાં સૂક્ષ્મ ઉપયોગ એને કહીએ કે જેનાથી તે ભગવાન પકડાય. ચૈતન્યનો નાથ જ્ઞાનની પરિણતિમાં પકડાય તેને અહીંયાં સૂક્ષ્મ ઉપયોગ કહે છે. આહાહા..! કેમ કરવો? કરાય તેમ કરવો. કેમ કરવો એટલે? તેના તરફ કરાય તેમ કરવો. આહાહા..!

મુમુક્ષુ :- ..ચોખ્ખું સમજાતું નથી.

ઉત્તર :- કહીએ ધીમેથી. આત્માને સૂક્ષ્મ ઉપયોગ એને કહીએ કે જે પર તરફથી ખસી અને સ્વ તરફને પકડે તેને સૂક્ષ્મ ઉપયોગ કહીએ. કેમ કરાય? કે પરને જેમ કરે છે, એમ રાગને જેમ કર્તા થઈને કરે છે... આહાહા..!

પંચાસ્તિકાયની ૨૭ ગાથામાં આત્મામાં એ પ્રભુત્વ લીધું છે. પ્રભુત્વ. પ્રભુત્વ શક્તિ છે ૪૭ એ બીજી. તો એમાં એક પ્રભુત્વ લીધો છે. એ પ્રભુત્વ બેયમાં કામ કરે છે એમ કહે છે. શું કીધું? પંચાસ્તિકાયની ૨૭મી ગાથામાં આત્મામાં પ્રભુત્વ નામનો એક ગુણ લીધો છે. એ પ્રભુત્વ બેય તરફ ઢળે છે. રાગ તરફ ઢળે તો તેમાં પણ પ્રભુતા કરે છે. આહાહા..! એના સામર્થ્યને તેમાં પણ વાપરે છે. અને પ્રભુત્વ અંતર વળે તો તેમાં સામર્થ્ય વાપરે છે. ચંદુભાઈ! ૨૭મી ગાથા, પંચાસ્તિકાય. એમાં પ્રભુ નામનો ગુણ લીધો છે.

૪૭ શક્તિમાં પ્રભુત્વ ગુણ છે એ જુદો. એ પ્રભુત્વ નામનો ગુણ તો આત્મામાં ત્રિકાળ નિર્મળ અને અનંત ગુણની પરિણતિને પ્રગટ કરે એ પ્રભુત્વ છે. પણ ૨૭મી ગાથામાં એ પ્રભુત્વ જે કહ્યું છે એ પોતે જ આત્મા... અવળા રાગમાં પણ પ્રભુતાનું સામર્થ્ય વાપરી શકે છે. આહાહા..! અને સવળા શુદ્ધઉપયોગમાં પણ પ્રભુત્વતા વાપરી શકે છે. એમ ગાથા છે. પંચાસ્તિકાયની ૨૭મી ગાથા. પ્રભુત્વગુણ તો ૪૭ શક્તિમાં પણ કહ્યો. એ પ્રભુત્વ ગુણ તો આનંદ,... ત્યાં મલિનતાની વાત જ નહિ. મલિનતા પ્રભુત્વગુણમાં છે જ નહિ.

પ્રભુત્વગુણના ધરનારને દૃષ્ટિમાં લીધો એને પવિત્રતા પ્રગટ્યા વિના રહે જ નહિ. ત્રિકાળ શુદ્ધ પવિત્ર પ્રગટ થાય. એ ૪૭ શક્તિમાં ગુણ લીધો. ૨૭મી ગાથામાં બેય તરફનું પ્રભુત્વ (લીધું છે). રાગમાં વાપરે તો પણ પ્રભુત્વ છે અને આત્મામાં વાપરે તો પણ પ્રભુત્વ છે. આહાહા..! એવી વાત છે, ભાઈ! આ કોઈ પંડિતાઈનો વિષય નથી. આ કોઈ પંડિતાઈનો વિષય નથી. આહાહા..! આ તો અંતરના ઘરમાં સૂક્ષ્મ

સૂક્ષ્મ ઘર, અનંત સૂક્ષ્મ ગુણથી ભરેલો ભગવાન, એના ઘરમાં જવું છે એ સૂક્ષ્મ ઉપયોગ છે.

જે પરમાં રાગના ઉપયોગને પોતે પોતાના પુરુષાર્થથી જ કરે છે. રાગમાં પણ પોતાના પુરુષાર્થથી જ કરે છે. કર્મને લઈને નહિ. સમજાણું કાંઈ? છે? '**ઉપયોગ બારીકમાં બારીક કરે,...**' છે? એ કરે તેનો અર્થ કર્તા, સ્થુળપણે કરે છે એ પણ પોતે કરે છે. રાગ અને દ્વેષમાં જે ઉપયોગ કરે છે એ પણ પોતે જ પોતાના જ પુરુષાર્થથી કરે છે. આમ બારીકપણે પુરુષાર્થ કરે એ પોતાના પુરુષાર્થથી છે. એ સ્વસન્મુખના.. આહાહા..! જેમાં ઉપયોગ અંદર જતાં ચૈતન્ય ભગવાનના ભેટા થાય, અતીન્દ્રિય આનંદના સ્વાદ આવે, અનંત ગુણની શક્તિની વ્યક્તતા થાય, અનંત ગુણની શક્તિની વ્યક્તતા થાય તેને અહીં સૂક્ષ્મ ઉપયોગ કહે છે. આહાહા..!

'**બારીકમાં બારીક...**' '**ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો કરતો, ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરતો...**' આહાહા..! અંદર ચૈતન્યતત્ત્વ એને અનુભવતો, તેને પકડીને તેને અનુભવતો. આહાહા..! '**આગળ વધે,...**' પુરુષાર્થ કરતો સ્વભાવ તરફ એ આગળ વધે. રાગમાં પુરુષાર્થ કરતો ઘટે. આહાહા..! ભાષા સાદી છે, ભાવ ઘણાં ઊંચા છે. અંતરમાં ઉપયોગને... ઉપયોગ સૂક્ષ્મ એને કર્યો કહેવાય કે જેમાં આત્મા પકડાય. સૂક્ષ્મ ઉપયોગ એને કહેવાય.. આહાહા..! જેમાં ભગવાન પકડાય. સ્થુળ ઉપયોગ (તેને) કહેવાય જેમાં રાગ-દ્વેષ પકડાય. આહાહા..! અંતરના તત્ત્વની વાત છે. અંતરના અનુભવમાંથી નીકળેલી વાણી છે આ. એ અનુભવી જાણે. આહાહા..!

'અનુભવીને રે એટલું રે આનંદમાં રહેવું રે, ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે. અનુભવીને એટલું આનંદમાં રહેવું.' આહાહા..! એ અતીન્દ્રિય આનંદમાં જે રહેવું તેનું નામ અનુભવ, તેનું નામ અનુભૂતિ, તેનું નામ સમ્યગ્દર્શન, તેનું નામ ધર્મની પ્રથમ શરૂઆત, ધર્મનું પહેલું પગથિયું. આહાહા..! એ વિના એકેય પગથિયું પહેલું નહિ. કહે છે, અંદરમાં '**સૂક્ષ્મતા કરતો કરતો, ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરતો આગળ વધે.**'

'**તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે.**' અંતરમાં વલણ કરનારો સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે. સૂક્ષ્મ ઉપયોગથી અંતર ચૈતન્ય અગાધ સ્વભાવથી ભરેલો, તેના તરફ જતાં તે સૂક્ષ્મ ઉપયોગ ચૈતન્યને પકડી લે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે તેને અહીંયાં સમ્યગ્દર્શન અને આત્માને જાણ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- આવો પ્રથમ વ્યવહાર કરે એને સમ્યગ્દર્શન થાય.

ઉત્તર :- એ વ્યવહાર નથી. એ પર્યાય છે, વ્યવહાર છે પણ એ પર્યાય વળી

છે અંદરમાં. એ વ્યવહાર છે. પર્યાય છે એ વ્યવહાર છે. ચાહે તો કેવળજ્ઞાન પણ વ્યવહાર છે. દ્રવ્ય તે નિશ્ચય છે અને પર્યાય તે વ્યવહાર છે. મોક્ષનો માર્ગ એ છે નિશ્ચય મોક્ષનો માર્ગ... .. જીવ **'ક્રમે ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે.'** રાગના વલણવાળો જીવ મિથ્યાત્વને, રાગને પામે. આહાહા..! ઝીણી વાતું, ભાઈ! ... છે. ૬૨ થયો. પછી?

**ધન્ય તે નિર્ગ્રંથ મુનિદશા! મુનિદશા એટલે કેવળજ્ઞાનની તળેટી. મુનિને અંદરમાં ચૈતન્યના અનંત ગુણ-પર્યાયનો પરિગ્રહ હોય છે; વિભાવ ઘણો છૂટી ગયો હોય છે. બહારમાં, શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂતપણે દેહમાત્ર પરિગ્રહ હોય છે. પ્રતિબંધરહિત સહજ દશા હોય છે; શિષ્યોને બોધ દેવાનો કે એવો કોઈ પણ પ્રતિબંધ હોતો નથી. સ્વરૂપમાં લીનતા વૃદ્ધિગત હોય છે. ૭૧.**

૭૧. **'ધન્ય તે નિર્ગ્રંથ મુનિદશા!'** આહાહા..! **'મુનિદશા એટલે કેવળજ્ઞાનની તળેટી.'** કેવળજ્ઞાનની તળેટી. આહાહા..! **'મુનિને અંદરમાં ચૈતન્યના અનંત ગુણ-પર્યાયનો પરિગ્રહ હોય છે;...'** પરિગ્રહ હોય છે. અનંત ગુણનો પરિગ્રહ-પક્કડ હોય છે. પરિગ્રહ એટલે. પરિ એટલે સર્વથા પ્રકારે પકડવું. **'મુનિને અંદરમાં...'** આહાહા..! **'અનંત ગુણ-પર્યાયનો પરિગ્રહ હોય છે; વિભાવ ઘણો છૂટી ગયો હોય છે.'** આ મુનિની દશાનું વર્ણન (છે). **'વિભાવ ઘણો છૂટી ગયો હોય છે. બહારમાં, શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂતપણે દેહમાત્ર પરિગ્રહ હોય છે.'** નિમિત્ત માત્ર દેહ તો હોય છે. દેહ છૂટ્યો છૂટતો નથી. આહાહા..!

ઉપદેશનો વિકલ્પ અસમાધિ અને દુઃખરૂપ છે. આહાહા..! ઉપદેશ દેવાનો પણ વિકલ્પ ઉઠે એ અસમાધિ અને દુઃખરૂપ છે. સમાધિશતકમાં એને ઉન્માર્ગ કીધો છે. આહાહા..! તેથી કાંઈ ઉપદેશ અમે દઈએ અને દુનિયા સમજે, કાંઈક અમને મોટપ આપે... આહાહા..! એ તો ઘણી ભૂલમાં રહ્યો છે. આહાહા..! અહીંયાં તો ઉપદેશનો વિકલ્પ જ દુઃખરૂપ. આનંદનો નાથ સાગર, એમાં વિકલ્પ ઉઠે એ તો આનંદ નથી, દુઃખ છે.

**'શ્રામણ્યપર્યાયના સહાકીર કારણભૂતપણે દેહમાત્ર પરિગ્રહ હોય છે. પ્રતિબંધરહિત સહજ દશા હોય છે; શિષ્યોને બોધ દેવાનો કે એવો કોઈ પણ પ્રતિબંધ હોતો નથી. સ્વરૂપમાં લીનતા વૃદ્ધિગત હોય છે.'** આહાહા..! ધન્ય મુનિદશા! જેને અંતરમાં

આનંદની ૠદ્ધિ થતાં થતાં પૂર્ણાનંદ તરફનું ધ્યેય છે. આહાહા..! સાધ્ય તે પૂર્ણ આનંદ છે. ધ્યેય તે પૂર્ણ આનંદનો નાથ આત્મા છે. સાધતા સાધતા પૂર્ણ આનંદ થાય એ મુનિપણાની દશા છે. એને મુનિપણું કહીએ. કોઈ પંચ મહાવ્રત પાળે અને ક્રિયા કરે એને મુનિ કહીએ એ અહીં છે નહિ. આહાહા..!

**'પ્રતિબંધરહિત...' 'સ્વરૂપમાં લીનતા વૃદ્ધિગત હોય છે.'** સ્વરૂપમાં લીનતાની... આહાહા..! અગાધ ગંભીર સ્વભાવ ભગવાન છે એમાં ઢળે છે એટલે શાંતિની વૃદ્ધિ (થાય છે). કુંદકુંદાચાર્યે કહ્યુંને પાંચમી ગાથામાં, પ્રચુર સ્વસંવેદન. કુંદકુંદાચાર્ય કહે છે કે હું પ્રચુર સ્વસંવેદનના વૈભવથી વાત કરીશ. આહાહા..! મુનિપણામાં પ્રચુર.... સમકિતમાં સ્વસંવેદન હોય છે પણ થોડું. મુનિને પ્રચુર સ્વસંવેદન હોય છે. ઘણું અતીન્દ્રિય આનંદનું વેદન હોય છે. એ આત્માનો વૈભવ છે. મુનિરાજ કહે છે, એ આવા મારા વૈભવથી (કહીશ), ભગવાન કહે છે માટે સાંભળીને કહું છું એમ પણ નહિ. હું તો મારા વૈભવથી કહીશ. આહાહા..! સમયસાર મારા વૈભવથી કહીશ. એવી શૈલીથી સમયસાર કહેવામાં આવ્યું છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ચૈત્ર સુદ ૧, મંગળવાર તા. ૧૫-૪-૧૯૮૦**
**બોલ-૨૦૧, પ્રવચન-૧૬**

**અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે ત્યાં અપરિણામી એટલે આખો જ્ઞાયક; શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત જે અખંડ જ્ઞાયક કહ્યો છે તે જ આ 'અપરિણામી' નિજાત્મા.**

**પ્રમાણ-અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી, અપરિણામી તેમ જ પરિણામી છે. પણ અપરિણામી તત્ત્વ પર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે; પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. પરિણામ ક્યાં જતા રહે? પરિણમન તો પર્યાયસ્વભાવને લીધે થયા જ કરે છે, સિદ્ધમાં પણ પરિણતિ તો હોય છે.**

**પરંતુ અપરિણામી તત્ત્વ ઉપર-જ્ઞાયક ઉપર-દૃષ્ટિ તે જ સમ્યક્ દૃષ્ટિ છે. માટે 'આ મારી જ્ઞાનની પર્યાય', 'આ મારી દ્રવ્યની પર્યાય' એમ પર્યાયમાં શું કામ રોકાય છે? નિષ્ક્રિય તત્ત્વ ઉપર-તળ ઉપર-દૃષ્ટિ સ્થાપ ને!**

**પરિણામ તો થયા જ કરશે. પણ, આ મારી અમુક ગુણપર્યાય થઈ, આ મારા આવા પરિણામ થયા-એમ શા માટે જોર આપે છે? પર્યાયમાં-પલટતા અંશમાં-દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું આવે છે? તે પરિપૂર્ણ નિત્ય સામર્થ્યને અવલંબ ને!**

**જ્ઞાનાનંદસાગરના તરંગોને ન જોતાં તેના દળ ઉપર દૃષ્ટિ સ્થાપ. તરંગો તો ઉછળ્યા જ કરશે. તું એમને અવલંબે છે શું કામ?**

**અનંત ગુણોના ભેદ ઉપરથી દૃષ્ટિ હઠાવી લે. અનંત ગુણમય એક નિત્ય નિજતત્ત્વ-અપરિણામી અભેદ એક દળ-તેમાં દૃષ્ટિ દે. પૂર્ણ નિત્ય અભેદનું જોર લાવ. તું જ્ઞાતાદૃષ્ટા થઈ જઈશ. ૨૦૧.**

વચનામૃત. ૨૦૧. એમાં શું કહે છે? દેખો! **'અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે...'** શું કહે છે? આત્મા અપરિણામી એટલે કે ધ્રુવ. પર્યાય વિનાનું કૂટસ્થ. **'અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે ત્યાં અપરિણામી એટલે...'** આહાહા..! **'આખો જ્ઞાયક; શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત જે અખંડ જ્ઞાયક કહ્યો છે...'** કહ્યો છે. **'તે જ આ 'અપરિણામી' નિજાત્મા.'** અપરિણામીની વ્યાખ્યા કરી. ક્યાંક ક્યાંક ઠેકાણે અપરિણામીનું જોર આપ્યું છે. પણ અપરિણામીનું જોર આપવા છતાં પ્રમાણરૂપ પર્યાય નથી એમ નહિ. અપરિણામીનું

જોર આપતા થકાં ૧૧મી ગાથામાં પર્યાયને અભૂતાર્થ કહી. '**ववहारोऽभूदत्थो**' વ્યવહાર એટલે પર્યાયમાત્ર જૂઠી છે એમ ભાષા કીધી. ૧૧મી ગાથામાં. હવે એમાં કોઈ એમ લઈ લે કે પર્યાય જૂઠી જ છે, (તો) એમ નથી. પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહી એમ કીધું છે. અને ત્રિકાળીને નિશ્ચય કરી મુખ્ય કહી તે છે એમ કહ્યું છે. ન્યાય સમજાય છે?

પર્યાયને ગૌણ કરી, વ્યવહાર કરી અભૂતાર્થ નામ નથી એમ કહ્યું છે. અને ત્રિકાળી ચીજને મુખ્ય કરી, નિશ્ચય કરી છે એમ કહ્યું છે. બેમાં સમજાણું? આહાહા..! એકને નથી, એક છે એમ બે કહ્યું. પણ બેમાં અપેક્ષા ફેર છે. અપરિણામી નિજઆત્માનો આશ્રય લેવાનું શાસ્ત્રમાં જ્યાં-ત્યાં બધે મુખ્યમાં તો એ કહેવામાં આવે છે. કારણ કે સાર તો એ છે. એક સમયમાં ભગવાન કૂટસ્થ અપરિણામી નહિ પલટતો, નહિ બદલતો, પર્યાયપણે નહિ થતો એવો જે ભગવાન આત્મા એનો આશ્રય લેવો એ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન અથવા ધર્મની શરૂઆત એ છે. એથી જ્યાં ત્યાં ત્રિકાળને છે એમ કહ્યું છે અને પર્યાયને નથી એમ કહ્યું છે. સમજાય છે કાંઈ?

ધ્રુવને છે એમ કહ્યું છે, ભૂતાર્થ છે એમ કહ્યું છે. ભૂતાર્થ છતો પદાર્થ છે અને પર્યાયને અભૂતાર્થ કીધી છે. અભૂતાર્થ એટલે? નથી. કઈ અપેક્ષાએ નથી? લક્ષ કરવા માટે ગૌણ કરીને એને નથી એમ કીધી છે. આહાહા..! લક્ષ કરવું છે ત્રિકાળનું. એના માટે પર્યાયને ગૌણ કરી, વ્યવહાર કરી, નથી એમ કહ્યું છે. એ '**અપરિણામી નિજાત્મા.**'

'**પ્રમાણ-અપેક્ષાએ...**' આહાહા..! સવારમાં આવ્યું હતું કે પ્રમત્ત અને અપ્રમત્ત બે પર્યાયમાં તત્ત્વ છે. પર્યાયમાં એનું તત્ત્વ છે. નથી એમ નહિ. ૧૪મી ગાથાના અર્થમાં પણ પર્યાયનું અસ્તિત્વ છે. વેદાંત જે કહે છે કે પર્યાય નથી, એક વ્યાપક જ છે, એમ નથી. પર્યાય છે. પણ તે પર્યાયને ગૌણ કરીને, અભાવ બતાવીને ભાવવાળું ત્રિકાળી તત્ત્વ (છે) ત્યાં નજર કરાવવી છે. અને સમ્યગ્દર્શન થાય ત્યાં પરમઆનંદનો અનુભવ થાય. પર્યાયની દૃષ્ટિએ દુઃખ થાય. આહાહા..! છે ખરી. પર્યાય છે ખરી. પણ તેને આશ્રયે દુઃખ થાય. એ તો અનાદિથી પર્યાયનો આશ્રય કરી દુઃખી થઈ રહ્યો છે. એથી તેને ગૌણ કરીને ત્રિકાળીનો આશ્રય લેવાનું કહ્યું છે. ત્રિકાળીનો આશ્રય લેવાનું કહ્યું છે તેથી તેની પર્યાયમાં પ્રમાણપણું છે એનો અભાવ થતો નથી. એ કહે છે.

'**પ્રમાણ-અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી,...**' આહાહા..! પ્રમાણ એટલે પ્ર-માણ-માપ. ત્રિકાળી દ્રવ્ય અને વર્તમાન, બેને લક્ષમાં લેવા પ્રમાણ કર્યું

છે. બેને લક્ષમાં લેવું એ પ્રમાણ છે. આહાહા..! ૩૨૦ ગાથામાં ગાથા એ મૂકી છે કે '**ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ**' જીવ બંધાતો નથી અને મૂકાતો પણ નથી. જીવ તો જીવ છે તે છે. ૩૨૦ ગાથામાં આધાર યોગીન્દ્રદેવનો. '**जीवो ण बंधइ ण मरइ ण उदय ण निर्जरइ**' બંધ અને મોક્ષ કરતો નથી. આત્મા ઉદય અને નિર્જરા કરતો નથી. આહાહા..! આત્મા બંધ અને મોક્ષને કરતો નથી. ચાર બોલ છે. ૩૨૦માં. ઉદય સામે રાગ છે અને એની સામે નિર્જરા એટલે શુદ્ધતાની પ્રગટતા છે. બંધ સામે એકલું અટકવું છે અને મોક્ષ સામે તદ્દન છૂટી જવું છે. એ ચારેય બોલ પર્યાય છે. એ પર્યાય છે એ પ્રમાણના વિષયમાં આવે છે. છે?

'**પ્રમાણ-અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી,...**' આહાહા..! તદ્દન એને અપરિણામીનો આશ્રય લેવાનું કહ્યું છે. માટે પ્રમાણની અપેક્ષાએ એ અપરિણામી એકલો નથી. પલટતો છે, બદલતો છે. પલટતો અને બદલતો.. એકવાર તો .. ચાલતું હતું રાજકોટમાં. એમાં એક બાવો આવ્યો. એ કહે કે આ જૈનમાં આત્મા શુદ્ધ છે અને પવિત્ર છે એવી વાતું જૈનમાં ક્યાંથી આવી? આ શું કહે છે જૈનમાં? એમ સાંભળીને આવ્યો. આવ્યો ને આ વાત થઈ કે ભાઈ! આત્મા પર્યાયમાં બંધનમાં છે. અનિત્ય છે. એટલું કીધું. આત્મા અનિત્ય છે એટલું કીધું ત્યાં ભડક્યો. પંડિતજી! અનિત્ય છે, આત્મા અનિત્ય છે. હેં! અરે..! મેં તો જાણ્યું કે આ જૈનની વાત કરે છે, આત્માના મોક્ષની. ધ્રુવની જ વાત ત્રિકાળની કરતા હશે. અનિત્યને (નહિ માનતા હોય) આ તો અનિત્ય છે. અનિત્ય પોતે જ નિત્યનો નિર્ણય કરે છે. અનિત્ય પોતે નિત્યનો નિર્ણય કરે છે. નિત્યનો નિર્ણય નિત્ય કરતું નથી. સમજાય છે કાંઈ? એ અનિત્ય બદલે છે પર્યાય, પલટતી પર્યાય તે નહિ પલટતાનો નિર્ણય કરે છે. અપરિણામીનો નિર્ણય પર્યાય કરે છે. આહાહા..!

અપરિણામી એકલો અપરિણામી છે એવી સ્થિતિ અપરિણામીમાં ન હોય. અપરિણામી ધ્રુવ તરીકે છે અને નિર્ણય કરનાર અનિત્ય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો કે અનિત્ય કહો. એ અનિત્ય નિત્યનો નિર્ણય કરે છે. આહાહા..! અનિત્ય એ ધ્રુવનો નિર્ણય કરે છે. અનિત્ય એ ધ્રુવનો નિર્ણય કરે છે. પલટતો એ ત્રિકાળી અપરિણામીનો નિર્ણય કરે છે. પલટતી પર્યાય ત્રિકાળી અપરિણામી નહિ બદલતાનો નિર્ણય કરે છે. એની હયાતી અપરિણામીની હયાતી, અપરિણામીને કારણે હયાતીનો નિર્ણય નથી થતો. આહાહા..! આવું ઝીણું. અપરિણામી ચીજ જે છે, પલટતો નથી કૂટસ્થ છે. ધ્રુવને કૂટસ્થ કીધો છે. કૂટ ને આમ શિખર જેમ ખડું હોય, ઊભું રહે. પાણીના પ્રવાહમાં તરંગ જેમ ઊઠે એમ તરંગ ન ઉઠે. એમ અપરિણામીને કૂટસ્થ

શિખર સ્થિર જેમ હોય એમ કહ્યો છે. પણ તે સ્થિરને, ધ્રુવને, અપરિણામીને અપરિણામી છે એવો નિર્ણય પર્યાય કરે છે. આહાહા..! અને એ પર્યાય ધ્રુવનો નિર્ણય કરવા છતાં એ પર્યાય ધ્રુવમાં જતી નથી અને એ પર્યાયમાં નિર્ણય ધ્રુવનો કરવા છતાં ધ્રુવ તે પર્યાયમાં આવતો નથી. આરે.. આરે..! આવી વાતું છે.

એ અપેક્ષાએ કહે છે કે '**પ્રમાણ–અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી,...**' પ્રમાણની અપેક્ષાએ આત્મા પલટતો નથી, બદલતો નથી, ધ્રુવ જ છે એમ પ્રમાણની અપેક્ષાએ નથી. આહાહા..! ઝીણું બહુ, ભાઈ! '**અપરિણામી તેમ જ પરિણામી છે.**' ભગવાન આત્મા નહિ પલટતો પણ છે અને પલટતો પણ છે. આ તો બે વિરુદ્ધ. બે વિરુદ્ધ થયું. એ સ્વરૂપ જ એવું છે. અપરિણામી પણ છે, નહિ બદલતો પણ છે અને બદલતો પણ છે. બદલતો જ અબદલતાનો નિર્ણય કરે છે. આહાહા..! ધ્રુવ જે છે તેનો તો નિર્ણય અનિત્ય જ કરે છે. આટલું બધું વજન દેવું કે ત્રિકાળી અપરિણામી નિત્ય એકરૂપ સ્વભાવ ભૂતાર્થ એ જ વસ્તુ સમ્યગ્દર્શનનો વિષય છે એટલું જોર દેવું છતાં એ પોતે જ એને નિર્ણય કરનારી જે દશા એ પોતે પ્રમાણના વિષયમાં પર્યાયમાં આવે છે. પર્યાય છે. પર્યાય નથી એમ નહિ. આહાહા..!

પર્યાયને ૧૧મી ગાથામાં જૂઠી કીધી છે. વ્યવહાર જૂઠો છે. એમ કહ્યું ને પહેલા પદમાં? '**ववहारोऽभूदत्थो**' વ્યવહાર તે અસત્ય છે. એ અસત્ય તે ગૌણ કરી ત્રિકાળી જ્ઞાયકભાવ એનો આશ્રય લેવા તેને મુખ્ય કરીને નિશ્ચય બનાવી પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહી અને નિષેધ કરવામાં આવ્યો છે. આહાહા..! આવું હવે વિચારવું.

'**પ્રમાણ–અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી. અપરિણામી તેમ જ પરિણામી છે. પણ અપરિણામી તત્ત્વ પર દૃષ્ટિ દેતાં...**' અપરિણામી તત્ત્વ ઉપર દૃષ્ટિ દેતાં એટલે? નહિ બદલતું તત્ત્વ ધ્રુવ, નિત્ય અને ધ્રુવ એના ઉપર દૃષ્ટિ દેતા. દૃષ્ટિ થઈ પર્યાય પણ એના ઉપર દૃષ્ટિ દેતાં '**પરિણામ ગૌણ થઈ જાય છે;...**' એટલે? થાય છે તો પર્યાયમાં નિર્ણય. પણ લક્ષ એનું રહે છે ધ્રુવ ઉપર. એથી નિર્ણય કરનારની પર્યાય ગૌણ રહે છે. ગૌણ એટલે એની મુખ્યતા જ આવતી નથી. પર્યાયની મુખ્યતા આવતી નથી. મુખ્યતા તો ત્રિકાળી ભગવાનની જ આવે છે. છતાં પર્યાય ગૌણપણે છે, ગૌણપણે છે એમ કહેતા પણ વર્તમાન પણ છે. એ પર્યાય, એ પર્યાય જ અપરિણામીનો નિર્ણય કરે છે. પર્યાય જ અપરિણામીનો નિર્ણય કરે છે. આહાહા..!

અનિત્ય એ નિત્યને જાણે છે. નિત્ય નિત્યને જાણતું નથી. આહાહા..! શું કહ્યું?

અનિત્ય છે તે નિત્યને જાણે છે. નિત્ય છે તે નિત્યને જાણતું નથી. ઝીણી વાત છે, ભાઈ! એ જાણનાર પોતે અનિત્ય છે એ નિર્ણય કરે છતાં, નિર્ણય તે કરે છતાં તેને નથી એમ કહીને ત્રિકાળનો આશ્રય કરાવ્યો છે. ત્રિકાળી દ્રવ્ય ધ્રુવનું અવલંબન કરાવ્યું છે. પર્યાય નથી તો નિર્ણય કરનાર નથી. નિર્ણય કરનાર નથી, જેનો નિર્ણય કરવો છે, જેનો નિર્ણય કરવો છે એ પોતે જ નથી. ત્યારે નિર્ણય કરવા યોગ્ય વસ્તુ છે એ પણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા જરી સાદી છે પણ અપરિણામી ને પરિણામ બે વચ્ચેની વાત અત્યારે લીધી. જરી એકાંત કોઈ તાણી ન જાય. પ્રમાણમાં એકાંત તાણી ન જાય.

પ્રમાણમાં તો પર્યાય અને દ્રવ્ય બેય આવે છે. ત્યારે તે વીતરાગતા થાય છે. શું કીધું? આહાહા..! પર્યાય નિર્ણય કરે છે વીતરાગતાનો. પર્યાય વીતરાગતાનો નિર્ણય કરવા છતાં પર્યાયમાં વીતરાગતા આવે છે. એથી પ્રમાણમાં ત્રિકાળ વીતરાગતા પણ આવી અને એનો નિર્ણય કરનાર વીતરાગ પર્યાય પણ આવી. ચંદુભાઈ! શું કીધું સમજાણું?

નિર્ણય પરિણામ જે અનિત્ય છે, એ પણ વીતરાગતા જ છે. શું કીધું ઈ? ત્રિકાળી વીતરાગસ્વરૂપ ભગવાન, એનો નિર્ણય જે અનિત્ય કરે છે એ અનિત્ય વીતરાગ છે. અનિત્ય વીતરાગી પર્યાય છે. આહાહા..! એ વીતરાગી પર્યાય ત્રિકાળી વીતરાગનો નિર્ણય કરવા છતાં એ ત્રિકાળી થઈ જતી નથી. એ ત્રિકાળમાં પ્રવેશ કરતી નથી. આહાહા..! ભગવાન અપરિણામીનો નિર્ણય કરનાર વર્તમાન પર્યાય વીતરાગી પર્યાય.. આહાહા..! એ અપરિણામીનો નિર્ણય કરવા છતાં અપરિણામીરૂપે થતી નથી. અપરિણામીનો નિર્ણય વીતરાગતાનો નિર્ણય કરવા છતાં ધ્રુવ વીતરાગરૂપે પર્યાય થતી નથી. પર્યાયમાં તો પર્યાયની જ ધ્રુવતા, પરિણમનની જ ધ્રુવતા આવે છે. અને એ ધ્રુવતા આવી છે ત્રિકાળી ધ્રુવના લક્ષે. છતાં ધ્રુવમાંથી નહિ. શું વળી કીધું ઈ?

ધ્રુવમાંથી પર્યાય સ્વતંત્ર છે. કેમ કે ધ્રુવ એકરૂપ છે અને એની જો પર્યાય ધ્રુવમાંથી આવતી એકાંત કહીએ તો એક સરખી પર્યાય આવવી જોઈએ. શું કહ્યું? દ્રવ્ય જે ધ્રુવ છે, અપરિણામી છે એમાંથી એકાંત, એમાંથી જ પર્યાય આવે એમ જો કહીએ તો એ ધ્રુવ છે તો એકરૂપ છે. તો એમાંથી આવે પર્યાય તો એકરૂપ આવવી જોઈએ. અને મોક્ષમાર્ગની પર્યાય એકરૂપ આવતી નથી. દર્શન-જ્ઞાન-ચારિત્ર શુદ્ધિ, શુદ્ધિ થાય છે, શુદ્ધિ ટકે છે, શુદ્ધિ વધે છે, શુદ્ધિ પૂર્ણ થાય છે. આહાહા..! એ બધું અવસ્થામાં થાય છે. જો એ અવસ્થા વીતરાગી નિર્ણય ત્રિકાળનો ન કરે તો વીતરાગી પર્યાય જ ન થાય. આહાહા..! સમજાય છે કાંઈ? એ કહ્યું.

**'અપરિણામી તત્ત્વ પર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે;...'** ગૌણ એટલે? અનુભવ તો પર્યાયનો જ થાય છે. ૨૦માં બોલમાં કહ્યું ને? અલિંગગ્રહણ. આત્મા એકરૂપે ધ્રુવ જે છે તેને સ્પર્શ્યા વિના, તેને અડ્યા વિના આત્માની પર્યાયમાં આનંદ અને વીતરાગતાનું વેદન થાય છે. ૨૦મો બોલ. ત્રિકાળ દ્રવ્યને અડ્યા વિના, ત્રિકાળી દ્રવ્ય ધ્રુવને સ્પર્શ્યા વિના, ત્રિકાળી દ્રવ્યને... આહાહા..! સાથે ભેગી લીધા વિના એકલી પર્યાય વીતરાગ. પર્યાય હોં! એ ત્રિકાળી વીતરાગીને સાથમાં લીધા વિના અને ત્રિકાળી વીતરાગીને અડ્યા વિના, ત્રિકાળી વીતરાગ દ્રવ્યને સ્પર્શ્યા વિના... આહાહા..! ભાષા તો આલંબન છે. વીતરાગી પર્યાય ત્રિકાળીનું આલંબન લીધા વિના. આહાહા..! ગોદિકાજી! આવું ઝીણું છે. નવરાશ ન મળે. નિર્ણય કરવાની નવરાશ ન મળે. આ બહારની ધૂળમાં રોકાતા પૈસા, આબરૂ ને કીર્તિ ને બધી ધૂળ. કીર્તિ પણ ધૂળ, આબરૂ ધૂળ અને પૈસા પણ ધૂળ. શરીર પણ ધૂળ અને રાગ પણ ધૂળ. આહાહા..!

અહીં કહે છે કે અપરિણામી ધ્રુવ જે ચીજ છે એ વીતરાગમૂર્તિ છે. એને સ્પર્શ્યા વિના, એના આલંબન વિના પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય છે. એ વીતરાગતા વીતરાગ સ્વભાવને અડતી નથી. આહાહા..! ભારે આકરું કામ. સમજાય છે? એથી એ કહ્યું **'અપરિણામી તત્ત્વ પર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ...'** થતાં વીતરાગતા થાય છે. એના ઉપર લક્ષ રહેતું નથી. પણ થાય છે વીતરાગતા. પર્યાયને ગૌણ કરે છે ત્યારે પર્યાયમાં વીતરાગતા થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? પર્યાયને ગૌણ કરતાં પર્યાયમાં વીતરાગતા થાય છે. આહાહા..! વીતરાગનો માર્ગ સ્યાદ્વાદ અનેકાંત ક્યાંય દુનિયામાં નથી. એમાં જન્મ્યા એને પણ સમજવાના ઠેકાણા નથી. આહાહા..!

એ ભગવાન આત્મા ભગવાનસ્વરૂપે હોવા છતાં, ભગવાનસ્વરૂપનું આલંબન લીધા વિના પર્યાયમાં ભગવાનપણું પ્રગટ થાય છે. આહાહા..! એ અહીં પ્રાપ્તની પ્રાપ્તિની તો કીધી. પણ છતાં આપણે અહીં તો બે, બે બેપણે રાખવું છે અને બે બેપણું રાખવું ત્યારે બેનું પ્રમાણજ્ઞાન થાય છે. બેમાંથી એકને ગૌણ અને એકને મુખ્ય કરવા જાય તો પ્રમાણજ્ઞાન થાતું નથી. સમજાય છે કાંઈ? લક્ષમાં લેવું, બાપુ! એ સમજાય એટલું સમજવું, બાપુ! વીતરાગનો માર્ગ અલૌકિક છે! એ કોઈ બહારથી સમજાય જાય એવી એ ચીજ નથી. આહાહા..!

કહે છે આ ખુબી તો શું? કે જે પર્યાય વીતરાગરૂપ થાય છે તે વીતરાગીનું આલંબન લીધા વિના થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? જે પર્યાય વીતરાગી થાય છે એ વીતરાગી ધ્રુવના આલંબન વિના થાય છે. એ સ્વતંત્ર સત્ છે. જો

એ પર્યાય દ્રવ્યને આશ્રયે એકાંત ઉત્પન્ન થાય તો દ્રવ્ય તો એકરૂપ સદા વીતરાગ છે. તો તેને આશ્રયે પર્યાય એકરૂપ વીતરાગ થવી જોઈએ. શું કહ્યું સમજાણું?

વસ્તુ વીતરાગસ્વરૂપ એકરૂપે છે. એના આશ્રયથી, એકાંત એના આશ્રયથી થાય તો એનામાં વીતરાગતા એકલી એક પ્રકારની, વીતરાગતા એક પ્રકારની જ આવવી જોઈએ. પણ પર્યાય સ્વતંત્ર છે. એ પરિણામી હોવા છતાં, ત્રિકાળી વીતરાગીનો આશ્રય લેવા છતાં, એના અવલંબન લીધા વિના એ પરિણામી વીતરાગસ્વરૂપે પરિણમે છે. આહાહા..! પર્યાય વીતરાગરૂપે પરિણમે છે.

એથી કહે છે કે '**પરિણામ ગૌણ થઈ જાય છે;...**' ગૌણનો અર્થ આ. વીતરાગનો અનુભવ ગૌણ થઈ જાય છે એમ નહિ. શું કહ્યું? પર્યાયે-અવસ્થાએ ત્રિકાળને જાણ્યું અને વીતરાગતા થઈ. એ ગૌણ થઈ ગઈ એટલે એ વીતરાગતા પર્યાયમાં ન આવી અને વીતરાગતા પર્યાયમાં ન થઈ માટે ગૌણ થઈ એમ નહિ. ફક્ત લક્ષની અપેક્ષાએ ગૌણ કીધું. વીતરાગી પર્યાયનું લક્ષ વીતરાગી પર્યાય ઉપર નહિ. આહાહા..! ઝીણો અધિકાર આવ્યો છે થોડો. આહાહા..! વીતરાગી પર્યાય જે અંદર થઈ એના ઉપર લક્ષ નહિ. લક્ષ તો ધ્રુવ ઉપર. છતાં ધ્રુવને અવલંબતી નથી. છતાં અપરિણામી તે પરિણામમાં આવતું નથી. છતાં પરિણામ જે વીતરાગતા પરિણામ છે તેમાં અપરિણામી વીતરાગતાનું જ્ઞાન અને વીતરાગતાની પર્યાય આવે છે. આહાહા..! એ શું કહ્યું?

પર્યાયમાં જે વીતરાગી જ્ઞાન અને વીતરાગી પર્યાય, પર્યાયમાં વીતરાગી જ્ઞાન થયું. આહાહા..! ત્રિકાળી પ્રભુ ભગવાનને... ઝવેરી નથી? વયા ગયા ઝવેરી? આહાહા..! પુનરુક્ત આને કાંઈ લાગતું નથી. ફરી ફરીને કહે એથી કરીને પુનરુક્તિ દોષ લાગતો નથી. ફરી ફરીને કહે એ તો વિશેષ દઢતા થવા માટે છે. પુનરુક્તિ દોષ નથી. પણ વીતરાગતાની દઢતા માટે છે. આહાહા..!

કહે છે, પ્રભુ! અરે..! આવી વાતું રહી ગઈ. ઉપરની વાતુંમાં મનાઈ ગયું. પ્રભુ! ચાલ્યો જાય છે મનુષ્યભવ. આ અવસર પૂરો થઈ જશે. આત્મા પૂરો નહિ થાય કાળે. શું કીધું? કાળે પૂરો એટલે એક સમયમાં જ આત્મા રહેશે એમ નહિ રહે. આ દેહ છૂટી જશે. આત્મા ત્રિકાળી અનંત આનંદ વીતરાગમૂર્તિ તો કાયમ રહેશે. અને કાયમ રહેશે. એનું વેદન અને એના અસ્તિત્વનો સ્વીકાર પર્યાય (પ્રમાણ) કરે છે. પ્રમાણમાં પર્યાય એનું અપરિણામીનું, પર્યાયનું પ્રમાણ જે છે તે તેનો વિષય કરે છે અને તે પર્યાય 'વીતરાગ આ છે' તેમ નિર્ણય કરે છે. અને તેથી વીતરાગી આનંદ આવવા છતાં વીતરાગી આનંદને ગૌણ કરવો એમ કીધું અહીં તો. એનો અર્થ એના ઉપર લક્ષ ન રાખવું. લક્ષ ધ્રુવ ઉપર. છતાં તે પર્યાયનું લક્ષ ધ્રુવ ઉપર

હોવા છતાં તે પર્યાય પરતંત્ર નથી. એ પર્યાય સ્વતંત્ર કર્તા થઈને લક્ષ કરે છે. આહાહા..! ષટ્કારકનું પરિણમન ઊભું કરી.. આહાહા..! એ પર્યાય ત્રિકાળી ધ્રુવને, વીતરાગતાને જાણી એનું જે કર્તાપણું છે એ દ્રવ્યને લઈને નથી. એ પર્યાય સ્વતંત્ર કર્તા છે. સ્વતંત્ર કર્તા થઈને ફક્ત એના સ્વભાવ ઉપર-ધ્રુવ ઉપર લક્ષ કરે છે એવું એનું સ્વતંત્ર કર્તાપણાનું સ્વરૂપ છે. પર્યાયનું કર્તાપણાનું એ સ્વરૂપ છે કે તે પર્યાય ત્રિકાળી વીતરાગ સ્વભાવને વીતરાગી પર્યાય પોતે હોવા છતાં એ વીતરાગી સ્વભાવનો આશ્રય છે. છતાં તેમાં કર્તાપણું વીતરાગી દ્રવ્યનું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ વીતરાગી દ્રવ્યનું લક્ષ કર્યું માટે વીતરાગી દ્રવ્ય કર્તા છે અને વીતરાગી દ્રવ્યનો આશ્રય આવ્યો માટે વીતરાગી પર્યાય પરાધીન થઈ એમ નથી. આહાહા..! આવી વાત.

મુમુક્ષુ :- ક્યાંથી આવે છે?

ઉત્તર :- એ ભગવાન જાણે એમાંથી આવે છે. આહાહા..! ભગવાન પાસેથી આવે છે. કેટલીક વાત તો મને પણ ખબર નથી અને અંદરથી આવે છે. કેમ આવે છે અને કેમ આવે છે એ ભગવાન જાણે. એ ભગવાન જાણે એટલે આત્મા જ એ જાતનો છે. આહાહા..! પાછું વળી ભગવાન જાણે એકલું નાખી દેવું એમ નહિ. આહાહા..! એ આત્મા જ એવી જાતનો પોતે છે કે જે પોતે પોતાનું ત્રિકાળનું આલંબન લીધા વિના, પરમાત્માનું તો નહિ પણ ત્રિકાળનું આલંબન લીધા વિના વીતરાગપણાના આનંદને અનુભવે છે. આહાહા..! પંડિતજી! ભાષા આવે એવી આવે. બાપુ! અહીં કાંઈ વ્યાકરણ, સંસ્કૃતની પંડિતાઈ નથી અહીં. આહાહા..!

કહે છે કે '**પરિણામ ગૌણ થઈ જાય છે;...**' એટલે? વીતરાગ જે અનુભવમાં આવે છે વીતરાગી પર્યાય, ત્રિકાળી વીતરાગસ્વરૂપ ભગવાન.. સમજાય એટલું સમજવું, નાથ! કંટાળો કરવો નહિ, આકુળતા કરવી નહિ, અમને ન સમજાય એમ ન કરવું, નાથ! તું તો કેવળજ્ઞાન એક સમયમાં લેવાની તાકાતવાળો છો ને! એક સમયમાં કેવળજ્ઞાન પ્રગટ કરે એવી તાકાતવાળો પ્રભુ તું છો. તને તારો વિશ્વાસ નથી. વિશ્વાસની પર્યાય રાગ વિનાની વીતરાગી છે. આહાહા..! વિશ્વાસની પર્યાય રાગ વિનાની વીતરાગી છે. એ વીતરાગીનો વિશ્વાસ કરે છે છતાં એ વીતરાગીનું એને આલંબન નથી. આહાહા..! કેમ આવે છે? ક્યાં આવે છે?

કહે છે, '**પરિણામ ગૌણ થઈ જાય છે; પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી.**' એટલે શું કહે છે? ત્રિકાળને જ્યારે મુખ્ય કર્યું ત્યારે પર્યાયને ગૌણ કરી એટલે કે એ પર્યાય કાંઈ વઈ જતી નથી. પર્યાયનો અભાવ થતો નથી. પર્યાય તો ભાવરૂપે રહે છે. પણ ભાવરૂપે રહ્યા છતાં તેને ગૌણ કેમ કહ્યું? કેમ કે લક્ષ મુખ્ય ઉપર

છે માટે ગૌણ કહ્યું. બાકી છે તો એની જ મુખ્યતા. કારણ કે નિર્ણય કરનાર એ પોતે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ ત્રિકાળી નિત્યાનંદના નાથનો નિર્ણય કરનાર સ્વતંત્રપણે ગૌણપણા વિના, મુખ્યને ગૌણ ન કર્યા વિના... આહાહા..! એ પર્યાય પોતે જ વીતરાગપણે પરિણમતી ત્રિકાળીનું લક્ષ રાખીને (પરિણમી છે). છતાં તે પરાશ્રય તે થઈ નથી. એ પોતાથી વીતરાગ પર્યાય ષટ્કારકે પરિણમતી ઊભી થાય છે. શું કહ્યું ઈ?

ગૌણ છે એમ કીધું છતાં એ ભગવાન આત્મા એનું જ્યાં અવલંબન લીધું છતાં એ અવલંબન લીધું એમ કહેતા પણ કહે છે કે વ્યવહાર થઈ ગયો. આહાહા..! એ પર્યાયને પરની અપેક્ષા નથી, નિરપેક્ષ છે. એ વીતરાગી પર્યાય, વીતરાગી સ્વભાવ ભગવાન આત્મા, એનો નિર્ણય કરવાને અને અનુભવમાં એ આવવા છતાં એ ચીજ પર્યાયમાં આવી નથી. એ પર્યાય દ્રવ્યમાં પેઠી નથી. પર્યાય પર્યાયપણે રહી અને દ્રવ્યની દૃષ્ટિ કરી તેને પર્યાય ઉપર લક્ષ નથી એ અપેક્ષાએ તેને ગૌણ કહ્યું છે. બાકી તો પર્યાય મુખ્ય જ છે અનુભવમાં. એ શું કહ્યું? આહાહા..! અનુભવમાં દ્રવ્ય નથી. આહાહા..! સમજાય છે કાંઈ? જે સમજાય એટલું પ્રભુ! સમજવું. આ તો વીતરાગની વાત છે. ત્રણ લોકના નાથ કેવળજ્ઞાની પરમાત્મા એ એમ વર્ણવે છે અને એમ કહે છે. આહાહા..!

એ એમ કહે છે કે પર્યાય મેં ગૌણ કરી એમ કીધું હતું છતાં પર્યાયની જ મુખ્યતા છે. શું કીધું ભાઈ? આહાહા..! આવી વાત, બાપા! એ ગૌણ એટલે આમ એ બાજુ તરફ વલણ ન રાખવું એમ કહ્યું હતું. વલણ આમ રાખવું. છતાં વલણ કરનારી પર્યાય પરની અપેક્ષા રાખતી નથી. વીતરાગી આનંદનો અનુભવ પર્યાય સ્વતંત્રપણે પોતે કર્તા થઈને પોતાના આનંદના, વીતરાગી આનંદના કર્મને, વીતરાગી આનંદના કર્મ નામ કાર્યને પોતે અનુભવે છે. આહાહા..! આવો માર્ગ પ્રભુનો ઝીણો બહુ, પ્રભુ! આહાહા..! આ ચાલ્યું નહિ લાંબુ? છે મોટું લખાણ.

'**પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી.**' એટલે પરિણામ જ રહે છે. અને પરિણામે જ પરિણામીનો નિર્ણય કર્યો છે. ખરેખર તો પરિણામી કર્તા પરિણામીનું પરિણામ જે થયું તે મુખ્ય વસ્તુ છે. આહાહા..! ત્રણ લોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એનો જે અનુભવ કર્યો એ અનુભવની જ મુખ્યતા છે. આહાહા..! ૨૦મા બોલની અપેક્ષાએ. અહીં ગૌણ કહ્યું છતાં તેને અહીંયાં મુખ્ય કહીએ છીએ. આહાહા..! કેમ કે દ્રવ્યનો અનુભવ નથી, નાથ! અનુભવ તો પર્યાયનો છે માટે ગૌણ ન કરવો એને મુખ્ય છે ઈ. ત્રિકાળનું વેદન નથી. ત્રિકાળી ચીજ તે ધ્રુવ છે. ધ્રુવનું વેદન નથી. માટે

ધ્રુવ તરફ સ્વતંત્રપણે લક્ષ કરવા છતાં પરના આશ્રય વિના સ્વતંત્ર કર્તા થઈ વીતરાગી પર્યાયનો આનંદ કરે છે એ પરિણામ છે. એને ગૌણ પર્યાય એમ કીધું એ તો એ લક્ષ આમ છે એ અપેક્ષાએ. બાકી તો મુખ્ય તો એ છે. વીતરાગી આનંદનો અનુભવ એ મુખ્ય છે. પંડિતજી! આહાહા..! '**પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી.**' આહાહા..! ત્રિકાળી નાથનો સત્તાનો સ્વીકાર વીતરાગભાવે થયો તે ભાવ ક્યાંય ચાલ્યો જતો નથી. એને પર્યાયને ગૌણ કરી, અભૂતાર્થ કરીને કહ્યું તેથી તે અનુભવ કાંઈ ચાલ્યો જતો નથી. અનુભવ તો અનુભવમાં વેદનમાં રહે છે. આહાહા..! સમજાય એવી વાત છે, ભગવાન!

અહીં તો બધા ભગવાન છે. ભગવાન પૂર્ણ છે અને ભગવાન થવાના છીએ એમ અહીં તો વાત છે. આહાહા..! એ તો કહ્યું નહોતું દ્રવ્યસંગ્રહનું? ભગવાન જ બધા થાઓ! કર્મનો નાશ કરીને પરમાત્મા, તારા સ્વરૂપના સામર્થ્યની જે તાકાત છે એ જ (દ્રવ્યસંગ્રહમાં) એમ લીધું ને? બધા ભગવાન થાઓ, બધા વીતરાગ થાઓ. આહાહા..!

અહીં કહે છે, પરિણામને ગૌણ કર્યું એ તો લક્ષની અપેક્ષાએ ગૌણ કર્યું. અનુભવની અપેક્ષાએ ગૌણ નહિ. સમજાય છે કાંઈ? એ તો લક્ષની અપેક્ષાએ ગૌણ કર્યું. અનુભવની અપેક્ષાએ ગૌણ નહિ. અનુભવની અપેક્ષાએ તો એ જ મુખ્ય છે. કારણ કે દ્રવ્યનો અનુભવ થતો નથી. આહાહા..! પ્રભુ! આ ક્યાંથી આવે છે? કોણ કહે છે? પ્રભુ! આહાહા..! એ આત્માનો પોકાર છે. આહાહા..! આત્માના સત્‌નો એ પોકાર છે અંદરથી. પોકાર છે પોતાનો. હું વિકાર વિનાનો વીતરાગ પરિણામે છું. કેમ કે મારું તત્ત્વ જે પૂર્ણ તત્ત્વ છે તેનું જ્યાં હું લક્ષ કરું છું ત્યાં તો વીતરાગી દશા થાય છે. તેથી વીતરાગ પરિણામ જ મારે તો મુખ્ય છે. વેદનમાં આવે એ મારે મુખ્ય છે. આહાહા..! લક્ષની અપેક્ષાએ ભલે ગૌણ કર્યું. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- અજબગજબની વાત છે!

ઉત્તર :- અજબગજબની વાત છે, પ્રભુ! મને પણ ખબર નથી. એ અંદરથી ચાલ્યું આવે છે. આહાહા..!

પ્રભુનો પોકાર અંદરથી છે કે મારું જે આ વેદન છે એને ગૌણ તું કરી નાખ એ નહિ ચાલે, નાથ! આહાહા..! શું કહ્યું? પ્રભુ! પૂર્ણાનંદના નાથને તે જાણ્યો અને વેદનમાં આવ્યો એને તું ગૌણ ન કરીશ, હોં! એ તો અપેક્ષાએ અમે તને લક્ષ કરાવવા માટે ગૌણ કહ્યું. પણ મુખ્ય તો એ જ છે કે જે આનંદ પ્રત્યક્ષ પોતાને વેદાય તે મુખ્ય છે અને જે વેદાતો નથી તે તો ગૌણ છે. આહાહા..! અજબગજબની

વાત છે, પ્રભુ! એવો કાળ કોઈ આવ્યો.. આહાહા..!

**'પરિણામ ક્યાં જતા રહે?'** કહે છે, ભલે પરિણામને ગૌણ કર્યા પણ પરિણામ ક્યાં જતા રહે? આહાહા..! અસ્તિ છે, મોજૂદ છે અને તે પરિણામ સત્ છે એથી ત્રિકાળી સત્‌ની પણ જેને અપેક્ષા નથી. એવા પરિણામ પ્રભુ! ક્યાં જાય? તું ગૌણ કર એમ કહ્યું છતાં એ જાય ક્યાં? પ્રભુ! એ અસ્તિપણે વર્તમાનમાં વેદાય એ ગૌણપણે ક્યાં જાય? ગૌણપણે ક્યાં જાય એ? આહાહા..!

**'પરિણમન તો પર્યાયસ્વભાવને લીધે...'** બદલવાનું પરિણમન પર્યાય સ્વભાવને લીધે **'થયા જ કરે છે,...'** આહાહા..! એ વીતરાગી સ્વરૂપ ભગવાન, એને જેણે કબુલ્યો અને અનુભવ્યો, એને વીતરાગી પરિણામ તો સદા નિરંતર રહ્યા જ કરે છે. એમ આવ્યું ને? **'પર્યાયસ્વભાવને લીધે થયા જ કરે છે,...'** ભલે ગૌણ કહ્યું પણ વીતરાગી આનંદ તો સમય સમયમાં થયા જ કરે છે. એને કોઈ ગૌણ કરી શકાય એવી તાકાત નથી. દ્રવ્યની પણ તાકાત નથી કે તેને ગૌણ કરે. આહાહા..! વેદનને મુખ્ય કરનાર દ્રવ્ય ગૌણ કરે પર્યાયને તેમ ત્રણ કાળમાં બનતું નથી. કેમ કે ત્રિકાળીનું વેદન હોતું નથી. માટે જેનું વેદન છે તેની મુખ્યતાના ઢંઢેરા પીટાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'સિદ્ધમાં પણ પરિણતિ તો હોય છે.'** સિદ્ધ કરે છે. પર્યાયને તું ગૌણ કરી નાખ તો સિદ્ધ પોતે પર્યાય છે. સિદ્ધ પોતે પર્યાય છે. કોને તું ગૌણ કરીશ? પર્યાયને ગૌણ કરી દઈશ? સિદ્ધ પર્યાય નથી તેમ કરી નાખીશ? ધ્રુવ છે એમ સિદ્ધ પર્યાય નથી એમ કરીશ ગૌણ કરીને? આહાહા..! સિદ્ધ પર્યાયની પરિણતિ પણ છે. આહાહા..!

**'પરંતુ અપરિણામી તત્ત્વ ઉપર-જ્ઞાયક ઉપર-દૃષ્ટિ...'** અપરિણામી તત્ત્વ ઉપર પલટતી પર્યાય નિર્ણય કરે છતાં પલટતી પર્યાય અપરિણામી તત્ત્વ ઉપર જ્ઞાયક ઉપર લક્ષ હોવાથી દૃષ્ટિ.. **'તે જ સમ્યક્ દૃષ્ટિ છે.'** ત્રિકાળ જ્ઞાયક ઉપર દૃષ્ટિ છે તે જ પર્યાય સમ્યગ્દૃષ્ટિ છે. આહાહા..! પર્યાય ઉપર પર્યાયનું લક્ષ નથી એટલો ફેર. પર્યાય ઉપર પર્યાયનું લક્ષ નથી. પર્યાયનું લક્ષ દ્રવ્ય ઉપર અને જોર ત્યાં છે. એ પોતે સ્વતંત્રપણે પોતાથી કરે છે. એથી તે સમ્યગ્દૃષ્ટિ છે. ત્રિકાળી વીતરાગ સ્વભાવની દૃષ્ટિ ગૌણ ભલે કરી પર્યાયને, પર્યાયને ગૌણ કરી પણ એ સમ્યગ્દૃષ્ટિ ગૌણ થતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'માટે 'આ મારી જ્ઞાનની પર્યાય', 'આ મારી દ્રવ્યની પર્યાય' એમ પર્યાયમાં શું કામ રોકાય છે?'** આહાહા..! કેમ કે તે વીતરાગી પર્યાય થશે જ. થશે જ એમાં શું? આ પર્યાય થઈ અને આ મારી મારી, એમ રોકાય છે શું કરવા? વીતરાગી

આનંદનો પર્યાય પ્રગટ થશે જ. એથી આ પર્યાય મારી એમ લક્ષમાં ન લે. પર્યાય છે એ દ્રવ્યના લક્ષે પણ સ્વતંત્રપણે થઈ છે. આહાહા..! પર્યાય કર્તા, પર્યાય પર્યાયનું કર્મ, પર્યાયનું સાધન (પર્યાય), દ્રવ્ય-ગુણ સાધન નહિ. ફક્ત લક્ષ ગયું છે ત્યાં. તે પણ સ્વતંત્રપણે કર્તા થઈને, પર્યાયનું સ્વતંત્રપણે કર્તા થઈને લક્ષ ગયું છે. આહાહા..! માટે મારી આ પર્યાય તેમ પર્યાય ઉપર લક્ષ રાખીશ નહિ, એમ કહે છે. અનુભવ કરવામાં તો દ્રવ્ય ઉપર જ લક્ષ રાખજે. આહાહા..! એવું ઝીણું આવ્યું પાછું.

**'એમ પર્યાયમાં શું કામ રોકાય છે? નિષ્ક્રિય તત્ત્વ ઉપર-તળ ઉપર-'** આહાહા..! પર્યાયની પાછળ તળ મોટું તળિયું પડ્યું છે. પાતાળ છે-ભગવાન છે. તેના ઉપર લક્ષ હોવાથી તળ ઉપર દૃષ્ટિ આપ. દૃષ્ટિ ત્યાં આપ પણ એ દૃષ્ટિ સ્વતંત્ર, દૃષ્ટિ પણ સ્વતંત્રપણે દ્રવ્ય ઉપર આપ. દ્રવ્ય છે માટે મારે દૃષ્ટિ કરવી પડે છે... આહાહા..! એમ પણ નથી. ઝીણી વાત છે, ભગવાન! વીતરાગ ત્રણ લોકના નાથ એની કોઈ કથની કોઈ અલૌકિક છે. સમજવામાં જરી કઠણ પડે. **'તળ ઉપર-દૃષ્ટિ સ્થાપ ને!'** છે સ્વતંત્ર દૃષ્ટિ. દૃષ્ટિમાં જ બધું વેદન છે. પણ તેનું લક્ષ પર્યાય ઉપર ન રહેતા પર્યાયનું લક્ષ દ્રવ્ય ઉપર જાય છે. એનું લક્ષ ન્યાં જાય છે, બસ! એટલું છે.

**'પરિણામ તો થયા જ કરશે.'** છે? બીજો પેરેગ્રાફ. **'પરિણામ તો થયા જ કરશે.'** આનંદ, વીતરાગ વેદન... વેદન... વીતરાગ. આહાહા..! **'પણ, આ મારી અમુક ગુણપર્યાય થઈ,...'** એટલે? આ પર્યાય જેટલો છું અને એટલું મને થયું એમ ન કરીશ તું. આહાહા..! છે? **'આ મારી અમુક ગુણ પર્યાય થઈ, આ મારા આવા પરિણામ થયા-એમ શા માટે જોર આપે છે? પર્યાયમાં-પલટતાં અંશમાં-દ્રવ્યનું પરિપૂર્ણ...'** પર્યાયમાં એટલે પલટતા અંશમાં એટલે કે દ્રવ્યનું પરિપૂર્ણ **'નિત્ય સામર્થ્ય થોડું આવે છે?'** આહાહા..! થોડું આવે છે એટલે કે આખું દ્રવ્ય પર્યાયમાં જણાય છે પણ આવતું નથી એટલી અપેક્ષા, હોં! દ્રવ્યનું સામર્થ્ય પરિપૂર્ણ પર્યાયમાં આવે છે પણ દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. એ માટે **'પરિપૂર્ણ નિત્ય સામર્થ્યને અવલંબ ને!'** પરિપૂર્ણ ભગવાનનું અવલંબન લે. એ પણ સ્વતંત્રપણે વીતરાગ આનંદ પ્રગટ કરીને. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧૪, મંગળવાર તા. ૭-૮-૧૯૭૯**
**બોલ-૧, ૩૦૬, ૨૧૭, ૨૨૧, ૨૨૩. પ્રવચન-૧૭**

**હે જીવ! તુઝે કહીં ન રુચતા હો તો અપના ઉપયોગ પલટ દે ઔર આત્મામેં રુચિ લગા. આત્મામેં રુચે ઐસા હૈ. આત્મામેં આનંદ ભરા હૈ; વહાં અવશ્ય રુચેગા. જગતમેં કહીં રુચે ઐસા નહીં હૈ પરંતુ એક આત્મામેં અવશ્ય રુચે ઐસા હૈ. ઈસલિયે તૂ આત્મામેં રુચિ લગા. ૧.**

... કોઈ બાહ્ય પદાર્થમેં તેરી રુચિ ન જમતી હો.. આહાહા..! શબ્દ થોડા સૂક્ષ્મ હૈ. '**તુઝે કહીં ન રુચતા હો તો...**' યે શર્ત. બાહ્ય પદાર્થમેં તેરી રુચિ જમતી ન હો તો. આહાહા..! '**ઉપયોગ પલટ દે...**' અપના ઉપયોગ પલટ દે, પ્રભુ! આહાહા..! જો પર્યાય પરમેં રુચિ કરતી હૈ, ઉસ પર્યાયકો અપનેમેં પલટ સકતા નહીં. જો કોઈ પર પદાર્થમેં રુચિ કરતા નહીં ઔર રુચિ જમતી નહીં તો પર્યાયકો પલટ દે. આહા..! ભગવાન પૂર્ણાનંદકા નાથ જહાં વિરાજતા હૈ, વહાં રુચિ યા ઉપયોગકો લે જા. સૂક્ષ્મ બાત હૈ, ભાઈ! આહાહા..! '**ઔર આત્મામેં રુચિ લગા.**' ભગવાન અતીન્દ્રિય આનંદ પ્રભુ, ઉસકા પોષાણ ઔર રુચિ કર. આહાહા..!

'**આત્મામેં રુચે ઐસા હૈ.**' ક્યોંકિ ભગવાન આત્મામેં રુચે ઐસા હૈ. આહાહા..! ક્યોં? '**આત્મામેં આનંદ ભરા હૈ;...**' યહ માંગલિક હૈ શુરૂઆતકા. આત્મામેં અતીન્દ્રિય ભરા હૈ. તેરી રુચિ પરમેં ન જમતી હો તો વહાં જમા દે. રુચિ પરમેં હો તો પલટ સકતા નહીં. આહા..! રાગાદિમાં જબ તક રુચિ હૈ તો તો અંતરમેં પલટ સકે નહીં, પરંતુ તેરી રુચિમેં ઐસા ખ્યાલ આયે કિ કહીં મેરી રુચિ જમતી નહીં હૈ, મુજે મજા નહીં આતી હૈ. આહાહા..! ઐસા હો તો ઉપયોગકો આત્મામેં આનંદ ભરા હૈ વહાં લગા દે. આહાહા..! ભગવાન આનંદસરોવર અતીન્દ્રિય આનંદકા સાગર પ્રભુ, વહાં આનંદ ભરા હૈ. '**વહાં અવશ્ય રુચેગા.**' પ્રભુ! તુઝે પોષાણમેં આત્મા આયેગા. આહાહા..! સૂક્ષ્મ બાત હૈ, ભાઈ! વ્યવહારકે રાગકી રુચિ જબ તક રહે તો તો પલટ સકે નહીં. પરંતુ વ્યવહાર દયા, દાનકી રુચિ ભી ન રહે ઔર રુચિ ન જાય તો સ્વરૂપમેં રુચિ લગા દે. યહ સાધન હૈ, બાપૂ! '**વહાં અવશ્ય રુચેગા.**'

'**જગતમેં કહીં રુચે ઐસા નહીં હૈ...**' આહાહા..! ભગવાન આનંદકે અલાવા કહીં રુચિકા સ્થાન નહીં હૈ. '**પરંતુ એક આત્મામેં અવશ્ય રુચે ઐસા હૈ.**' આહાહા..!

**'ઈસલિયે તૂ આત્મામેં રુચિ લગા.'** આહાહા..! શુરૂઆતકા મંગલિક શબ્દ હૈ. પરમે તુઝે રુચિ-મજા ન લગતી હો તો. મજા આતી હો તો-તો તૂ પલટ સકેગા નહીં. આહાહા..! સમજમેં આયા? પુણ્યકે શુભરાગસે લેકર સારી સામગ્રી જગતકી, ઉસ ઓર તેરી રુચિ ગહરાઈમેં ન હો તો. આહાહા..! ઉસ રુચિકો પલટ દે. આત્મામેં રુચિ લગા દે. એક બોલ હુઆ.

**રુચિકા પોષણ ઔર તત્ત્વકા મંથન ચૈતન્યકે સાથ એકાકાર હો જાય તો કાર્ય હોતા હી હૈ. અનાદિકે અભ્યાસસે વિભાવમેં હી પ્રેમ લગા હૈ ઉસે છોડ. જિસે આત્મા રુચતા હૈ ઉસે દૂસરા નહીં રુચતા ઔર ઉસસે આત્મા ગુપ્ત-અપ્રાપ્ય નહીં રહતા. જાગતા જીવ વિદ્યમાન હૈ વહ કહાં જાયગા? અવશ્ય પ્રાપ્ત હોગા હી. ૩૦૬.**

૩૦૬. હૈ? **'રુચિકા પોષણ ઔર તત્ત્વકા મંથન...'** હૈ? ૧૧૯ પૃષ્ઠ હૈ. **'રુચિકા પોષણ...'** આહાહા..! જ્ઞાયકભાવકી રુચિકા પોષણ ઔર **'તત્ત્વકા મંથન ચૈતન્યકે સાથ એકાકાર હો જાય...'** આહાહા..! તત્ત્વકા મંથન ઔર ચૈતન્યકે સાથ ભગવાન જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ ધ્રુવ, ઉસમેં એકાકાર હો જાય **'તો કાર્ય હોતા હી હૈ.'** અપના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ઔર આનંદકા સ્વાદ આતા હી હૈ. આહાહા..! ઐસી બાત હૈ.

**'અનાદિકે અભ્યાસસે વિભાવમેં હી પ્રેમ લગા હૈ...'** આહાહા..! **'અનાદિકે અભ્યાસસે વિભાવમેં હી પ્રેમ લગા હૈ...'** આહાહા..! પુણ્ય ઔર પાપ, ઔર પુણ્ય-પાપકે ફલમેં તેરા અભ્યાસ ઔર રુચિ, વિભાવમેં તુઝે પ્રેમ લગા હૈ. ભાષા બહુત સંક્ષેપમેં હૈ, પરંતુ અંતર તત્ત્વકી બાત હૈ. બહનોંમેં બોલે હોંગે તો લિખ લિયા થા, તો બાહર આયા, નહીં તો બાહર ભી નહીં આતા. સમજમેં આયા? આહાહા..! **'અનાદિકે અભ્યાસસે વિભાવમેં હી પ્રેમ લગા હૈ ઉસે છોડ.'**

**'જિસે આત્મા રુચતા હૈ ઉસે દૂસરા નહીં રુચતા...'** આહાહા..! જિસકી દૃષ્ટિમેં આત્મા રુચતા હૈ, ઉસકો દૂસરા કુછ નહીં રુચતા **'ઔર ઉસસે આત્મા ગુપ્ત-અપ્રાપ્ય નહીં રહતા.'** આહાહા..! જ્ઞાયકભાવ રુચે ઉસકો આત્મા અપ્રાપ્ય-ન પ્રાપ્ત હો, ઐસા નહીં હોગા. આહાહા..! સૂક્ષ્મ બાત હૈ, ભાઈ!

યે તો બહિન દ્વારા બહનોંમેં બોલા ગયા હોગા, ઉન્હેં ભી માલૂમ નહીં હોગા કિ યહ કોઈ લિખ રહા હૈ. યહાંસે ૨૨ લાખ પુસ્તક પ્રકાશિત હુએ હૈં. મૈંને કભી કહા નહીં કિ પુસ્તક છપાઓ યા મંદિર (બનાઓ), હમને અભી તક કહા નહીં. પરંતુ યે જહાં હાથમેં આયા તો રામજીભાઈકો કહા, ભાઈ! યહ પુસ્તક એક લાખ

છપવાઓ. પહલા પુસ્તક. ઈતને પુસ્તક છપે, ન છપે, દુનિયા જાને. આહાહા..! યે પુસ્તક જહાં હાથમેં આયા તો કહા, એક લાખ છપવાઓ. સાઠ હજાર તો છપ ગયે હૈં. આહાહા..!

યહાં કહતે હૈં, **'ઉસસે આત્મા ગુપ્ત-અપ્રાપ્ય નહીં રહતા.'** આહાહા..! પરકી રુચિ છોડકર સ્વકી રુચિ કરે તો આત્મા પ્રાપ્ત હોતા હૈ. અપ્રાપ્ત નહીં રહતા. ઉસકો આનંદકા સ્વાદ આતા હૈ. તબ આત્મા પ્રાપ્ત હુઆ ઐસા કહનેમેં આતા હૈ. યહાં તો યહ શબ્દ લેના થા ઈસલિયે યહ લિયા.

**'જાગતા જીવ...'** આહાહા..! ક્યા કહતે હૈં? **'જાગતા જીવ વિદ્યમાન હૈ...'** ગુજરાતીમેં 'જાગતો જીવ ઊભો છે'. જાગતા જીવ ચૈતન્યસ્વરૂપ ભગવાન ઊભો છે ને. ઊભો અર્થાત્ અંદર ધ્રુવ હૈ ન. આહાહા..! જાગતા જીવ વિદ્યમાન હૈ ન, ધ્રુવ હૈ ન. **'વહ કહાં જાયગા?'** ધ્રુવ ભગવાન જાગૃત જ્યોત ચૈતન્ય હૈ, વહ કહાં જાયગા? પ્રભુ! આહાહા..! શબ્દ તો બહુત સંક્ષિપ્ત ઔર મીઠે હૈં. રતનલાલજી! રતનલાલજીકો તો બહુત પ્રેમ હૈ. ઐસી બાત હૈ.

જાગતા પ્રભુ ચૈતન્યજ્યોત ખડા હૈ ન-વિદ્યમાન હૈ ન-ધ્રુવ હૈ ન. આહાહા..! વહ કહાં જાયગા? ધ્રુવ કહાં જાય? ખડા હૈ વહ કહાં જાય? કહીં પર્યાયમેં આતા હૈ? રાગમેં આતા હૈ? કહાં જાય? આહાહા..! **'અવશ્ય પ્રાપ્ત હોગા હી.'** આહાહા..! જરૂર પ્રાપ્ત હોગા. જાગતા જીવ કહાં જાય? **'અવશ્ય પ્રાપ્ત હોગા હી.'** અવશ્ય પ્રાપ્ત હોગા હી. આહાહા..!

**દ્રવ્યમેં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સબ હોને પર ભી કહીં દ્રવ્ય ઔર પર્યાય દોનોં સમાન કોટિકે નહીં હૈં; દ્રવ્યકી કોટિ ઉચ્ચ હી હૈ, પર્યાયકી કોટિ નિમ્ન હી હૈ. દ્રવ્યદૃષ્ટિવાનકો અંતરમેં ઈતના અધિક રસ-કસયુક્ત તત્ત્વ દિખાયી દેતા હૈ કિ ઉસકી દૃષ્ટિ પર્યાયમેં નહીં ચિપકતી. ભલે હી અનુભૂતિ હો, પરંતુ દૃષ્ટિ અનુભૂતિમેં-પર્યાયમેં-ચિપક નહીં જાતી. 'અહા! ઐસા આશ્ચર્યકારી દ્રવ્યસ્વભાવ પ્રગટ હુઆ અર્થાત્ અનુભવમેં આયા!' ઐસા જ્ઞાન જાનતા હૈ, પરંતુ દૃષ્ટિ તો શાશ્વત સ્તંભ પર-દ્રવ્યસ્વભાવ પર-જમી સો જમી હી રહતી હૈ. ૨૧૭.**

૨૧૭. ૮૭ પૃષ્ઠ હૈ. ૨૧૭. સત્રહ ના? ક્યા કહતે હૈં? પૃષ્ઠ-૮૭. **'દ્રવ્ય...'** અર્થાત્ વસ્તુ ભગવાન આત્મા. **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સબ હોને પર ભી...'** નયી-નયી પર્યાય હોતી હૈ, પૂર્વકી પર્યાયકા વ્યય હોતા હૈ ઔર ધ્રુવપને રહતા હૈ. **'દ્રવ્યમેં**

**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સબ હોને પર ભી...**' સબ નામ તીનોં. '**કહીં દ્રવ્ય ઔર પર્યાય દોનોં સમાન કોટિકે નહીં હૈં;...**' કહીં દ્રવ્ય નામ ત્રિકાલી ચીજ ભગવાન પૂર્ણ જ્ઞાયક ઔર એક સમયકી પર્યાય, દોનોં સમાન પ્રકારકી કોટિકે નહીં હૈં. આહાહા..! દોનોં સમાન વર્ગમેં નહીં હૈ. આહાહા..! સમજમેં આયા? યહ પહલી કક્ષામેં પઢતા હૈ તો પ્રથમ કક્ષાવાલા હૈ, યહ સાતવીં કક્ષાવાલેમેં આતા નહીં. ઔર સાતવી કક્ષામેં પહલી કક્ષા આતી નહીં.

ઐસે ભગવાન આત્મા... '**દ્રવ્ય ઔર પર્યાય દોનોં સમાન કોટિકે નહીં હૈં;...**' આહાહા..! પરકી બાત તો યહાં ક્યા લેની? અપના જો દ્રવ્ય ત્રિકાલી ભગવાન ધ્રુવ ઔર એક સમયકી પર્યાય, દોનોં સમાન કોટિકે નહીં હૈં. '**દ્રવ્યકી કોટિ ઉચ્ચ હી હૈ,...**' પર્યાયસે ત્રિકાલી દ્રવ્યકી કોટિ ઉચ્ચ હી હૈ. આહાહા..! ભાષા તો સાદી હૈ. ગુજરાતી સાદીમેં આયા. ઉસમેંસે ફિર હિન્દી બનાયા. '**દ્રવ્યકી કોટિ...**' દ્રવ્યકા પ્રકાર પર્યાયસે ઊંચા હૈ. એક સમયકી પર્યાયસે ત્રિકાલ શક્તિ ઊંચી શક્તિ હૈ. ઉચ્ચ કોટિકા દ્રવ્ય હૈ. આહાહા..!

'**પર્યાયકી કોટિ નિમ્ન હી હૈ.**' આહાહા..! પરપદાર્થકા પ્રકાર તો યહાં હૈ હી નહીં. ત્રિકાલી દ્રવ્યકી કોટિકી અપેક્ષા પર્યાયકી કોટિ હિન હૈ. આહાહા..! સમજમેં આયા? '**પર્યાયકી કોટિ નિમ્ન હી હૈ.**' આહાહા..! '**દ્રવ્યદૃષ્ટિવાનકો અંતરમેં ઈતના અધિક રસકસયુક્ત તત્ત્વ દિખાયી દેતા હૈ...**' આહાહા..! દ્રવ્યદૃષ્ટિવાનકો વર્તમાન પર્યાયકી દૃષ્ટિ છોડકર ત્રિકાલી ભગવાનકી રુચિ પ્રથમ કરે, તો વહ ઈતના અધિક રસકસયુક્ત હૈ... '**તત્ત્વ દિખાયી દેતા હૈ...**' રસકસયુક્ત તત્ત્વ દિખાયી દેતા હૈ. આહાહા..! રસવાલા ઔર કસવાલા. કસ.. કસ. આહાહા..! પૂરા માલ ભરા હૈ અંદર. અનંત.. અનંત. '**અધિક રસકસયુક્ત તત્ત્વ દિખાયી દેતા હૈ...**' આહાહા..! '**કિ ઉસકી દૃષ્ટિ પર્યાયમેં નહીં ચિપકતી.**' આહાહા..! રસકસયુક્ત જો ભગવાન દૃષ્ટિમેં દિખતા હૈ-સમ્યગ્દર્શનકી પર્યાયમેં.. આહાહા..! ઉસકો '**ઈતના અધિક રસકસયુક્ત...**' પર્યાયસે અધિક-ભિન્ન '**ઈતના અધિક રસકસયુક્ત તત્ત્વ દિખાયી દેતા હૈ કિ ઉસકી દૃષ્ટિ પર્યાયમેં નહીં ચિપકતી.**' ચાહે તો અનુભૂતિ હુયી હો, પરંતુ દૃષ્ટિમેં રસકસયુક્ત દ્રવ્ય દિખા ઉસકી દૃષ્ટિ પર્યાયમેં નહીં ચિપકતી, નહીં ટિકતી. આહાહા..! ઐસા હૈ. અભી તો પડિમા લે લો, યહ લે લો, વસ્ત્ર બદલ દો ઔર બાહરકે ત્યાગી હો. ઔર ત્યાગીપને દુનિયા તુઝે માને, ઈસલિયે ઉસે માન મિલે. અરે..! પ્રભુ! વહ સબ અજ્ઞાનકી ભ્રમણા હૈ. આહા..!

યહાં તો કહતે હૈં કિ તેરી પર્યાય પરસે દૃષ્ટિ હટાકર રસકસવાલા ભગવાન હૈ,

જિસમેં કસ પડા હૈ, પૂરા કેવલજ્ઞાન, અનંત આનંદકા કસ અંદર પડા હૈ.. આહાહા..! સમજમેં આયા? ૨૧૭ ન? '**ઉસકી દૃષ્ટિ પર્યાયમેં નહીં ચિપકતી.**' પર્યાય પર દૃષ્ટિ જમતી નહીં. આહાહા..! રસકસવાલા ભગવાન જહાં દેખા, પરમાત્મા જહાં દૃષ્ટિમેં દેખા, ઉસકી પર્યાયમેં દૃષ્ટિ ટિકતી નહીં. આહાહા..!

અવ્યક્તકે બોલ હૈં ન? અવ્યક્ત. ૪૯ ગાથા. વહાં આખિરકા છઠ્ઠા બોલ હૈ. પ્રથમ અનુભવમેં ચીજ આતી હૈ, પહલે જો જાનનેમેં ઉસકા આત્મા આયા હૈ, ઉસકા આનંદકા વેદન હૈ. તો આનંદકે વેદનમેં રુચિ નહીં જમતી. આહાહા..! આનંદમેં દૃષ્ટિ નહીં ટિકતી. છઠ્ઠા બોલ હૈ. સમજમેં આયા? અવ્યક્ત હૈ ન? '**સ્વયં અપનેસે હી બાહ્યાભ્યંતર સ્પષ્ટ અનુભવમેં આ રહા હૈ તથાપિ...**' ભગવાન આત્મા પર્યાયકે વેદનમેં દ્રવ્યકા લક્ષ્ય હૈ તો દ્રવ્યકા ભી વેદન કહનેમેં આતા હૈ. '**બાહ્યાભ્યંતર સ્પષ્ટ અનુભવમેં આ રહા હૈ તથાપિ વ્યક્તતાકે પ્રતિ ઉદાસીનરૂપસે પ્રદ્યોતમાન (પ્રકાશમાન) હૈ,...**' વર્તમાન આનંદકી પર્યાય હૈ પરંતુ ઉસસે ઉદાસ હૈ. આહાહા..! દૃષ્ટિ વહાં જમતી નહીં. આનંદકા વેદન આયા તો ભી દૃષ્ટિ વહાં જમતી નહીં. આહાહા..! ક્યોંકિ દૃષ્ટિમેં ભગવાન અતીન્દ્રિય આનંદ ઔર અતીન્દ્રિય શાંતિકા રસકસવાલા ભગવાનકો જહાં જાના ઔર પ્રતીતમેં આયા.. આહાહા..! વહ પર્યાયમેં ટિકતા નહીં, ગુલાંટ મારકર દ્રવ્ય પર જાતા હૈ. પલટકર દ્રવ્ય પર જાતા હૈ. છઠ્ઠા બોલ હૈ. સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ. આહાહા..!

'**ભલે હી અનુભૂતિ હો,...**' આહાહા..! હૈ? ક્યા કહતે હૈં? રાગ તો નહીં, રાગસે ભિન્ન હોકર અપને દ્રવ્ય સ્વભાવ પર દૃષ્ટિ હુયી તો પર્યાયમેં અનુભૂતિ હુયી. પર્યાયમેં અનુભૂતિ હુયી. '**ભલે હી અનુભૂતિ હો, પરંતુ દૃષ્ટિ અનુભૂતિમેં-પર્યાયમેં-ચિપક નહીં જાતી.**' આહાહા..! સૂક્ષ્મ બાત હૈ, પ્રભુ! યે તો બહિનકે અંતર અનુભવમેંસે થોડા બોલા ગયા હૈ, ઉસે લિખ લિયા તો બાહર આયા. નહીં તો વે તો શવ જૈસે હૈં. કુછ બોલે નહીં. બાહર ઠાઠ હો ઔર બોલે, ચલે તો (લોગોંકો દિખાયી દે). યહ તો અંતરસે, અંતર અનુભવસે બાત હૈ. આહાહા..!

કહતે હૈં, '**દૃષ્ટિ અનુભૂતિમેં-પર્યાયમેં-ચિપક નહીં જાતી.**' અનુભૂતિ હુયી, આનંદકા સ્વાદ આયા, સમ્યગ્દર્શન હુઆ પરંતુ દૃષ્ટિ વહાં ચિપક નહીં જાતી. દૃષ્ટિ તો દ્રવ્ય પર પડી હૈ. રસકસવાલા ભગવાન આત્મા.. આહાહા..! જિસમેં અનંત આનંદ, અનંત જ્ઞાન, શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. અનંત-અનંત ચંદ્રકી જડ શીતલતાસે ભી અનંત શાંતિ જિસમેં પડી હૈ, રસકસ પડા હૈ અંદરમેં. આહાહા..! ઐસી અનુભૂતિ હોને પર ભી, સમ્યગ્દર્શન હોને પર ભી વહાં પર્યાયમેં-અનુભૂતિમેં દૃષ્ટિ ચિપક નહીં

જાતી. આહા..! ગુલાંટ મારકર દ્રવ્યમેં ચાલી જાતી હૈ, દૃષ્ટિ દ્રવ્યમેં ચલી જાતી હૈ. કહો, ઐસી બાતેં હૈં. સમજમેં આયા?

રાગમેં ઔર પરમેં તો દૃષ્ટિ ચિપકતી નહીં. પરદ્રવ્યમેં, દેવ-ગુરુ-શાસ્ત્રમેં ઔર સ્ત્રી, કુટુંબ, પરિવારમેં દૃષ્ટિ તો વહાં હૈ હી નહીં, પરંતુ અનુભૂતિ હુયી વહાં દૃષ્ટિ રહતી નહીં. કઠિન બાત હૈ, ભાઈ! ઉસકા ફલ ભી અનંત આનંદ હૈ. આહાહા..! યહ અપૂર્વ બાત હૈ, પ્રભુ! આહા..!

**'દૃષ્ટિ અનુભૂતિમેં-પર્યાયમેં-ચિપક નહીં જાતી.'** આહાહા..! **'અહા! ઐસા આશ્ચર્યકારી દ્રવ્યસ્વભાવ...'** જિસકે પાતાલકા પત્તા લગ ગયા. આહાહા..! પર્યાયમેં પાતાલકા પત્તા લગ ગયા. વહ દૃષ્ટિ પર્યાયમેં રહતી નહીં-ટિકતી નહીં. ઐસા માર્ગ હૈ. જૈનદર્શનકે અલાવા યહ બાત કહીં નહીં હૈ. દૂસરે સબ ઐસા કહતે હૈં, વિદ્યાનંદજી તો બહુત લિખતે હૈં, આજ આયા હૈ, વિશ્વધર્મ, સબમેં ધર્મ હૈ. અરે..! પ્રભુ! વાસ્તવિક તત્ત્વ તો સર્વજ્ઞ ભગવાનને દેખા. ઉસકે સિવા વાસ્તવિક તત્ત્વ કહીં નહીં હૈ. આહાહા..! સમજમેં આયા? સર્વજ્ઞસ્વભાવી ઔર સર્વ આનંદસ્વભાવી, સર્વ વીતરાગી શાંતિસ્વભાવી યહ ચીજ જો હૈ, વહ રસકસયુક્ત જહાં દૃષ્ટિમેં આયા તો અનુભૂતિ પર ભી.. અનુભવ તો પર્યાય હૈ, સમજમેં આયા? તો પર્યાયમેં રસકસ નહીં હૈ, રસકસ તો વહાં દ્રવ્યમેં હૈ. યે તો અલ્પ અંશ બાહર હૈ. આહાહા..! નયી બાત લગે, ભાઈ! સમજમેં આયા? વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ. અરે..!

**'પરંતુ દૃષ્ટિ અનુભૂતિમેં-પર્યાયમેં-ચિપક નહીં જાતી. 'અહા! ઐસા આશ્ચર્યકારી દ્રવ્યસ્વભાવ પ્રગટ હુઆ...'** સમ્યગ્દર્શનમેં યહ આત્મા પહલી ચીજ હૈ, ઉસકે બાદ સબ વ્યવહાર-ફ્યવહારકી (બાત). આહાહા..! પહલે દૃષ્ટિમેં, અનુભવમેં ભગવાન આયા નહીં, તબ તક સબ ક્રિયાકાંડ, સારા રાગ બંધકા કારણ હૈ, સંસાર હૈ. આહાહા..! યહાં તો સ્વભાવમેં રસ પડા હૈ, આનંદરસ, જ્ઞાનરસ, શાંતરસ, વીતરાગરસ, સ્વસંવેદનરસ, ઈશ્વરરસ, પ્રભુતારસ, ઐસી અનંત શક્તિકા અંદર રસ હૈ. વહ રસકસ હૈ. કસ હૈ. કસ કહતે હૈં હિન્દીમેં? આહાહા..! ઐસા રસ ઔર કસયુક્ત જો ભગવાન, પ્રથમ કરનેલાયક ઈસ ચીજ પર દૃષ્ટિ પડી. આહાહા..! રસ ઔર કસવાલા પ્રભુ દેખા. ઉસકી રસકસકી પર્યાય જો અનુભૂતિ હુયી, ઉસમેં ભી દૃષ્ટિ ટિકતી નહીં. ગુલાંટ ખાકર દ્રવ્યમેં જાતી હૈ. આહાહા..! સૂક્ષ્મ બાત હૈ, ભાઈ! યે તો બહિનકા (જન્મદિવસ) હૈ ઈસલિયે આજસે શુરૂ (કિયા). તીન દિન હૈ. યહ તીન દિન શુરૂ કિયા. સુબહ જો પઢતે હૈં ઉસમેં... સુબહ પૂરા હો જાય તો સુબહ. પરસોં સુબહ લેંગે. કૈસે આયગા વહ તો ચલતે-ચલતે (માલૂમ પડેગા). સુબહ અધિકાર ચલતા હૈ ન.

**'આશ્ચર્યકારી દ્રવ્યસ્વભાવ પ્રગટ હુઆ...'** આહાહા..! **'અર્થાત્ અનુભવમેં આયા!'** પર્યાયમેં ભગવાનકા દર્શન હુઆ. આહાહા..! પર્યાયમેં આત્માકા સાક્ષાત્કાર હુઆ. સાક્ષાત્ પરમાત્માકા પર્યાયમેં દર્શન હુઆ. આહાહા..! **'ઐસા જ્ઞાન જાનતા હૈ,...'** જ્ઞાન જાનતા હૈ કિ યહ અનુભૂતિ હૈ. **'પરંતુ દષ્ટિ તો શાશ્વત સ્તંભ પર....'** આહાહા..! દષ્ટિ તો શાશ્વત સ્તંભ.. સ્તંભ. વજ્રકા સ્તંભ જૈસે હો, ઐસે ભગવાન ધ્રુવકા સ્તંભ. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ આદિ અનંત ગુણકા સ્તંભ. આહાહા..! સમજમેં આયા? થોડા સમજમેં આય, પરંતુ બાપૂ! સમજનેકી ચીજ તો યે હૈ. આહાહા..! બાકી .... દૂસરી ચીજ કોઈ ભી હો, પરંતુ પ્રયોજનભૂત તો યહ હૈ. આહાહા..! દૂસરા જાનપના ન હો, ઉસકે સાથ કોઈ સંબંધ નહીં હૈ.

તિર્યંચકો સમ્યગ્દર્શન હોતા હૈ. આહાહા..! સિંહ ઔર બાઘ, નાગ, મગરમચ્છ હજાર જોજનકા. ઉસે પર્યાયમેં આત્મા ભાસતા હૈ. આહાહા..! કહીં ફિર દષ્ટિ થંભતી નહીં, કહતે હૈં. આહાહા..! અસંખ્ય (તિર્યંચ) બાહર પડે હૈં. અસંખ્યિ સમકિતી તિર્યંચ બાહર પડે હૈં. શરીર ભલે તિર્યંચ હો, વસ્તુ કહાં તિર્યંચ હૈ. આહા..! ઔર ઉસકા સમકિત તો જૈસા સિદ્ધકા સમકિત ઐસા સમકિત હૈ. સમ્યગ્દર્શનમેં.. ક્યા કહા?

મુમુક્ષુ :- તો મનુષ્યકો ક્યોં નહીં હોતા?

ઉત્તર :- કરતા નહીં હૈ, ક્યા કરેં? રસ હૈ પુત્રમેં ઔર પૈસેમેં. ખેતમેં ફસલ પકે તીસ-ચાલીસ લાખકી તો રાજી-રાજી હો જાય. દરબાર! યે તો દષ્ટાંત. હમારે કૃષિ પંડિતકો તો કિતને લાખ પૈદા હોતે હૈં. કિતને હી લાખોં! ઉસમેં ધૂલમેં ક્યા હૈ? પરંતુ ઉસ ઓરકે રસમેં અપની પર્યાયમેં અપના રસ આતા નહીં. આહાહા..! વહ તો પહલે કહા કિ પરમેં રુચિ ન જમે તો તેરી રુચિ અંદરમેં પલટ દે. પરંતુ રુચિ વહીં અટક જાય તો કહાંસે પલટે? આહાહા..! પૈસા, સ્ત્રી, કુટુંબ, ધૂલ.. આહાહા..!

મુમુક્ષુ :- તીનમેંસે એકકો તો રખે તો કોઈ તકલીફ હૈ?

ઉત્તર :- કિસે છોડે? કિસે છોડે? તીન યાની?

મુમુક્ષુ :- સ્ત્રી, પુત્ર..

ઉત્તર :- અર્થાત્ અકેલા સુમનકે સાથ પ્રેમ રખે તો સ્ત્રી છૂટ જાય, ઉસકા કુછ નહીં.

યહાં તો કહતે હૈં, બાપૂ! અરે..! પરકા પ્રેમ તો નહીં, પરંતુ દયા, દાન, વ્રતકા વિકલ્પ ઉઠે ઉસકા ભી પ્રેમ નહીં. આહાહા..! અરે..! પ્રભુ!

પ્રભુ મેરે તૂ સબ બાતે પૂરા, પ્રભુ મેરે તૂ સબ બાતે પૂરા,
પરકી આશ કહાં કરે પ્રીતમ, પરકી આશ કહાં કરે વ્હાલા,

કઈ વાતે તૂ અધૂરા?

આહાહા..! નૌતમભાઈ! ઐસી બાતેં હૈં, બાપૂ! યહાં તો. આહાહા..! પૈસા-બૈસા ધૂલ...

મુમુક્ષુ :- ધૂલ ન હો તો..

ઉત્તર :- ધૂલકે સેઠ કહલાયે. આહાહા..! ધૂલકા સેઠ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યે તો વસ્તુકે આગે હૈ, બાપૂ! દરબાર! ઐસી વસ્તુ હૈ, ભાઈ! ઉસને સુની નહીં. ઉસે ખ્યાલમેં આતી નહીં. પરકી મહત્તાકે આગે સ્વ ચીજ મહાપ્રભુ અંદર હૈ, જિસકે આગે અનુભૂતિકી પર્યાયકી ભી કિમત નહીં હૈ. આહાહા..! ઐસી અમૂલ ચીજ અંદર પડી હૈ, પ્રભુ! જિસકે આગે અનુભૂતિકી પર્યાયકી ભી કિમત હૈ, યે તો કોઈ અકિમતી ચીજ હૈ. આહાહા..! લક્ષ્મીચંદભાઈ! ઐસા હૈ, પ્રભુ! યહાંસે છોડકર વહાં ગયે ઔર ક્રોડ રૂપયા હો ગયા તો સુખી હો ગયે ઐસા હૈ? દુઃખી હૈ. આહાહા..!

અરે..! પ્રભુ! તૂ કિસ બાતસે અધૂરા હૈ? કિસ ભાવસે તૂ અધૂરા હૈ? કિ પરકી આશા રખકર મૈં દયા પાલું, મૈં વ્રત કરું તો મુજે લાભ હોગા. આહાહા..! પ્રભુ! તૂને તેરે સ્વભાવકા તો ખૂન કર દિયા. આહાહા..! રસકસવાલા પ્રભુ તુઝે દિખનેમેં આયા નહીં. ઉસકા અસ્તિત્વ.. કહા ન પહલે? જીવ વિદ્યમાન હૈ ન. ધ્રુવ હૈ ન પરમાત્મા અંદર. આહા..!

'તારી નયનને આળસે રે, મૈં નીરખ્યા ન નયણે હરિ.' રજ ઔર રાગ બિનાકા હરિ ભગવાન. નયન-લોચન, પર્યાયકે લોચનમેં પરકે પ્રેમમેં લોચન અટક ગયે. આહાહા..! અપની ચીજમેં પર્યાયકા લોચન ઢલા નહીં, દેખા નહીં. અંતરકી ચક્ષુ અંતરમેં ગયી નહીં. આહાહા..! સમજમેં આયા? થોડા કઠિન હૈ, લેકિન વસ્તુસ્થિતિ યહ હૈ. આહાહા..!

**'ઐસા જ્ઞાન જાનતા હૈ,...'** અનુભૂતિ હુયી ઐસા જ્ઞાન જાનતા હૈ. સમ્યગ્દર્શન હુઆ, ઐસા જ્ઞાન જાનતા હૈ. સ્વરૂપકા આશ્રય કરકે ચારિત્ર હુઆ ઉસકો જ્ઞાન જાનતા હૈ. **'પરંતુ દૃષ્ટિ તો શાશ્વત સ્તંભ...'** આહાહા..! શાશ્વત સ્તંભ પડા હૈ ઐસે ધ્રુવ પ્રવાહ. પાનીકી બાઢ જૈસે એકરૂપ ચલતી હૈ, ઐસે યહ ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. પ્રવાહ (ચલતા હૈ). અનાદિઅનંત ધ્રુવ ધ્રુવ પ્રવાહરૂપ ભગવાન રહતા હૈ. આહાહા..! ઐસે ભગવાનકી-ધ્રુવકી દૃષ્ટિ છોડકર, પ્રભુ! તૂને પર્યાયકી ઔર રાગકી રુચિ કી. આહાહા..! તો તુઝે સંસારમેં રખડના પડા. નરક ઔર નિગોદકે ભવ.. બાપૂ! આહાહા..! કઠિન બાત હૈ, પ્રભુ! બાહરમેં લોગ, એકદૂસરેકો મદદ કરે તો તુમકો લાભ હોગા. અકેલી શાંતિ નહીં, સબકો ઇકઠ્ઠા કરો. કિસકો કરે? પ્રભુ!

પર્યાય ઔર દ્રવ્ય જહાં એકત્વ નહીં હોતે, એકરૂપ નહીં હોતે... આહા..! પર્યાયકી જિતની સ્થિતિ હૈ, ઉતની દ્રવ્યકી સ્થિતિ નહીં હૈ. દ્રવ્યકી સ્થિતિ તો અદ્ભુત અનંત ચમત્કાર પરમેશ્વર ભગવાન આત્મા, પરમેશ્વરકે રસકસવાલી ચીજ પર દૃષ્ટિ પડી ઔર જહાં અનુભૂતિ હુયી તો અનુભૂતિકા જ્ઞાન કરે, પરંતુ દૃષ્ટિ અનુભૂતિ પર ન રહે. આહાહા..! ફિર ભી વ્યવહાર બીચમેં આયે. પર્યાય પર દૃષ્ટિ ન રહે તો વ્યવહાર આયે ઉસ પર દૃષ્ટિ નહીં (રહતી). આહાહા..! એક ઓર સમ્યગ્દૃષ્ટિ ઇન્દ્ર બાવન જિનાલય હૈં, બાહર સાતવેં દ્વીપમેં. નંદીશ્વર દ્વીપ. વહાં બાવન જિનાલય હૈં. એક-એક જિનાલયમેં ૧૦૮ રત્નકી પ્રતિમાએં (હૈં). ઇન્દ્ર સમકિતી એકાવતારી જાતે હૈં. એકભવતારી! ઘુંઘરુ બાંધકર ભગવાનકી ભક્તિ કરે. પરંતુ ઉસકી દૃષ્ટિ વહાં ઘુંઘરુ પર, રાગ પર ઔર પર્યાય પર નહીં હૈ. આહાહા..! લોગ બાહરસે દેખે તો.. આહા..! ભગવાનકી ભક્તિમેં કિતને લીન હો ગયે હૈં! પરંતુ ઉસ ભાવ પર દૃષ્ટિ નહીં હૈ. ઉસ ભાવકો જાનનેવાલી પર્યાય પર દૃષ્ટિ નહીં હૈ. આહાહા..! અંતર્મુખ ભગવાન જહાં રસકસસે ભરા હૈ વહાંસે દૃષ્ટિ હટતી નહીં. ખસતી નહીં.. હટતી નહીં (કહતે હૈં)? હટતી નહીં.

**'દૃષ્ટિ તો શાશ્વત સ્તંભ...'** ધ્રુવ સ્તંભ. ધ્રુવ ધામ. વહાં દૃષ્ટિ પડી હૈ. વહ દૃષ્ટિ કહીં પર ઉપર જાતી નહીં. આહાહા..! તિર્યંચ સમકિતી હો. બાઘ ઔર સિંહ. વહ સમકિતી હો તો ઉસકી દૃષ્ટિ દ્રવ્ય પરસે હટતી નહીં. આહાહા..! ઔર વહ બાઘ, સિંહકો માંસકા ભોજન નહીં હોતા. જબ આત્મજ્ઞાન હુઆ, ઉસકે બાદ ભોજનમેં વનસ્પતિ કમલકા ... હોતા હૈ વહ ભોજન (હોતા હૈ). ફિર ભી વહ ભોજન ઔર ભોજનકા રાગ ઔર રાગકો જાનનેવાલી પર્યાય પર ઉસકી દૃષ્ટિ નહીં હૈ. આહાહા..! કેસરી સિંહ. બાઘ, લાખો બાઘ. ઔર અંતરમેં આત્માકા અનુભવ હુઆ. આહાહા..! (ઐસે) અસંખ્ય તિર્યંચ બાહર પડે હૈં. આહાહા..! પરંતુ દૃષ્ટિકા વિષય જો ભગવાન હૈ, ઉસ પરસે દૃષ્ટિ હટતી નહીં. સિંહ ઔર બાઘ.. આહાહા..! આત્મા કહાં સિંહ ઔર બાઘ હૈ. આત્મા કહાં પર્યાય જિતના હૈ. પર જિતના તો નહીં, રાગમેં તો નહીં, પર્યાય જિતના ભી કહાં હૈ વહ. આહાહા..! ઐસે ભગવાનકા અંતરમેં સમ્યગ્દર્શનમેં અનુભવ હુઆ.. આહાહા..! સમ્યગ્દર્શન ધર્મકી પહલી સીઢી, ઉસમેં પરમાત્મા અંદર પૂર્ણ સ્વરૂપ ભગવાન (ઉસકા અનુભવ હુઆ). આહાહા..! ભગવાનકી ભક્તિમેં રાગ આતા હૈ, પરંતુ દૃષ્ટિ વહાં નહીં હૈ. આહાહા..! અનુભૂતિ પર દૃષ્ટિ નહીં હૈ તો ફિર રાગ પર દૃષ્ટિ કહાં રહી? સૂક્ષ્મ હૈ, ભગવાન! આહાહા..!

યહ માર્ગ સર્વજ્ઞ વીતરાગ પરમાત્માકે અલાવા કહીં નહીં હૈ. વાસ્તવમેં તો દુઃખ

લગે, પ્રભુ! ક્યા કહેં? શ્વેતાંબર સ્થાનકવાસીમેં, શ્વેતાંબરમેં ભી યહ બાત હૈ નહીં. દિગંબરમેં હૈ તો પરંતુ ઉસકી સમજમેં નહીં હૈ. આહાહા..! શાસ્ત્રમેં સબ બાત પડી હૈ. શાસ્ત્રમેં પડા હો ઉસકા જાનનેવાલા ન હો તો શાસ્ત્ર ક્યા કરે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કૌન-સી ક્રિયા કરે? રાગ કરે. શાસ્ત્રકે પન્નોંકો જય ભગવાન, જય ભગવાન (કરે).

મુમુક્ષુ :- દિગંબરોંમેં જાનનેવાલે...

ઉત્તર :- હમ શ્વેતાંબર હૈ હી નહીં. વસ્તુસ્થિતિ ઐસી હૈ, ભાઈ! વહ કહા ન? હમારે ભાઈકો જબ કહા, બડે ભાઈકો કહા. દીક્ષા તો ૬૬ સાલ પહલે ૧૮૦૦ રૂપયા (કા ખર્ચ કિયા). ૬૬ સાલ પહલે ૧૮૦૦. હાથીકે હોદ્દે પર બડી દીક્ષા (થી). બાહર હાથી નિકલે. ગાંવમેં ફિરે ન. કોર્ટકે વકીલ, ન્યાયધીશ સબ બાહર દેખને આયે. વહાં બડા ઉતારા હૈ. આહાહા..! રાજકુમાર જૈસા દીક્ષા લેતા હૈ?

મુમુક્ષુ :- ધોતી ફટી થી ન.

ઉત્તર :- વહ તો હાથી પર બૈઠને ગયે (તબ). ધોતી તો પહલે ... ધોતી પહલે ઊંચી આતી થી. સાઢે તીન રૂપયેકા જોટા. સાઢે તીનકા જોટા. ઊંચી ચીજ. કપડે તો હમ ઐસે પહનતે થે. ટોપી જરીકી પહનતે થે. પૈરમેં સુતરકા જૂતા. ચમડેકા નહીં. કપડેકા આતા હૈ ન? વહ પહનતે થે. ભગત થે ન! વસ્તુકી કોઈ ખબર નહીં થી. આહાહા..!

ઉસ વક્ત ભાઈકો કહા, ભાઈ! મુજે અંતરમેં દૂસરા માર્ગ લગતા હૈ. યે સાધુપના, મુહપત્તિકા સાધુપના વહ સાધુપના નહીં હૈ. ભાઈકા પ્રેમ થા ન. બહુત-બહુત સરલ થે. સરલ થે. આખિરમેં તો દુકાન છોડ દી થી. દો લોગ થે, આજીવિકાકે પૈસે થે. ઈસલિયે દુકાન ચલતી થી, વહ છોડ દી. ફિર યહીં રહતે થે. એકદમ વ્યાધિ હો ગયી. ચલ બસે. યહાંસે ભાવનગર દવાખાનેમેં લે ગયે થે. ભાવનગર હોસ્પિટલમેં ચલ બસે. આહાહા..! ભાઈ! મૈં તો યહાં નહીં રહ સકુંગા. મહારાજ! આપકી કીર્તિ સ્થાનકવાસીમેં બડી હૈ ઔર આપ એકદમ છોડોગે તો ખલબલી મચ જાયગી. ધીરે-ધીરે છોડના. ધીરે-ધીરે. ૧૯૮૭મેં કહા, સંવત ૧૯૮૭. ચાર સાલ. યહાં મકાન હૈ- સ્ટાર ઑફ ઈન્ડિયા. હિન્દુસ્તાનકા ચમકતા તારા. બાહર મકાન હૈ. વહાં ઠહરે થે ઔર વહાં છોડી. સવા તીન સાલ વહાં રહે. બાહરમેં એક મકાન હૈ. ઉસકા સ્ટાર ઑફ ઈન્ડિયા. હિન્દુસ્તાનકા ચમકતા તારા. ૧૦૦ સાલ પુરાના હૈ, ૧૦૦ સાલ પુરાના. યહાં તો હમેં સાઢે ૪૪ સાલ હુએ. એક ગૃહસ્થકા મકાન થા.

મુમુક્ષુ :- ..

વધારે તો શું ... આવે છે? કે ચૈતન્ય સત્તા વીતરાગ સત્તાથી ભરેલી એની અંતર વીતરાગ પરિણતિ પ્રગટી. આહાહા..! એનું ફળ વીતરાગતા એટલે સિદ્ધપદ ન થાય તો એ ગતિનો નાશ થઈ જાય, એના કારણનો નાશ થઈ જાય, એના કારણનો દ્રવ્યનો નાશ થઈ જાય. આહાહા..! ભાષા બહુ ટૂંકી છે. ભાષામાં ચૈતન્ય મોક્ષમાર્ગના પરિણામનું અસ્તિત્વ સિદ્ધ કરવું છે અને મોક્ષમાર્ગના પરિણામનું ફળ મોક્ષ થાય એ સિદ્ધ કરવું છે. વાત સમજાય છે કાંઈ?

મોક્ષનો માર્ગ જે આત્મા અંદર... આહાહા..! નિશ્ચયથી તો મોક્ષનો માર્ગ એ પણ પર્યાય વ્યવહાર છે. અને ત્રિકાળી સત્ પ્રભુ છે તે નિશ્ચય છે. હવે એ નિશ્ચયને અવલંબે જે દશા પ્રગટી છે એ દશાનું ફળ જે વીતરાગભાવ-પરિણતી વીતરાગ, એનું પૂર્ણ ફળ વીતરાગ. આહાહા..! સમજાય છે કાંઈ? ચૈતન્યને સિદ્ધ કરે છે અને ચૈતન્યની પરિણતિને સિદ્ધ કરે છે. બેય પરિણતિના ફળને સિદ્ધ કરે છે. ત્રણ (વાત) સિદ્ધ કરે છે. આહાહા..!

ભગવાન આત્મા ચૈતન્ય વીતરાગમૂર્તિ 'જિન સો હી હૈ આત્મા અન્ય સો હી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિનવચનકા મર્મ. જિન પ્રવચનકા મર્મ.' જિન સો હી આત્મા. એ આત્મા વીતરાગસ્વરૂપ છે. એની વીતરાગ પરિણતિ જ્યાં એને આશ્રયે

પ્રગટી .. છે અને મુક્તિ છે. ત્રણમાંથી એક ન હોય, આ પરિણતિનું ફળ મૂક્તિ ન હોય તો પરિણતિ વીતરાગ દશાનો અભાવ થાય છે. અને વીતરાગ દશા જેને આશ્રયે પ્રગટી છે તે દ્રવ્યનો નાશ થઈ જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? બહુ ઝીણી વાત. વીતરાગપણું સિદ્ધ કર્યું છે. ત્રણેય.

પ્રભુ વીતરાગમૂર્તિ છે. વીતરાગ સ્વભાવથી ભરેલો પડ્યો છે. એની ભરતીને પર્યાયમાં લાવ્યા, પરિણમનની ભરતીને પર્યાયમાં લાવ્યા, એ પર્યાયનું ફળ સિદ્ધગતિ ન થાય તો દ્રવ્યનો નાશ થાય. એ ફળ ન હોય, એના કારણનો નાશ થાય અને કારણ દ્રવ્યને આશ્રયે (પ્રગટ્યું) તે દ્રવ્યનો નાશ થઈ જાય. ચૌદ બ્રહ્માંડનો નાશ થઈ જાય. ચૌદ બ્રહ્માંડ રહે નહિ. આહાહા..!

વીતરાગભાવ એની પ્રતીતિના જોરમાં એમ પોકાર કરે છે પ્રતીતિ, મારું ફળ સિદ્ધ થયે છૂટકો. સિદ્ધ જ થઈશ હું. આહાહા..! એ જો સિદ્ધપણું ન થાય (તો) ચૌદ બ્રહ્માંડને... આહાહા..! શૂન્ય થવું પડે. એનો અર્થ સમજાય છે? છે એને નથી જો થાય, છે એનું ફળ નથી આવે તો બધું નથી થઈ જાય. દ્રવ્ય પણ નથી થઈ જાય, ગુણ પણ નથી થઈ જાય, પર્યાય નથી થઈ જાય. આહાહા..! સાંભળવું મળવું મુશ્કેલ છે. છે? આહાહા..!

મારો નાથ વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાન, એને મેં કબુલ્યો, મેં માન્યો અને અનુભવમાં આવ્યો અને એનું ફળ પર્યાયમાં પૂર્ણ ન આવે તો એ ત્રણેનો નાશ થઈ જાય. એમ ત્રણ કાળમાં બને નહિ. ત્રણેનો નાશ થાય એ ત્રણ કાળમાં બને નહિ. આહાહા..! કહો, ચંદુભાઈ! ઝીણી વાત છે, ભગવાન! ભાઈનો તો એવો પ્રશ્ન હતો કે ... એ વાત એક કોર રાખો. એ કાંઈ વસ્તુમાં છે નહિ. વસ્તુ છે એ તો જ્ઞાયકભાવ છે. અને જ્ઞાયકભાવ છે કહો કે વીતરાગભાવ કહો. વીતરાગભાવ કહો કે અકષાય સ્વભાવ શાંતરસનો પિંડ કહો. એની જ્યાં દૃષ્ટિ થઈ અને એની પર્યાયમાં પ્રતીતિ, આ છે એવું નહોતું, ઈ છે એવું થયું, થયું એનું પૂર્ણ ફળ જો ન આવે તો ત્રણેનો નાશ થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો ચૈતન્યની ભાવનાની વાત કરી. વળી ચૌદ બ્રહ્માંડ ભેગા કેમ લઈ લીધા? કે જેમ એ વીતરાગ પરિણામ એનું ફળ સિદ્ધગતિ છે. છે ગતિ, અનાદિ ગતિ છે. એ થયા છે, થાય છે, થશે. એ ગતિ છે. એ ગતિના કારણનો નાશ થતાં કાર્યનો નાશ થતાં બીજા ચાર ગતિના કારણનો પણ નાશ થતાં ચાર ગતિના કાર્યનો નાશ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અલૌકિક વાતું છે ભઈ અહીં તો. આહાહા..! શુભરાગની તો અહીં ગંધેય નથી, કહે છે. આહાહા..! એકલો પરમાત્મા છે કે નહિ?

છે એવી પ્રતીતિ અને અનુભવ આવ્યો તો એનું ફળ પૂર્ણ આવે કે નહિ? પૂર્ણ ન આવે તો એ તત્ત્વનો જ અભાવ થઈ જાય. પૂર્ણ ન આવે તો એ તત્ત્વનો અભાવ થતાં. એ તત્ત્વનો અભાવ થતાં મલિન પરિણામનું ફળ જે ચાર ગતિ એનો પણ નાશ થઈ જાય. વીતરાગભાવ આવો તો એનું ફળ ન આવે તો મલિન પરિણામનું ફળ પણ ક્યાંથી આવે? કહે છે. આહાહા..!

**'ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, આહાહા..! અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય.'** એટલે? નિર્મળ પરિણામ થયા અને પરમાત્મપદ પ્રાપ્ત ન થાય તો તો એ દ્રવ્યનો નાશ થઈ જાય. દ્રવ્ય રહે નહિ. દ્રવ્ય જે વસ્તુ ભગવાન આત્મા પૂર્ણાનંદના નાથને સ્વીકારીને પૂર્ણાનંદની પર્યાયરૂપી સિદ્ધપદ જો ન થાય તો એ દ્રવ્યનો નાશ થઈ જાય. આહાહા..! કેમ કે એ પૂર્ણ પર્યાય જે સિદ્ધની, એ આખા દ્રવ્યનો એક અંશ છે. એ અંશના અસ્તિત્વના નકારમાં આખા અસ્તિત્વનો નકાર થઈ જશે. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આ તો ભગવાનની રમતું છે. આહાહા..! અંદર ભગવાન આત્મા દેહમાં તો... દેહ તો ક્યાંય રહી ગયો. હિંસા, જૂઠ, ચોરીના પરિણામ તો ક્યાંય રહી ગયા. આહાહા..! આજ વાંચ્યું ઓલામાં વિદ્યાસાગર..

શ્રદ્ધા પરિપૂર્ણને સ્વીકાર કરે છે અને પરિપૂર્ણની પર્યાય જે પ્રગટી એનું પરિપૂર્ણપણું પ્રગટે એ પર્યાયનો સ્વભાવ જ છે એવો. શ્રદ્ધાગુણ પરિપૂર્ણને સ્વીકારે છે. શ્રદ્ધા. શ્રદ્ધાગુણ ગુણ એટલે પર્યાય. એ શ્રદ્ધાગુણ શ્રદ્ધાની પર્યાયને પણ સ્વીકારતી નથી. સમકિતનો વિષય સમકિત નથી. આહાહા..! એ સમ્યગ્દર્શનનો વિષય ત્રણ લોકનો નાથ અંદર પૂર્ણાનંદનો નાથ બિરાજે છે. અનંતા દ્રવ્યો છે તેનું પણ તેને જ્ઞાન છે. અને તે જ્ઞાનમાં આનંદ પણ છે. એવા અનંતા જ્ઞાન અને અનંતા આનંદનો સાગર ભગવાન, એની જે હયાતીનો સ્વીકાર, એની હયાતીના સ્વીકારમાં પૂર્ણ ફળની હયાતીનો સ્વીકાર છે. પૂર્ણ ફળ થશે જ. ન થાય (તો) ચૌદ બ્રહ્માંડને નાશ થવું પડે. તો કોઈ દિ' અસ્તિ નાશ થાય નહિ અને ફળ આવ્યા વિના રહે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- આજે ફરીથી જામી.

ઉત્તર :- આહાહા..! બહેનના શબ્દોમાં ગંભીરતા છે.

આવું જે અસ્તિત્વ-સત્તા, એ સત્તાના સ્વીકારની દશામાં, એ દશાના ફળમાં પૂર્ણ સત્તાની પર્યાય પ્રગટ ન થાય તો એ દ્રવ્યની પર્યાયનો નાશ, ગુણનો નાશ અને દ્રવ્યનો ત્રણેનો નાશ થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ? દ્રવ્યનો પણ નાશ થઈ

જાય. એમ આવ્યું ને?

**'પરંતુ એમ બને જ નહિ.'** હવે નકાર આવ્યો. આહાહા..! ભગવાન આત્મા પૂર્ણાનંદના નાથનો જ્યાં સ્વીકાર થયો (એટલે) સિદ્ધપદ થયે છૂટકો. સિદ્ધપદ થયે છૂટકો. અપ્રતિહતભાવ વર્ણવે છે. ૩૮ ગાથામાં આવ્યું છે ને. ૩૮. શ્રોતા અપ્રતિબુદ્ધ છે. છતાં શ્રોતાએ જ્યાં સાંભળ્યું, પંચમ આરાના શ્રોતા પંચમ આરાના સંત અથવા ધર્માત્મા એને કથન કરનારા... આહાહા..! એ આરાની હલકાઈને જોતા નથી. પંચમ આરાની હલકાઈને જોતા નથી. આહાહા..! એ તો કહે છે, દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થયે છૂટકો. અને તે પણ અમારું દર્શન પ્રગટ થાય એ પડે નહિ. ભગવાનને પૂછયા વિના અમે તને કહીએ છીએ મારો આત્મા કબુલ કરે છે. આહાહા..! અમે જે ભાવે ઉપડ્યા છીએ તે ભાવે પૂર્ણ થયે છૂટકો છે. પૂર્ણ ન થાય (તો) ચૌદ બ્રહ્માંડને નકાર થવો પડે. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, બાપુ!

આ તો અંતર ઘરની વાતું છે. બહારના થોથા કર્યા અનંત વાર. દયા, દાન, વ્રત ને ભક્તિ ને પૂજા ને કરોડો રૂપિયાના દાન. અહીંયાં રતિભાઈ કહેતો હતો. કો'ક કહેતું હતું. વલણનો વિકલ્પ પણ ધર્મ નથી. મંદિર તો ધર્મ નથી પણ એના તરફના વલણનો ભાવ શુભ તે પણ ધર્મ નથી. આહાહા..! જેમાં ભગવાન પોતે નિજ સત્તા વીતરાગથી ભરેલી, એનો આશ્રય ન આવે, એને પડખે ન ચડે, પર્યાયને પડખેથી ન ખસે એની મુક્તિ ત્રણ કાળમાં હોઈ શકે નહિ. અને જે પર્યાયના પડખેથી છૂટ્યો અને દ્રવ્યને પડખે આવ્યો તો બાદશાહને પડખે આવ્યો. એને સિદ્ધ થયા વિના છૂટકો નથી. આહાહા..!

**'ચૈતન્યના પરિણામની સાથે...'** શું કહે છે? કે ચૈતન્યના જે નિર્મળ પરિણામ, ચૈતન્ય સ્વરૂપ ભગવાન, એના ચૈતન્ય નિર્મળ પરિણામ એનો સ્વીકાર. આહાહા..! એની **'સાથે કુદરત બંધાયેલી છે.-'** એટલે કે એ સ્વભાવ પ્રગટ થાય તેને પરમાત્મપણું થાય એમ બંધાયેલી છે. દ્રવ્યનો સ્વભાવ એવો છે. કુદરત એટલે દ્રવ્ય સ્વભાવ. આહાહા..! જ્યાં ભગવાન આત્મા પોતાની ચૈતન્યસત્તાનો જ્યાં સ્વીકાર આવ્યો, એની (સાથે) કુદરત બંધાયેલી (છે) એટલે એ સ્વભાવ પૂર્ણ થાય જ. એ સ્વભાવ પૂર્ણ થાય જ એવો દ્રવ્યનો સ્વભાવ છે. એ કુદરત એની સાથે બંધાયેલી છે એટલે કે દ્રવ્યનો સ્વભાવ એવો છે. આહાહા..! છે? કુદરત બંધાયેલી છે.

**'એવો જ વસ્તુનો સ્વભાવ છે.'** જોયું! એ વસ્તુનો સ્વભાવ છે એવો. આહાહા..! કુદરત બંધાયેલી છે એટલે? પૂર્ણાનંદના નાથનું અવલંબન લઈને જે પરિણામ પ્રગટ્યા તેનું સિદ્ધપદ થયે જ છૂટકો. એ સિદ્ધપદ જ આવે. આહાહા..! એવો જ વસ્તુનો

સ્વભાવ છે. વસ્તુનો એવો સ્વભાવ છે. વસ્તુ એવી છે. આહાહા..! દ્રવ્ય અને ગુણનો જ્યાં આશ્રય લીધો, એના પરિણામ પૂર્ણતા થાય એ દ્રવ્યનો સ્વભાવ છે. આહાહા..! ભાષા તો સાદી છે. રમેશભાઈ! ભાવ તો છે ઈ છે. આહાહા..!

ત્રણ લોકના નાથનો વિરહ પડ્યો, પણ ત્રણ લોકનો નાથ અહીં છે તેનો વિરહ નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા અને એ તો પોતે પોતાનો અપ્રતિહતભાવ થઈને આવ્યા. ... કહે છે, અપ્રતિહતભાવ અમને પ્રગટ્યો છે. અમને પ્રગટેલો ભાવ એ પડે એવો છે નહિ. આહાહા..! ... ભાઈ! આહાહા..! સાંભળવું મુશ્કેલ છે, મળવું મુશ્કેલ છે. એની હયાતી... આમાં જોર હયાતીનું છે. .. હયાતી પૂર્ણ છે તેનો જ્યાં સ્વીકાર થયો, એની પૂર્ણની પર્યાય પ્રગટ્યા વિના ત્રણ કાળમાં રહે નહિ. એ હયાતીનો સ્વીકાર છે. દ્રવ્યની હયાતી, ગુણની હયાતી અને પર્યાયની હયાતી. આહાહા..!

**'એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.'** આ વાત અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. કેમ કે સત્તા જે છે એ સત્તાનો જ્યાં અનુભવ થયો તેને પૂર્ણતા થાય જ. એવું અનંતા તીર્થંકરોએ કહેલું છે. અનંતા તીર્થંકરોએ કહેલું એ પાછું પડે અને ભટકે એમ અનંતા તીર્થંકરોએ કહેલું નથી. આહાહા..! ત્રણ કાળના તીર્થંકર લીધા છે. એવા અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**રવિવાર, જેઠ સુદ-૧૧, તા. ૨૫-૫-૧૯૮૦**
**બોલ-૨૦૪, ૨૦૮. પ્રવચન-૨૩**

**આત્મા તો અનંત શક્તિયોંકા પિંડ હૈ. આત્મામેં દૃષ્ટિ સ્થાપિત કરને પર અંતરસે હી બહુત વિભૂતિ પ્રગટ હોતી હૈ. ઉપયોગકો સૂક્ષ્મ કરકે અંતરમેં જાનેસે બહુત-સી સ્વભાવભૂત ઋદ્ધિ-સિદ્ધિયાં પ્રગટ હોતી હૈં. અંતરમેં તો આનંદકા સાગર હૈ. જ્ઞાનસાગર, સુખસાગર-યહ સબ ભીતર આત્મામેં હી હૈં. જૈસે સાગરમેં ચાહે જિતની લહરેં ઉઠતી રહેં તથાપિ ઉસમેં ન્યૂનતા-અધિકતા નહીં હોતી, ઉસી પ્રકાર અનંત-અનંત કાલ તક કેવલજ્ઞાન બહતા રહે તબ ભી દ્રવ્ય તો જ્યોંકા ત્યોં હી રહતા હૈ. ૨૦૪.**

બહિનશ્રીકે વચનામૃત. બહિનકે નીચે ૬૪ બાલ બ્રહ્મચારી લડકિયાં હૈં. ૬૪. રાત્રિકો થોડા પ્રવચન કરતે થે. ઉસમેંસે લિખ લિયા થોડા. નૌ બહનોંને લિખ લિયા. વહ બાહર આ ગયા. નહીં તો બહુત બોલતે નહીં હૈ, શાંત. આત્માકા આનંદકા અનુભવ. અંતર આનંદકા અનુભવમેં રહતે હૈં. ઉન્હોંને થોડા બોલા હોગા, ઉસે લિખા તો પુસ્તક બાહર આ ગયા. અબ તક તો કરીબ ૭૦-૭૫૦૦૦ પુસ્તક બાહર આ ગયે હૈં. આફ્રિકામેં તીન હજાર પુસ્તક ગયે હૈં. અડવાનીજીકો દિયા ન. પુસ્તક દિયા હૈ. તો ઉસકો પઢનેકી રીત માલૂમ પડે. ૨૦૪. ક્યા કહતે હૈં?

યહ '**આત્મા તો અનંત શક્તિયોંકા પિંડ હૈ.**' શરીર, વાણી, મન યે સબ તો જડ હૈ. વહ તો આત્મામેં હૈ નહીં ઔર ઉસમેં આત્મા હૈ નહીં. આત્મામેં શરીર, વાણી હૈ નહીં ઔર શરીર, વાણીમેં આત્મા હૈ નહીં. વહાંસે આગે જાકર પુણ્ય-પાપમેં ભી આત્મા હૈ નહીં. શુભ-અશુભ ભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, ધંધા આદિકા ભાવ પાપ હૈ. પાપ ઔર પુણ્યમેં આત્મા નહીં હૈ ઔર આત્મામેં પુણ્ય એવં પાપ નહીં હૈ. આહા..! જિસકો અપના હિત કરના હૈ, ચૌરાસી લાખ (યોનિમેં) રૂલતા હૈ. અનંત અવતાર (કિયે). આત્મા તો.. કહા ન?

'**આત્મા તો અનંત શક્તિયોંકા પિંડ હૈ.**' અનંત શક્તિ હૈ ઉસમેં. આહાહા..! જ્ઞાનશક્તિ, આનંદશક્તિ, સ્વચ્છતા શક્તિ, પ્રભુત્વ શક્તિ ઐસી અનંત શક્તિયાં આત્મામેં હૈ. પરંતુ કભી ઉસ ઓર નજર ઔર ઉસ ઓર કભી સાવધાની કી નહીં. ઉસકો છોડકર યે બાહ્યકી પ્રવૃત્તિ-પુણ્યકી અથવા પાપકી, આપકે ડૉક્ટરકી યા વકાલતકી. રામજીભાઈકો વકાલત થી. અભી ૯૭ વર્ષ હુએ. લેકિન વહ સબ કુજ્ઞાન. વહ આત્માકો

હિતકારી નહીં હૈ. આત્મા ક્યા ચીજ હૈ, ઉસકી પીછાન બિના ઉસમેં લીન હો સકે નહીં.

યહાં કહતે હૈં કિ '**આત્મા...**' પહલે આત્મા લિયા હૈ. '**અનંત શક્તિયોંકા પિંડ હૈ.**' આહાહા..! શરીર, વાણી, મન જડ, વહ તો મિટ્ટી-ધૂલ હૈ, વાણી ધૂલ હૈ. અંદર એક મન હૈ. વિચાર કરનેમેં મન નિમિત્ત, વહ ભી જડ હૈ. ઔર પુણ્ય-પાપકા ભાવ હોતા હૈ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, ધંધા આદિકા વિકલ્પ, વહ સબ વિકાર હૈ, જડ હૈ. ઉસમેં ચૈતન્ય સ્વરૂપ ભગવાન, ઉસકા ઉસમેં અભાવ હૈ. તો હૈ ક્યા? પુણ્ય-પાપ, શરીર આદિકા ઉસમેં અભાવ હૈ તો ઉસમેં ભાવ ક્યા હૈ? કિ ઉસમેં અનંત શક્તિકા પિંડ હૈ. આહાહા..! વહ તો જ્ઞાનસ્વરૂપ પ્રભુ, આનંદસ્વરૂપ, સ્વચ્છસ્વરૂપ, પ્રભુત્વસ્વરૂપ, અકર્તાસ્વરૂપ, અભોક્તાસ્વરૂપ રાગાદિ ઔર પરકા, ઐસી અનંત શક્તિયાં આત્મામેં હૈં. આહાહા..! ૪૭ તો હૈ ન. સમયસારમેં ૪૭ શક્તિકે નામ (હૈં). જીવતર શક્તિ, ચિતિ, દર્શિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ ઐસે ૪૭ નામ તો હૈં.

મુમુક્ષુ :- આપ સાત બોલે, ૪૭ નહીં બોલે.

ઉત્તર :- ૪૭ બોલૂંગા તો આપ લોગોંકો યાદ નહીં રહેગા. મૈં તો બોલૂંગા. જીવતર, ચિતિ, દર્શિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિત્વ, સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ, પ્રકાશ, અસંકોચવિકાસ, અકાર્યકારણ, પરિણમ્યપરિણામકત્વ, ત્યાગોપાદાનશૂન્યત્વ, અગુરુલઘુ, ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ, અમૂર્ત, અકર્તૃત્વ, અભોક્તૃત્વ, નિષ્ક્રિયત્વ, નિજ પ્રદેશત્વ, સાધારણ, અનંતધર્મ, વિરુદ્ધધર્મત્વ, તત્, અતત્, એક, અનેક, ભાવ, અભાવ, ભાવઅભાવ, અભાવભાવ, ભાવભાવ, અભાવઅભાવ ઐસી.. ભાવ, ક્રિયા, કર્મ, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, સ્વસ્વામીસંબંધ શક્તિ. લો! યે ૪૭ હો ગયી. ડૉક્ટર જાંચ કરતે હૈં.

૪૭ શક્તિયાં અંદર હૈ. શક્તિ નામ ઉસકા ગુણ. જૈસે શક્કરમેં મીઠાસ હૈ ઔર સફેદપના હૈ. વૈસે અનંત શક્તિયાં હૈં. શક્કરમેં ભી અનંત શક્તિ જડકી હૈ. ચૈતન્યમેં ભી અનંત શક્તિયાં ચૈતન્યકી હૈ. જિસકો આત્માકા હિત કરના હૈ ઔર પરિભ્રમણસે નિકલના હો.. પરિભ્રમણ તો અનાદિ કાલસે કર રહા હૈ. ચાર ગતિમેં ચૌરાસી લાખ યોનિમેં અનંત.. અનંત.. અનંત અવતાર કિયે. જાતિસ્મરણ પૂર્વ ભવકા હો તો માલૂમ પડે કિ કૌન-કૌનસે ભવ થે. બહિનકો તો નૌ ભવકા જ્ઞાન હૈ. ઉનકે યે વચન હૈં. અસંખ્ય અરબ વર્ષકા. કલકી બાત યાદ હો, ઐસે અસંખ્ય અરબ વર્ષકી બાત યાદ હૈ. પરંતુ લોગોંકો બૈઠના કઠિન પડે. લોગોંકો બાહ્ય પ્રવૃત્તિ, એક તો ધંધેકી પ્રવૃત્તિ,

ઉસમેંસે નિવૃત્તિ લે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાકી પ્રવૃત્તિ. પરંતુ વસ્તુ ક્યા હૈ, યે સમજનેકી દરકાર કી નહીં. વહ યહાં કહતે હૈં.

**'આત્મા તો અનંત શક્તિયોંકા પિંડ હૈ.'** આહાહા..! આનંદ, જ્ઞાન સ્વભાવ આદિકા દલ હૈ. જૈસે લડ્ડુ હોતા હૈ. પહલે લડ્ડુકા દલ હોતા થા. દલના લાડુ પહલે બનતે થે. વૈસે ભગવાન આત્મા દેહસે ભિન્ન અનંત શક્તિઓંકા દલ, પિંડ, સત્ત્વ, તત્ત્વ, સત્ હૈ. અરે..! આત્માકી દરકાર કિયે બિના બાહર ધૂલકી (દરકાર). ઈસે કુછ રોગ હો તો લાઓ, ઐસા કરો, ફલાના કરો, ઢીકના કરો. પરંતુ તુઝે યહ અજ્ઞાનકા રોગ હુઆ હૈ. આત્માકે અજ્ઞાનમેં ભાન નહીં હૈ કિ આત્મા કૌન હૈ? મૈં કિસકો અપના માનતા હૂં? કિસકો અપનેમેં સુખ માનતા હૂં? સુખ યહાં હૈ ઔર ખોજતા હૈ બાહર.

મૃગકી નાભિમેં કસ્તૂરી, મૃગકી નાભિમેં કસ્તૂરી. વહ કસ્તૂરીકો બાહર ખોજતા હૈ. ઉસકી ગંધ આતી હૈ તો માનો વનમેંસે આતી હોગી (ઐસા માનકર) બાહર ઘુમતા હૈ. વૈસે ભગવાન આત્મામેં અંદરમેં અતીન્દ્રિય આનંદકી શક્તિ ભરી હૈ. આહાહા..! જૈસે મૃગકી નાભિમેં કસ્તૂરી હૈ, વૈસે પ્રભુ અંતર આત્મામેં અનંત આનંદ હૈ. અરેરે..! જાંચ કબ કરની, કબ સંભાલ કરની? પાંચ-પચીસ લાખ રૂપયા મિલે, ક્રોડ-દો ક્રોડ મિલે તો હમ સુખી હો ગયે. પાપી હૈ. પૈસા તો જડ હૈ. જડકો અપના માનના વહ તો પાપ હૈ.

મુમુક્ષુ :- જ્ઞાનીઓંકે લિયે પાપ હૈ.

ઉત્તર :- અજ્ઞાનીકે લિયે બડા પાપ હૈ. જ્ઞાનીકો તો રાગ હોતા હૈ. પરંતુ વહ અલ્પ રાગ હૈ. ફિર ભી રાગસે ભિન્ન અપની ચીજકા અનુભવ હોતા હૈ. ઔર અજ્ઞાનીકો તો અકેલા રાગ ઔર દ્વેષ હોતા હૈ. આત્માકા તો કુછ ભાન હૈ નહીં. ઈસલિયે ઉસકો તો મહાપાપ હૈ. કઠિન બાત હૈ, પ્રભુ!

મુમુક્ષુ :- લોગોંમેં નહીં માનતે.

ઉત્તર :- લોગ નહીં માનતે તો લોગ મૂર્ખ પાગલ હૈ. લોગોંકો આત્માકી કહાં ખબર હૈ કિ આત્મા કૌન હૈ? યહાં તો ઐસી બાત હૈ, ભાઈ! બડે અરબપતિ.. કહા ન? વહાં ગયે થે, આફ્રિકા ગયે થે ન. પૌષ માસમેં ૨૬ દિન રહે થે. સાત લાખકી બસ્તી હૈ. પ્રવચનમેં બહુત લોગ આતે થે. ૨૬ દિન રહે ઉસમેં સાઠ લાખકા ચંદા કિયા. સાઠ લાખ મંદિર બનાનેકે લિયે. પૌષ માસમેં ગયે થે. સાઢે ચારસૌ તો વહાં ક્રોડપતિ હૈં. ક્રોડપતિ સાઢે ચારસૌ. ઔર પંદ્રહ અરબપતિ હૈં. કહા, સબ ભિખારી હૈં. ક્યોં? કિ અપની લક્ષ્મી અપનેમેં ક્યા હૈ, ઉસ લક્ષ્મીકી કિમત નહીં ઔર ધૂલકી કિમતમેં જાતે હૈં, ભિખારી હૈ. ભીખા માંગતે હૈં કિ લાઓ, લાઓ, લાઓ.

હમને તો દરબાર આયે થે ઉસકો ભી કહા થા. વહ તો સમજતા હૈ. દરબાર આયે થે. ભાવનગર દરબાર, નહીં? ભાવનગર દરબાર પ્રવચન સુનનેકો આયે થે. ક્રોડકી, એક ક્રોડકી કમાઈ હૈ. કૃષ્ણકુમાર. અભી તો ચલ બસે. વહ આયા થા. ઉસકો ભી કહા થા. દરબાર! એક માસમેં પાંચ લાખ માંગે ભિખારી, તો વહ છોટા ભિખારી હૈ. માંગણ-ભિખારી. એક ક્રોડ માગે તો બડા ભિખારી હૈ. હમેં કહાં દરબારકે પાસસે કુછ લેના થા. વહ બૈઠા થા, સુનતા થા. સચ્ચી બાત, મહારાજ! મૈંને કહા, ક્યા હૈ? એક ક્રોડ લેતા હૈ વહ બડા ભિખારી હૈ. માંગણ હૈ. માંગણ નામ માંગનેવાલા. લાઓ, લાઓ, લાઓ. પરંતુ અંતરમેં લક્ષ્મી પડી હૈ. સચ્ચિદાનંદ સ્વરૂપ. સત્ ચિદ્ જ્ઞાન ઔર આનંદકા પિંડ હૈ. વહાં તો તેરી નજર હૈ નહીં. મૌજૂદ ઋદ્ધિકી ખબર નહીં ઔર જો અપની ઋદ્ધિ નહીં હૈ ઉસકો (અપની) માનતા હૈ. જો તેરેમેં નહીં ઔર તેરે સાથ આતી નહીં, ઉસકી સંભાલ કરતા હૈ. પરંતુ અપની ચીજ અપનેસે રહતી હૈ ઔર અપની સંભાલ કરનેસે શાંતિ મિલતી હૈ, ઉસકી દરકાર નહીં. યે કહતે હૈં.

'**આત્મા તો અનંત શક્તિયોંકા પિંડ હૈ.**' આહાહા..! વાણી-બાણી તો જડ મિટ્ટી હૈ, પ્રભુ! અંદર આત્મા, પ્રભુ! તેરા આત્મા અનંત શક્તિકા ધની હૈ. તૂને કભી વિચાર નહીં કિયા, સુના નહીં. ઉસ ઓર ધ્યાન, લક્ષ્ય દિયા નહીં. '**આત્મામેં દૃષ્ટિ સ્થાપિત કરને પર...**' ભગવાન આત્મા દેહસે ભિન્ન, જિસકી સત્તામેં યે ચીજ જાનનેમેં આતી હૈ, જિસકી સત્તા-મૌજૂદગીમેં યે જાનનેમેં આતી હૈ, વહ ચીજ વહ સ્વયં નહીં હૈ. જાનનેવાલા, ઉસ ચીજકો જાનનેવાલા જ્ઞાત હોનેવાલી ચીજસે ભિન્ન હૈ. આત્મા શરીરકો જાને, શરીરરૂપ હોતા નહીં. આત્મા પરકો જાને, પરરૂપ હોતા નહીં. પરસે ભિન્ન જિસકી સત્તામેં-અસ્તિત્વમેં, મૌજૂદગીમેં યે ચીજ જ્ઞાત હોતી હૈ, ઉસસે વહ ભિન્ન હૈ. ઔર ભિન્નમેં અંતર દૃષ્ટિ દેનેસે. આહાહા..!

'**આત્મામેં દૃષ્ટિ સ્થાપિત કરને પર...**' બાહરમેં દૃષ્ટિ સ્થાપિત હૈ તો વહ સંસારમેં રૂલનેકી ચીજ હૈ. ઔર દુઃખ હૈ. સુખ થોડા ભી અંશ ભી નહીં હૈ. અરબોંપતિ દુઃખી હૈ. આહાહા..! એક અરબપતિ ભી હમારે પાસ આયા થા. આફ્રિકા. નાઈરોબી ગયે થે. રતિલાલ. રતિભાઈ આયે થે. છોટી ઉમ્રકા થા. ઉસકા બડા ભાઈ મર ગયા હૈ. એક અરબ રૂપયા. સૌ ક્રોડ રૂપયા. ધૂલ. યહાં તો સૌ ક્રોડ હો યા પાંચસૌ હો, સબ ધૂલ-મિટ્ટી હૈ.

મુમુક્ષુ :- વહ ધૂલ યહાં લે આની.

ઉત્તર :- કૌન લાયે? યહાં કામ ક્યા હૈ? આત્મા હૈ ઉસે અંદરસે લા ન. અંદર

આનંદકા નાથ પ્રભુ, સચ્ચિદાનંદ સ્વરૂપ અસ્તિ હૈ કિ નહીં? આત્માકી મૌજૂદગી હૈ કિ નહીં? હૈ તો કોઈ ચીજ હૈ કિ નહીં? હૈ તો વહ અનાદિકા હૈ કિ નહીં? હૈ ઉસકી આદિ હૈ નહીં, હૈ ઉસકા (અંત નહીં હૈ). ઉસ ઓર તો નજર હૈ નહીં ઔર બાહર ધૂલમેં પૈસા, સ્ત્રી, પુત્ર, ઈજ્જત... મૂર્ખ હૈ. આહાહા..! નાભિમેં કસ્તૂરી હૈ, ઉસે મૃગ ખોજતા હૈ. વૈસે મૃગ જૈસે જીવ, આનંદ યહાં, જ્ઞાન યહાં અંતરમેં, શાંતિ અંદર, બાહરસે વ્યર્થ પ્રયત્ન કરે. યહાંસે સુખ લૂં, યહાંસે લૂં, વહાંસે લૂં.

કહતે હૈં કિ **'આત્મામેં દૃષ્ટિ સ્થાપિત કરને પર...'** યદિ અંતરમેં દૃષ્ટિ સ્થાપિત કરે.. આહાહા..! વહ અસ્તિત્વ હૈ, આત્મા અસ્તિત્વ હૈ, મૌજૂદગી ચીજ હૈ. રાગ, શરીરકી મૌજૂદગીસે ભિન્ન હૈ. ભિન્ન દૃષ્ટિ કરનેસે.. આહા..! અંતરસે બહુત.. સૂક્ષ્મ બાત હૈ. યે તો એક બોલ નિકાલા થા. અડવાનીજીકો દિયા હૈ. ઈસ તરહ પઢિયે. આહા..! **'આત્મામેં દૃષ્ટિ સ્થાપિત કરને પર અંતરસે હી બહુત વિભૂતિ પ્રગટ હોતી હૈ.'** આહાહા..! ભગવાનમેં તો આનંદ, શાંતિ આદિ અનંતી વિભૂતિ પડી હૈ. યે ધૂલકી વિભૂતિ નહીં. પૈસા, સ્ત્રી, પુત્ર, બડે મકાન, પાંચ-પાંચ લાખ, દશ લાખકા, ક્રોડકા. વહ તો ધૂલ-મિટ્ટી હૈ. વિભૂતિ તો યહાં હૈ. ઉસકી તો ઉસે ખબર નહીં.

વહ કહતે હૈં, **'આત્મામેં દૃષ્ટિ સ્થાપિત કરને પર...'** ચારોં ઓરસે નજરકો સમેટકર.. આહાહા..! ચારોં ઓરસે અપની દૃષ્ટિ હટાકર, અપને આત્મામેં દૃષ્ટિ સ્થાપિત કરને પર અંતરમેંસે હી **'અંતરસે હી બહુત વિભૂતિ પ્રગટ હોતી હૈ.'** આહાહા..! આત્મામેં આનંદ હૈ, શાંતિ હૈ, સ્વચ્છતા હૈ, પ્રભુતા હૈ, યે સબ શક્તિયાં-વિભૂતિ અંતર દૃષ્ટિ કરનેસે ઉસકી વર્તમાન દશામેં પર ઓરકા જો રાગ ઔર દ્વેષકા દુઃખકા વેદન હૈ, વહ અંતર દૃષ્ટિ દેનેસે વર્તમાનમેં ઉસકો આનંદકી વિભૂતિ પ્રગટ હોગી. આહાહા..! તબ ઉસકો ધર્મ કહનેમેં આતા હૈ. ઉસકે બિના દયા પાલે, વ્રત પાલે, ભક્તિ કરે, પૂજા કરે, બડા મંદિર બનાયે, ક્રોડોં, અરબોં રૂપયા ખર્ચ કરે તો ભી ધર્મ નહીં, પુણ્ય હૈ. પુણ્યસે રખડનેકા સંસાર મિલે. આહાહા..!

યહાં તો કહતે હૈં, **'અંતરસે હી બહુત વિભૂતિ...'** ઓહોહો..! અંતર દૃષ્ટિ કરનેસે અંતર ચીજ જો હૈ-અંતર આત્મા, ઉસમેં ઈતની વિભૂતિ પડી હૈ કિ ઉસ પર દૃષ્ટિ દેનેસે વિભૂતિ બાહર આયી. શક્તિમેંસે વ્યક્તિ વ્યક્તતા પ્રગટ હોગી. કભી નજર કી નહીં. કભી પ્રતીત કી નહીં. કભી અપની ચીજકા અનુભવ કિયા નહીં. ચૌરાસી લાખ યોનિકે કારણકા સેવન કિયા. પરંતુ આત્માકા સેવન કભી કિયા નહીં. પરકી સેવા કી ઐસા માને. પરકી સેવા કૌન કર સકતા હૈ? મર જાય. ઉસકા આયુષ્ય હો તો રહે, આયુષ્ય ન હો તો ન રહે. આહાહા..!

યહાં તો કહતે હૈં, '**અંતરસે હી...**' આહાહા..! નિશ્ચય કિયા હૈ. બાહરકે કોઈ કારણસે નહીં. અંતરમેં આનંદ ઔર શાંતિ ભરી હૈ. ઉસમેંસે વિભૂતિ પ્રગટ હોગી. યદિ અંતર દૃષ્ટિ કરે તો. લેકિન અંતર દૃષ્ટિ કૈસે દેના? આહાહા..! બાહરકા સબ ભૂલકર અપની ચીજકી મહિમા, અપની ચીજકી મહિમા-મહત્તા લાકર અંતર દૃષ્ટિ કરના. આહાહા..! ઔર ઉસ દૃષ્ટિ સ્થાપિત કરનેસે અંતરમેં જો શક્તિયાં પડી હૈ, વહ વ્યક્તરૂપ, બાહર વિભૂતિરૂપ પ્રગટ હોગી. આહાહા..! દુનિયાસે અલગ જાત હૈ, ભાઈ! દુનિયાકો તો જાનતે હૈં ન.

મુમક્ષુ :- દૂસરે સબ કહતે હૈં, હમારી બાત સચ્ચી હૈ.

સમાધાન :- સબ ઐસા હી કહે. માંસ ખાનેવાલા ઐસા કહે કિ હમેં માંસ ખાનેમેં ખુશી મિલતી હૈ. મચ્છી ખાનેવાલે ઐસા કહે. અરે..! ઐસે જીવ હૈં, બચ્ચે હો ન? બકરેકા બચ્ચા, તાજા બચ્ચા. સીધા ખાયે. ક્યા કહા? કોમલ હો. સીધા ખાયે. દેખા હૈ ન. પેપરમેં દેખા હૈ. બકરી. બકરી કહતે હૈં ન? ઉસકા છોટા બચ્ચા હોતા હૈ ન? સીધા ખાયે, જિંદા. ઐસે અનાર્ય લોગ ભી જગતમેં પડે હૈં. દુનિયામેં ક્યા નહીં હૈ? એક નહીં હૈ, તેરી ચીજ ક્યા હૈ ઉસકી પીછાન. બાકી તો સબ કિયા. માના કિ ઐસા કિયા, મૈંને ઐસા કિયા, મૈંને ઐસા કિયા. અંતરમેં દૃષ્ટિ દેનેસે બહુત વિભૂતિ પ્રગટ હોતી હૈ. આહાહા..! અંતરમેં તુઝે અતીન્દ્રિય આનંદ પ્રગટ હોગા, પ્રભુ! આહાહા..! પામર બનકર તૂ ઘુમતા હૈ ઔર બાહરકી આશા (રખકર) ભિખારી બનકર ઘુમતા હૈ, અંતરમેં દેખ તો તુઝે અંતરમેંસે વિભૂતિ, તેરી લક્ષ્મી પ્રગટ હોગી. અંતર દૃષ્ટિ યદિ કર તો તેરી લક્ષ્મી પ્રગટ હોગી. આહાહા..! હૈ? '**વિભૂતિ પ્રગટ હોતી હૈ.**' આહાહા..! સૂક્ષ્મ બાત હૈ, ભાઈ! યે તો એક બોલ ઐસા થા. દૂસરા તો પૂરા ભરા હૈ. કિતને બોલ હૈ? ૪૩૨ બોલ હૈ. ૪૩૨. આહાહા..!

બહિન તો અનુભવમેંસે બોલે થે. આનંદકે સ્વાદમેંસે રાત્રિમેં થોડા બોલે થે. વહ કિસીને લિખ લિયા થા તો બાહર આ ગયા. નહીં તો ઉન્હેં તો કુછ પડી નહીં હૈ. અભી તો શરીર કમજોર પડ ગયા હૈ. મૈં ગયા થા સુબહ. શરીર કમજોર હો ગયા હૈ. ઊલટી હોતી હૈ. મોળ આવે છે. વહ તો દેહકી સ્થિતિ હૈ, આત્માકો તો આનંદ હૈ. આહાહા..!

આત્મા સચ્ચિદાનંદ પ્રભુ જિસકી અસ્તિ હૈ-હયાતી હૈ, વહ અપની શક્તિ ઔર ગુણસે ખાલી નહીં હોતા. ઉસમેં ગુણ અનંત પડે હૈં, પ્રભુ! તૂને નજર નહીં કી. આહાહા..! ઉસમેં જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, વિભુતા ઐસી અનંત શક્તિયાં પડી હૈં. ઉસમેં અંતર દૃષ્ટિ દેનેસે '**બહુત વિભૂતિ પ્રગટ હોતી હૈ.**'

આહાહા..!

**'ઉપયોગકો સૂક્ષ્મ કરકે...'** અબ ક્યા કહતે હૈં? જાનન-દેખન જો પરિણામ હોતા હૈ, જાનને-દેખનેકા, ઉસ પરિણામકા લક્ષ્ય પર ઉપર હૈ. જાનને-દેખનેકા પરિણામકા લક્ષ્ય પર ઉપર હૈ. વહ સ્થૂલ ઉપયોગ હૈ. જડ જૈસા ઉપયોગ હૈ. ઉસમેંસે સૂક્ષ્મ ઉપયોગ (કરકે). મોતી પકડના હો તો સોનીકા ઔજાર હો તો પકડમેં આયે. સર્પકો જિસ સંડસેસે પકડે, ઉસ સંડસેસે મોતી નહીં પકડા જાતા. ઐસે ભગવાન આત્મા, પુણ્ય-પાપકે સ્થૂલ ભાવ, પુણ્ય-પાપ વિકારી ભાવસે પકડમેં નહીં આતા. આહાહા..! શુભ ઔર અશુભ ભાવ જડ હૈ. ઉસમેં ચૈતન્યકા, જ્ઞાનકી શૂન્યતા હૈ. શૂન્ય હૈ. તો ઉસસે પકડમેં નહીં આતા. અંતર સૂક્ષ્મ જ્ઞાન ઔર આનંદકી દૃષ્ટિ કરે... આહાહા..! તો... **'ઉપયોગકો સૂક્ષ્મ કરકે અંતરમેં જાનેસે...'** અંતર ભગવાન દરબાર ભરા હૈ. ગુણકા દરબાર ભરા હૈ. કૈસે બૈઠે?

મુમુક્ષુ :- સર પર તાલા માર દિયા હૈ.

ઉત્તર :- અજ્ઞાનકા તાલા મારા હૈ. રાગકે પ્રેમમેં પ્રભુકો ભૂલ ગયા હૈ. ચાહે તો દયાકા, દાનકા, વ્રતકા, ભક્તિકા રાગ હો, સેવાકા રાગ હો. વહ ભી રાગ હૈ. રાગ દુઃખ ઔર ઝહર હૈ. ઔર ચાહે તો ભોગકા, વિષયકા, યે ખાને-પીનેકા, અનુકૂલતાકા રાગ હો વહ ઝહર હૈ. યહ અશુભ હૈ ઔર વહ શુભ હૈ. દોનોં ઝહર હૈ. ક્યોં? આત્મા અમૃતસ્વરૂપ હૈ. જીવકા જીવન, જીવકા જીવન અમૃતસ્વરૂપ ઉસકા જીવન હૈ. આહા..! ઉસ જીવનકી ખબર નહીં. પરકા લક્ષ્ય કરકે જીવન જીતા હૈ, વહ મુર્દે જૈસા હૈ. મુર્દા હૈ. આહાહા..! શાસ્ત્રમેં પાઠ હૈ. મોક્ષપાહુડમેં. ચલતા મુર્દા. આત્માકા ભાન નહીં હૈ વહ ચલતા મુર્દા હૈ. આહાહા..!

અંદર કૌન હૈ? હૈ કિ નહીં ચીજ? હૈ તો ઉસમેં કુછ માલ હોગા કિ નહીં? કિ ખાલી ચીજ હૈ? ખોખા. આત્મા મહાપ્રભુ અનંત-અનંત ગુણ ઔર શક્તિકા ભંડાર, અંતરમેં દૃષ્ટિ દેનેસે, સૂક્ષ્મ ઉપયોગ કરનેસે (પ્રગટ હોતા હૈ). જાનના-દેખના જો વર્તમાન હૈ, જો પરકો જાનતા-દેખતા હૈ, તો વહ પર ઉસકા નહીં હૈ. જાનના-દેખના પરકો દેખતા હૈ. તો પર ઉસકે અસ્તિત્વમેં હૈ નહીં. ઉપયોગ જો પરકો દેખતા હૈ, ઉસ ઉપયોગકો ગુલાંટ મારવા, સૂક્ષ્મ ઉપયોગ કર. જો સૂક્ષ્મ ઉપયોગસે, જાનને-દેખનેસે, સૂક્ષ્મ જાનને-દેખનેસે તેરા આત્મા પકડમેં આયગા. સ્થૂલ ઉપયોગસે પકડમેં નહીં આયગા. આહાહા..! ફૂરસદ કહાં હૈ? પૂરી દુનિયા..

મુમક્ષુ :- ઉપયોગ કિસકો કહના? ..

ઉત્તર :- ઉપયોગ-યે જાનને-દેખનેકા પરિણામ. કહા ન? જાનને-દેખનેકા પરિણામ

હૈ, જાનતા-દેખતા હૈ ન યે? શરીર હૈ, યે હૈ, સ્ત્રી હૈ, કુટુંબ હૈ, પરિવાર હૈ, ધંધા હૈ. આહા..! જો પરિણામ પરકો દેખતા હૈ, વહ ઝહર હૈ, વહ દુઃખ હૈ.

મુમુક્ષુ :- પરિણામ હમારી ભાષામેં ઈસ્તમાલ નહીં હોતા.

ઉત્તર :- પરિણામ અર્થાત્ અવસ્થા. કોઈ ભી ચીજ હો ઉસકી અવસ્થા હોતી હૈ કિ નહીં? સોના.. સોના-સુવર્ણ. વહ તો વસ્તુ હુયી. તો ઉસકી અવસ્થા હોતી હૈ કિ નહીં? કડા, કુંડલ, અંગૂઠી યે સબ અવસ્થા હૈ. અવસ્થા કહો કિ પરિણામ કહો. ઐસે આત્મામેં ભી અવસ્થા-પરિણામ (હોતે હૈં).

મુમુક્ષુ :- કલ બહુત સૂક્ષ્મ પરિણામ ઔર સૂક્ષ્મ દૃષ્ટિસે એક-એક સફેદ રજકણ ઔર લાલ રજકણ દેખતે થે. સૂક્ષ્મ દૃષ્ટિસે.

ઉત્તર :- યે નહીં દેખા. યહાં તો યહ બાત હૈ.

યે પ્રભુ અંદર ચૈતન્યમૂર્તિ ભગવાન, જિસમેં અનંતી વિભૂતિ ભરી હૈ. ઉસકી તો કભી દરકાર કી નહીં. સંભાલ લી નહીં. ઔર જિસમેં વહ ચીજ નહીં હૈ, તેરેમેં વહ હૈ નહીં, ઉસકી સંભાલ કી. તો જિસકી સંભાલ કી, વહ સંયોગ નહીં છૂટેંગે. વહ ચાર ગતિમેં રખડેગા. ચૈતન્યકી સંભાલ કરેગા તો અંતર દૃષ્ટિમેં વિભૂતિ પ્રગટ હોતી હૈ. તો ઉસકે જન્મ-મરણકા અંત આ જાયગા. બાદમેં ઉસકો અવતાર નહીં મિલેંગે. ઉસકે લિયે યહ બાત કહી હૈ. આહાહા..!

ઉપયોગ અર્થાત્ જાનને-દેખનેકા ભાવ. વર્તમાન જાનને-દેખનેકા ભાવ. ઉસે પરિણામ કહો, ઉપયોગ કહો, પર્યાય કહો, અવસ્થા કહો, દશા કહો. આહાહા..! **'ઉપયોગકો સૂક્ષ્મ કરકે અંતરમેં જાનેસે બહુત-સી સ્વભાવભૂત ઋદ્ધિ-સિદ્ધિયાં પ્રગટ હોતી હૈં.'** આહાહા..! યે બહિનકે વચન હૈં. અનુભવકે વચન હૈં. આનંદકે અંતર અનુભવમેં યે તત્ત્વકે વચન હૈં. આહાહા..!

એક બાર કહા થા ન? અભી તો ૯૧ સાલ હુએ. દસ વર્ષકી ઉમ્ર થી. હમારી માતા થી જિસ ગાંવકી, ઉસ ગાંવકા બ્રાહ્મણ થા. ઉસકો મામા કહતે હૈં. મામા કહતે થે. હમારે મકાનમેં રહતે થે. સ્નાન કરતે હૈં, લંગોટી પહનતે હૈં ન? તો ઐસા બોલતે થે. 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે.. ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે...' યે તો દશ સાલકી ઉમ્રકી બાત હૈ. અસ્સી સાલ પહલેકી. મૈંને કહા, મામા! આપ યે ક્યા બોલતે હો? મામા કહતે થે. થે બ્રાહ્મણ, પરંતુ હમારી માતાકે ગાંવકે થે તો મામા કહતે થે. ઉતારામેં નૌકર થે. કારકૂન થે. યે ક્યા? ઉનકો ભી માલૂમ નહીં. 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે...' ક્યા અનુભવ?

આત્મા અંદર હૈ, ઉસકા અનુસરણ કરકે ભવના-હોના, અનુભવ. પરદ્રવ્યકા

અનુસરણ કરકે હોના વહ તો રાગ ઔર દ્વેષ ઔર પુણ્ય ઔર પાપ હૈ. વહ તો દુઃખ હૈ, પરિભ્રમણકા કારણ હૈ. અંતર સ્વરૂપ ભગવાન, ઉસકા અનુસરણ કરકે હોના. ઉસમેં આનંદક વેદન આતા હૈ. અતીન્દ્રિય આનંદકા નમૂના આતા હૈ. તો ઉસ નમૂનેસે પૂરા આત્મા અતીન્દ્રિયમય હૈ, ઐસા પ્રતીત હોતા હૈ. ધોકડા હોતા હૈ ન? રૂઈકા. બડી રૂઈકી ગાંઠમેંસે થોડા નમૂના નિકાલે કિ દેખો, ઐસી રૂઈ હૈ. તો પૂરી ગાંઠ ઐસી હૈ. રૂઈકી બડી ગાંઠ. રૂઈકી બડી ગાંઠ હોતી હૈ ન? પચાસ મણ, પચીસ મણકી. ઐસે આત્મામેં નમૂના નિકલતા હૈ. રૂઈકા નમૂના નિકાલતે હૈં ન? કિ યે રૂઈ હૈ. ઐસી પૂરી ગાંઠ ભરી હૈ.

મુમુક્ષુ :- નમૂના બતાઈયે...

ઉત્તર :- બતાતે હૈં, પરંતુ કરના કિસકો હૈ? કરના કિસકો હૈ? કરતા કૌન હૈ?

મુમુક્ષુ :- થોડા દિખાઈ તો દેના ચાહિયે ન.

ઉત્તર :- રાગકા-દ્વેષકા કર્તા વહ હૈ. કર્તા-ભોક્તા પરકા હૈ તો અપના હોગા. વહ તો વહ કરેગા તો હોગા. ગુરુ ઉસકો દે દે ઐસી ચીજ હૈ? ઐસી કમજોર ચીજ હૈ? ઐસી પરાધીન ચીજ હૈ નહીં. આહાહા..! સમજમેં આયા?

'**ઉપયોગકો સૂક્ષ્મ કરકે અંતરમેં જાનેસે બહુત-સી...**' આહાહા..! શક્કરકા મીઠા સ્વભાવ, લવણકા ખારા સ્વભાવ, અફીમકા કડુઆ સ્વભાવ, ભગવાનકા આનંદ સ્વભાવ. ઈસ આત્માકા જ્ઞાન ઔર આનંદ સ્વભાવ હૈ. ઉસ પર કભી દૃષ્ટિ દી નહીં. ઈસલિયે કહતે હૈં, '**ઉપયોગકો સૂક્ષ્મ કરકે...**' ક્યોંકિ બાહર જો તેરી દશા જાતી હૈ, વિચારધારા-વહ બહુત સ્થૂલ હૈ. ઈસ આત્માકે અલાવા બાહ્ય પદાર્થ પર લક્ષ્ય જાતા હૈ, વહ સ્થૂલ પરિણામ હૈ, સ્થૂલ ઉપયોગ હૈ, તેરી સ્થૂલ દશા હૈ. ઉસ દશાકો પલટકર.. આહાહા..! સૂક્ષ્મ કરકે ઉપયોગકો અર્થાત્ જાનન-દેખન પરિણામકો સૂક્ષ્મ કરકે '**અંતરમેં જાનેસે...**' (અંતરમેં જાનેસે.) આહાહા..! '**બહુત-સી સ્વભાવભૂત ઋદ્ધિ-સિદ્ધિયાં...**' આહાહા..! બહુત-સી સ્વભાવભૂત ઋદ્ધિયાં વિભૂતિ અંદરસે પ્રગટ હોતી હૈ, પ્રભુ! પરંતુ અપની પ્રભુતાકી મહત્તા નહીં ઔર પૈસા, સ્ત્રી-પુત્ર, ઈજ્જત, કોઈ પ્રશંસા કરે વહાં રુક જાય. ઉસકી કિમત. બાહર ધૂલકી કિમત. ઔર યે ચૈતન્યપ્રભુ, જિસમેં જાનનેકી શક્તિ હૈ, પર તો જડ હૈ, મિટ્ટી હૈ, ધૂલ હૈ યે તો. વહ જાનતા હૈ કિ મૈં શરીર હૂં? જ્ઞાન જાનતા હૈ કિ મૈં જ્ઞાન હૂં ઔર યે શરીર હૈ. ઐસી જાનનેકી શક્તિવાલા પરકો ઔર સ્વકો સબકો જાનતા હૈ. ઐસા જાનનેકી શક્તિવાલેમેં દૃષ્ટિ દેનેસે... આહાહા..! '**બહુત-સી સ્વભાવભૂત...**' અંતર ત્રિકાલી પ્રભુકા સ્વભાવ, ઐસી ઋદ્ધિ-શાંતિ, આનંદ, સ્વચ્છતા, અંતરકી વિભૂતિ પ્રગટ હોતી હૈ. આહાહા..! પ્રગટ

હોતી હૈ ઉસકા નામ ધર્મ. વહ જન્મ-મરણ રહિત હોનેકા કારણ હૈ. બાકી સબ વ્યર્થ હૈ. બિના એકકે શૂન્ય. લાખ શૂન્ય લિખે હોં તો ઉસે એક નહીં કહા જાતા. ઔર એક એક લિખા હો તો વહ એક કહા જાય. વૈસે આત્માકે ભાન બિના જો કુછ હૈ સબ બિના એકકે શૂન્ય હૈં. શૂન્ય.. શૂન્ય.

મુમુક્ષુ :- આત્મા શબ્દ હી નહીં સુના હો, ઉસકા ક્યા કરના?

ઉત્તર :- સુના નહીં હો, પરંતુ દરકાર કરની ચાહિયે ન? મૈં કુછ હૂં કિ નહીં? ઈતના તો વિચાર આના ચાહિયે ન? યે દેહ હૈ, તો અંદર ઉસે જાનનેવાલા તત્ત્વ ભિન્ન હૈ કિ નહીં? યા જાનનેવાલા ઔર દેહ દોનોં એક હી હૈ? એક હો તો, શરીર તો બદલ જાતા હૈ, આત્મા જાનનેવાલા.. જાનનેવાલા.. જાનનેવાલા હમેશા રહતા હૈ. શરીરમેં કમજોરી હો જાતી હૈ, રોગ હો જાતા હૈ. અંદર જાનનેવાલા.. જાનનેવાલા.. જાનનેવાલા તો હમેશા રહતા હૈ. વહ જાનનેવાલા હમેશા રહનેવાલા કૌન હૈ? ઉસ પર તો દૃષ્ટિ દેતા નહીં. આહાહા..! ઐસી બાત હૈ, પ્રભુ!

વહ તો ઐસા કહે, ભક્તિ કરો ઈશ્વરકી, પૂજા કરો, દાન કરો, દયા કરો. વહ ધર્મ હૈ. ઉસમેં ધર્મ-બર્મ હૈ નહીં. આહાહા..! નરસિંહ મહેતાને કહા ન? જૂનાગઢ. વૈષ્ણવમેં નરસિંહ મહેતા હુએ ન? ભગત. ઉસને કહા, 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી'. જ્યાં લગી આત્મા ચિન્યો નહિ, જાના નહીં, તબ તક તેરી સાધના, ભક્તિ, પૂજા સબ શૂન્ય હૈ. આહાહા..! ભવભ્રમણ નાશ કરનેકા વહ ઉપાય નહીં-બાહ્ય ક્રિયાકાંડ, ભક્તિ, પૂજા, વ્રત ઔર નિયમ. વિકલ્પ હૈ, રાગ હૈ વહ તો. રાગ દુઃખ હૈ. આહાહા..! પ્રભુ તો આનંદસ્વરૂપ હૈ. ધ્રુવ હૈ. ધ્રુવ નિત્યાનંદ સ્વરૂપ હૈ.

ઐસે નિત્યાનંદ સ્વરૂપમેં દૃષ્ટિ દેનેસે '**સ્વભાવભૂત ઋદ્ધિ-સિદ્ધિયાં પ્રગટ હોતી હૈં.**' ઋદ્ધિ ઔર સિદ્ધિ. હમેશા રહનેવાલી ઋદ્ધિ-સિદ્ધિયાં પ્રગટ હોતી હૈં. '**અંતરમેં તો આનંદકા સાગર હૈ.**' આહાહા..! કસ્તૂરી નાભિમેં પડી હૈ, ઉસમેં કોઈ નાભિકા ચમડા અંતરમેં એકમેક નહીં હૈ. મૃગકી કસ્તૂરી અંદર છૂટી પડી હૈ. ભલે નાભિ હૈ તો ભી નાભિસે ભિન્ન હૈ. ઐસે ભગવાન આત્મા, યે નાભિ સમાન શરીર, ઉસસે અંદર કસ્તૂરી સમાન ચૈતન્ય, બિલકુલ ભિન્ન હૈ. આહાહા..! સુના નહીં હૈ, કરનેકી દરકાર નહીં કી હૈ. જિંદગી પૂરી કરકે ફિરસે રખડનેમેં કૌએ, કૂત્તેમેં અવતાર. કૌઆ, કૂત્તા, હાથી, ઘોડા, ચીંટી, મકોડા અનંત અવતાર કિયે.

મુમુક્ષુ :- આપ તિર્યંચકે નામ લેતે હોં. દેવ હોતા હૈ વહ તો લેતે હી નહીં.

ઉત્તર :- દેવ હો ધૂલમેં, દેવ હો તો ક્યા હૈ? દેવ હોતા હૈ વહ મરકર પશુમેં

જાયગા. આઠવેં દેવલોકકા દેવ હો. ઐસી બાત હૈ. પુણ્યસે. પરંતુ વહ દેવ મરકર વાપસ તિર્યંચ-પશુ હોતા હૈ. ચાર ગતિમેં રખડનેકે ભાવમાં આત્માકા કોઈ લાભ હૈ નહીં. જિસસે સ્વર્ગ મિલે વહ ભી દુઃખ હૈ. સ્વર્ગ ભી દુઃખ હૈ. ક્યોંકિ રાગ હૈ. આનંદ આત્મામેં હૈ. આહાહા..! ચાર ગતિકા કારણ શુભ-અશુભ રાગાદિ, ઉસસે ભિન્ન ભગવાન હૈ. ઉસમેં આનંદકા સાગર હૈ. હૈ? આહાહા..!

અંતરમેં ભગવાન આનંદકા સાગર તૂ પડા હૈ. આહાહા..! કભી વિચાર કિયા નહીં. ઔર બાહરમેં થોડા ચૂરમેકા લડુ ઔર અળવીકી પકોડી ખાયે તો આ..હા..હા..! મજા આ ગયી આજ તો. પેટમેં બહુત... વહ તો ધૂલ હૈ. સુબહ વિષ્ટા હો જાયેગી. અંદર વિષ્ટા હોના શુરૂ હો ગયા હૈ. યે (શરીર) વિષ્ટા બનનેકા યંત્ર હૈ. યે શરીરકા યંત્ર દાલ, ચાવલ, રોટીકા વિષ્ટા બનનેકા યંત્ર હૈ. દૂસરા લાઈએ. કોઈ યંત્રમેં દાલ, ચાવલકી વિષ્ટા હોતી હો તો. નહીં હોતા. દૂસરે કોઈ યંત્રમેં વહ નહીં હોગા. યહ એક હી જડકા યંત્ર હૈ કિ ચૂરમેકા લડુ ખાયા હોગા, વહ સુબહ વિષ્ટા બન જાયેગા. આહાહા..! પ્રભુ! ઉસસે એક બાર નજર તો પલટ. ઐસા કહતે હૈં. પરકી નજર તૂને કભી છોડી નહીં. એક બાર તો છોડ. તેરેમેં અંતર આનંદ ભરા હૈ ન, નાથ!

પ્રભુ! આહાહા..! તૂ પ્રભુતાસે તો ભરા પડા હૈ. જો ચીજ હોતી હૈ, વહ સ્વતઃ સત્તાસે પૂર્ણ હી હોતી હૈ. અપૂર્ણ ઔર વિકૃત (હોતી નહીં). સ્વસત્તા સ્વયંસિદ્ધ જો અનાદિ સત્તા હૈ, ઉસમેં અપૂર્ણતા ઔર વિકારપના હોતા નહીં. પૂર્ણતા ઔર નિર્વિકારી ભગવાન અંદર હૈ. આહાહા..! '**આનંદકા સાગર હૈ. જ્ઞાનસાગર...**' હૈ. જૈસે આનંદ હૈ, વૈસે જ્ઞાનસાગર હૈ અંદર. ઈતના જ્ઞાન અંદર ભરા હૈ કિ અપાર, અપાર. કહેંગે અભી. '**સુખસાગર-યહ સબ ભીતર આત્મામેં હી હૈં.**' આહાહા..! યે સબ, ઈસકે અલાવા દૂસરી અનંત શક્તિયાં સબ ભીતર આત્મામેં હૈં. આહાહા..!

'**જૈસે સાગરમેં ચાહે જિતની જોરદાર લહરેં ઉઠતી રહેં...**' ક્યા કહતે હૈં? દરિયામેં-સમુદ્રમેં લહરેં ઉઠતી રહેં તો ભી સમુદ્ર તો જિતના હૈ ઉતના હી રહતા હૈ. લહરકે કારણ, તરંગકે કારણ સમુદ્ર ઘટ જાતા હૈ, સમુદ્રમેં તરંગ ઉઠતે હૈં, બહુત તરંગ ઉઠે, હવા બહુત હો તો બહુત તરંગ ઉઠતે હૈં, તો ભી સમુદ્રમેં કમી-બેસી નહીં હોતી. સમુદ્ર તો ભરા પડા એકસમાન હૈ. આહાહા..! '**ભીતર આત્મામેં હી હૈં. જૈસે સાગરમેં ચાહે જિતની જોરદાર...**' આહાહા..! '**લહરેં ઉઠતી રહેં તથાપિ ઉસમેં ન્યૂનતા-અધિકતા નહીં હોતી,...**' આહાહા..! ક્યા કહતે હૈં? સુનો! સમુદ્રમેં જિતને તરંગ ઉઠતે હૈં, બહુત તરંગ ઉઠે તો ભી સમુદ્રમેં ન્યૂનતા-અધિકતા નહીં હોતી. સમુદ્ર તો ભરા પડા હૈ, જિતના હૈ ઉતના હી હૈ, ન્યૂન ભી નહીં, અધિક ભી નહીં. ઐસે... આહાહા..! હૈ?

**'ઉસી પ્રકાર અનંત-અનંત કાલ તક...'** આહાહા..! યે થોડી સૂક્ષ્મ બાત હૈ. શુભ ઔર અશુભ પરિણામ અનંત બાર હુએ. શુભ ઔર અશુભ દશામેં હુએ. પર્યાયમેં-અવસ્થામેં. ફિર ભી વસ્તુ તો જૈસી હૈ ઉતની હી હૈ. વસ્તુમેં કમી, અધિકતા, ન્યૂનાધિક હૈ નહીં. યહાં તો દૃષ્ટાંત બહિનને યહ દિયા હૈ કિ તૂને અનંત બાર શુભ-અશુભ ભાવ કિયે. અભી ભી શુભ-અશુભ કર રહા હૈ. તૂ અંદર કૌન હૈ, યહ તુઝે માલૂમ નહીં હૈ. ઈસલિયે કહતે હૈં કિ વહ તો ઠીક. ઐસે શુભ-અશુભ ભાવ અનંત બાર હુએ તો ભી ચૈતન્યસમુદ્રમેં હિનાધિકતા હુયી નહીં. આહા..!

**'ઉસી પ્રકાર અનંત-અનંત કાલ તક કેવલજ્ઞાન બહતા રહે...'** આહાહા..! દૃષ્ટાંત દિયા હૈ બહિનને. અંદર જ્ઞાનસ્વરૂપ હૈ, ઉસમેં એકાગ્ર હોકર પહલે થોડા જ્ઞાન, પ્રગટ આનંદ આયા. બાદમેં વિશેષ આનંદ આયા. કરતે-કરતે પૂર્ણ જ્ઞાન હુઆ. જૈસે દૂજકા ચંદ્ર તેરહવેં દિન પૂરા ચંદ્ર હોતા હૈ. દૂજકા ચંદ્ર તેરહ દિનકે બાદ પૂર્ણ હોતા હૈ. ઐસે પહલે અંદર દૂજ, દૂજ નામ બીજ, આનંદ સ્વરૂપકા નમૂના પહલે આતા હૈ, જ્ઞાનકા નમૂના પહલે આતા હૈ, અંતર જ્યોત દેખનેસે. બાદમેં ઉસ નમૂનેસે આગે બઢકર સ્વદ્રવ્યકા પૂર્ણ આશ્રય લેનેસે કેવલજ્ઞાન હોતા હૈ. જો જ્ઞાન તીન કાલ તીન લોક દેખે. આહાહા..! યહાં તો દૂસરા કહના હૈ કિ કેવલજ્ઞાન બહતા હૈ, **'તબ ભી દ્રવ્ય તો જ્યોંકા ત્યોં હી રહતા હૈ.'** જૈસે યે શુભ-અશુભ ભાવ અનંત કાલસે કરતા હૈ, તો ભી વસ્તુ તો જૈસી હૈ વૈસી અંદર હૈ. ઉસકી દશામેં ફર્ક હૈ. વસ્તુ તો નિર્મલાનંદ અનાદિઅનંત પડી હૈ. ઉસમેં કોઈ હીનાધિકતા હૈ નહીં.

વૈસે ચૈતન્ય ભગવાનમેં શુભ-અશુભ ભાવ ચાહે જિતને હો, ફિર ભી ઉસમેં ન્યૂનાધિકતા હુઈ નહીં. વહ બાત એક ઓર. પરંતુ ઉસમેંસે કેવલજ્ઞાન પ્રગટ હુઆ. જ્ઞાનકી જિતની શક્તિ હૈ, ઉસમેં લીન હોનેસે મોક્ષ જાનેકી તૈયારીમેં કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ. આહાહા..! કેવલજ્ઞાન યાની તીન કાલ તીન લોકકો જાને. વહ કેવલજ્ઞાન ભી અનંત.. અનંત.. અનંત કાલ રહતા હૈ. આહાહા..! કઠિન બાત હૈ. કેવલજ્ઞાન ભી અનંત કાલ રહે. આહાહા..! અતીન્દ્રિય આનંદકે સાથ. તો ભી વસ્તુ જો હૈ આત્મા, ઉસમેં કોઈ ન્યૂન યા અધિક હુઆ, ઐસા કુછ હોતા નહીં. વહ તો સદા ત્રિકાલ નિરાવરણ આનંદકા કંદ હૈ. વહ તો ઉસકી દશામેં કેવલજ્ઞાન હુઆ, વહ અનંત કાલ રહેગા. ઈતની કેવલજ્ઞાન દશા બાહર આયી તો અંતરમેં કુછ ન્યૂનતા હુયી, ઐસા નહીં. આહાહા...! અરેરે..! સત્ય બાત સુનને મિલે નહીં. મનુષ્યભવ મિલા. મનુષ્ય સ્વરૂપે મૃગા ચરંતિ. જિસે આત્માકા ભાન નહીં હૈ, વહ મનુષ્યકે રૂપમેં મૃગ હૈ મૃગ-હિરન. એક કહાવત આતી હૈ, મનુષ્યા સ્વરૂપેણ મૃગા ચરંતિ.

યહાં કહતે હૈં,.. યહાં તો બહિનને ગજબ બાત કી હૈ. આત્મા જ્ઞાન ઔર આનંદરૂપ સાગર હૈ. ઉસમેં દૃષ્ટિ કરનેસે ઔર બાદમેં સ્થિરતા કરનેસે જ્ઞાનકી પૂર્ણ દશા પ્રગટ હોતી હૈ. કૈવલ્ય. પૂર્ણ દશા પ્રગટ હોતી હૈ. ઔર વહ દશા હમેશા અનંત કાલ રહતી હૈ. તો ભી વસ્તુમેં ન્યૂનાધિક-ન્યૂન ઔર અધિકપના કુછ હોતા નહીં. આહાહા..! યે બાત બૈઠની... વસ્તુ જો ચૈતન્ય સ્વરૂપ હૈ વહ તો ઉતની હી હૈ. ચાહે જિતની નિર્મલ પૂર્ણ પર્યાય પ્રગટ હુયી ઔર મોક્ષ હો ગયા, જન્મ-મરણ મિટ ગયા, ફિર ભી કેવલજ્ઞાન વહ પર્યાય-અવસ્થા હૈ, જ્ઞાન ત્રિકાલ હૈ વહ ગુણ હૈ. ઉસમેંસે પ્રગટ દશા હુયી વહ તો પર્યાય હૈ. હાલત-દશા હૈ. વહ દશા અનંત કાલ રહે તો ભી વસ્તુમેં ન્યૂનતા આતી નહીં. ઔર વસ્તુ સ્વરૂપ ભગવાનમેં અધિકતા હોતી નહીં. કેવલજ્ઞાન હુઆ તો વસ્તુ અધિક હો ગયી ઔર મતિજ્ઞાન થોડા જ્ઞાન હૈ તો વસ્તુમેં ન્યૂનતા રહ ગયી, (ઐસા હૈ નહીં). વસ્તુ તો જૈસી હૈ વૈસી હૈ. થોડી સૂક્ષ્મ બાત હૈ, પ્રભુ! યહ બાત બૈઠની કઠિન હૈ. આહાહા..!

અંદર ત્રિલોકકા નાથ સચ્ચિદાનંદ પ્રભુ, દ્રવ્ય સ્વભાવ અર્થાત્ વસ્તુકા સ્વભાવ એકરૂપ ત્રિકાલ હૈ. ઉસમેં મલિન પર્યાય ઉત્પન્ન હો, પર્યાય-અવસ્થામેં, તો ભી ન્યૂનાધિકતા નહીં હોતી. મલિન પર્યાય છોડકર નિર્મલ પર્યાય અલ્પ હો તો ભી વહાં ન્યૂનાધિકતા નહીં હોતી. અલ્પ નિર્મલ પર્યાય છૂટકર પૂર્ણ નિર્મલ હો ગયી... આહાહા..! તો ભી વહાં અધિકતા નહીં હોતી. ન્યૂનતા નહીં હોતી કિ કેવલજ્ઞાન બાહર આયા ઈસલિયે વહાં કુછ ન્યૂન હો ગયા. જ્ઞાનગુણ કમ હો ગયા, બાહર કેવલજ્ઞાન હુઆ તો અંતર જ્ઞાનગુણમેં કુછ કમી હુઈ ઐસા નહીં હૈ. આહાહા..! યહ બાત થોડી સૂક્ષ્મ પડે. યબ બોલ થોડા સૂક્ષ્મ હૈ. અંતિમ બોલ. આહાહા..!

પૂર્ણાનંદકા નાથ જ્ઞાનસાગર, જ્ઞાનકા ભંડાર, જ્ઞાનકી ઋદ્ધિસે ભરા પ્રભુ, ભરા હુઆ પ્રભુ હૈ. ઉસમેંસે અંતર દૃષ્ટિ દેનેસે પ્રથમ તો અલ્પ જ્ઞાન ઔર અલ્પ આનંદ, અલ્પ શાંતિ પ્રગટ હોતી હૈ. પરંતુ વિશેષ સ્થિરતા અંદર કરનેસે પૂર્ણ કેવલજ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા ઉસકી દશામેં પ્રગટ હોતી હૈ. દશામેં પ્રગટ હોને પર ભી વસ્તુ તો હૈ વહ હૈ. વસ્તુમેં હીનતા ઔર અધિકતા કુછ હુયી નહીં. આહાહા..! યે બાત થોડી સૂક્ષ્મ પડે. લોગોંકો અભ્યાસ નહીં હૈ. બાહરકા ધૂલકા અભ્યાસ યે સબ. ધૂલ.. ધૂલકા. યે ધૂલ હૈ તો ઉસકા અભ્યાસ. આહાહા..!

**'અનંત-અનંત કાલ તક કેવલજ્ઞાન બહતા રહે તબ ભી દ્રવ્ય તો જ્યોંકા ત્યોં હી રહતા હૈ.'** લો, વહ ચાર હુઆ. ઈસ ઓર ૨૦૮. '' ''

**બાહ્ય દૃષ્ટિસે કહીં અંતરદૃષ્ટિ પ્રગટ નહીં હોતી. આત્મા બાહર નહીં હૈ; આત્મા તો અંતરમેં હી હૈ. ઈસલિયે તૂ અન્યત્ર કહીં મત જાના, પરિણામકો કહીં ભટકને મત દેના; ઉન્હેં એક આત્મામેં હી બારંબાર લગા; બારંબાર વહીં જાના, ઉસીકો ગ્રહણ કરના. આત્માકી હી શરણમેં જાના. બડેકે આશ્રયસે હી સબ પ્રગટ હોતા હૈ. અગાધ શક્તિવાન ચૈતન્યચક્રવર્તીકો ગ્રહણ કર. ઉસ એકકો હી ગ્રહણ કર. ઉપયોગ બાહર જાયે પરંતુ ચૈતન્યકા અવલંબન ઉસે અંતરમેં હી લાતા હૈ. બારંબાર.. બારંબાર ઐસા કરતે.. કરતે.. કરતે.. (સ્વરૂપમેં લીનતા જમતે.. જમતે) ક્ષપકશ્રેણી પ્રગટ હોકર પૂર્ણ હો જાતા હૈ. જો વસ્તુ હૈ ઉસી પર અપની દૃષ્ટિકી ડોર બાંધ, પર્યાયકે અવલંબનસે કુછ નહીં હોગા. ૨૦૮.**

૨૦૮. ક્યા કહતે હૈં? '**બાહ્ય દૃષ્ટિસે કહીં અંતરદૃષ્ટિ પ્રગટ નહીં હોતી...**' તેરી દૃષ્ટિ બાહર હૈ ઔર અંતર આત્મા પ્રગટ હો, ઐસા કભી નહીં હોતા. આહાહા..! ઐસે તો યહાં ૪૧૩ બોલ હૈં. '**બાહ્ય દૃષ્ટિસે કહીં...**' આહાહા..! અંતર્મુખ દૃષ્ટિ પ્રગટ નહીં હોતી. અંતર ભગવાન આત્મા પૂર્ણાનંદસે ભરા બાહ્ય દૃષ્ટિસે પ્રગટ નહીં હોતા. ચાહે તો દયા, દાન, સેવા, ભક્તિ પૂરી જિંદગી કરે ન, વહ તો રાગ હૈ. આહાહા..! અપની દશા રાગ ઉસકી દિશા પર ઓર હૈ. ક્યા કહતે હૈં? લોજીક હૈ. અપની દશામેં રાગ-દ્વેષ જો હૈ, વહ દશા, ઉસકી દિશા પર ઓર હૈ. યે કરું, યે કરું, વહ કરું. ઔર અંદર ધર્મ દશા-રાગ રહિત દશા, ઉસકી દિશા અંદરમેં હૈ. આહાહા..! સૂક્ષ્મ બાત હૈ, ભગવાન! યે તો અંતરકી બાતેં હૈં, પ્રભુ! અભી તો ગડબડ ચલી હૈ સબ, ઈસલિયે લોગોંકો યહ કઠિન લગતા હૈ. પરંતુ વસ્તુકા સ્વરૂપ હી ઐસા હૈ. આહાહા..! ક્યા કહા?

'**બાહ્ય દૃષ્ટિસે કહીં અંતરદૃષ્ટિ પ્રગટ નહીં હોતી...**' બાહ્યમેં ચાહે જિતને વિકલ્પ કર, દયાકા, દાનકા, સેવાકા, ભક્તિકા.. ઉસસે કહીં આત્માકા કલ્યાણ નહીં હોગા, જન્મ-મરણ નહીં મિટેંગે. ડૉક્ટરીમેં ભી ઐસા કરતે હૈં ન? ડૉક્ટરકા પહલે બહુત ચલતા ન હો ન, તો પહલે દો-તીન મહિને બડી હોસ્પિટલમેં.. ક્યા કહતે હૈં? ઑનરરી. સુના હૈ. દો-તીન મહિને ઑનરરી કરે ઈસલિયે ઈજ્જત બઢે, ફિર અલગ દુકાન કરે. લોગોંકો લગે કિ ઓનરરી કરતા હૈ. ઓનરરી કુછ નહીં હૈ. હેતુ તો વહ કિ યહાં પ્રસિદ્ધ હો જાય તો અપની દૂસરી દુકાન ચલે. ઓનરરી કરકે ચલે. સબ બાતેં તો સુની હૈ. યહાં તો ૯૧ સાલ હુએ. ૧૮ વર્ષકી ઉમ્રસે તો યે સબ પ્રવૃત્તિ હૈ. ૧૮

સાલકી ઉમ્રકે બાદ, હાં! ૭૨ વર્ષ હુએ. હજારોં શાસ્ત્ર દેખે, કરોડોં શ્લોક દેખે. બહુત દેખા-જાના, દુનિયાકો, હોં! નાચનેવાલે બહુત દેખે. નાચે નહીં હૈ, પરંતુ નાચનેવાલેકો દેખા હૈ. કૈસે ઊલટે રાસ્તે પર નાચતે હૈં. આહાહા..!

યહાં કહતે હૈં ભગવાન, **'બાહ્ય દૃષ્ટિસે કહીં અંતરદૃષ્ટિ પ્રગટ નહીં હોતી. આત્મા બાહર નહીં હૈ;...'** ક્યોં નહીં પ્રગટ હોતી? આત્મા કહીં રાગ, પુણ્ય, પાપ, શરીર, વાણીમેં નહીં હૈ. તો તૂ બાહ્ય દૃષ્ટિસે દેખને જાયગા તો વહાં કહાં આત્મા પ્રગટ હોગા? આહાહા..! સંક્ષિપ્ત શબ્દોંમેં.. **'આત્મા બાહર નહીં હૈ;...'** યે શરીર આત્મા હૈ? વાણી? મન? રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ઔર યે ફલ-બાહ્ય મકાન, પૈસા, ઈજ્જત, કીર્તિ ઉસમેં આત્મા નહીં હૈ. **'આત્મા બાહર નહીં હૈ; આત્મા તો અંતરમેં હી હૈ.'** આહાહા..! **'ઈસલિયે તૂ અન્યત્ર કહીં મત જાના,...'** ઈસલિયે જહાં તૂ હૈ, વહાંસે બાહર મત જાના, પ્રભુ! તુઝે હિત કરના હો તો. આહાહા..! આત્મજ્ઞાન બહુત સૂક્ષ્મ બાત હૈ. દુનિયાકી બાત ઔર અભ્યાસ તો અનંત બાર હુઆ. આહાહા..!

**'આત્મા તો અંતરમેં હી હૈ.'** રાગમેં, પુણ્ય-પાપકે પરિણામમેં ભી આત્મા નહીં હૈ. તો ઉસકા ફલ જો યે ધૂલ બાહર પૈસા, ઉસમેં આત્મા હૈ નહીં. **'ઈસલિયે તૂ અન્યત્ર કહીં મત જાના,...'** આહાહા..! અપનેકો છોડકર પરમેં ન જાના. **'પરિણામકો કહીં ભટકને મત દેના;...'** આહાહા..! અપના વર્તમાન જો વિચાર, ઉસે બાહરમેં ભટકને મત દેના. અંદર દેખ, અંદર. આહાહા..! વર્તમાનમેં વર્તમાનમેં જો પરિણામ યાની ભાવ, ઉસ પરિણામકો બાહર ભટકને મત દેના. બાહરમેં યહ કિયા, વહ કિયા... આહાહા..!

ભૂતાર્થ ભગવાન, અભૂતાર્થ ચીજકે પ્રેમમેં ભૂતાર્થ વસ્તુકા મરણ કર દેતા હૈ. ક્યા કહા? કિ જો ભૂતાર્થ વસ્તુ હૈ અંદર આનંદકંદ પ્રભુ, ઉસકા પ્રેમ ઔર અંતર દૃષ્ટિ ન કરનેસે, બાહ્યકી ચીજમેં પ્રેમ કરનેસે, બાહ્ય ચીજકો અપના માનનેસે, સ્વયંકો દેખા નહીં તો અપની સત્તા કહીં તો કબૂલ કરની પડેગી. સ્વસત્તા ખ્યાલમેં આયી નહીં, તો પરકી સત્તામેં દૃષ્ટિ પડી. ભગવાન નિત્ય હૈ, તો અનિત્ય વસ્તુ હૈ ઉસકો નિત્ય કરના ચાહતા હૈ કિ શરીર હમેશા રહે, સ્ત્રી હમેશા રહે, કુટુંબ હમેશા રહે, પૈસા હમેશા રહે. અપના સ્વરૂપ નિત્ય હૈ. તો નિત્યકો ભૂલકર યે નિત્ય રહે (ઐસા ચાહતા હૈ). આહાહા..! ઐસી દૃષ્ટિ કરનેસે આત્મા ભૂતાર્થ વસ્તુ હૈ ઉસકો મરણતુલ્ય કર દેતા હૈ કિ તુમ હૈ નહીં, તુમ હૈ નહીં, યે હૈ. આહાહા..! હૈ... પ્રભુ ઉસકો નહીં (કરતા હૈ). ઔર જિસમેં આત્મા ચીજ નહીં હૈ, વહ ચીજ મેરી હૈ. તો ઉસકો અપના જીવન કિયા. ઔર જીવંત વસ્તુકા મરણ કિયા. આહાહા..! બહુત કઠિન ચીજ.

આહાહા..!

'**ઉન્હેં એક આત્મામેં હી બારંબાર લગા; બારંબાર વહીં જાના, ઉસીકો ગ્રહણ કરના.**' જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. જો જ્ઞાન જ્ઞાનકો જાનતા હૈ ઉસકો પકડ. જ્ઞાન પર ઓર જાતા હૈ, વહાંસે વાપસ મોડ. આહા..! ઔર '**આત્માકી હી શરણમેં જાના. બડેકે આશ્રયસે હી સબ પ્રગટ હોતા હૈ.**' ભગવાન બડા હૈ, આનંદકા નાથ હૈ, ઉસકા આશ્રયસે.. આહાહા..! '**સબ પ્રગટ હોતા હૈ. અગાધ શક્તિવાન ચૈતન્યચક્રવર્તી...**' આહાહા..! વહ તો ચૈતન્યચક્રવર્તી હૈ. પૂર્ણ કબ્જેમેં લે લેતા હૈ. તીન કાલકા, તીન લોકકા જ્ઞાન. અંતરમેં જાતા હૈ તો સમ્યક્ હોતા હૈ ઔર ફિર અંતરમેં સ્થિર હોનેસે તીન કાલકા જાનના ઉસમેં પ્રગટ હોતા હૈ. ઐસા ચૈતન્યચક્રવર્તી હૈ. વિશેષ કહેંગે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ચૈત્ર વદ ૫, મંગળવાર, તા.૧૭-૪-૧૯૭૯**
**બોલ-૧૧, ૨૧, ૩૩, પ્રવચન-૭૬૩-(DVD-17)**

**મુમુક્ષુઓને તથા જ્ઞાનીઓને અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય, પણ જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે. પણ જો એકાંત ઉત્સર્ગ કે એકાંત અપવાદની હઠ કરે તો તેને વસ્તુના યથાર્થ સ્વરૂપની જ ખબર નથી. ૧૧.**

... દિવસ છે. આજે સમાધિ મરણ થયું છે. એને તે સમાધિસ્થ થયા અંદરમાં. અને કહી ગયા કે એકાદ ભવ ધારણ છે. પછી તો અમે સ્વરૂપ સ્વદેશમાં જશું. રાગમાં બહારમાં છીએ એ બધો વિભાવ પરદેશ છે. આહાહા..!

અહીંયાં ૧૧માં એ બે વાત લેશે. '**મુમુક્ષુઓને...**' જેને આત્માના આનંદની પીપાસા છે તેને. '**તથા જ્ઞાનીઓને...**' સમ્યક્‌જ્ઞાન થયું છે તે ભૂમિકાવાળાને પણ '**અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય,...**' શું કહે છે? અંતરમાં આનંદમાં રહેવું એવો એકાંત આગ્રહ ન હોય. કારણ કે નબળાઈ છે, કમજોરી છે એટલે અપવાદ માર્ગ (અર્થાત્) ભક્તિ, વિનય આદિનો ભાવ શુભભાવ-અપવાદ માર્ગ-આવે. એમાં અપવાદમાં ન આવતા સ્થિરનો આગ્રહ રાખે તો બની શકે નહિ. અંદરની કમજોરી છે. આહાહા..!

પૂર્ણ આનંદના નાથને જગાડ્યો છે અને જગાડવાના કામી છે, બેયને. આહાહા..! બેય લીધા છે ને? આહાહા..! એને અપવાદમાર્ગનો એટલે? કે અંદરમાં આનંદ સ્વરૂપમાં ઠરી શકે નહિ તો રાગ આવે, ભક્તિનો, પ્રેમનો અને એને જાણે કે આ બંધનું કારણ છે, હેય છે, પણ એનો આગ્રહ ન હોય કે આ મને લાભદાયક છે અને મારે આમાં રહેવું છે એવું સમકિતીને કે મુમુક્ષુને હોય નહિ. એનો (આગ્રહ) નહિ અને '**ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય,...**' આહાહા..! ઝીણી વાત છે. નીચલી દશા છે, વીતરાગ દશા નથી. એથી અતીન્દ્રિય આનંદમાં નિર્વિકલ્પમાં જ રહી શકું તો જ ઠીક એવી હઠ ન હોય.

નિર્વિકલ્પ દશામાં જાવું છે. નિજઘર તો ત્યાં છે. પણ એમાં રહી શકે નહિ તો એટલો આગ્રહ-હઠ ન હોય કે આમાં રહેવું જ છે મારે અને શુભરાગ મારે ન જ હોય. એમ હઠ ન હોય, પ્રભુ! આહાહા..! નિશ્ચય આત્માના આનંદના અનુભવની ભૂમિકામાં નિર્વિકલ્પમાં રહી શકે નહિ તો એને શુભભાવ આવે. એને ઉત્સર્ગમાર્ગ

એટલે ઠરી જ જવું અંદરમાં એનો આગ્રહ ન હોય. તેમ બાહ્ય રાગ આવ્યો માટે તેમાં રહેવું એવો પણ આગ્રહ હોય નહિ. આહાહા..!

બહેન તો બોલતા બોલી ગયા છે. દીકરીયુંએ લખી લીધું. નવ દીકરીયુંએ. ઝીણી વાત છે, ભાઈ! આ તો જન્મ-મરણના અંતની વાતું છે. આહાહા..! ચોર્યાસીના અવતારમાં રખડીને મર્યો અનંત કાળ થયો. પણ ભગવાન આત્મા વીતરાગમૂર્તિ નિર્વિકલ્પ શાંતસાગર છે એની દૃષ્ટિ થઈ નહિ. અને દૃષ્ટિ થઈ તો પણ તેને હવે એમાં જ રહેવું એવો આગ્રહ નહિ. કેમ કે નીચલી ભૂમિકા છે. એને જ્ઞાનીને પણ વાંચવાનો, વિચારવાનો, સાંભળવાનો એવો વિકલ્પ આવે એ અપવાદ માર્ગ છે. અપવાદ કહો. અપવાદ નથી કહેતા લોકો? અપવાદ છે. અપવાદ એટલે કે છે તો નિંદનીક. આહાહા..! પણ નીચલી ભૂમિકામાં એ આવે. આવે એટલે મુંઝાય નહિ કે કેમ આ રાગ આવે છે? અને આગ્રહ એટલો નહિ કે હું તો અંતરમાં રમતો એ ઠીક અને રાગ આવે એ ઠીક નહિ. એમ પણ નહિ.

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ.

અંતરની વાતું છે, ભગવાન! આહાહા..!

જ્ઞાનીઓને અને મુમુક્ષુઓને અપવાદ માર્ગ એટલે રાગ માર્ગ આમ વચમાં શુભ આવે અને ઉત્સર્ગમાર્ગ એટલે નિર્વિકલ્પ દશા અનુભવ થાય, બેયનો આગ્રહ ન હોય. દૃઢતા હોય કે શુદ્ધ ચૈતન્યમૂર્તિ તે જ હું છું. પણ છતાં તેમાં રહી શકે નહિ તે શુભભાવ દેવ, ગુરુ, શાસ્ત્રનો ભાવ આવે. છતાં એને એમ ન સમજે કે એ ભાવ મને ધર્મનું કારણ છે. એ ધર્મ, એને લઈને ધર્મની પ્રાપ્તિની વૃદ્ધિ થશે એમ ન માને. આહાહા..! છતાં એ ભાવ આવ્યા વિના રહે પણ નહિ. નીચલી ભૂમિકા છે ને. આહાહા..! જાવું છે તો સ્વદેશમાં.

ધર્મીની દૃષ્ટિમાં આત્મા નિર્વિકલ્પ જ્યાં આવ્યો છે. સમ્યગ્દર્શન થાય છે એ અંતરના ધ્યાનના અનુભૂતિના કાળમાં થાય છે. સમજાય છે કાંઈ? દ્રવ્યસંગ્રહની એક ૪૭ ગાથા છે. એમાં કહ્યું છે કે '**दुविहं पि मोक्खहेउं**' બે પ્રકારનો મોક્ષનો માર્ગ '**झाणे पाउणदि जं मुणी णियमा**' આ ગાથા છે. ધ્યાનમાંથી મળે છે અંદર. '**दुविहं पि मोक्खहेउं**' '**दुविहं पि**' એટલે બે પ્રકારનો મોક્ષનો માર્ગ નિશ્ચય અને વ્યવહાર. આહાહા..! એ ઉત્સર્ગ અને અપવાદ. આહાહા..! એ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. અંતરમાં નિર્વિકલ્પ અનુભવમાં '**दुविहं पि**' નિશ્ચય અને વ્યવહાર બેય ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એટલે? એ કોઈ વિકલ્પના કાળમાં એને સમ્યગ્દર્શન થઈ જાય અને રાગની ભૂમિકામાં ઊભો

અને અનુભવ થઈ જાય, એમ ન થાય પ્રભુ! આહાહા..! એ ભગવાન આત્મા અનુભૂતિ.. ૭૩માં કહ્યું હતું ને? ૭૩ ગાથામાં.

એની પર્યાયમાં ષટ્કારકનું પરિણમન હો. રાગનું નહિ, નિમિત્તનું નહિ. ૭૩ ગાથા. એના જ્ઞાનની પર્યાયમાં, આનંદની પર્યાયમાં ષટ્કારક એટલે કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન એવી નિર્મળ પર્યાય કરતા નિર્મળ પર્યાય કાર્ય, નિર્મળ પર્યાય પોતે રાખે એ સંપ્રદાન. નિર્મળ પર્યાયનું સાધન નિર્મળ પર્યાય, નિર્મળ પર્યાયથી નિર્મળ થાય, નિર્મળ પર્યાયના આધારે નિર્મળ થાય. આ ષટ્કારક નિર્મળ પર્યાયમાં હોવા છતાં ભગવાન કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય સંતો વીતરાગી મુનિઓ એમ કહે છે કે પ્રભુ! એ પર્યાયમાં અનુભૂતિના છ પ્રકાર હોવા છતાં તારી અનુભૂતિ તો એનાથી ભિન્ન છે અંદર. એ અનુભૂતિ પર્યાય નહિ.

આત્માની જે અનુભૂતિ થાય પર્યાયમાં, આનંદનું વેદન આવે એ આનંદની પર્યાય એ સમય જ્ઞાનની પર્યાય એવી અનંત ગુણની પર્યાય (પ્રગટ થાય છે). અનંત ગુણની પર્યાય એક એક સમયે તે તે કાળે ષટ્કારકપણે પરિણમતી પર્યાય હો પણ પ્રભુ તો એ ષટ્કારકની પરિણતિથી પાર ઉતરેલો અનુભૂતિ સ્વરૂપ ભગવાન છે. એ અનુભૂતિ એટલે દ્રવ્ય નહિ, પર્યાય નહિ. એ દ્રવ્ય એટલે 'આ દ્રવ્ય' એમ પણ ત્યાં નથી. 'આ દ્રવ્ય' એ પણ વિકલ્પ નથી. ઝીણી વાત છે, પ્રભુ!

અંતર અનુભૂતિ એટલે કે અનુભવ સ્વરૂપ એ ભગવાન ત્રિકાળ, સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળ આનંદઘન, વિજ્ઞાનઘન ધ્રુવ. તેને અહીંયાં અનુભૂતિ કીધી છે. તે પર્યાયની અનુભૂતિથી પણ તે દ્રવ્ય અનુભૂતિની પર્યાયથી પણ ભિન્ન અનુભૂતિ છે. ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! એ અનુભૂતિને અહીંયાં ઉત્સર્ગમાર્ગ કહ્યો છે. અને સમ્યગ્દર્શન થાય છે જ્યારે ત્યારે અનુભૂતિમાં થાય છે. એમ ને એમ વિકલ્પથી માને અને આ માન્યું, આ માન્યું માટે સમ્યગ્દર્શન થાય (એમ નથી). ભગવાન! બહુ ઝીણી ચીજ છે, પ્રભુ! આહાહા..! આ નવ તત્ત્વ માન્યા અથવા આત્મા શુદ્ધ છે એમ માન્યો એથી શું થયું?

૧૪૨ ગાથામાં આવે છે કે આ શુદ્ધ છે, અખંડ છે, અભેદ છે પ્રભુ અંદર, વીતરાગી આનંદનો કંદ છે એમ એક વિકલ્પ આવ્યો, રાગની વૃત્તિ ઉઠી-અપવાદ, એથી શું? એથી કાંઈ સ્વરૂપનો લાભ નથી. આહાહા..! સ્વરૂપનો લાભ તો વિકલ્પ તૂટીને અનુભૂતિ થતાં ધ્યાનમાં નિર્વિકલ્પ દૃષ્ટિ થતાં નિશ્ચય મોક્ષમાર્ગ ધ્યાનમાં પ્રગટ થાય છે, પ્રભુ! આહાહા..! તે કાળે જે કાંઈ અબુદ્ધિપૂર્વક રાગ ત્યાં રહ્યો છે.

**'दुविहं पि'** કહ્યું ને? **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'**

'**णियमा**' કીધું છે ત્યાં. નિશ્ચયથી નિશ્ચય અને વ્યવહાર માર્ગ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. સાંભળીને વિકલ્પમાં ઉભો હોય અને વાંચન બહુ કરતો હોય માટે સમકિત દર્શન થઈ જાય... આહાહા..! એવી એ ચીજ નથી. '**दुविहं पि मोक्खहेउं**' નિશ્ચય અને વ્યવહાર બેય મોક્ષનો માર્ગ '**झाणे पाउणदि जं मुणी णियमा**' ધ્યાનમાં. નિશ્ચયથી પણ આ પરમાત્માનું વચન છે. નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી ગોમ્મટસારના કર્તા એનું વચન (છે). વચન એનું કહો કે આગમનું કહો કે વીતરાગનું કહો. આહાહા..!

એ જ્યારે ધ્યાનમાં અંતરમાં વિકલ્પ નામ રાગરહિત થઈને નિર્વિકલ્પ અનુભૂતિ ત્રિકાળની અનુભૂતિ, ત્રિકાળી અનુભૂતિ સ્વરૂપ છે, એની પર્યાયમાં અનુભૂતિ આનંદનું વેદન થાય એને અહીંયાં નિશ્ચયમોક્ષમાર્ગ કહે છે. અને એની સાથે બાકી હજી રાગ રહ્યો છે એટલે વીતરાગ થઈ નથી ગયો. એટલે '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' નિશ્ચય અને વ્યવહાર બે ધ્યાનમાં પ્રથમ પ્રાપ્ત થાય છે. અંતરમાં નિર્વિકલ્પ ધ્યાન પડે છે જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન. એવા ત્રણ ભેદને પણ ભૂલી જાય છે. આહાહા..! ઝીણું છે, ભાઈ! આ તો બેને જરી અપવાદ અને ઉત્સર્ગ મૂક્યો છે એનો આશય છે આ.

બે પ્રકારનો મોક્ષમાર્ગ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એટલે કે અંદર નિર્વિકલ્પ આનંદનું વેદન, એમાં પ્રતીતિ અને એની જે રમણતા એ નિશ્ચય મોક્ષમાર્ગ છે. સાથે વીતરાગતા નથી એટલે અબુદ્ધિપૂર્વક રાગ છે. એ ધ્યાનમાં બાકી જે રાગ છે એને આરોપણ કરીને વ્યવહાર મોક્ષમાર્ગ છે એમ કહેવામાં આવે છે. કેમ કે રાગરહિત પૂર્ણ વીતરાગતા થઈ નથી એથી રાગનો કાળ છે, નિર્વિકલ્પનો એ કાળ છે. આહાહા..! એથી એને '**दुविहं पि मोक्खहेउं**' બે પ્રકારનો મોક્ષનો માર્ગ એ ધ્યાનમાં થાય છે. એને બેને ઉત્સર્ગ અને અપવાદના ભેદ પાડી (અહીં કહ્યું છે) આહાહા..!

નિશ્ચય જે અંદર અનુભવ છે તે ઉત્સર્ગ છે. હવે એમાં રહી શકે નહિ તો હઠ ન કરવો એણે. શુભભાવ આવે. ભક્તિ, વિનય આવે. પણ એ ભાવથી મને ધર્મ થાય, એ ભાવ મને અંતર જવા માટે સહાયક થાય એમ ન માને. હિંમતભાઈ! આવો છે માર્ગ, બાપા! આ મુંબઈમાં આવી વાતું. આહાહા..! એ '**અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય, પણ જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય...**' જોયું! અંદર ઠરી શકે તો તો જાય, આનંદના લહેરમાં નિજઘરમાં સમાય. પણ ન પહોંચી શકે તો શુભભાવ આવે. અશુભથી બચવા માટે શુભભાવ આવે. એટલે એ અશુભથી બચ્યો એટલે એ વધ્યો કહેવામાં આવે.

મોક્ષ અધિકારમાં છે, સમયસારમાં. વ્યવહાર જે છે એ રાગ ઘટાડે છે પણ નિશ્ચય

છે માટે. માટે તે રાગ ઘટાડે છે એથી તેને વ્યવહાર કહીએ. એનો શુભભાવ છે તે અશુભ ઘટાડે છે ને? તેથી એને વ્યવહાર કહીએ. અને આખી ચીજનો અનુભવ જે છે અંતરના આનંદનો એને નિશ્ચય કહીએ. મોક્ષ અધિકારમાં છે આ. આહાહા..! એ વાત બહેને અહીં લીધી છે. આ વાત લીધી છે તો પ્રવચનસારમાં ઉત્સર્ગ અને અપવાદ માર્ગ .. એ ત્યાં બહેન, દીકરીઓ વચ્ચે બોલ્યા હશે. એ લખી લીધું છે.

બહેનનું શરીર સ્ત્રીનું છે. અને એનો આત્મા રાગનો પણ નથી, સ્ત્રીનો પણ નથી. આહાહા..! એ કહે છે કે અંતરમાં અમને અનુભવ થયો, પણ હવે અનુભવમાં રહેવું જ અને રાગ-શુભરાગ ન આવે એવો આગ્રહ અમને નથી. તેમ શુભરાગ આવ્યો માટે ત્યાં જ રહેવું એનો આગ્રહ નથી. આવો ઉપદેશ છે. આહાહા..! ઓલું તો વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો. સહેલુંસટ હતું રખડવાનું. આહાહા..! માર્ગ બીજો, બાપા! એ મારગડા કોઈ બીજા છે પ્રભુના.

**'પણ જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય...'** આ વધાય કેમ કહ્યું? અપવાદમાં પણ વધાય એમ કીધું. એટલે કે આત્માનો નિશ્ચય નિર્વિકલ્પ અનુભવ સમ્યગ્દર્શન-જ્ઞાન છે, છતાં જ્યાં શુભભાવ આવે છે ત્યાં અશુભથી બચે છે એટલે વધે છે એમ કહેવામાં આવે છે. ... મોક્ષમાર્ગ છે. મોક્ષ અધિકાર. સમયસારમાં. વ્યવહાર છે તે રાગને ઘટાડતો-ઘટાડતો આગળ વધે છે. નિશ્ચય છે એ તો એકલો વીતરાગભાવ જ અંદર પડ્યો છે. એ વીતરાગભાવની પૂર્ણતા જ્યાં નથી ત્યાં રાગભાવ શુભ આવે છે તે અશુભને ઘટાડે છે. એથી હળવે હળવે જશે આગળ એમ ત્યાં લખ્યું છે. સમયસારમાં મોક્ષ અધિકારમાં. આહાહા..! આધાર બધા આપવા જાય તો વાર લાગે. .. છે. ક્યાં લખાણ કેટલું ક્યાં છે એ બધું ખ્યાલમાં છે. વકીલો તો કોર્ટમાં કાયદા આપે ને? એમ આ ભગવાનના કાયદા છે શાસ્ત્રમાં. એ બધા કાયદાઓની ખબર છે.

એમ કહે છે, **'તે માર્ગને ગ્રહણ કરે. પણ જો એકાંત ઉત્સર્ગ કે એકાંત અપવાદની હઠ કરે તો તેને વસ્તુના યથાર્થ સ્વરૂપની જ ખબર નથી.'** અંતર આનંદમાં જ રહેવું, વિકલ્પ ન જ આવે એ તો હઠ છે. વીતરાગ .. વિકલ્પ આવશે. અને વિકલ્પ આવે માટે મને નિર્વિકલ્પતા એના કારણે અટકશે કે વધશે એમ પણ એ નથી માનતો. શબ્દમાં ધ્યાન રાખવા જેવું છે, બાપુ!

આ તો ત્રણ લોકના નાથ મહાવિદેહમાં પરમાત્મા બિરાજે છે એમની આ વાણી છે. બહેન પણ મહાવિદેહમાંથી આવ્યા છે ને. ત્યાં સમવસરણમાં જતાં. કુંદકુંદાચાર્ય જ્યારે અહીંથી ગયા સંવત ૪૯માં, ત્યાં શેઠિયાના દીકરા હતા એ. સમવસરણમાં જતાં. આહાહા..! એમાંથી અહીંયાં છેવટે જરી ભૂલ પડી ગઈ. સ્ત્રીનો દેહ થઈ ગયો.

એ બધું અંદરમાં અસંખ્ય અબજ વર્ષનું જાતિસ્મરણ છે. વિશ્વાસ બેસવો ન બેસવો જગત જગતની પાસે રહ્યું. દુનિયા દુનિયા પાસે. માર્ગ તો જે છે આ પ્રમાણે છે.

એ બહેન કહે છે કે અપવાદ અને આનો હઠ કરે તો તેને વસ્તુના યથાર્થ સ્વરૂપની ખબર જ નથી. આહાહા..! નિર્વિકલ્પમાં જાય અને ન રહી શકે તો વિકલ્પમાં આવે અને વિકલ્પમાં આવે તો હઠ નથી કે આમાં જ મારે રહેવું છે. આહાહા..! ઝીણો માર્ગ બહુ, ભગવાન! એ ૧૧ થયો. પછી? ૨૧. ૨૧.

**ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના-એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને-ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે-એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. ૨૧.**

૨૧મો બોલ. આહાહા..! .. છે વાત, જુઓ!

'**ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના...**' ચેતનસ્વરૂપ ભગવાન આત્મા, એનો ચેતન સ્વભાવ. ચૈતન્ય દ્રવ્ય એનો ચૈતન્ય સ્વભાવ અને એ ચૈતન્ય સ્વભાવમાંથી પરિણમેલી ભાવના એ પર્યાય. ચેતન દ્રવ્ય છે, ચૈતન્ય ગુણ છે અને તેમાં એકાગ્ર થતાં તે ભાવ તે પર્યાય છે. આહાહા..! '**ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના-**' આહાહા..! પર તરફના દશાની દિશા ભૂલી ચાહે તો શુભરાગ હોય, પણ તેની દશા એની દિશા પર તરફ છે. શું કીધું? ચાહે તો રાગ શુભ હો મહાવ્રત આદિ કે દેવ-ગુરુની ભક્તિનો. એ રાગની દશાની દિશા પર તરફ છે. અને વીતરાગ શ્રદ્ધા-જ્ઞાનની દશાની દિશા દ્રવ્ય ઉપર છે. સમજાય એટલું સમજવું પ્રભુ! આ તો વીતરાગનો માર્ગ છે. અત્યારે તો મુશ્કેલી થઈ પડી છે ને. આહાહા..!

'**ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના-**' નાસ્તિથી વાત. પહેલી અસ્તિથી કહી અને પછી નાસ્તિથી કહી. આહાહા..! કેવળ ચૈતન્ય ભગવાન ચૈતન્ય રત્નાકર પ્રભુ, એની અંતરની સ્વભાવ સન્મુખની એકાગ્રતા એટલે કે રાગ-દ્વેષ અને મોહ રહિત થયેલો ભાવ '**એવી યથાર્થ ભાવના હોય...**' એવી યથાર્થ ભાવના-શુદ્ધ પરિણતિ-હોય '**તો તે ભાવના ફળ્યે જ છૂટકો.**' આહાહા..!

એ ચેતનને ચૈતન્ય ગુણની ચૈતન્ય પરિણતિ હોય તો તેમાંથી ચૈતન્યપણું ફળ્યે જ છૂટકો. આહાહા..!

ચૈતન્ય ભગવાન જાગૃત થઈને હું સર્વજ્ઞ સ્વરૂપ છું એવી સમ્યગ્દર્શનની ભાવનામાં આ હોય. **'તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને-ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે,...'** આહાહા..! શું કહે છે? 'ઘટ ઘટ અંતર જિન વસે' એવો જે જિન સ્વરૂપી ભગવાન, એની ભાવના એટલે અંતર સન્મુખ થઈને, વીતરાગી પરિણતિ પર્યાય રાગ-દ્વેષ-મોહરહિતની એવી ભાવના ફળ્યે જ છૂટકો. એ ભાવના આવે અને આત્માનો અનુભવ ન થાય એમ ત્રણ કાળમાં બને નહિ. આહાહા..!

**'જગતને-ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે,...'** એટલે? જોર આપ્યું છે. શુદ્ધ પરિણતિ થઈ અને પરમાત્માપણાનું સાક્ષાત્‌પણું ન થાય (તો) ચૌદ બ્રહ્માંડનો નાશ થાય. અસ્તિ તત્ત્વ મહાપ્રભુ છે અને એની પરિણતિ થઈને તેના તરફ જુકી છે અને એના ભગવાનનો ભેટો પૂર્ણનો ન થાય એમ ત્રણ કાળમાં બને નહિ. આહાહા..! અંતર કેમ જઈ શકતો નથી? કે એનામાં જે મતિ અને શ્રુતનો સૂક્ષ્મ ઉપયોગ જોઈએ એ નથી માટે જઈ શકતો નથી. કોઈ કર્મને કારણે જઈ શકતો નથી એમ નથી. ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..!

ઉપયોગમાં સ્થૂળતા છે કે જેથી અંતરમાં જઈ શકતો નથી. પણ જેને ઉપયોગ સૂક્ષ્મ થયો છે એનાથી અંદર આત્મામાં ગયા વિના, ફળ્યા વિના છૂટકો જ નથી એને. એમ ન બને. ચૌદ બ્રહ્માંડનો નાશ થવો જોઈએ. એટલે કે એમ બને નહિ. એટલું જોર આપ્યું છે. આહાહા..! રાગ અને પુણ્યની ક્રિયા દ્વારા આત્મા પ્રાપ્ત થાય એ તો ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. પણ એની શુદ્ધ પરિણતિ દ્વારા ભગવાન પ્રાપ્ત ન થાય તો ચૌદ બ્રહ્માંડને નાશ થવું પડે. આહાહા..! એટલે કે એમ બને નહિ.

**'અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય.'** આહાહા..! જેને પકડનારી પરિણતિ પ્રગટી અને જો દ્રવ્ય ન પામે તો દ્રવ્યનો અભાવ થાય. આહાહા..! ઝીણી ભાષા છે, ભાઈ! અનુભવીની એકલી વાણી. 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે...' નાની ઉંમરની વાતું છે. ૭૯ વર્ષ પહેલાંની. અમારી જોડે એક બ્રાહ્મણ હતા. એ અમારી બાના મોસાળના પિયરના હતા એટલે અમે મામા કહેતા. એ જ્યારે ન્હાતા. તો ન્હાતા-ન્હાતા ધોતિયું પલળેને? શું કહેવાય એ અબોટિયું. એ એમ બોલતા. 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે. ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે.' એ તો કાંઈ સમજતા નહોતા બિચારા. પણ મને એ વખતે (થયું) કે આ બોલે છે શું આ? ૭૯ વર્ષ પહેલાની વાત છે. આ શું મામા બોલો છો? ઈ કહે, મને

કાંઈ ખબર નથી, ભાઈ! અમારા બાના મોસાળના હતા એટલે અમે મામા કહેતા. ઉતારામાં નોકરી હતી. એકલા રહેતા. બૈરા-છોકરા હતા પણ ભુંભલીમાં રહેતા. આમ ગાતા હતા. 'અનુભવીને રે એટલું રે આનંદમાં રહેવું રે, ભજવા પરિબ્રહ્મ...' પરિબ્રહ્મ સમસ્ત પ્રકારે આનંદનો નાથ આત્મા 'ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે.' બીજું કાંઈ વચમાં લાવીશ નહિ. આહાહા..! એની પણ એને કાંઈ ખબર નહિ. અબોટિયું પહેરતા અને ન્હાતા ન્હાતા ગાતા. એને પૂછયું કે મામા! આ શું બોલો છો તમે? કે આ કાંઈક છે અંદરમાં આનંદની વાત છે.

અહીં કહે છે કે જ્યારે અનુભવની પરિણતિ પ્રગટે અને આત્માના આનંદનો નાથ હાથમાં ન આવે તો ચૌદ બ્રહ્માંડનો અભાવ થવો જોઈએ અને કાં દ્રવ્યનો નાશ થાય. આહાહા..! આવું જોર આપ્યું છે. એવું જોર આપ્યું છે નહિ, એમ એવું એનું જોર છે. આહાહા..! તું તને પ્રગટ કરવા તારા જાતની વીતરાગ પરિણતિ પ્રગટ કર અને વીતરાગપણું હાથ ન આવે એમ કેમ બને? આહાહા..! એ રાગની કોઈ પણ ક્રિયા વડે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો બંધનું કારણ છે, એનાથી પ્રાપ્ત થાય એવો નથી પ્રભુ. આહાહા..! એમ સિદ્ધ કરવા આ વાત નાખી છે.

એની જાતની પરિણતિ પ્રગટ કરે અને તેમાં રાગ અને દ્વેષ અને મોહનો અભાવ હોય તો તે પરિણતિ દ્વારા ભગવાન પ્રાપ્ત ન થાય તો ચૌદ બ્રહ્માંડનો નાશ થાય અને કાં દ્રવ્યનો નાશ થાય. એટલે કે ચૌદ બ્રહ્માંડનો નાશ થાય નહિ, દ્રવ્યનો નાશ થાય નહિ અને દ્રવ્ય પ્રગટ્યા વિના રહે નહિ. કહો, રમેશભાઈ! આવું છે, બાપુ! આહાહા..! ગાંડા-ઘેલા જેવી વાતું છે. આહાહા..! પરમાત્મપ્રકાશમાં એમ કહ્યું છે કે ધર્માત્મા આત્માની વાતું કરે... આહાહા..! તો પાગલ લોકોને પાગલ જેવું લાગે. એવો પાઠ છે પરમાત્મપ્રકાશમાં. પાગલ લોકોને પાગલ (જેવું લાગે). કહે, આવી શું વાતું કરે છે! વ્યવહારની તો વાત જ ઉડાવી દે છે, નિમિત્તની વાતેય ઉડાવી દે છે. આહાહા..!

અહીં કહે છે કે આત્મા એની જાતની પરિણતિ ઉત્પન્ન કરે અને એ પરિણતિમાં પરમાત્મા અનુભવમાં ન આવે એમ કોઈ દિ' બને નહિ. આત્માનો અનુભવ સાક્ષાત્કાર ત્યાં થયે છૂટકો. આહાહા..! બીજા કોઈ ઉપાયથી તે આત્મા હાથ આવે, શાસ્ત્રના ભણતર કર્યા હોય મોટા અગિયાર અંગના. એ છે એમાં શબ્દ કે શાસ્ત્રના ભણતર અગિયાર અંગના કર્યા એ પરજ્ઞેય નિષ્ઠ છે. છે એમાં. એક ઠેકાણે છે. ક્યા પાને છે? ૮૧મો બોલ? ૧૩૮ પાને. આહાહા..!

શું કીધું ઈ? તો તે જ્ઞેય નિમગ્ન રહે છે. ચોથી લીટી છે. ૧૩૮ પાનું (બોલ-

૩૮૧) છે. શું કહે છે એ? '**પ્રમાણ-નય-નિક્ષેપાદિથી વસ્તુની તર્કણા કર્યા કરે. ધારણારૂપ જ્ઞાનને વિચારોમાં વિશેષ વિશેષ ફેરવે પણ જો જ્ઞાનસ્વરૂપ આત્માના અસ્તિત્વને...**' હયાતીને નિર્વિકલ્પપણે '**પકડે નહિ અને તદ્રૂપ પરિણમે નહિ તો તે જ્ઞેયનિમગ્ન રહે છે,...**' એ શાસ્ત્રનું જ્ઞાન પણ પરજ્ઞેય છે. એ પરજ્ઞેયમાં નિમગ્ન છે, મિથ્યાત્વ છે. આહાહા..! સ્વજ્ઞેય એવો ભગવાન આત્મા તેને હાથ આવ્યો નથી. ઝીણી વાત છે, ભાઈ! છે? '**તો તે જ્ઞેયનિમગ્ન રહે છે.**' જ્ઞેય એટલે પર. આ ભગવાન આનંદનો નાથ એમાં ન આવતા, સ્વજ્ઞેયમાં નિમગ્ન ન થતાં એ શાસ્ત્રના ભણતરના.. આહાહા..! કોયડામાં રોકાઈને પરજ્ઞેયમાં નિમગ્ન રહ્યો એ. એને આત્મા હાથ ન આવે. લાંબી વાત છે. આ તો એક શબ્દ ત્યાં બહેને મૂકેલો. થોડી આવડત કરીને અભિમાન કરીશ નહિ. એમ આવે છે અંદર. થોડી આવડત થઈ માટે અમને આવડે છે. બાપા! આવડતને રસ્તે, એ અભિમાનને રસ્તે જઈશ નહિ, નાથ! તારો અંદર રસ્તો કોઈ અલૌકિક જુદો છે. અંદર આવે છે બીજે ઠેકાણે. આવડતના અભિમાન કરીશ નહિ એમ આવે છે.

અહીં કહે છે, '**પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે...**' આહાહા..! એટલે? રાગ અને દ્વેષ અને મોહના ભાવથી રહિત થયેલા નિર્વિકલ્પ વીતરાગી પરિણામથી વીતરાગી વસ્તુ પ્રાપ્ત થાય (તેની સાથે) કુદરત બંધાયેલી છે. આહાહા..! જગતનો એ સ્વભાવ છે. એની જાતનો ભાવ પ્રગટ્યો અને એ જાત અનુભવમાં ન આવે (એમ) ત્રણ કાળમાં બને નહિ. છે? '**એવો જ વસ્તુનો સ્વભાવ છે.**' ઈ શું કહેવા માગે છે? કે ચૈતન્યની પરિણતિ જે નિર્મળ અંદર વીતરાગી થાય એને ચૈતન્યનો અનુભવ ન થાય, દ્રવ્ય કેવું છે એનો પત્તો ન મળે એમ બને નહિ કોઈ દિ'. આહાહા..!

'**આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.**' આહાહા..! આ બહેન કહે છે. એ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. વીતરાગ પરિણતિ દ્વારા આત્મા પ્રાપ્ત ન થાય એ ત્રણ કાળમાં બને નહિ. અને રાગની ક્રિયા દ્વારા પ્રાપ્ત થાય એ ત્રણ કાળમાં બને નહિ. એમ સિદ્ધ કરવું છે. ગમે તે રાગની મંદતા હોય, ભગવાનનો વિનય ને મહાવ્રત ને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા ને... આહાહા..! એ બધો રાગ છે. આહાહા..! રાગ છે તે શુભભાવ છે. ક્લીબ કહીને કર્યું હતું ને થોડું. સમયસારની ૪૩ ગાથા અને ૧૫૪. એ રાગ છે તે નપુંસકતા છે આહાહા..! સંસ્કૃતમાં શબ્દ પડ્યો છે. ૪૩ ગાથા. એકલી ૪૩ ગાથા અને ૧૫૪ ગાથા. ઈ નપુંસક છે, કહે છે. આહાહા..!

અહીં શું કહે છે? કે આત્માનો જે પુરુષાર્થ વીતરાગી છે એવો પુરુષાર્થ જેણે

જગાડ્યો અને આત્મા તેને પ્રાપ્ત ન થાય એ ત્રણ કાળમાં બને નહિ. એટલે કે તેના વિરુદ્ધનો કોઈપણ વિકલ્પ હોય અને એનાથી આત્માને સમ્યગ્દર્શન થાય એ ત્રણ કાળમાં બને નહિ, એ અનંત તીર્થંકરોએ કહ્યું છે. એય..! ધીરુભાઈ! આવી વાતું છે. વાણીયાની વેવલાઈ જેવું નથી આ. થોડુંઘણું પોચું મૂકો. વાણીયા એમ કહે ને? પોચું થોડું મૂકો. થોડી છૂટ કરો છૂટ. અહીં છૂટ-બુટ નથી કહે છે. અહીં વાણીયાવડ નથી.

વાણીયો હતો. દશ હજાર રૂપિયા માગતો હતો કણબી પાસે. કણબી પાસે હતી બે હજારની મૂડી માંડ. બધું ભેંસ-બેસ વહેંચે તો. ઓલો વાણિયો કહે, પણ દસ હજારમાં એક પાય ઓછી લેવી નથી. ઓલો કહે, હજાર ઉપર એક પાય દેવી નથી એમ કરીને.. પછી વાણીયો આઠ હજારે તો ઓલો આવ્યો બારસો. વાણિયો આવ્યો ચાર-પાંચ હજારે ઓલો આવ્યો પંદરસો, પછી વાણીયો આવ્યો ત્રણ હજારે ત્યારે ઓલો બે હજારે આવીને બાપા! આ છે. વાણીયાવડ કરી. એમ અહીં છે કાંઈ? પોચું કાંઈક મૂકો પોચું, કાંઈક બીજો માર્ગ.

અરે..! પ્રભુ! તું કોણ છો? ભાઈ! આહાહા..! જુઓ! આ બહેનનો શબ્દ છે ને? 'જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય?' તે ક્યાં જાય? આહાહા..! શું કહે છે? જ્ઞાયક ધ્રુવ ચિદાનંદ, સચ્ચિદાનંદ પ્રભુ ઊભો છે એટલે ધ્રુવ છે. જાગતો જ્ઞાયક જીવ ધ્રુવ છે ને. તે ક્યાં જાય? 'જરૂર પ્રાપ્ત થાય જ.' છે? આહાહા..! એને તો પંચમકાળના આધાર આપીને આ કાળ મોળો છે. રહેવા દે.. રહેવા દે.. પ્રભુ! રહેવા દે. એ જાગતો જ્ઞાયકભાવ પ્રભુ ઊભો છે ને અંદર. એ ગુરુની આ ભક્તિથી પણ એ પ્રાપ્ત થતો નથી એમ કહે છે. આહાહા..! કેમ કે ગુરુ અને દેવની ભક્તિ પણ પરદ્રવ્ય અને રાગ છે એ તો. રાગ આવે ખરો અપવાદ માર્ગ તરીકે પણ એ બંધનું કારણ છે. આહાહા..!

અંદરમાં નિર્વિકલ્પ આનંદના નાથને... આહાહા..! એની દશા વડે કરીને તે દ્રવ્યને પકડ. રાગનો કણ કંઈ પણ હોય તેની દશાની દિશા પર તરફ છે અને વીતરાગની રુચિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ, એની દશાની દિશા દ્રવ્ય ઉપર છે. સમજાય છે કાંઈ? ગમે તેટલો રાગ મહાવ્રતનો કે ભગવાનની ભક્તિનો (હો), પણ એ રાગની દશાની દિશા પર ઉપર છે. અને અંદર વીતરાગની પરિણતિની દશાની દિશા દ્રવ્ય ઉપર છે. એ દ્રવ્ય પ્રગટ્યા વિના રહે નહિ ત્રણ કાળમાં, કહે છે. હજી જ્ઞાન ઉપર તો લે વાતને. આહાહા..! જ્યાં ત્યાં અટકીને બેઠો બહારથી. આહાહા..! પ્રભુ! તું કોણ છો? તું સ્ત્રી નહિ, પુરુષ નહિ, તું હીજડો નહિ, પર્યાપ્ત નહિ, અપર્યાપ્ત નહિ,

અલ્પ જ્ઞાન નહિ, રાગ નહિ. આહાહા..! પ્રભુ! તું પૂર્ણાનંદનો નાથ અંદર પૂર્ણ પરમાત્મા છો. આહાહા..! એવી જેને દૃષ્ટિ અને પરિણતિ થઈ એમાં પરિણામી પરમાત્મા પ્રગટ્યા વિના રહે જ નહિ એને.

**'આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.'** આહાહા..! અનંતા તીર્થંકરોને નાખ્યા છે બહેને. આહાહા..! એ ૨૧. પછી? ૩૩. આહાહા..!

**'જેને લાગી છે તેને જ લાગી છે' ... પરંતુ બહુ ખેદ ન કરવો. વસ્તુ પરિણમનશીલ છે, કૂટસ્થ નથી; શુભાશુભ પરિણામ તો થશે. તેને છોડવા જઈશ તો શૂન્ય અથવા શુષ્ક થઈ જઈશ. માટે એકદમ ઉતાવળ ન કરવી. મુમુક્ષુ જીવ ઉલ્લાસનાં કાર્યોમાં પણ જોડાય. સાથે સાથે અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે, સંતોષ ન થાય. હજુ મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે-એવી ઊંડી ખટક નિરંતર રહ્યા જ કરે છે, તેથી બહારમાં ક્યાંય તેને સંતોષ થતો નથી; અને અંદર જ્ઞાયકવસ્તુ હાથ આવતી નથી, એટલે મૂંઝવણ તો થાય; પણ આડો-અવળો નહિ જતાં મૂંઝવણમાંથી તે માર્ગ શોધી કાઢે છે. ૩૩.**

**'જેને લાગી છે તેને જ લાગી છે... પરંતુ બહુ ખેદ ન કરવો.'** બહુ ખેદ કરવા જઈશ કે એકદમ આ (થઈ જાય). એમ નહિ થાય. હળવે-હળવે ધીરો થા. એ વસ્તુ સહજ પ્રાપ્ત છે. આહાહા..! બહુ હઠ કરીને ખેદ કરીશ કે કેમ આ (નથી થતું)? એમ મૂંઝવણ ન કરીશ, પ્રભુ! છે? **'જેને લાગી છે તેને જ લાગી છે.. પરંતુ બહુ ખેદ ન કરવો. વસ્તુ પરિણમનશીલ છે,...'** એટલે શું કહે છે? પ્રભુ પલટનશીલ સ્વભાવ છે. પરિણમનશીલમાં પ્રભુ શુભભાવ, અશુભભાવ આવશે. મૂંઝાઈશ નહિ. છે?

**'વસ્તુ પરિણમનશીલ છે, કૂટસ્થ નથી;...'** કૂટ નામ શીખર જેમ એક ઉપર રહે ડુંગર ઉપર. કૂટ-કૂટ. એકરૂપ રહે. એમ આત્મા એકરૂપ નથી. ધ્રુવપણે એકરૂપ કૂટસ્થ છે પણ પર્યાયપણે કૂટસ્થ નથી. આહાહા..! એ પલટતી પર્યાયની અપેક્ષાએ શુભભાવને તું એકદમ હઠ કરીને છોડવા જાઈશ તો નહિ છૂટે. ધીમેથી કરજે, પ્રભુ! એમ કહે છે. આવી વાતું છે. આહાહા..! **'શુભાશુભ પરિણામ તો થશે.'** છે? કેમ કે પરિણમન એટલે બદલવાનો એનો સ્વભાવ છે. કૂટસ્થ નામ ધ્રુવ કાયમ રહીને પર્યાયમાં પરિણમવું, બદલવું એ એનો સ્વભાવ છે. ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ છે. એ

પ્રભુનું વચન છે. તો ઉત્પાદવ્યયને લઈને પરિણમન તો પ્રભુ થશે. એને લઈને શુભાશુભભાવ પણ થશે. આહાહા..! છે?

**'તેને છોડવા જઈશ તો શૂન્ય...'** આહાહા..! બહુ હઠ કરીને શુભભાવને છોડવા જઈશ તો નજર ત્યાં જશે. આહાહા..! છે? **'છોડવા જઈશ તો શૂન્ય અથવા શુષ્ક થઈ જઈશ.'** આહાહા..! આ છૂટતું નથી, આ છૂટતું નથી. પણ એમ ન છૂટે, પ્રભુ! આહાહા..! એ તો ચૈતન્ય અંતર આનંદનો સાગર. એ નિજઘરમાં જાય તો તેને શુભાશુભની ઉત્પત્તિ ન થાય એ તો એવો એનો સ્વભાવ છે. પણ એમાં ન જઈ શકે ત્યાં સુધી શુભાશુભ થાય (તો) ખેદ ન કરીશ, હઠ ન કરીશ (કે) કેમ છૂટતો નથી? ધીમેથી ધીરજ રાખ. આત્મા તરફના વલણને મૂકીશ નહિ અને શુભાશુભ પરિણામ આવે તેનો ખેદ કરીશ નહિ. આહાહા..! આવી વાતું છે. બેસે એટલી બેસાડવી,

પ્રભુ! આ તો ભગવાનના સંદેશ છે. મહાવિદેહના પ્રભુના સંદેશ છે આ. બહેન તો અંદર વચ્ચે કહેનાર છે. બાકી આ બધા સંદેશ એ છે. ત્રણ લોકનો નાથ પરમાત્મા બિરાજે છે પ્રભુ. એ એમ કહે છે કે.. એમ તો કહ્યું સવારમાં કે મારી સામું જોઈશ તો તને રાગ થાશે. માટે મારી સામું જોવું છોડીને તારી સામું જો, જેમાં તારામાં વીતરાગતા ભરી છે. જો તારે વીતરાગતા કરવી હોય તો ત્યાં જા. અને ત્યાં જતા તને ન જઈ શકે અને શુભાશુભભાવ આવે ખેદ ન કરીશ. આવશે, નબળાઈ છે તો. હું હવે હળવે હળવે અંદરમાં જવા માગું છું. આહાહા..! આવી વાતું છે. આવો ઉપદેશ કઈ જાતનો છે?

**'તેને છોડવા જઈશ તો શૂન્ય અથવા શુષ્ક થઈ જઈશ.'** છૂટશે નહિ અને તું જાગૃત થઈ શકીશ નહિ. આહાહા..! ધીરજથી કામ લેજે, પ્રભુ! શુભભાવ હોય, અશુભ પણ હો. એ પર્યાયનો તે કાળનો સ્વભાવ છે પણ હું તો તેનાથી રહિત છું. તેના તરફના વલણને છોડીશ નહિ અને શુભાશુભ ભાવમાં હઠ કરીશ નહિ છોડવા. આહાહા..! હીરાભાઈ! રાતે પ્રશ્ન ઉઠશે ઘણાં. આવું પ્રભુ છે. આહાહા..!

**'માટે એકદમ ઉતાવળ ન કરવી.'** એ શું કીધું છે? એકદમ તું ઉતાવળ ન કર. તારી લાયકાત એટલી ન હોય અને એકદમ અંદરમાં જાવું... જાવું.. ઉતાવળ કરીશ તો પ્રભુ! હઠ થઈ જશે. તારી લાયકાત પ્રમાણે અંતર સન્મુખ થવાનો પ્રયત્ન કર. દીકરીયું વચ્ચે, ૬૪ દીકરીયું બાળબ્રહ્મચારી છે એની વચ્ચે બોલેલા. એમાં ૯ દીકરીયુંએ વળી લખી લીધેલું. નહિતર તો એને ખબર પણ નહિ કે કોણ લખે છે? લખનારને ખબર નહિ કે આ બહાર પડશે. પણ જ્યાં પુસ્તક બહાર આવ્યું અને હાથમાં આમ આવ્યું. ઓહો..! રામજીભાઈ! રામજીભાઈને કહ્યું. નહિતર સોનગઢ તરફથી તો ૨૨

લાખ પુસ્તક બહાર પડ્યા છે. ૨૨ લાખ. લાખો અત્યારે પડે છે, છપાય છે. આપણે કોઈ દિ' ક્યાંય મકાનનું કે પુસ્તકનું કાંઈ કહ્યું નથી. પણ આ પુસ્તક જ્યાં આમ જોયું... આહાહા..! એકલા ચૈતન્યના રતનો ભર્યા છે કીધું આમાં. એક લાખ પુસ્તક છપાવાનું કીધું. ૬૦ હજાર તો છપાઈ ગયા છે અને ૨૫ હજાર તો ચીમનભાઈ તરફથી છપાવ્યા છે. પ્રમુખ તરફથી અહીં ૨૫ હજારનું નક્કી થયું છે ને? આહાહા..!

અહીં કહે છે, આ ચીજ જ કોઈ જુદી છે, આ વસ્તુ એવી છે. પણ ઉતાવળથી અને એકદમ કુતર્ક કરવા જાય તો આ બેસે એવું નથી. આહાહા..! '**મુમુક્ષુ જીવ ઉલ્લાસનાં કાર્યોમાં પણ જોડાય. સાથે સાથે અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે,...**' રાગ આવે પણ અંતરમાં રાગથી જુદી અંદરમાં ખટક એના હૃદયમાં રહ્યા જ કરે. આહાહા..! અરે..! હું ક્યાં છું અહીં? મારો નાથ તો અંદર વીતરાગપણે બિરાજે છે, મારો સ્વદેશ તો એ છે. એવી અંતરમાં મુમુક્ષુને રાગ આવે છતાં પણ અંતરમાં અંતરની ખટક રહ્યા કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? છે?

'**ઉલ્લાસના કાર્યોમાં પણ જોડાય. સાથે સાથે અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે, સંતોષ ન થાય.**' એ ભાવ આવે શુભાદિ એમાં સંતોષ ન કરે કે આપણે આ શુભ કરીએ છીએને તો એમાંથી હળવે હળવે આગળ જવાશે. એમ કરીશ નહિ, પ્રભુ! આહાહા..! નિર્જરા અધિકારમાં છે, ૨૦૩ ગાથામાં. સંતોષ તો એને કહીએ કે જ્ઞાયકભાવ હું છું તેટલો જ તે સત્ય છે એને માનવું એનું નામ સંતોષ કહેવામાં આવે છે. આહાહા..! ૨૦૩ ગાથા. નિર્જરા અધિકાર. સંતોષ, કલ્યાણ અને સત્ ત્રણ શબ્દ છે. એટલું સત્ય છે કે જેટલો ભગવાન પૂર્ણાનંદનો નાથ છે. એટલો સંતોષ છે કે જેટલો જ્ઞાયકભાવ છે. એટલું જ કલ્યાણ છે કે જ્ઞાયકભાવમાં જેટલો એકાગ્ર થાય તેટલું જ કલ્યાણ છે. આવી વાતું છે. ગાંડા-ઘેલા જેવી લાગે.

બહેન તો ચાલતા હોય તો મડદા જેવા ચાલે. બોલે નહિ કાંઈ, .. કાંઈ ચપળાઈ નહિ. બીજાને તો બોલતા આવડે માણસને. એમ જાણે કે અમે કેટલાને સમજાવતા આવડે છે માટે મારું જ્ઞાન કેવું. બાપુ! એ જુદી વાત છે, ભાઈ! આહાહા..! એ વાતું જુદી, આ વાતું જુદી નાથ! તારા ઘરમાં જવાની વાતું પ્રભુ જુદી છે. અને શાસ્ત્રના કરોડો શ્લોકો કંઠસ્થ કરી અને જગતને સમજાવવી એ રીત જુદી. એ તો અનંત વાર કર્યું છે. આહાહા..! પણ પ્રભુ! તારા ઘર તરફની તને ખટક થઈ નથી. આહાહા..!

'**ઊંડાણમાં ખટક રહ્યા જ કરે, સંતોષ ન થાય. હજુ મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે-એવી ઊંડી ખટક નિરંતર રહ્યા જ કરે છે,...**' આહાહા..!

છે? '**તેથી બહારમાં ક્યાંય તેને સંતોષ થતો નથી;...**' ક્યાંય હરખમાં હરખાઈ જતો નથી. બહારના કામમાં કોઈમાં હરખમાં હરખાઈ જતો નથી. મારો નાથ તો અંદર છે. એમાં આ ક્યાં હરખના ઠેકાણા બહાર છે? એમ મુમુક્ષુને અંદરમાં ખટક રહ્યા કરવી જોઈએ. છે?

'**અંદર જ્ઞાયકવસ્તુ હાથ આવતી નથી, એટલે મૂંઝવણ તો થાય; પણ આડો-અવળો નહિ જતાં...**' ભલે કહે છે.. પણ આડો અવળો જઈશ નહિ. ધીરાશ કરજે. '**મૂંઝવણમાંથી તે માર્ગ શોધી કાઢે છે.**' આહાહા..! હાથ ન લાગે એટલે મૂંઝાઈ નહિ કે અરર..! આવી ચીજ આ શું? ધીરજ કરજે, પ્રભુ! બહુ ઉતાવળ કરીશ નહિ તેમ મુંઝવણ કરીશ નહિ. અંદર પામ્યે છૂટકો જ છે. ખટક જો અંદર રહી તો મળ્યે જ છૂટકો છે એમાં કાંઈ ફેરફાર થાય એવું નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ચૈત્ર વદ ૬, બુધવાર, તા.૧૮-૪-૧૯૭૯**
**બોલ-૩૪, ૩૬, ૪૫, પ્રવચન-૭૬૪**

**મુમુક્ષુને પ્રથમ ભૂમિકામાં થોડી મૂંઝવણ પણ હોય, પરંતુ તે એવી મૂંઝવણ ન કરે કે જેથી મૂઢતા થઈ જાય. તેને સુખનું વેદન જોઈએ છે તે મળતું નથી ને બહાર રહેવું પોષાતું નથી માટે મૂંઝવણ થાય, પણ મૂંઝવણમાંથી તે માર્ગ શોધી લે છે. જેટલો પુરુષાર્થ ઉપાડે તેટલું વીર્ય અંદર કામ કરે. આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટઝટ કરવું છે. હઠ સ્વભાવમાં કામ ન આવે. માર્ગ સહજ છે, ખોટી ઉતાવળે પ્રાપ્ત ન થાય. ૩૪.**

... એને મુમુક્ષુ કહેવામાં આવે છે. આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન પરિપૂર્ણ છે તેની જેને અંતર જિજ્ઞાસા અંતરમાં અનુભવ કરવાની છે એને પ્રથમ ભૂમિકામાં છોડી મૂંઝવણ તો હોય. એકદમ અંદર ન જઈ શકે, રાગ તોડી શકે નહિ. શરૂઆતની વાત કરી છે. આહાહા..!

'**પરંતુ તે એવી મૂંઝવણ ન કરે કે જેથી મૂઢતા થઈ જાય.**' આહાહા..! એમ મૂંઝાય નહિ કે અરેરે..! આ કેમ પ્રાપ્ત થતું નથી? માટે હું હવે રાગને જ પ્રાપ્ત કરું. એમ મૂંઝાય નહિ. ઝીણી વાત છે થોડી. અંતરમાં આનંદનો નાથ પ્રભુ, એને અનુભવવો છે એનું નામ સમ્યગ્દર્શન છે. એનું નામ ધર્મની પહેલી શરૂઆત છે. અતીન્દ્રિય આનંદ જે પુણ્ય અને પાપના બે ભાવ, જે બંધનના કારણ અને વિકારી, તેનાથી જેની જિજ્ઞાસા શુદ્ધ ચૈતન્ય તરફ સન્મુખ થઈને રાગની મર્યાદા તોડીને અંતરમાં જવાની છે. આહાહા..! એને એકદમ અંદર ન જવાય એથી મૂંઝવણ પણ થાય. '**પરંતુ તે એવી મૂંઝવણ ન કરે કે જેથી મૂઢતા થઈ જાય.**' આહાહા..! ધીરેથી, રાગથી ભિન્ન પડી, ધીરેથી હું આત્માના અંતરમાં આનંદના સ્વઘરમાં હું જઈશ. એમ ધીરજ રાખે. આહાહા..! આકરી વાતું છે આવી.

મારું નિજ ઘર અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન, એમાં હું જવા માગુ છું પણ હજી રાગમાંથી ખસીને અંતરમાં જવાતું નથી એથી મૂંઝવણ થોડી આવે. પણ એવી મૂંઝવણ ન કરે કે મૂઢાઈ જાય. જે રાગમાં જ એકાગ્ર થઈને આગળ વધવાનો પ્રયાસ જ છોડી દે. એવી મૂંઝવણ ન કરે. ઝીણી વાત છે. બહેનની વચ્ચે બહેને કહેલું. દીકરીયું હતી ૬૪ એમાં (બોલેલા). આહાહા..!

**'તેને સુખનું વેદન જોઈએ છે...'** શું કહે છે? મુમુક્ષુ એને કહીએ કે જેને આત્માના અતીન્દ્રિય આનંદનું વેદન જોઈએ છે. કેમ કે અનાદિથી પુણ્ય અને પાપના રાગના વેદનમાં તો પડ્યો છે, એ તો સંસાર છે. આહાહા..! એણે નથી આત્માના રાગના વેદન સિવાય પરનું વેદન કર્યું, એણે નથી રાગથી ભિન્ન આત્માના આનંદનું વેદન કર્યું. સમજાય છે કાંઈ? આહાહા..! પરનું વેદન કોઈ દિ' હોય નહિ-શરીરનું, કર્મનું કે કોઈનું. વેદનમાં એને રાગ અને દ્વેષના વિકલ્પનું વેદન હોય. એથી તેને અંતરમાં જવાની ભાવના થતાં ઝટ અંદરમાં આનંદનું વેદન જોઈએ છે. એને મુમુક્ષુ કહીએ. આહાહા..!

ધર્મની જિજ્ઞાસાવાળો એને કહીએ કે જેને.. છે? **'તેને સુખનું વેદન જોઈએ છે તે મળતું નથી ને બહાર રહેવું પોષાતું નથી...'** આહાહા..! રાગમાં રહેવું રુચતું નથી, અંતરના આનંદના વેદનમાં જઈ શકાતું નથી. તેથી મુમુક્ષુને જરી ધીરજ રાખવી પડે, મૂંઝાઈ ન જવું. આહાહા..! કરવાનું તો આ છે. 'લાખ વાતની વાત..' આવે છે ને છ ઢાળામાં? 'નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ઉર ધ્યાવો.' આનંદનું વેદન જોઈએ છે મુમુક્ષુને. એને રાગનું વેદન જોઈતું નથી. છતાં રાગના વેદનમાંથી ખસી શકતો નથી અને અંદરમાં જઈ શકતો નથી તેથી તેને જરી મૂંઝવણ થાય. આહાહા..! છતાં તે બહાર રહેવું પોષાતું નથી. આહાહા..! રાગનો ભાગ આવે દયા, દાન, વ્રતાદિનો એ પણ બંધનનું કારણ છે. એમાં પણ રહેવું ગોઠતું નથી માટે મૂંઝવણ થાય.

**'પણ મૂંઝવણમાંથી તે માર્ગ શોધી લે છે.'** આહાહા..! અંદરમાં આનંદનો નાથ એના તરફ ઝુકાવ કરી અને ધીરે ધીરે ધીરજથી ધ્યેયને ધ્યાનમાં લઈને... આહાહા..! ઝીણી વાત છે. ધીરજથી ધ્યાનમાં ધ્યેય ભગવાન આત્માનું અતીન્દ્રિય આનંદના સાગરથી છલોછલ ભર્યો છે. એથી મુમુક્ષુને તેના વેદનની જિજ્ઞાસા છે. પણ અહીં રાગનું વેદન ખસતું નથી અને એ વેદન આવતું નથી. આહાહા..! આ તો પ્રથમ ભૂમિકાની વાત કરે છે. આહાહા..!

**'પણ મૂંઝવણમાંથી તે માર્ગ શોધી લે છે.'** એ રાગમાંથી પણ ખસીને, રાગ તો કૃત્રિમ ક્ષણિક પલટતી વિકૃત અવસ્થા છે અને ભગવાન અંદર તો ત્રિકાળી કાયમ રહેનાર ધ્રુવ સત્તા, ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ છે. એમ તેને રાગમાંથી ભિન્ન પડીને શોધી લે છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

**'જેટલો પુરુષાર્થ ઉપાડે તેટલું વીર્ય અંદર કામ કરે.'** રાગમાં જેટલો પુરુષાર્થ જાય છે તે મુમુક્ષુ જાણે છે સાંભળીને, એટલું એ વીર્ય નપુંસક છે. આહાહા..!

શુભરાગમાં જે કાંઈ હજી વીર્ય રોકાય છે તેના ખ્યાલમાં, લક્ષમાં સાંભળીને આવ્યું છે કે રાગમાં જેટલું રોકાવું છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો હોય પણ છે તો રાગ-સોનાની બેડી. ભાઈ કહેતા હતા ને. સોનાની બેડી છે એ. લોઢાની કરતા સોનાની બેડી આકરી છે. લોઢામાં તોલ ઓછો છે. સોનામાં તોલ વધારે છે. એટલી બેડીમાં સોનામાં ચામડીમાં ઘસારો વધારે થાય. આહાહા..! લોઢાની બેડી કરતા સોનાની બેડીમાં સોનું તોલદાર ચીકણું વજનદાર છે. એથી તેની બેડીમાં ઘસારો શરીર ઉપર વધારે થાય. એમ પાપ કરતાં પુણ્યમાં જો મીઠાશ લાગી જાય (તો)... આહાહા..! અંતરના આનંદને ઘસારો લાગી જાય છે. સમજાય એટલું સમજવું, પ્રભુ! આ તો અંતરની વાતું છે. આહાહા..! અત્યારે તો મુશ્કેલ પડે એવું છે. આહાહા..!

કહે છે કે '**પુરુષાર્થ ઉપાડે તેટલું વીર્ય અંદર કામ કરે.**' જેટલો રાગથી ભિન્ન પડીને અંતર પુરુષાર્થ જાય તો એ વીર્ય સ્વરૂપની રચના કરે તેવો પુરુષાર્થ ઉપાડે. ભાષા બહેનની બહુ સાદી છે પણ ભાવ (ગંભીર છે). આહાહા..! અંદરમાં રાગના વિકલ્પની દશાની દિશા (પર તરફ છે). રાગ જે થાય ચાહે તો દયા, દાનનો હો, એ રાગની દશા પરની દિશા તરફના વલણવાળી છે. અને અંતરની દશાની દિશા એ વીતરાગી દશા કરવામાં તેની દિશા દ્રવ્ય ઉપર છે. અંતર દ્રવ્ય ઉપર છે. સમજાય છે કાંઈ? આહાહા..! ગમે તે દયા, દાન, વ્રતાદિના પરિણામ હો પણ એ રાગની દશાની દિશા પર તરફ છે. એને મુમુક્ષુને કઠણ પડે છે અંદર વળતા. પણ મૂંઝવણ ન કરવી. એ રાગના પુરુષાર્થને મંદ કરીને.. આહાહા..! અંતર આનંદનો નાથ પ્રભુ તેના તરફ પુરુષાર્થ કરે, તેને જ અહીંયાં વીર્ય અને પુરુષાર્થનું સ્વરૂપ રચનાનું કાર્ય કરવામાં આવે છે. આહાહા..! આવી વાતું.

'**વીર્ય અંદર કામ કરે.**' પુરુષાર્થ ઉપાડે તેટલું. એટલે અંદરમાં ઉપાડે તેટલું, હોં! રાગ તરફના વલણવાળા વીર્યને સંકેલીને મર્યાદામાં લાવીને. ૧૪૪માં છે ને. ૧૪૪ ગાથા સમયસારમાં છે. મન અને ઈન્દ્રિયો જે પર તરફ વલણવાળી જાય છે, અને તેનું વલણ જ અનાદિથી પર તરફ છે. એથી તેને જરી આમ આઘે જતાં જરી અટકાવીને એના પુરુષાર્થને અંદરમાં વાળી લે. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન! આ તો મૂળ માર્ગ છે. આહાહા..! આ તો અંતરની વાતું છે.

બહેન તો અનુભવમાંથી વાતું બોલ્યા હતા. દીકરીયુંએ લખી લીધી. બહેનને તો અતીન્દ્રિય આનંદના વેદનમાં કાંઈ સૂઝ જ પડતી નથી બહારની. એક સ્ત્રીનો દેહ છે એટલું, બાકી અંતરમાં તો અતીન્દ્રિય આનંદના સ્વાદના અનુભવ આગળ ક્યાંય એને ચેન પડતું નથી. એને જયંતિનો દિવસ હોય, ૨૦-૨૦ હજાર, ૨૫-૨૫ હજાર

હીરે વધાવે છે.

એક ફેરી ૬૧મી જયંતિ હતી. જરી આહાર કરવા ગયા. એટલે બહેન કહે છે, મહારાજ! અમે તો આત્માનું કરીએ છીએ એમાં આ શું ઉપાધિ? આહાહા..! એય..! અમને ઊભા રાખીને હીરાએ વધાવે ને શું કરે છે આ? બા! બહેન! તમારે ઊભા રહેવું. બા! એ લોકોને ઈચ્છા અને રસ હોય. તમારે શું છે? તમારે તો જોવું કે આ થાય છે. ત્યારે તો એ ઊભા રહે છે. નહિતર ઊભા રહેતા નથી. એને પર વધાવે ૧૦-૧૦ હજારના હીરાએ, ૨૦-૨૦ હજારના હીરાએ. અને પહેલેથી વધાઈ આવે છે કે ભાઈ! શ્રાવણ વદ બીજનું અમારે વધાવવાનું છે ૧૦ હજાર. એક કહે, પાંચ હજારે. એક જણો કો'ક આવ્યું હતું. શ્રાવણ વદ બીજે અમારે બહેનને વધાવવા છે પાંચ હજારના હીરે. કો'ક હતું તો ખરું. આપણને બહુ ખબર નહિ. ગોરડીયા. એને તો આત્મા અતીન્દ્રિય આનંદના સ્વાદના અનુભવમાં ક્યાંય બીજે ચેન પડતું નથી અને બીજે ક્યાંય ગોઠતું નથી. આહાહા..!

આ ફેરી વળી ફાગણ વદ દશમની રાજકોટની ખબર પડી કે રાજકોટ વધાવવાના છે. મહારાજ! આ શું કરે છે આ તે? એક તો ઉપાધિ જયંતિની છે અને વળી આ ફાગળ વદ દશમની બીજી કાઢી? સમકિત થયાનો દિવસ હતો. અનુભૂતિ થઈ હતી તે દિવસે. એટલે એ લોકો પાંચ હજારના હીરાએ વધાવ્યા. એ વખતે તે દિ' હું નહિ આવું. પછી ભાઈને કહ્યું. વજુભાઈને એમના ભાઈને. બહેનને લઈને આવો. બહેનને શું છે? ત્યાં ઊભા રહે કે અહીં ઊભા રહે. એને શું છે? બા! એ જગદંબા છે. આનંદની લહેરમાં ક્યાંય એને બીજે ચેન પડતું નથી. ઊભા રહે, બીજું શું છે? નહિતર તો અગ્યારસે આવવાના હતા. પણ જ્યારે કહ્યું ત્યારે નોમે આવ્યા.

આત્માના અતીન્દ્રિય રસનો જેને સ્વાદ આવ્યો છે... આહાહા.! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદના સ્વાદની ..થી ભરેલો. આહાહા..! મુમુક્ષુને રાગની રુચિ છૂટીને એ સ્વભાવના સાગરને જ્યાં સ્વાદમાં લીધો એને. આહાહા..! એના સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો કરોડો અપ્સરાઓ અને બત્રીસ લાખ વિમાન છે સુધર્મ દેવલોક શક્રેન્દ્રને, એના સુખને પણ આત્માના સ્વાદ આગળ સડેલા કૂતરાની ગંધ મારે એવું સુખ લાગે એને. આહાહા..! ..જી! આવી વાત છે, બાપુ! ભાઈ! આહાહા..!

અતીન્દ્રિય આનંદનો સાગર નાથ અંદર.. વસ્તુ હોય એ દુઃખરૂપ હોઈ શકે નહિ. વસ્તુ હોય એ અપૂર્ણ હોઈ શકે નહિ. વસ્તુ હોય એ વિપરીત ભાવરૂપે હોઈ શકે નહિ. વસ્તુ હોય એ અવિપરીત ભાવ અને પૂર્ણ આનંદમય પૂર્ણ વસ્તુ હોય છે.

આહાહા..! સમજાય એટલું પ્રભુ સમજવું. એની અંદરમાં જવા.. કહે છે કે આત્માર્થી અંદર કામ કરે પુરુષાર્થ નાખીને. આહાહા..! મુમુક્ષુને શુભ-અશુભભાવમાં જતું વીર્ય એને નામર્દાઈ દેખાય છે. અને જે પુરુષાર્થ ભગવાન આનંદના સાગરમાં ગયો એ પુરુષાર્થને પુરુષાર્થ, પુરુષનો પુરુષાર્થ તેને ગણે છે. શું કીધું?

મુમુક્ષુની તીવ્ર જિજ્ઞાસા, જેને આત્માના આનંદને વેદવાની જેને ભાવના (છે). હજી તો ધર્મની પહેલી શરૂઆતની પ્રભુ આ તો વાત છે. બાપુ! ચારિત્ર ને એ તો બાપુ! શું કહીએ? બાપા! એ તો આકરી વાતું છે અંદર. એ તો સ્વરૂપના આનંદની રમણતાની ભાન દશા થાય, પછી તેમાં આનંદમાં-અતીન્દ્રિય આનંદમાં, જેમ શેરડીના રસને ગટક-ગટક પીવે, એમ અતીન્દ્રિય આનંદને ક્ષણે ક્ષણે ગટક-ગટક પીવે એનું નામ ચારિત્ર કહેવાય છે. આહાહા..! એ ચારિત્રની સમતા પુરુષાર્થમાં અલૌકિક પુરુષાર્થ છે. એના પહેલા અહીંયાં તો હજી સમકિતના વેદન માટે કહે છે. છતાં પુરુષાર્થ અંદર કામ કરે.

'**આત્માર્થી હઠ ન કરે...**' જુઓ! ધીમેથી કામ લે, ધીરજથી લે. આહાહા..! એકદમ હઠ કરવા જાય તો પણ આ રાગમાં એકાકાર થઈ જશે અને હઠ કરવા જાય તો સ્વભાવનો અનાદર થઈ જશે. આ સહજ વસ્તુ છે એમ લક્ષમાં રાખીને '**આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટઝટ કરવું છે.**' જોયું! આ તો મુદ્દાની વાતું છે, બાપા! આ ધૂળમાં બાહ્યમાં પૈસા ને આબરૂ ને કીર્તિ, કરોડો કે અબજો રૂપિયા બહારના બધા મોભા એ તો મહાણની રાખું છે, બાપા! આહાહા..! શરીરની સુંદરતા અને મકાનની.. આહાહા..! પાંચ-પચ્ચીસ-પચાસ લાખના મકાન, મોટા મોટા કરોડોના મકાનો. એય..! રમણીકભાઈ! એને સીત્તેર લાખનું મકાન છે દરિયાને કાંઠે. એ બધા મકાન બહારના ઠાઠ છે, બાપા! આહાહા..! એ તો મસાણની રાખ્યુંના ઠાઠ છે.

ચૈતન્ય જ્યોતિ ઝળહળ ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર દેવ, જેણે આત્મા અંદર જોયો છે એણે એવો આત્મા જોયો એને એ આનંદનો નાથ છે એને આત્મા જોયો છે. એમાં પુણ્ય અને પાપના ભાવ થાય એને તો પુણ્ય-પાપના તત્ત્વ તરીકે જોયું છે. શરીરની ક્રિયા થાય તેને પરમાત્માએ અજીવતત્ત્વની ક્રિયા જોઈ છે. આહાહા..! એ અજીવની ક્રિયાથી પાર અને શુભ-અશુભ પરિણામ વિકારના ક્રિયાથી પણ પાર. આહાહા..! ૭૩માં આવ્યું છે ને? એનાથી તો પાર પ્રભુ! ઝીણી વાત છે, નાથ! આહાહા..!

આ શરીર, વાણી, મન તો જડ જગતના તત્ત્વો પર છે. એનો તો કોઈ પણ વર્તમાન એનો એક સમયનો પર્યાય આત્મા કરી શકે કે પલટાવી શકે એનો અધિકાર

છે નહિ. એનામાં થતાં પુણ્ય અને પાપના ભાવ એ પણ દષ્ટિ પર ઉપર હોય ત્યારે તેનો કર્તા થાય છે. મુમુક્ષુને જ્યારે અંદર અકર્તાપણામાં આવવું છે... આહાહા..! ત્યારે તેની રુચિ તેનામાં ખસી જાય છે અને ખસીને અંદરમાં જવા માગે છે. અંદરમાં જવા માગીને આહાહા..! હઠ સ્વભાવના કામ ન કરે ત્યાં. ધીરજથી કામ લે. ધીરે-ધીરે. જ્ઞાયકની પર્યાયને, મતિ અને શ્રુત જ્ઞાનની વર્તમાન વર્તતી દશાને અંતરમાં વાળવાનો પ્રયત્ન મુમુક્ષુ કરે છે. આહાહા..! આવી વાતું. ત્યારે તેને આત્મા હાથ આવે અંદરમાં. એ છે ને?

'**હઠ સ્વભાવમાં કામ ન આવે. માર્ગ સહજ છે,...**' આહાહા..! આ તો બહેનોમાં બોલેલા અને લખેલું. એટલે બહાર આવ્યું. નહિતર તો એને કાંઈ.. ભગવાન આત્મા અંદર આનંદ ધામ, અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ અંદર. આહાહા..! જેમ સમુદ્રને કાંઠે સમુદ્રની ભરતી આવે. એમ ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ ભરેલો છે. મુમુક્ષુને તેમાં દષ્ટિ પડતાં તેની વર્તમાન પર્યાયમાં સમુદ્રને કાંઠે ભરતી આવે એમ વર્તમાન પર્યાયમાં આનંદનો સ્વાદ પર્યાયમાં આવે. એ આનંદની ભરતી કહેવામાં આવે છે. તે વખતે દુઃખની બુદ્ધિ, રુચિ ટળી જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું છે પણ બાપુ! શું થાય? આહાહા..! અનાદિનો અણભ્યાસ, જગતનો અભ્યાસ આ દુનિયાનો, અને પાંચ-પચાસ કરોડનું થયું ત્યાં થઈ રહ્યું જાણે કે ઓહોહો..!

એક આપણે શાંતિલાલ ખુશાલ નહિ? ગોવાવાળા. બે અબજ અને ચાલીસ કરોડ. પાનસણાના. એની બહેનની દીકરીયું છે બાળ બ્રહ્મચારી. શાંતિભાઈ ને? શાંતિભાઈ કહે, હું ત્યાં હતો એ વખતે. એને થયું ત્યાં. .. દુઃખ થયું ને. ડોક્ટરને બોલાવો, કહે. આહાહા..! જ્યાં બોલાવવા ગયા... આવ્યા ત્યાં તો દેહ છૂટી ગયો. એના બે અબજ ને ચાલીસ કરોડ અને સાંઈઠ લાખના ત્રણ મકાન ગોવામાં. ચાલીસ લાખનું એક અને દસ દસ લાખના બે. બધા હજીરા પડ્યા રહ્યા. હજીરા સમજાય છે? જામનગરમાં નદીને કાંઠે મુલ્લાના હજીરા છે. આ મુલ્લા નથી લોટિયા વોરા? મોટા હજીરા મોટા હજીરા. નદી કાંઠે જામનગરમાં. એને ત્યાં દાટે. એને હજીરા કહે. એમ અહીં પાંચ-પચ્ચીસ લાખનું મકાન છે એમાં મડદું, આત્માના ભાન વિનાના એ બધા ચાલતા મડદા એના એ હજીરા છે બધા. આહાહા..!

અહીં કહે છે કે એ તો ક્યાંય વાત રહી ગઈ. રાગની મંદતાના ભાવમાં પણ મુમુક્ષુને મૂંઝવણ આવતા અંતરમાં ખસી ન શકે તો ધીરેથી કામ લે. ધીરેથી અંતરમાં જવાનો પ્રયત્ન કરે. આહાહા..! માર્ગ આવો છે, પ્રભુ! ધર્મ એ અંતર માર્ગમાં છે. અધર્મ એ બાહ્યના લક્ષમાં ઉત્પન્ન થયેલા પુણ્ય અને પાપના ભાવ. બેય અધર્મ છે.

બે અધર્મ છે. આહાહા..!

અહીં કહે છે, '**હઠ સ્વભાવમાં કામ ન આવે. માર્ગ સહજ છે, ખોટી ઉતાવળે પ્રાપ્ત ન થાય.**' એકદમ ઉતાવળ કરવા જાય હઠ તો નહિ મળે. ધીરેથી સ્વભાવની મહિમા કરતાં, ધીમેથી રાગની મહિમા ઘટાડતા સ્વભાવ અંદર ભગવાન પૂર્ણ આનંદ છે તેની મહિમામાં ધીમેથી જતાં ઉતાવળ ન કરે. આહાહા..! એને આત્મા પ્રાપ્ત થયા વિના રહે નહિ. એ આ કીધું છે. એ ૩૪મો કીધો. હવે ૩૬ છે ને?

**જે પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે પણ અંતરંગ રુચિને પલટાવતો નથી, તેને માર્ગનો ખ્યાલ નથી. પ્રથમ રુચિનો પલટો કરે તો ઉપયોગનો પલટો સહજ થઈ જશે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે. ૩૬.**

'**જે પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે...**' શું કહે છે? જે આ જાણવા-દેખવાનો જે ઉપયોગ છે ને, મતિ અને શ્રુતનો જાણવા-દેખવાનો પર તરફના વલણવાલો, પરને જાણવા તરફના વલણવાળો વર્તમાન મતિ-શ્રુતનો ઉપયોગ છે એ ઉપયોગને પલટા કરવા માગે છે કે ઉપયોગ બહાર તરફ છે એને અંતરમાં લાવું. '**પણ અંતરંગ રુચિને પલટાવતો નથી,...**' પણ અંદર રુચિમાં એ પલટાવતો નથી. રાગની રુચિની છોડીને ભગવાન આનંદનો નાથ છે અંદર, એની રુચિને પલટાવ્યા વિના ઉપયોગ પલટી શકે નહિ. સમજાય છે કાંઈ? કેમ? કે રુચિ અનુયાયી વીર્ય. જેમાં જેની રુચિ ત્યાં તેનો પુરુષાર્થ કામ કર્યા વિના રહે નહિ, પ્રભુ! આહાહા..!

જેને રાગની રુચિ તો તેનો પુરુષાર્થ ત્યાં કામ કરશે. જેને રાગ વિનાનો ભગવાન આત્મા... ઝીણી વાત તો પડે પ્રભુ! શું થાય? આ ઉપદેશ જ કોઈ બીજી જાતનો છે. ઓલું તો વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને પૂજા કરો. છ પરબી દયા પાળો, છ પરબી બ્રહ્મચર્ય પાળવું એ તો વાત સમજાય. શું સમજવું છે? અનાદિથી કર્યું છે ઈ જાત છે એ તો.

આ તો અંતરના પલટાની વાતું છે, નાથ! એ કહે છે કે ઉપયોગને તું પલટાવવા માગે છો પણ રુચિ નહિ હોય તો ઉપયોગ નહિ પલટે. શું કીધું સમજાણું? આહાહા..! ભગવાન આત્મા પૂર્ણાનંદનો સાગર, એની રુચિ કર્યા વિના તારો ઉપયોગ ત્યાં નહિ જઈ શકે. તું ઉપયોગ એટલે વર્તમાન પરિણામ, જાણવા-દેખવાના પરિણામને પલટાવવા

એટલે અંદરમાં લઈ જવા માગે છો પણ રુચિ વિના એ પરિણામ અંતરમાં નહિ જઈ શકે. સમજાય એટલું સમજવું, પ્રભુ! આ તો ભગવાનનું નિધાન છે. ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ એને મુખેથી નીકળેલી વાણી એ સમકિતી અનુભવીને એ વાણી નીકળે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ કહે છે.

**'ઉપયોગનો પલટો કરવા માગે છે...'** ૩૬મો બોલ. એટલે શું? અંદરમાં જાણવા-દેખવાના જે ભાવ છે તે પર તરફ વલણવાળું છે તેને અંતરમાં વાળવા માગે છે પણ અંતરની રુચિ વિના અંતર તરફનો ઉપયોગ વળી શકશે નહિ. સમજાય એટલું સમજવું, પ્રભુ! આ તો વીતરાગની વાતું છે. અરેરે..! ભરતક્ષેત્રમાં ભગવાનના વિરહ પડ્યા, તીર્થંકરોની હાજરી નહિ, જ્યાં હાજરી છે ત્યાં જન્મ નહિ. અને હાજરી નથી ત્યાં જન્મ. પ્રભુના વિરહ પડ્યા. આહાહા..! એના તો પડ્યા પણ વર્તમાન કેવળજ્ઞાન ઉત્પન્ન થવાનો વિરહ પડ્યો. આહાહા..!

ભગવાનનો વિરહ તો છે પણ આમાં કેવળજ્ઞાન એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી એનામાં શક્તિના સ્વભાવનું સામર્થ્ય છે. એ એક સમયમાં ઉગ્ર પુરુષાર્થથી ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવા કેવળજ્ઞાનની ઉત્પત્તિના ભરતક્ષેત્રમાં પ્રભુ! વિરહ પડ્યા. આહાહા..! એમાં રહ્યા ફક્ત... અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનના પણ વિરહ પડ્યાં. રહ્યું મતિ અને શ્રુત બે. એવા મતિ અને શ્રુતમાં એ ઉપયોગ જે છે તેને તું પલટાવવા અંદરમાં લઈ જવા માગ, પણ રુચિને પલટાવતો નથી તો ઉપયોગ નહિ પલટે. આહાહા..! અંતર ભગવાન આનંદ સ્વરૂપ છે એની રુચિ નહિ કર તો પર તરફનો જે ઉપયોગ છે તે સ્વ તરફમાં નહિ ઢળી શકે. આવું છે. ધીરુભાઈ! કોઈ દિ' આવું સાંભળ્યું ન હોય ક્યાંય ન્યાં. ધૂળના ધમાહા. એમાં વળી પાંચ-પચાસ લાખ, પાંચ-પાંચ લાખ પેદા થતા હોય મહિને, પાંચ-છ-દશ છોકરા હોય ને જાણે કે ઓહોહો..! શું વધી ગયા અમે ક્યાં રહ્યા. ધૂળમાંય નથી, સાંભળને!

અંદર ત્રણ લોકના નાથ, જેની મહિમાના પાર ન મળે, જેની મહિમા સર્વજ્ઞના મુખની વાણીમાં પણ પૂરી આવે નહિ, એવા નાથ ઉપર જતો નથી. એના તરફ વલણ અને આહાહા..! રુચિ કરતો નથી અને ઉપયોગને પલટાવા માગે છો, એ નહિ પલટે. આહાહા..! રુચિ અનુયાયી વીર્ય. જો રુચિ રાગની રહેશે તો વીર્ય ત્યાં કામ કરશે. રુચિ જો જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળમાં હશે તો વીર્ય ત્યાં કામ કરશે. કેમ કે રુચિ અનુયાયી વીર્ય એટલે કે જેને જેની જરૂરિયાત જણાય તેમાં તેનો પુરુષાર્થ કર્યા વિના રહે નહિ. સિદ્ધાંત સમજો ત્રિકાળી. જેને જેની જરૂરિયાત જણાય તેમાં તેનો વીર્ય-પુરુષાર્થ કર્યા વિના રહે નહિ. એમ આત્માના આનંદની રુચિની જરૂરિયાત જો

જણાય તો તે તરફ પુરુષાર્થ વળ્યા વિના રહે નહિ. આહાહા..! આ કઈ જાતનો ઉપદેશ છે? કઠણ પડે. સાંભળવા .. તમે શું સાંભળ્યું આમાં? કોણ જાણે કોની વાતું કરતા હતા? એક આમ ને એક આમ. બાપુ! મારગડા પ્રભુ! એ ત્રણ લોકના નાથ તીર્થંકર એના મારગડા કોઈ અલૌકિક છે. આહાહા..!

એ અહીં કહે છે, **'રુચિને પલટાવતો નથી, તેને માર્ગનો ખ્યાલ નથી.'** જાણવાનો ઉપયોગ છે તેને તું પલટાવા માગે છો પણ અંદર વસ્તુની રુચિ કરતો નથી અને રુચિ રાગની ખસતી નથી. આહાહા..! તેને માર્ગનો ખ્યાલ નથી. આહાહા..! **'પ્રથમ રુચિનો પલટો કરે તો ઉપયોગનો પલટો સહજ થઈ જશે.'** છે? આ વસ્તુ છે. **'પ્રથમ રુચિનો પલટો કરે...'** જે પુણ્ય અને પાપના ભાવનું પોષણ છે, એની રુચિના પોસાણમાં પડ્યો છે એનો માલ એને પોસાય છે. આહાહા..! વાણિયાને પણ માલ પોસાય ત્યાંથી લાવે. અઢી રૂપિયાનું મણ હોય અને ઘરે આવીને ત્રણ રૂપિયા, પોણા ત્રણનું દે. પણ અઢી રૂપિયાનું લઈને અને અહીંયાં સવા બે ઉપજતા હોય એ માલ પોસાય? એમ અહીંયાં પોસાણ કરે રાગનું અને પુરુષાર્થ વળે અંતરમાં. એમ ન થઈ શકે, પ્રભુ! આહાહા..! તારી દુનિયા તરફના વલણના પોષાણની રુચિ છોડી.. આહાહા..! પ્રથમ રુચિનો પલટો કર. આહાહા..! તારી રુચિમાં એ ગોઠતું તત્ત્વ ત્યાં લઈ જા. ત્યાં રુચિમાં ભગવાન ગોઠે, રાગ ન ગોઠે એ રીતે રુચિ કર. આહાહા..!

**'રુચિમાં પલટો કરે તો ઉપયોગનો પલટો સહજ થઈ જશે.'** આહાહા..! એક બાય હતી. નવી મા હતી. અને એને દીકરો હતો. પૈસાવાળા હતા. પછી એની માના.. એની વહુ જોવા ગયા. જોવા ગયા એટલે વહુના લૂગડા એની નવી મા હતી એણે પહેરેલા. એ પહેરીને સૂતેલી. એમાં આને જરી વિષય વાસના થઈ. એટલે આ લૂગડા પહેરેલી દેખીને તો વહુ લાગે છે. એટલે જરી પગ માર્યો. ત્યાં હતા તો નવી મા. એ સમજી ગઈ. ભાઈ! વહુ ન્હાવા ગયા છે. જે અંદર રુચિ હતી કે કાંઈક આમ કરુ. ત્યાં રુચિ એકદમ ગુલાંટ ખાઈ ગઈ. આ બનેલું છે, હોં! ... ઓલા લૂગડા દેખ્યાને એટલે એને ખબર ન પડી કે આ વહુ છે કે મા છે. જ્યાં પગ એને (અડાડે છે), કેમ ભાઈ? કેમ દીકરા? વહુ ગયા છે ન્હાવા. આહાહા..! ગુલાંટ ખાઈ ગઈ રુચિ. જે વિષયની વાસનાનો રસ હતો એ ઊડી ગયો. ફડાક દઈને ઊડી ગયો. અરેરે..! ભલે નવી મા પણ માતા છે ને. રસ ઊડી ગયો એકદમ. એમ જેને અંતરમાં રાગના રુચિના પ્રેમમાં સૂતો છે એને જગાડવો હોય તો તેની રુચિને ગુલાંટ ખવરાવ. આહાહા..! એ ત્રણ કાળનો નાથ અંતર પડ્યો છે પ્રભુ, તું સચ્ચિદાનંદ પ્રભુ છો. 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' એ વીતરાગી વચન

છે. કેમ કે વીતરાગપણું જ્યારે બારમે-તેરમે ઉત્પન્ન થાય છે એ કાંઈ બહારથી નથી આવતું. અંદરમાં છે, પ્રભુ! અંદરમાં છે. પણ તારી તને મોટપ સૂઝતી નથી. કેમ કે એને પરની મોટપ ખસતી નથી અને પરની મોટપના અનાદિથી અભ્યાસને લઈને અંદર મહાપ્રભુ છે તેની મોટપની એને ખબર પડતી નથી. આહાહા..! એટલે કહે છે કે પહેલી રુચિ પલટાવ. પોષાણ ભગવાન આત્માનું કર, રાગનું પોષાણ છોડી દે. એ માલ નહિ પોષાય તને. આહાહા..! તેનું પોસાણ છોડી દે. અરે..! કેમ છોડે? આહાહા..!

કરવાનું આ છે. પરની રુચિનું પોષાણ પ્રભુ! એકવાર છોડી દે. અને અંતરનો નાથ અંદર સચ્ચિદાનંદ પ્રભુ એની રુચિનું પોષાણ પહેલું કર તો પલટો સહજ થઈ જશે. એ મતિ અને શ્રુતજ્ઞાન ઉપયોગ ત્યાં જામી જશે જ્ઞેયમાં. જે વસ્તુની રુચિ કરી હશે તો તે મતિ અને શ્રુતનો જે ઉપયોગ બહાર તરફ વળે છે તે અંદરમાં વયો જશે. ધીરુભાઈ! આવી વાતું છે, બાપુ! આ તો ભગવાનની કોલેજ છે. વીતરાગ ત્રણ લોકનો નાથ મહાવિદેહમાં બિરાજે છે. એમની આ વાતું છે બધી. બહેન કહે છે કે એ બહેન ત્યાંથી આવ્યા છે. અનુભવમાંથી પછી કહે છે. આહાહા..! અણભ્યાસે કઠણ લાગે પણ એનો અભ્યાસ અને રુચિ કરે તો એ વસ્તુ પોતાના ઘરની છે. ઘરની રુચિ કરે તો ઉપયોગ ત્યાં વળ્યા વિના રહે નહિ. એમ કહ્યું ને?

'**માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે.**' જોયું! રુચિ બીજે રહે... આહાહા..! પૈસા, દિકરા, દીકરીયું, શરીર, આબરૂ, કીર્તિ, પૈસા, ભંડાર, પટારા, મકાન એમાં ક્યાંય પણ રુચિ રોકાય અને ઉપયોગ અંદરમાં વળે, એ નહિ થાય પ્રભુ! નહિ વળે. મીઠાલાલજી! આહાહા..! એ પુરુષાર્થને અંદરમાં વાળવો હોય તો, રુચિ કર પહેલી. આ એક ચીજ તે મહાપ્રભુ છે ચૈતન્ય. અતીન્દ્રિય આનંદનું દળ છે, અતીન્દ્રિય જ્ઞાનનો સાગર છે. અરે..! આકાશના પ્રદેશની સંખ્યા કરતા એમાં અનંતા ગુણનું ગોદામ પ્રભુ છે. આહાહા..! અરે..! કેમ બેસે?

આ મુંબઈમાં કેસરના અને બદામના ગોદામ હોય છે ને મોટા? માલ લેવા આવતાને જ્યારે અમે. (સંવત) ૧૯૬૬, ૬૭, ૬૮ની વાતું છે. દુકાન પાલેજમાં હતી ને? છે ને હજી દુકાન છે. પાલેજમાં દુકાનનો માલ લેવા આવતા ત્યારે કેસરના ડબા લેવા ગયા હતા. વખારમાં હજારો કેસરના ડબ્બા ભર્યા હતા. હજારો ડબા મોટા કેસરના હતા. ઘણાં વર્ષ થઈ ગયા. એ જેમ અંદર કેસરના ડબ્બા ભર્યા છે, એમ આ ભગવાનમાં અનંત આનંદ, શાંતિના ડબ્બા ભર્યા છે. એ અનંત ગુણના ઓરડા ભર્યા છે, પ્રભુ! અરે..! કેમ બેસે? અનંત અનંત ગુણના રતનના ઓરડા અંદર છે. એની જો રુચિ

કર તો તારો વર્તમાન ઉપયોગ ત્યાં ગયા વિના રહેશે નહિ. આહાહા..! માર્ગને પામવાની '**વિધિનો આ ક્રમ છે.**' એ વિના બીજું આમ કરીએ અને વ્રત કરીએ, ભક્તિ કરીએ, પૂજા કરીએ, દાન, દયા કરીએ પછી સમકિત થશે. એ વાતમાં માલ નથી, પ્રભુ! આકરું પડશે, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, નાથ! પણ વસ્તુ તો જે હોય એ આવે. બાપુ! (બીજું) ક્યાંથી આવે? એ ૩૬. ૩૬ થયો ને? આહાહા..!

**અંતરનાં તળિયાં તપાસીને આત્માને ઓળખ. શુભ પરિણામ, ધારણા વગેરેનો થોડો પુરુષાર્થ કરી 'મેં ઘણું જ કર્યું છે' એમ માની, જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે. અજ્ઞાનીને જરાક કાંઈક આવડે, ધારણાથી યાદ રહે, ત્યાં તેને અભિમાન થઈ જાય છે; કારણ કે વસ્તુના અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી; તેથી તે બુદ્ધિના ઉઘાડ આદિમાં સંતોષાઈ, અટકી જાય છે. જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી. પૂર્ણ પર્યાય પ્રગટ થાય તોપણ સ્વભાવ હતો તે પ્રગટ્યો તેમાં નવીન શું? તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી. ૪૫.**

હવે ૪૫. ૪૫. આહાહા..! '**અંતરના તળિયા તપાસીને આત્માને ઓળખ.**' ભારે આકરું. આ બહેનના વચન છે. રાગ અને પુણ્ય-પાપના ભાવ ઉપર ઉપર મેલ છે. એને જાણનારી પર્યાય પણ ઉપર ઉપર છે. એ પર્યાયનું તળ આ બાજુમાં તળિયું ભોયરું, તળિયું એ ઊંડું છે. શરીર, વાણી, મન તો ક્યાંય એને કારણે રહ્યા, એને કારણે કામ થાય અને એને કાળે એ છૂટી જશે. અહીં તો અંદરમાં પર્યાય જે છે-અવસ્થા જીવની-એ પર્યાયને તળે તળિયે ધ્રુવ ધ્રુવ ભર્યું છે. એક સમયની પર્યાય... ભાષા તો સાદી છે પણ માલ (ભર્યો છે). શું થાય? આહાહા..! એ વર્તમાન જે પર્યાય જાણવાનું કામ કરે છે ને? એ ક્ષણિક દશા છે. એ ક્ષણિક દશાને અંતર જે ધ્રુવ પડ્યું છે તે તેનું તળિયું છે. છે?

'**અંતરના તળિયા તપાસીને...**' ભગવાન અંદર ધ્રુવ છે. એક સમયની પર્યાય જેટલો નથી. એ પુણ્ય ને પાપના રાગ જેટલો તો નથી એ તો એમાં છે જ નહિ.. આહાહા..! પણ એની એક સમયની જે રાગને જાણનારી વર્તમાન જ્ઞાનની પ્રગટ દશા (છે), તેટલો એ આત્મા નથી. એ પ્રગટ દશા જે જ્ઞાનની વિચારધારા ચાલે

છે પલટતી, એ પલટતી પર્યાયને તળીયે અંદરમાં.. આહાહા..! પર્યાયની અંદરમાં તળિયું એટલે ધ્રુવ પડ્યું છે અંદર.

**'અંતરના તળિયા તપાસીને...'** આહાહા..! ભગવાન એક સમયની પર્યાયમાં ઓળખવાનું જે તળિયું છે. ત્રિકાળી તત્ત્વ જે જ્ઞાયકનો આનંદનો સાગર એના તળિયાને તળમાં ધ્રુવને તપાસીને **'આત્માને ઓળખ.'** આરે..આરે..! આવી વાતું છે. હવે આમાં નવરાશ ક્યાં મળે? ધંધા આડે નવરાશ ન મળે. છ-આઠ કલાક ઊંઘમાં જાય. છ-આઠ કલાક ધંધામાં જાય. બે-ચાર બાયડી-છોકરાને રાજી રાખવામાં જાય. અરરર..! વખત જાય, પ્રભુ! એકાદ કલાક મળે તો સાંભળવા જાય ત્યાં કાંઈક ઊંધા જ રસ્તા મળે સાંભળવાના. તમે આ વ્રત કરો ને તપસ્યા કરો ને ભક્તિ કરો ને થાશે. એ તો બધા રસ્તા ઊંધા છે, ભાઈ!

અહીં તો વર્તમાન જ્ઞાનની જે દશા.. આહાહા..! એ ધ્રુવ જે ચીજ છે કાયમી, એમાં એ વર્તમાન પર્યાય ઉપર તરે છે. પાણીનું તરંગ જે ઉઠે છે એ પાણીમાં ગરતું નથી. ઊભું છે ઈ, હોં! પાણીનું જે તરંગ છે એ અંદર પાણીના દળનું એ નથી. અને દળમાં એ તરંગ નથી. અને એ તરંગમાં પાણીનું દળ આવ્યું નથી. આહાહા..! આવી વાતું. એમ આત્માની જ્ઞાનની વર્તમાન પર્યાય જે જાણવાનું કામ પલટતું-પલટતું કરે છે. પલટતી અવસ્થા. એ અવસ્થાને તળિયે લઈ જા, કહે છે. એ પર્યાયની પાસે ધ્રુવ તત્ત્વ ભગવાન પડ્યો છે. અંતર આત્મા સચ્ચિદાનંદ પ્રભુ નિત્યાનંદ. આહાહા..! એને તળિયે જઈને તપાસ કર એ કોણ છે? આવું છે...

**'અંતરનાં તળિયાં તપાસીને...'** તળિયાં તપાસીને. ત-તા આવ્યા, બેય ત-તા. **'અંતરના તળિયાને તપાસીને આત્માને ઓળખ. શુભ પરિણામ, ધારણા વગેરેનો થોડો પુરુષાર્થ કરી...'** આહાહા..! શુભ પરિણામ કરે જરી દયાના, વ્રતના, ભક્તિના (તેનો) પુરુષાર્થ કરી **'મેં ઘણું જ કર્યું છે...'** એમ રહેવા દે, પ્રભુ! આહાહા..! થોડીક જ્યાં દયા પાળી, વ્રત લીધા, બ્રહ્મચર્ય પાળ્યું શરીરથી, એ તો બધા શુભભાવ છે. એ શુભભાવ કરીને એણે એમ માન્યું ઘણું મેં કર્યું. જે શુભરાગ છે, પુણ્ય છે, પ્રભુ! એ પુણ્યની પાછળ, પુણ્યના ભાવને પ્રભુ અડ્યો નથી. એ પુણ્યના ભાવ પ્રભુને અડતા નથી. અંદર ચૈતન્ય ધ્રુવ સત્તા છે. અનાદિઅનંત વસ્તુ છે પ્રભુ! છે તેની આદિ હોય નહિ, છે તેનો નાશ ન હોય, છે તેના સ્વભાવથી વર્તમાનમાં ખાલી ન હોય. સમજાય છે કાંઈ આમાં? આહાહા..!

કહે છે, એવી થોડી ધારણા કરી જાણવાની, કાં શુભભાવ કાંઈક કર્યો. દેવદર્શન કર્યા, સામાયિક કરી, પોષા કર્યા, પડિક્કમણા કર્યા એ તો શુભભાવ છે. એ કોઈ

વસ્તુ નથી, બાપુ! **'મેં ઘણું જ કર્યું છે એમ માની, જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે.'** આહાહા..! એને આગળ જવું જોઈએ અંદરમાં (તેને બદલે) એ ત્યાં અટકી ગયો. આહાહા..! બાયડી-છોકરા છોડ્યા, દુકાન-ધંધા છોડ્યા કેટલું કર્યું અમે. શું કર્યું છે? બાપુ! એક તો પ્રભુ આત્મામાં પરના ત્યાગ અને ગ્રહણથી શૂન્ય એનો સ્વભાવ છે. તેથી પરનો ત્યાગ કરું એ માન્યતા જૂઠી છે. એ શું કીધું? ત્યાગ ઉપાદાનશૂન્યત્વશક્તિ એવો ૪૭ શક્તિમાં એક ગુણ છે.

આત્મા પ્રભુ છે એક, એમાં અનંત સંખ્યાવાળા ગુણ છે. એમાં એક ગુણ એવો છે કે ત્યાગઉપાદાનશૂન્યત્વ. પરનો ત્યાગ અને પરનું ગ્રહણ એનાથી તે શૂન્ય છે. કોઈ દિ' પરને ગ્રહ્યો નથી અને પરને છોડતો નથી. એ તો પરથી તદ્દન ભિન્ન જ છે. આહાહા..! એમાં જ્યાં થોડું બહારનું છોડ્યું, દુકાન છોડી, ધંધા છોડ્યા કે અમે ઘણું કર્યું. અરે.. બાપુ! કાંઈ નથી કર્યું, ભાઈ! આહાહા..! આવી વાતું છે. એ.. ચીમનભાઈ!

**'જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે.'** આહાહા..! **'અજ્ઞાનીને જરાક કાંઈક આવડે, ધારણાથી યાદ રહે, ત્યાં તેને અભિમાન થઈ જાય છે;...'** આહાહા..! મને આટલું આવડ્યું, મને આટલું બોલતા આવડે છે. બાપુ! એ શું ચીજ છે? એ તો પરલક્ષીજ્ઞાન છે ધારણાનું. એ કોઈ ચીજ નથી. આહાહા..! એ પરલક્ષી જ્ઞાનના ભાવના લક્ષને છોડી અને અંતર ચૈતન્યમૂર્તિ તરફ લક્ષ કરીને જે જ્ઞાન થાય તેને જ્ઞાન ભગવાન કહે છે અને તે જ્ઞાન ભવના અંતનું કારણ છે. બાકી પરનું જ્ઞાન ધારણા એ કોઈ ભવના અંતનું કારણ નથી. વિશેષ કહેશે...

**ચૈત્ર વદ ૭, ગુરુવાર, તા.૧૯-૪-૧૯૭૯**
**બોલ- ૪૫, ૬૦ પ્રવચન-૭૬૫**

વચનામૃત. ૪૫ બોલ. ફરીને. થોડું ચાલ્યું છે. બહેનની ભાષા સાદી છે. પણ શૈલી અંદર આત્મા શું છે ધ્રુવ તેને .. વાત છે. આહાહા..! એ છે ને? '**અંતરના તળિયા તપાસીને...**' આહાહા..! એટલે શું? આત્મા એ શરીર, વાણી, મનથી તો કાંઈ જુદી ચીજ છે. પુણ્ય અને પાપાન ભાવ છે એનાથી એ તદ્દન જુદી ચીજ છે. પણ તે રાગને જાણનારી જે જ્ઞાનની વર્તમાન અવસ્થા એનાથી પણ અંતરમાં અંતર તત્ત્વ તદ્દન જુદું છે. આહાહા..! એ તળિયાં તપાસીને. .. ઝીણી વાત છે, પ્રભુ!

'**અંતરના તળિયા તપાસીને...**' અંદરમાં ધ્રુવને જોઈને. જોનાર છે પર્યાય. પણ જોવે છે તે ધ્રુવ તળિયું. જેનું તળ અંદર, અંદર દળ અનંત અનંત ગુણનું દળ જે છે તેના અંતરમાં તળિયા તપાસીને. આહાહા..! આ તો સમ્યગ્દર્શન પ્રથમ પહેલાની વાત છે, ભાઈ! '**આત્માને ઓળખ.**' અંતરમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ તળિયામાં નામ એક સમયની વર્તમાન પર્યાયની સમીપમાં અંતર્મુખ એ તળિયાને તપાસ. '**આત્માને ઓળખ.**'

'**શુભ પરિણામ,...**' કાંઈક થયા અને '**ધારણા...**' કાંઈક થઈ. શાસ્ત્રના જાણપણાની કાંઈક ધારણા થઈ '**વગેરેનો થોડો પુરુષાર્થ કરી...**' જોકે એ પુરુષાર્થ યથાર્થ નથી. પણ થોડો એ પોતાએ માન્યું છે કે મેં પુરુષાર્થ કર્યો. શુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ. અને શાસ્ત્રના કાંઈક પલાખા પણ શીખ્યો. આહાહા..! '**મેં ઘણું જ કર્યું છે...**' એને એમ થઈ જાય છે અનાદિથી કે મેં ઘણું કર્યું. એને આખો ભગવાન તળમાં રહી જાય છે એની એને ખબર નથી. આહાહા..! મેં ઘણું કર્યું એમ કહે. શુભભાવ કર્યા, શાસ્ત્રની વાતને મેં ધારી છે, ધારણા કરીને હું કહી શકું છું. એવી વાતમાં અટકીને. આહાહા..!

'**જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે.**' આહા..! જ્યાં જવું છે ત્યાં નજર કરતો નથી. ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! પર્યાયની એક સમયની જે દશા એની અનાદિથી પર તરફની દિશા, પર્યાયની દશા પર તરફની દિશા તરફ વળેલી છે. એ પર્યાયની દશા અંતરની દશા તરફ વાળવાની છે. અંતર્મુખ દિશા તરફ વાળવાની છે. આરે..! આવી વાતું છે. એમ ન કરતાં પર્યાયમાં કાંઈક શુભ દયા, દાન, વ્રત,

ભક્તિ, પૂજા કરી, કાંઈક શાસ્ત્રના ધારણાના બોલો ધાર્યા, ત્યાં એમ માની ઘણું મેં કર્યું. '**જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે.**' અટકવાના બોલ અનંત અને છૂટવાનો બોલ એક. શું કહ્યું? આમ બહારમાં અટકવાના બોલ અનંત. અનેક પ્રકારના શુભરાગ, અનેક પ્રકારના અશુભરાગ, અનેક પ્રકારની શાસ્ત્રની ધારણાની વાતું એવા બહાર તરફના વળવાના પ્રકાર અનંત છે. અંતરમાં વળવાનો એક જ પ્રકાર છે. આહાહા..! એ ત્યાં ન જતાં ત્યાં અટકી જાય છે.

'**અજ્ઞાનીને જરાક કાંઈક આવડે, ધારણાથી યાદ રહે,...**' ધારણાથી. અનુભવથી નહિ. આહાહા..! આવી વાતું. '**ત્યાં તેને અભિમાન થઈ જાય છે; કારણ કે વસ્તુના અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી;...**' આહાહા..! એ શુભરાગ અને શાસ્ત્રના ધારણાની વાતથી અગાધ ચૈતન્ય ભિન્ન અંદર છે. જેના તળિયા જોવા તો અનંત પુરુષાર્થ જોઈએ. આહાહા..! જેને પડખું ફેરવવું છે. જે આમ પર્યાયમાં રાગ અને પર તરફને પડખે ઊભો છે અનાદિથી એને આમ વાળવો છે, પ્રભુ! એને પડખું ફેરવવું છે. એ પડખું ન ફેરવતાં ત્યાં જ અટકી રહે છે અને અભિમાન થઈ જાય છે. આહાહા..!

'**વસ્તુના અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી;...**' આહાહા..! અપાર ચૈતન્ય પ્રભુ, જેની શક્તિમાં ગુણની સંખ્યાનો તો પાર નહિ, પણ જેના એક એક ગુણની અનંતી પર્યાય થાય અને એક એક ગુણમાં અનંતા ગુણનું રૂપ, એવો અનંત અનંત એક ગુણની તાકાત અનંતી. એવા અનંત ગુણનું અગાધ તત્ત્વ ભગવાન એના તરફમાં જવાનો પ્રયત્ન કરતો નથી. આહાહા..! છે? '**વસ્તુના અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી;...**' જાણે કે શુભભાવ કાંઈક કર્યો (અને) ધારણા કાંઈક થઈ એટલે થયું આપણને. આહાહા..! પ્રભુ! એ ધારણા અને શુભરાગથી અગાધ સ્વભાવ અંદર ભગવાન પૂર્ણાનંદના નાથને તપાસવા, અંદર જોવા નજરું કરી નથી. આહાહા..! એ માટે...

'**તેથી તે બુદ્ધિના ઉઘાડ આદિમાં સંતોષાઈ, અટકી જાય છે.**' એટલે શુભભાવમાં અટકી જાય છે અને એક ધારણાના જ્ઞાનમાં અટકી જાય છે. એથી એને અગાધ એવો જે ભગવાન આત્મા.. આ તો સાદી ભાષા છે બહેનની તો. દીકરીયુંએ લખ્યું છે, બોલાઈ ગયું છે. ૬૪ દીકરીયું બાળ બ્રહ્મચારી છે. રાત્રે .. બોલાણું અને એનું લખેલું બહાર આવ્યું. આહાહા..! પ્રભુ! તું અગાધ શક્તિનો ધણી છો, નાથ! તને એક શુભભાવ અને ધારણાની દશામાં તને અભિમાન થઈ જાય અને ત્યાં તું રોકા અને મેં ઘણું કર્યું એમ મનાઈ જાય (એમાં) અગાધ તત્ત્વ ભગવાન છે તે રહી જાય છે. આહાહા..! છે? '**આદિમાં સંતોષાઈ, અટકી જાય છે.**' આહાહા..!

**'જ્ઞાનીને...'** ભગવાન પૂર્ણાનંદનું સ્વરૂપ એવું શુદ્ધ ચૈતન્યઘન જિન સ્વરૂપ તેના તરફનો ભાવ ન કરતાં બુદ્ધિમાં રોકાઈ ગયો. જ્ઞાનીને તેમ થતું નથી. **'જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી...'** પૂર્ણ સ્વરૂપ... પૂર્ણ સ્વરૂપ. બાપુ! પૂર્ણ શું કહેવું? આહાહા..! પૂર્ણતાના બે પ્રકાર છે. એક વર્તમાન પર્યાયમાં પૂર્ણ દશા પ્રગટ થાય એ સાધ્ય છે અને એક સમયમાં ભગવાન પૂર્ણ છે તે ધ્યેય છે. વાતું જુદી જાતની છે, બાપા! બે પ્રકારની પૂર્ણતા આત્મામાં છે. એક તો પૂર્ણ પવિત્ર એટલે ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... પૂર્ણ સ્વરૂપ છે. જ્ઞાનીને ધ્યેયમાં પૂર્ણ સ્વરૂપ છે. દૃષ્ટિનો વિષય જે ધ્રુવ છે ત્યાં જ્ઞાનીની દૃષ્ટિ ચોંટી ગઈ છે. અને તેથી તેને પૂર્ણતાના લક્ષને લઈને, પૂર્ણતા પર્યાયમાં જ્યાં સુધી ન આવે ત્યાં સુધી સ્વદ્રવ્યનો આશ્રય છોડે નહિ. આહાહા..! આવું છે. માર્ગ તો એવો છે, ભાઈ! આહા..! અનંત કાળથી કંઈક ને કંઈક બહાના અટકવાના અનંતામાં અટકીને રોકાઈ ગયો છે. પણ અગાધ સ્વભાવ જે ભગવાન આત્મા (તેને ઓળખ્યો નહિ). આહાહા..!

**'જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી.'** એટલે શું? ત્રિકાળી અખંડાનંદનો નાથ જેની દૃષ્ટિમાં આવ્યો સમકિતીને, (તેને) પર્યાયમાં ચાર જ્ઞાન ઉઘડે અને યથાખ્યાત ચારિત્ર થાય તો પણ તે ત્યાં અટકતો નથી. આહાહા..! પૂર્ણ જ્યાં સુધી કેવળજ્ઞાન અકંપ દશા આત્માની પૂરી ન થાય ત્યાં સુધી સાધ્યના લક્ષે (આગળ વધે છે). સાધ્યનું લક્ષ છે અને દ્રવ્યનું ધ્યેય છે. ત્રિકાળી એટલે કહ્યું હતું ને. ... પ્રભુનો માર્ગ કોઈ જુદો છે.

અંદરમાં ભગવાન પૂર્ણાનંદના નાથનું ધર્મીને ધ્યેય છે અને પ્રગટ કરવામાં પૂર્ણ કેવળજ્ઞાનનું સાધ્ય છે. સમજાય છે કાંઈ? આહાહા..! ધર્મીને એની દૃષ્ટિમાં પૂર્ણ સ્વરૂપ પૂર્ણ ઈદં-આખું ચૈતન્ય દ્રવ્ય જે છે વસ્તુ છે તે તેનું ધ્યેય અને તે તેનું લક્ષ છે. અને એમાંથી પ્રગટ કરવું પૂર્ણ સ્વરૂપ તે તેનું સાધ્ય છે. તેથી થોડી દશા પ્રગટી છે ત્યાં તે સંતોષાઈ જતો નથી. આહા..!

સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં તો એમ કહ્યું છે. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા. આત્મા પૂર્ણાનંદનો નાથ જ્યાં દૃષ્ટિમાં આવે છે અને એનું જ્ઞાન અને રમણતા પણ અંશે ભલે આવી, પણ એ કેવળજ્ઞાનની અપેક્ષાએ પોતાને તૃણ સમાન જાણે છે. આ તો હજી અંતરના ભાન વિનાના ધારણા અને શુભભાવમાં સંતોષાઈ જઈને ત્યાં અટકીને ઊભો રહે છે. ત્યારે ધર્મી પૂર્ણના ધ્યેયની દૃષ્ટિ પડી હોવાથી પૂર્ણ જ્યાં સુધી ન પ્રગટે ત્યાં સુધી અપૂર્ણ પર્યાયને પામર તરીકે પોતે તેને જોવે છે. આહાહા..! પૂર્ણ પ્રભુને પ્રભુતા તરીકે જોવે છે અને પર્યાયને પામર તરીકે જાણે છે. મારે તો ઘણું

કરવાનું બાકી છે હજી. આહાહા..! ભાષા આવી સાદી છે પણ ભાવ જરી ઝીણા છે. સમજાય છે?

અહીંયાં કહે છે કે '**જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી.**' અંશ એટલે પ્રગટેલી દશા. ભલે સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, સ્વરૂપના આચરણની એકાગ્રતા પણ વધી છતાં ત્યાં તે અટકતો નથી. આહાહા..! પૂર્ણ પર્યાય પ્રગટ થાય... ત્યાં તો અટકતો નથી પણ પૂર્ણ પર્યાય પ્રગટ થાય, પૂર્ણ દશા પ્રગટ થાય, કેવળજ્ઞાન પ્રગટ થાય '**તોપણ સ્વભાવ હતો તે પ્રગટ્યો તેમાં નવીન શું**?' આહાહા..! ત્રણ લોકનો નાથ અંદર સર્વજ્ઞ સ્વભાવે બિરાજમાન (છે). એની પર્યાયમાં સર્વજ્ઞતા આવી એ કોઈ નવી ચીજ નથી. એ તો છે તે પ્રગટ્યું અંદરથી. આહાહા..! બહુ ઝીણી વાતું, બાપા! વીતરાગનો ઉપદેશ અંતરનો બહુ ઝીણી વાત છે. લોકોને બહારથી મળી અને ત્યાં રોકાઈને ત્યાં ને ત્યાં જીવન ગાળે છે. જીવન ચાલ્યા જાય છે, પ્રભુ! આહા..!

અહીં કહે છે કે ધર્મીને '**પૂર્ણ પર્યાય પ્રગટ થાય તોપણ સ્વભાવ હતો તે પ્રગટ્યો તેમાં નવીન શું**?' આહાહા..! અનંત જ્ઞાન અને અનંત આનંદનો મારો સ્વભાવ, અનંત શાંતિ અને અનંત પવિત્રતા, અનંત સ્વચ્છતા, સ્વચ્છતા એવો જે પ્રભુનો સ્વભાવ એ તો પર્યાયમાં મારા દ્રવ્યને આશ્રયે પ્રગટ્યો. એ તો હતો એ પ્રગટ્યો એમાં કાંઈ નવીન નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! બહેન તો બેનું-દીકરીઓમાં આમ બોલ્યા છે. એ અંતરની વાતું છે. આહાહા..!

'**તોપણ સ્વભાવ હતો તે...**' '**સ્વભાવ હતો તે પ્રગટ્યો...**' વજન અહીં છે. સર્વજ્ઞને અનંત આનંદ પ્રગટે દશામાં તો પણ એ સ્વભાવ હતો, હતો તે પ્રગટ્યો છે. એ છતી ચીજ સત્‌ની સત્તા, પોતામાં સત્‌ની સત્તા પૂર્ણ હતી તે પર્યાયમાં પૂર્ણ આવી છે. તે હતો તે આવ્યો છે. એમાં કાંઈ એની નવીનતા જ્ઞાનીને વિશેષ લાગતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**નવીન શું? તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી.**' આ કારણે. આહાહા..! ભલે ચોથે ગુણસ્થાને સમકિતી હો. બાળક આઠ વર્ષની કન્યા પણ સમ્યગ્દર્શન પામી શકે છે. એવું જ અંદર .. તત્ત્વ છે ને. એ શરીરની દશા, રાગની દશા એ તો તદ્દન ભિન્ન છે. એને જ્યાં આ ભાન થાય છે સ્વસંવેદન, ત્યારે એને આગળ વધતાં પૂર્ણ દશા થાય.. સ્ત્રીના શરીરને તો પૂર્ણ ન થાય. પણ પુરુષનું શરીર હોય અને પુરુષને પૂર્ણ થાય તો પણ હતું તે આવ્યું છે. કૂવામાં હતું એ અવેડામાં આવ્યું. અવેડો શું કહે છે તમારે? અવેડો કહે છે ને આપણે? શું કહે મીઠાલાલ તમારે? કૂવામાંથી..

એમ અંદર ભગવાન પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા એ પણે તો હતો. એ પણે તો છે, એ રૂપે છે, એ એનું સ્વરૂપ છે. હતું તે પ્રગટ્યું. આહાહા..! આવી વાતું છે, ધીરુભાઈ! આહાહા..!

તેથી ધર્મીને અભિમાન પર્યાયમાં પૂર્ણ થાય તો પણ ત્યાં તેને અભિમાન થતું નથી. એ તો પૂર્ણ દશા મારો નાથ પૂર્ણપણે છે સત્તામાં એના હોવાપણામાં, એના.. આહાહા..! મોજૂદગીમાં, મારી મોજૂદગીનું જે તત્ત્વ છે તેમાં તો પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન, સ્વચ્છતા, પ્રભુતા પડી હતી એ મોજૂદગીમાંથી હતું તેમાંથી આવ્યું છે આ તો. આહાહા..! એમ કહેતા રાગથી તો એ થયું આવ્યું નથી, પણ પૂર્ણ પર્યાય મોક્ષમાર્ગથી પણ આવી નથી, એમ કહે છે. આહાહા..! શું કહ્યું ઈ?

કેવળજ્ઞાન થાય એ રાગથી તો થતું નથી પણ મોક્ષનો જે માર્ગ છે એનાથી કેવળજ્ઞાન થતું નથી. એ તો અંદર હતું તે ત્યાંથી આવ્યું છે. આહાહા..! આવી વાતું હવે. એમાં આ મુંબઈ નગરી. ભગવાન આત્મા ક્યાં મુંબઈ નગરીનો છે? એ રાગનો પણ જ્યાં નથી, ભગવાનની ભક્તિ અને ભગવાનના સ્મરણનો રાગ એનો પણ જ્યાં એ નથી તો વળી નગરી-ફગરીનો આત્મા ક્યાંથી આવે? આહાહા..! એવો જે ભગવાન આત્મા જેને દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો એને પર્યાયમાં પૂર્ણતા આવે છતાં હતું તે આવ્યું છે. છતું છે તે પર્યાયમાં છતી દશા પ્રગટ થઈ છે. એથી જ્ઞાનીને તેનું અભિમાન થતું નથી. એ ૪૫.

**અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો, સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો દોડતો, અનંત દુઃખોને વેઠતો રહ્યો છે. કોઈવાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટક્યો, કોઈ વાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો, કોઈવાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો ને પડ્યો. આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંત વાર અટક્યો. પુણ્યોદયે આ દેહ પામ્યો, આ દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા; હવે જો પુરુષાર્થ નહિ કરે તો ક્યા ભવે કરશે? હે જીવ! પુરુષાર્થ કર; આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરીફરી નહિ મળે. ૬૦.**

૬૦? આહાહા..! ૬૦. '**અનાદિકાળથી અજ્ઞાની જીવ...**' જેની આદિ નથી, જેની શરૂઆત નથી એવી ચીજ પણ છે અને એનું અજ્ઞાન પણ અનાદિનું છે. બેય અનાદિનું છે. શું એ કહ્યું? વસ્તુ છે જે મહા અતીન્દ્રિય આનંદનો સાગર એવો જે પૂર્ણ પ્રભુ એ પણ અનાદિનો છે અને તેની વર્તમાન પર્યાયમાં ભૂલ પણ અનાદિની છે. એ '**અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો,..**' આહાહા..! '**સુખની ઝંખનામાં...**' સુખની ઝંખનામાં જાણે બહારમાં ક્યાંય સુખ છે. આહાહા..! મૃગની નાભિમાં કસ્તૂરી એની એને કિંમતું નથી. પારધી જ્યારે એને ચીરી નાખે ત્યારે કસ્તૂરી બહાર આવે અને એ કસ્તૂરી એ લઈ જાય. આહા..! એમ ભગવાન આત્મામાં અતીન્દ્રિય અનંત આનંદનો સાગર પડ્યો છે.. આહાહા..! એની ખબર નથી અને અનાદિ જીવ સંસારમાં ભમતો સુખની ઝંખના, સુખ છે અંદર. હરણની નાભિમાં કસ્તૂરી પણ એની ગંધ આવતા જાણે ક્યાંય વનમાંથી આવતી હશે (એમ માની) એ વનમાં કસ્તૂરીની ગંધને ઢુંઢતા જીંદગી ખોઈ બેસે છે. આહાહા..!

એમ ભગવાન આત્મામાં આનંદ અને સુખ અંદર હોવા છતાં અજ્ઞાની સુખની ઝંખનામાં '**વિષયોની પાછળ દોડતો દોડતો,...**' આહાહા..! જ્યાં સુખ છે ત્યાં જતો નથી અંદર. અને પાંચ ઈન્દ્રિયોના વિષય.. આહાહા..! સવારમાં તો ત્યાં સુધી આવ્યું હતું કે ભગવાનની વાણી અને ભગવાન પોતે ઈન્દ્રિયનો વિષય છે. ઈન્દ્રિયનો વિષય છે તેથી તેને ઈન્દ્રિય કીધી છે. આહાહા..! ભગવાન અણીન્દ્રિય આત્મા એની અપેક્ષાએ બધી ચીજો ઈન્દ્રિયમાં ગણવામાં આવ્યું છે. કેમ કે તેના લક્ષે આત્મામાં ઈન્દ્રિયપણું પ્રગટ થતું નથી. એથી કહે છે.. આહા..!

'**સુખની ઝંખના...**' શબ્દોમાં, આબરૂમાં સુખ છે. કાંઈ બહારની મોટપની પદવી મળે એમાં સુખ છે, શરીરની સુંદરતાની.. આહા..! ઉત્પત્તિમાં કાંઈક સુખ છે. કુટુંબ ને કબીલાની સંખ્યા વધે એથી એમાં ક્યાંક સુખ છે. પૈસાની સંખ્યા વધે એમાં સુખ છે. આહાહા..! એવી વિષયોની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો... દોડતો.. આહાહા...! એ આવ્યું હતું ને ઓલામાં. મોહરૂપી ભૂતડું તૃષ્ણારૂપી તૃષ્ણા ફાટી છે અને વિષયને ઘેરો ઘાલે છે. મારો પ્રભુ અંદર છે સુખનો સાગર. આહાહા..! સાધુ થઈને પણ પંચ મહાવ્રતના પરિણામની ક્રિયામાં અટક્યો અને એમાંથી જાણે સુખ આવશે, એ પણ એક વિષય છે.

પંચ મહાવ્રતના પરિણામ પણ પ્રભુ પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં એને રાગ કહ્યો છે. અને એ રાગ છે એ સ્વરૂપ જે અહિંસક ત્રિકાળી ચિદાનંદ છે તેમાં એ રાગ થાય ત્યાં સ્વરૂપનું હણવું થાય છે. આવી વાતું છે. રાગને હિંસા કીધી છે. દયાના રાગને

હિંસા કીધી છે. કેમ કે રાગ છે ને? અને પ્રભુ તો વીતરાગમૂર્તિ ચૈતન્ય સ્વરૂપ છે. એ રાગમાં અટકતા.. આહાહા..! એની '**પાછળ દોડતો દોડતો, અનંત દુઃખોને વેઠતો રહ્યો છે.**' આહાહા..! અનાદિ-અનાદિ કાળથી..

એક વાર કહ્યું હતું કે અનંત કાળે મનુષ્યનો ભવ મળે તો પણ અનંત વાર મળી ગયા છે મનુષ્યભવ. એનાથી નરકના ભવ અસંખ્યગુણા અનંતા મળી ગયા છે. આહાહા..! પરમાત્માના જ્ઞાનમાં આવ્યું છે કે જે મનુષ્યના સંખ્યા અનંત ભવ કર્યા એના કરતા અસંખ્યગુણી અનંતા સંખ્યા નરકની થઈ છે. આહાહા..! એના કરતા અસંખ્યગુણા અનંતા સ્વર્ગના ભવ કર્યા છે. ભગવાન કેવળજ્ઞાનથી જોઈને વાણીમાં આવ્યું છે, પ્રભુ! તેં જે નરકની સંખ્યા અનંતા ભવ કર્યા એના કરતા અસંખ્યગુણા અનંતા સ્વર્ગના કર્યા છે. હવે અહીં જ્યાં પાંચ-પચ્ચીસ લાખ મળે ત્યાં તો જાણે ઓહો..! શું થઈ ગયું ને આ થઈ ગયું. હું પહોળોને શેરી સાંકડી થઈ જાય. સ્વર્ગમાં અનંત વાર (ગયો). નરકની સંખ્યા હજી અનંતી છે. એના કરતા સ્વર્ગના ભવોની સંખ્યા અસંખ્યગુણા અનંતા ભવ કર્યા છે.

એ અહીં કહે છે. એ પણ પરમાં ઝંખના મારતો.. ત્યાં પણ ઈન્દ્રાણીમાં સુખ અને સ્વર્ગમાં સુખ. આહાહા..! હજારો વર્ષે કંઠમાંથી અમૃત ઝરે. એને આ રોટલા-રોટલી કરવી ન પડે એને. ચૂલો નથી, ત્યાં અગ્નિ નથી. હજાર વર્ષે કંઠમાંથી અમૃત ઝરે. છતાં તે વિષયની ઝંખનામાં પાછળ દોડે છે. અમૃતનો સાગર અંદર પડ્યો છે એને અમૃતપણે ન માનતા એ કંઠમાંથી અમૃત ઝરે ત્યાં સંતોષાઈ જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

૯૬ ગાથામાં તો એમ પણ કહ્યું છે. સમયસારની ૯૬ ગાથામાં. પૂર્ણ અમૃતનો પૂર પૂર્ણ અમૃતનો સાગર વિજ્ઞાનઘન આ મૃતક કલેવરમાં મૂર્છાઈ ગયો છે. અત્યારે મૃતક કલેવર, હોં! અત્યારે મૃતક કલેવર છે ભાઈ આ તો. ૯૬ ગાથામાં એમ છે. અમૃતરૂપ આત્મા. ઓલા કંઠમાં અમૃત ઝરે છે સ્વર્ગને એ તો ઝેર છે. આહાહા..! અને તેની સ્થિતિ એક સાગરોપમ હોય તો પખવાડિયે તો એક શ્વાસ એક ઊંચો નીચો થાય. આહાહા..! એક પખવાડિયે એક શ્વાસ થાય. અને હજાર વર્ષે એને એકવાર અમૃત ઝરે. પણ એ ઝેરના પ્યાલા છે અમૃત જેને કીધું. આહાહા..! એમાં એ સંતોષાઈને વિષયની ઝંખનામાં ક્યાં ક્યાં દોડે છે. અંદર અમૃતનો સાગર ભગવાન આત્મા.. આહાહા..! એની એને મહિમા અને મોટપ સાંભળવામાં આવી છતાં એને બેઠી નહિ. મારી મોટપ આગળ સિદ્ધની પર્યાયની પણ કિંમત નથી. આહાહા..! સિદ્ધની પર્યાય તો એક સમયની અવસ્થા છે અને એવી અનંતી અવસ્થાનો પિંડ

તે આત્મા છે. આહાહા..! એવો એ ભગવાન આત્મા વિષયની પાછળ દોડતો '**અનંત દુઃખોને વેઠતો રહ્યો છે.**' આહાહા..!

'**કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા...**' સંભળાવનાર અનંત ભવ થયા તો મળ્યા છે. '**તો શંકા રાખીને અટક્યો,...**' શંકા (કરી). આવું તે હોય? આવડી મોટી વાત વાત કરે છે, આમાં કાંઈ દેખાતું હતું નથી ને મોટો ભગવાન છે, ભગવાન આવો છે. '**સાંભળવા મળ્યું...**' આહાહા..! '**કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટક્યો,...**' એ કહે, કહે એ વાતું. અંદરમાં સુખ હોય તો અમને જણાય નહિ? કેમ વેદાતું નથી? અંદરમાં સુખ છે સુખ છે તો કાંઈક એનું અંશે વેદન તો હોવું જોઈએ કે નહિ? પણ વેદન તેં કે દિ' નજરું ન્યાં કરી છે? જ્યાં છે ત્યાં ભરતીના ભરોસા, તે ભરતીના તને ભરોસા આવ્યા નથી. આહાહા..! અને ખાલી જે રાગ અને પર્યાય એને ભરોસે ભમી રહ્યો છો. આહાહા..!

એ અહીં કહે છે. '**શંકા રાખીને અટક્યો, કોઈવાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને...**' એ મોટા પુરુષો વાતું કરે. પણ આપણા માટે કાંઈ આવું હોય? આહાહા..! એમ કરીને પણ અવગણના કરી નાખી. આવો આત્મા વર્ણવે છે પણ અહીં તો કાંઈ દેખાતું તો નથી ને. પ્રભુ! દેખાતો નથી એવો નિર્ણય કઈ ભૂમિકામાં કર્યો? જેની સત્તામાં દેખાતો નથી એવો નિર્ણય થાય એ સત્તા પ્રભુની આત્માની છે. આહાહા..! હું નથી, હું નથી. ક્યાં નિર્ણય શેમાં તેં કર્યો? એ હું છું તેમાં હું નથી એવો નિર્ણય કર્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? મને કાંઈ ખબર પડતી નથી. શેમાં તે એ નિર્ણય કર્યો? એ જે નિર્ણય કર્યો તે સત્તા ચૈતન્યની છે. આહાહા..! પણ એ તરફના પડખાં ફર્યા નથી, પડખું ફેરવતો નથી. ફેરવ્યા વિના પડખાંની ચીજ જે પડખે પડી છે (તે દેખાય ક્યાંથી?). પર્યાયને પડખે ચીજ પડી છે. આ બાજુ પર્યાયને પડખે તો રાગ છે અને આ બાજુ પર્યાયને પડખે પ્રભુ છે અંદરમાં. આહાહા..! એવું કોઈ બતાવનાર મળ્યા તો અવગણના કરી. મોટી મોટી વાતું કરે છે. એમ કરીને કાઢી નાખ્યું. આહાહા..! છે? આહાહા..!

એક ઝવેરી હતો. ઘણાં કરોડો હીરા માણેકના ઝવેરાત. એમાં એક માણસ એ ઝવેરાત લેવા આવ્યો. પણ લેવા આવ્યો એ કાંઈ મૂળ ઝવેરાત લેવા નહોતો આવ્યો. મૂળ તો ચોર હતો. એથી એ ઝવેરાત બતાવવા માણસ હતો તે બતાવવા માંડી, ત્યાં નજર ગઈ ત્યાં એક મોટું ઝવેરાત લાગ્યું. હાથમાં મીણ લઈને આવેલો મીણ. અને જોડે પાટ હશે. હીરા આમ બતાવતા હતા પાટ ઉપર. આમ ઊંચામાં ઊંચો હીરો જ્યાં નજરે પડ્યો ત્યાં ઓલાની નજરફેર થઈ ગઈ એટલે ઓલું મીણ હતું

એ જોડે પાટ હતી ને પાટ? એમાં મીણ ચોંટાડીને ઓલા હીરાને ચોંટાડી દીધો. જુઓ! આ નજરું ફેરે શું થઈ ગયું? દીધો નહિ હજી. ત્યાં ચોંટાડી રાખ્યો. આમ જોવે છે તો કહે, ભાઈ! આ હીરો ક્યાં ગયો? ઝવેરી કહે પણ આ હીરો પણ શેમાં ગયો? ભાઈ! તેં ગુંજામાં લીધો છે? તપાસોને, બાપુ! કાંઈ ન મળે. આહાહા..! વળી પંદર દિ' મહિને વળી દશ હજાર રૂપિયા રોકડા લઈને આવ્યો અને ઓલો હીરો હતો દશ લાખનો. ભાઈ! તે દિ' તમારો જોઈ ગયો હતો પણ મને આ એક હીરો આપો. આ દશ હજારનો. એ દશ હજાર આપીને હીરો જ્યાં લે છે ત્યાં ઓલાની નજરફેર (થઈ) ત્યાં ઓલો ચોડ્યો હતો ને ત્યાંથી ઉપાડી લીધો. પાટમાં ચોડ્યો હતો નીચે.

આ નજર ફેરે ભગવાન ચોંટ્યો છે ક્યાંક. રાગ અને પુણ્યની પર્યાયમાં પ્રેમમાં પડ્યો. હીરો ચોંટ્યો ત્યાં. એને હીરાને લેવા માટે જોઈએ નજરું તે નજરું ન કરી. આહાહા..! એ ક્રિયાકાંડના વિચારોના વિકલ્પમાં રોકાઈ.. આહાહા..! **'દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતા અટક્યો.'** આહાહા..! ભલે એ કહેતા હોય ત્યાં રાખ. એમ. આવું ક્યાં છે? અહીં અમને મજા પડે છે પૈસામાં. કહો, રમણીકભાઈ! ૭૦ લાખના મકાન, પાંચ-સાત કરોડ રૂપિયા, પેદાશું કેટલા લાખોની હોય. હવે એ સુખી ન કહેવાય?

એક માણસ આવ્યો હતો. આણંદભાઈનો વેવાઈ કો'ક એક ફેરી ઘણા વર્ષ પહેલાં. અમારા વેવાઈ સુખી છે, કહે. સોનગઢ. આ ઓલા વઢવાણવાળા શું કહેવાય ઈ? ચુડગર... ચુડગર. અમારા વેવાઈ સુખી છે. એ જાણે કે અહીંયાં આવે છે નારણભાઈ ને બધા. મેં કીધું, ભાઈ! સુખીની વ્યાખ્યા શું? સુખીની વ્યાખ્યા શું એનું સ્પષ્ટીકરણ કર. આ પૈસા, આબરું, એઈ..! જયંતિભાઈ! ચુડગર હતા ને. વ્યાખ્યા શું બાપા તું સુખીની કરે છે? કે પૈસા પાંચ-સાત-દસ લાખ પેદા થાય કરોડ-બે કરોડ રૂપિયા છે. કુટુંબ, ભાઈ ત્રણ ને બધા હીરા ને.. આ ને આ ને આ.. અરે..! પ્રભુ! પણ એ સુખની વ્યાખ્યા છે? ત્યાં સુખ છે? એમાં સુખ છે? જ્યાં છે ત્યાં જાતો નથી અને જેમાં નથી ત્યાં વલખા માર્યા કરે છે આમ ને આમ. ઈન્દ્રિયોમાં ને સ્પર્શમાં, ને .... ધૂળમાં ને ધૂળમાં. આહાહા..! એ અહીં કહે છે.

**'દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટક્યો,...'** આ અટકવાના સાધન આવા છે કહે છે. **'કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો ને પડ્યો.'** થોડો કાંઈ પુરુષાર્થ કર્યો શુભનો અને કાંઈક જાણપણાનો, ત્યાંથી અટક્યો અને ત્યાંથી પડ્યો.

આહાહા..! **'આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંત વાર અટક્યો.'** અને સંસારમાં ભટક્યો ચોર્યાસીના અવતારમાં.. આહાહા..!

**'પુણ્યોદયે આ દેહ પામ્યો,...'** હવે કહે છે કે બાપુ! તને દેહ આ મનુષ્યનો મળ્યો અનંત ભવે. **'આ દશા પામ્યો,...'** આહાહા..! એટલે કે સાંભળવા સુધીની દશાને પામ્યો. એમ. **'આવા સત્પુરુષ મળ્યા;...'** વાસ્તવિક સર્વજ્ઞનું કહેલું તત્ત્વ તને સાંભળવા મળ્યું. આહાહા..! ત્રણ લોકના નાથ જેની હાજરીમાં ઇન્દ્રો મોટા બત્રીસ લાખ વિમાનના લાડા, એ ભગવાનની વાણી સાંભળવા કૂતરીના બચ્ચા હોય આમ સાંભળવા બેસે. એવી જે વાણી ત્રણ લોકના નાથની, જ્યાં એક ભવતારી-એક ભવે મોક્ષ જનારા શક્રેન્દ્ર છે પહેલા દેવલોકનો ઇન્દ્ર એક ભવે મોક્ષ જનાર છે. એની પટરાણી છે કરોડોમાં એક રાણી એ પણ એક ભવે મોક્ષ જનારી છે. શાસ્ત્રમાં લેખ છે. એવા પણ ભગવાનની વાણી સાંભળવા આવે છે. એવું મળ્યું ત્યાં.. આહાહા..!

(છતાં) **'આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંતવાર અટક્યો.'** **'હવે જો પુરુષાર્થ નહિ કરે...'** આહાહા..! આવા ટાણે ટાણા ચૂક્યો.. આહાહા..! **'તો ક્યા ભવે કરશે?'** આવા ભવમાં જો ભાઈ! આવો મનુષ્યદેહ મળ્યો અને સાચી વાત વીતરાગના અંતર ઘરની સાંભળવા મળી. અહીં સુધી આવ્યો. પ્રભુ! જો અહીં અત્યારે નહિ કર તો પ્રભુ ક્યાં કરીશ તું? આહાહા..! કેમ? કે તું તો અનાદિઅનંત નિત્ય વસ્તુ છે. દેહ નાશ થશે પણ તું તો રહેવાનો છો અનંત કાળ. ભવિષ્યમાં તો અનંત કાળ રહેવાનો. ક્યાં રહેશે? નાથ! તારી દૃષ્ટિ જો રાગ અને પર્યાય ઉપર રહેશે તો રખડવામાં રહીશ અનંત કાળ. આહાહા..! રહેવાનો તો છે જ. દેહ છૂટશે તો રહેશે તો ખરો. દેહ છૂટતાં પણ એમ બોલે છે ને કે જીવ ગયો. કે જીવ મરી ગયો એમ કહે છે? એ પાછો થયો એ.. જીવ ગયો. ગયો ત્યારે ક્યાંક છે ખરો કે નહિ? આહાહા..! એમ અનંત વાર એવા વખત મળ્યા, હવે અહીંયાં પુરુષાર્થ જો ન કર તો ક્યાં કરીશ? પ્રભુ! આહાહા..! કરવાનું તો આ છે અને ધરવાનું તો આ છે. આહાહા..!

રાગ અને પર્યાયથી પણ ભિન્ન ભગવાન પૂર્ણ સ્વરૂપ જ છું, પરમેશ્વર છું. આહાહા..! ૩૮ ગાથામાં આવે છે ને. પોતાના પરમેશ્વરને ભૂલી ગયો હતો. ૩૮ ગાથામાં આવે છે. સમયસાર. પોતાના પરમેશ્વરને. પોતાનો પરમેશ્વર. ભગવાન પરમેશ્વર એની પાસે રહ્યા. આહાહા..! પોતાના પરમેશ્વરને ભૂલી ગયો હતો. જેમ મુઠીમાં સોનું દાંતણ કરતા સવારમાં. સોનું-બોનું કંઈ દાંતનું કે એવું હોય એ આમ રાખ્યું હોય. ભૂલી ગયો ક્યાં સોનું છે. ૩૮માં આવે છે. આ સોનાના દાંત-બાત હોય છે ને કેટલાક? એ વખતે કાઢી નાખે મોઢુ સાફ કરવું હોય. .. ઓલું શું કહેવાય તમારું? ઓટલો.

ઓટલો. ભૂલી જવાય છે. એમાં મૂક્યું હોય. ભૂલી ગયો. ક્યાં મૂક્યું? એમ અનાદિ કાળથી ત્રણ લોકનો નાથ અહીં બિરાજે પ્રભુ અંદર, પણ ક્યાં ગયો હું? ક્યાં છું હું? એની ખબરું ન મળે. આહાહા..! એ કહે છે.

**'હવે જો પુરુષાર્થ નહિ કરે તો ક્યા ભવે કરશે? હે જીવ! પુરુષાર્થ કર;...'** ત્યારે કોઈ એમ કહે કે ક્રમબદ્ધમાં થવાનું હશે એ થશે. ક્રમબદ્ધની એક કોર વ્યાખ્યા તમે કરો અને એક કોર પુરુષાર્થ કર એમ કહો. આહાહા..! ક્રમબદ્ધ નામ જગતના પદાર્થોની એક પછી એક પુણી જેમ પુણી હોય છે, અને એક પછી એક દોરો નીકળ્યા જ કરે. એમ આત્મા અને જડમાં સમય સમયની આયત નામ લાંબી આમ ક્રમબદ્ધ જે સમયે જ્યાં પર્યાય થવાની તે થયા જ કરે છે. આમ કહેવું અને વળી પુરુષાર્થ કર કહેવું. એમ કહે છે. ભાઈ! એ ક્રમબદ્ધ છે એનો નિર્ણય કરવા જા ત્યાં જ અંતરમાં પુરુષાર્થ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

એ વાત કરી હતી, (સંવત) ૧૯૭૨માં. ૭૨ની સાલમાં એ પ્રશ્ન ઉઠ્યો સંપ્રદાયમાં. ૭૨. કેટલા વર્ષ થયા? ૬૩. ૬૩ વર્ષ થયા. ૭૨ની સાલ. કેટલા થયા? દીક્ષા ૬૬ ની ત્યાં ૭૩ ક્યાંથી લાવે? ૭૦માં તો દીક્ષા અને એના પછી ૭૨માં પ્રશ્ન ઉઠ્યો આ. મોટો પ્રશ્ન ઉઠ્યો. ભગવાને દીઠું તે થાશે, કેવળીએ દીઠું તે થાશે. આપણે શું કરશું? આપણો પુરુષાર્થ શું કામ આવે? પ્રભુ! કીધું, તું આમ કહે છો તું, સાંભળ! ભગવાને દીઠું તેમ થશે એ ભગવાન કોણ છે? એના અનંત ગુણમાં એક ગુણની પર્યાય જ્ઞાનની ત્રણ કાળ ત્રણ લોક જાણે, એક ગુણની એક પર્યાય ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી જગતની અંદર કેવળજ્ઞાનની પર્યાયની સત્તા છે. એની સત્તા છે એ કબુલ્યા પછી તેણે દીઠું તે થાય એની વાત છે. એની સત્તા છે જગતમાં એ કબુલાત કરવા જ્યાં જાય છે ત્યાં સર્વજ્ઞસ્વરૂપી ભગવાન છે ત્યાં એની દૃષ્ટિ જાય છે. એ પુરુષાર્થ છે. આકરી વાતું છે. આ તો ૭૨માં થઈ ગયેલું. ૭૦માં દીક્ષા અને ૭૨માં ઝઘડો ઉઠ્યો હતો આ. છોડી દીધું હતું એક દિ' તો. સંપ્રદાય છોડી દીધો. હું કાંઈ આમાં આવી ગયો માટે પકડાણો છું એમ ન સમજો. મને તો સત્ય લાગશે ત્યાં રહીશ બાકી હું છોડી દઈશ, બધું છોડી દઈશ. આમ જો તમે કહો છો એ મને માન્ય નથી.

ભગવાને દીઠું. તો ભગવાન જગતમાં છે અને તેના એક ગુણની એક પર્યાય ત્રણ કાળ ત્રણ લોકને જાણે. બાપુ! એવી એક સમયની પર્યાયનો સત્તાનો, હોવાપણાનો સ્વીકાર ક્યારે થાય? કે એ પર્યાયનો સ્વીકાર જ્ઞાયક ઉપર દૃષ્ટિ જાય ત્યારે સ્વીકાર થાય. સમજાય છે કાંઈ? પણ એ વખતે એ વાત હતી નહિ ને. એ વાત જ સંપ્રદાયમાં

નહોતી એટલે ગડબડ ઉઠી. અહીં તો અંદરથી વાત આવી હતી. ૭૨ની વાત છે. પાળિયાદની વાત છે. આહાહા..! અહીં એ કહે છે.

'**પુરુષાર્થ કર;...**' એક કોર કહો કે ક્રમસર ભગવાને દીઠું તેમ થાય અને તે ક્રમસર થાય અને એક બાજુ કહે કે પુરુષાર્થ કર. પણ એ ક્રમસરમાં અને કેવળીએ દીઠું થાય એની સત્તામાં, કબુલાતમાં પુરુષાર્થ આવી જાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ જગતમાં સર્વજ્ઞ પરમાત્મા... આહાહા..! કેવળજ્ઞાની છે, ભાઈ! એ તો અંતરથી વાતું આવી હતી. તે દિ' તો આ સમયસાર ને શાસ્ત્રો જોયા પણ નહોતા. એ તો ૭૮માં હાથ આવ્યા. અંદરમાંથી આવ્યું કે પ્રભુ! કેવળજ્ઞાની આ જગતમાં છે. સર્વજ્ઞ છે. જેની એક ગુણની એક પર્યાય સર્વજ્ઞ છે. એવી તો અનંતી પર્યાયો દર્શન-ચારિત્ર-આનંદ શાંતિની છે. એક સમયમાં છે. એમાં એક સમયની એક પર્યાય ત્રણ કાળ ત્રણ લોકને તેને અડ્યા વિના જાણે છે. અને તે સત્તા લોકાલોકની છે માટે કેવળજ્ઞાની જાણે છે એમ પણ નથી. એ સત્તા પરમાં રહી ગઈ અને કેવળજ્ઞાનની એક સમયની પર્યાયની સત્તા પોતાથી પ્રગટ થઈ છે. એ પર્યાયને જ્યારે કબુલ કરવા જાય છે... આહાહા..! ત્યારે રાગનો અકર્તા થઈ જાય છે. અરે..! પર્યાય કરું એવી કર્તાબુદ્ધિ પણ ઊડી જાય છે. આહાહા..! ઝીણી વાતું છે, પ્રભુ! આહાહા..! એટલે પુરુષાર્થ કરમાં એ ક્રમબદ્ધ અને ભગવાનનું દીઠું થયું એ બે આવી જાય છે. સમજાય છે કાંઈ?

'**હે જીવ! પુરુષાર્થ કર; આવી જોગવાઈ અને આવું સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરીફરી નહિ મળે.**' આહાહા..! અત્યારે તો આકરું પડી ગયું છે. બધે જ્યાં હોય ત્યાં બસ! વ્રત કરો ને તપ કરો ને,. પણ મૂળ સમકિત વિના વ્રત કેવા ને તપ કેવા? જેને હજી આત્મજ્ઞાનનો અનુભવ નથી એના વ્રત ને તપને તો બાળવ્રત અને બાળતપ કહેવામાં આવ્યા છે. આહાહા..! તો મૂળ જે ભૂમિકા છે હજી તો એને હાથ આવી નથી અને વ્રત ને તપ ને ચારિત્ર આવી ગયા એને. આહાહા..! એકડા વિનાના લાખ ને કરોડ મીંડા કરે એ મીંડાની સંખ્યા ગણાય નહિ. પણ એક એકડો લખે તો સંખ્યામાં આવી જાય ફડાક દઈને. આહાહા..! એમ લાખ ક્રિયાકાંડ કરે, ક્રોડ કરે પણ એક સમયમાં ભગવાન ત્રણ લોકનો નાથ પૂર્ણાનંદ છે એવી અંતર્મુખમાં પ્રતીતિ કરે... આહાહા..! એને અંતરમાં આનંદનો સ્વાદ આવ્યા વિના રહે નહિ. એના જન્મ અને મરણના છેડા આવી ગયા. અંત આવી ગયો. આહાહા..! એકાદ-બે ભવ ભલે કદાચિત હોય. પણ કેવળીએ એને ભવ નથી દીઠા કીધું. એમ કહ્યું હતું તે દિ'. ૭૨માં હોં!

૭૨ની સાલ ૬૩ વર્ષ પહેલા કીધું, જેને સર્વજ્ઞની પર્યાય બેઠી છે એના સર્વજ્ઞે ભવ દીઠા જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ત્રણ લોકનો નાથ આ પરમાત્મા પોતે આ પરમાત્મા પોતે છે પણ એ તો એક કોર રાખો. પણ જે સત્તામાં હતું તે આવ્યું એવી જે સત્તા સર્વજ્ઞની છે, છે જગતમાં છે. એ અલ્પ જ્ઞાનને આશ્રયે છે સર્વજ્ઞની સત્તા નહિ કબુલાય. રાગને આશ્રયે તો નહિ કબુલાય પણ અલ્પજ્ઞ જે પર્યાય છે તેને આશ્રયે સર્વજ્ઞની સત્તા નહિ કબુલાય. સમજાય છે કાંઈ? એ સર્વજ્ઞની સત્તાનું હોવાપણું કબુલ કરવા જતાં એક સમયની પર્યાય સર્વજ્ઞ સ્વભાવ તરફ ઝુકી જાય છે અંદર. અંદર સર્વજ્ઞ સ્વભાવ છે ત્યાં ઝુકી જાય છે. ત્યારે તેને સર્વજ્ઞ જગતમાં છે એવી સાચી પ્રતીતિ તેને થાય છે. અને તેના ભગવાને ભવ દીઠાં નથી, કીધું. એને ભગવાને ભવ દીઠા નથી. એ એક-બે ભવમાં મોક્ષ જનારા એને આ કેવળજ્ઞાનની પર્યાય બેઠી છે. એ અહીં કહે છે.

**'સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરીફરી નહિ મળે.'** આહાહા..! ૬૦ થઈ. થઈ ગયો વખત. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ચૈત્ર વદ ૮, શુક્રવાર, તા.૨૦-૪-૧૯૭૯**
**બોલ-૭૯, ૮૧, પ્રવચન-૭૬૬**

**શુદ્ધસ્વરૂપ આત્મામાં જાણે વિકાર અંદર પેસી (પ્રવેશી) કેમ ગયા હોય તેવું દેખાય છે, પણ ભેદજ્ઞાન પ્રગટ કરતાં તેઓ જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં પ્રતિબિંબરૂપ છે. જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર. યથાર્થ દૃષ્ટિ (દ્રવ્ય ઉપર દૃષ્ટિ) કરી ઉપર આવી જા. ચૈતન્યદ્રવ્ય નિર્મળ છે. અનેક જાતનાં કર્મનાં ઉદય, સત્તા, અનુભાગ તથા કર્મનિમિત્તક વિકલ્પ વગેરે તારાથી અત્યંત જુદાં છે. ૭૯.**

૭૯ બોલ છે. બહેન તો રાતે કાંઈક બોલ્યા હશે થોડું. અતીન્દ્રિય આનંદના અનુભવમાં એ તો રહે છે. ઝીણી વાત. જગતને બેસવી કઠણ. એમાં રાત્રે દીકરીયું બેઠી હશે અને આ થોડું બોલાઈ ગયું. એને ખબર નહિ કે આ લખી લે છે. નહિતર એ પણ પોતે લખવાની ના પાડે. પણ નવ દીકરીઓએ લખી લીધું અને વળી હિંમતભાઈના હાથમાં આવ્યું, આ બહાર આવી ગયું. એમની સ્થિતિ અત્યારે અલૌકિક છે! અંદર અતીન્દ્રિય આનંદના અનુભવ આગળ એને કાંઈ ચેન પડતું નથી. અહીંયાં એ અનુભવમાં આવી ગયા અને વાણી બોલાઈ ગઈ છે.

'**શુદ્ધસ્વરૂપ આત્મામાં જાણે વિકાર અંદર પેસી** (**પ્રવેશી**) **કેમ ગયા હોય તેવું દેખાય છે,...**' ખરેખર તો દ્રવ્ય જે શુદ્ધ છે એ તો ત્રિકાળ નિરાવરણ ને શુદ્ધ છે. ૩૨૦ ગાથા. ઝીણી વાત છે. એ વસ્તુ છે એ તો ત્રિકાળ નિરાવરણ છે. અખંડ છે, પર્યાયનો ભેદ પણ દ્રવ્યમાં નથી. એક છે, અવિનશ્વર છે, પ્રત્યક્ષ પ્રતિભાસમય છે. એમાં પ્રકાશ નામનો ગુણ છે આત્મામાં. એથી તે દ્રવ્યને પકડતાં પ્રત્યક્ષ વેદનમાં-અનુભવમાં-આવે એવો એનામાં ગુણ છે. એ નિજ શુદ્ધ પરિણામિક પરમભાવલક્ષણ એવું નિજપરમાત્મદ્રવ્ય એને અહીં શુદ્ધ સ્વરૂપ કહ્યું છે. ઝીણી વાત છે, ભાઈ!

એમાં '**જાણે વિકાર અંદર પેસી કેમ ગયા હોય તેવું...**' અજ્ઞાનીને દેખાય છે. આહાહા..! જેમ સ્ફટિક નિર્મળ છે તેમ પ્રભુ તો નિર્મળાનંદ છે. દ્રવ્યના સ્વભાવને આવરણ પણ નથી, અલ્પતા નથી, વિપરીતતા નામ વિકાર નથી. એ તો પૂર્ણ શુદ્ધ સ્વરૂપ છે. આહાહા..! એમાં જાણે અજ્ઞાનીને પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ,

શુભભાવ જાણે અંદરમાં પેસી ગયા હોય એમ અજ્ઞાનીને ભાસે છે. અથવા એ શુભભાવથી જાણે કે અંદર કલ્યાણ થશે એવું એને ભાસે છે. એને વિકાર અંદરમાં પેસી ગયો એમ ભાસ્યું છે. કારણ કે લાભ વિકારથી ન થાય. આત્માનો લાભ સ્વભાવથી થાય. અલિંગગ્રહણ છે ને? લાલચંદભાઈ ક્યાં ગયા? અલિંગગ્રહણ છઠ્ઠો બોલ છે.

આત્મા સ્વભાવથી પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહાહા..! વ્યવહારના રસિકને આ વાત બેસવી કઠણ પડે. અનાદિનો વ્યવહારનો રસ છે ને મિથ્યાત્વનો, એથી જાણે કે અંદર વિકારના વિકલ્પ હોય પુણ્યના એ જાણે અંદર પેસી ગયા હોય એવું એને દેખાય છે. પણ ખરેખર એ શુભરાગ અને ત્રિકાળી દ્રવ્ય વચ્ચે સાંધ છે-તડ છે. એક નથી. એણે માન્યું છે કે એક છે. એ માન્યતા પણ દ્રવ્યમાં પેઠી નથી. આહાહા..!

'**પણ ભેદજ્ઞાન પ્રગટ કરતાં...**' આમ એને દેખાય છે પણ ભેદજ્ઞાન કરતાં. અંતર શુદ્ધ સ્વરૂપ ભગવાન પરિપૂર્ણ પરમાત્મા, પરમાત્મા જ છે પોતે. શક્તિ અને સ્વભાવરૂપે પરમાત્મા ન હોય તો પર્યાયમાં પરમાત્મપણું આવે ક્યાંથી? આહાહા..! એવો જે ભગવાન... ભેદજ્ઞાન કરતાં '**તેઓ જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં...**' જ્ઞાનરૂપી ચૈતન્ય અરીસામાં '**પ્રતિબિંબરૂપ છે.**' શું કહે છે? પુણ્યના પરિણામ ઉઠે દયા, દાન, વ્રત, ભક્તિ, શુભ એ પણ ચૈતન્ય-અરીસામાં પ્રતિબિંબરૂપ છે. એટલે કે રાગ રાગમાં છે અને રાગ સંબંધીનું ચૈતન્યમાં જ્ઞાન પોતાથી થાય છે. એ એનું પ્રતિબિંબરૂપે દેખાય છે. જરી ઝીણી વાત છે.

રાગ છે તેથી અહીં રાગનું જ્ઞાન થયું છે એમ પણ નથી. રાગથી જ્ઞાન થાય એમ તો નથી. પણ જ્ઞાન જે અહીં સ્વપરપ્રકાશક ભેદજ્ઞાન થાય છે એ સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય.. ઝીણું છે, પ્રભુ! ષટ્કારકરૂપે પરિણતિ ઊભી થાય છે. એ રાગ છે એને જાણવું એમ કહેવું એ વ્યવહાર છે. પણ રાગની અસ્તિને કાળે ભેદજ્ઞાનમાં સ્વપરપ્રકાશક જ્ઞાનની પરિણતિ એક સમયમાં ષટ્કારકરૂપે સ્વતંત્ર પરિણમે છે. આરે..! આવું ઝીણું. શું કહ્યું ઈ?

અહીં એ બહેન કહેવા માગે છે. '**ચૈતન્ય-અરીસામાં પ્રતિબિંબરૂપ છે.**' એટલે એ તો દેખાય છે. ચૈતન્યમાં રાગ દેખાય છે એમ કહેવું એ પણ હજી વ્યવહાર છે. આહાહા..! રાગને લઈને જ્ઞાન તો થતું નથી પણ રાગ છે માટે તેનું રાગનું જ્ઞાન થયું એમ પણ નથી. એ તો તે કાળે સ્વપરપ્રકાશક જ્ઞાનનો સ્વભાવ હોવાથી તે સમયની જ્ઞાનની પરિણતિ નામ પર્યાય ષટ્કારકરૂપે સ્વતંત્ર પરિણમે છે. જેને રાગની તો અપેક્ષા નથી પણ જેને અંદર દ્રવ્ય અને ગુણની અપેક્ષા નથી. ઝીણું પ્રભુ! માર્ગ તો ઝીણા છે, ભાઈ! વીતરાગ પરમાત્માનો માર્ગ બહુ ઝીણો છે.

કહ્યું હતું ને તે દિ' નહિ? ૨૩ વર્ષ પહેલા. એક સમયની પર્યાયમાં જે વિકાર થાય છે; વિકાર મિથ્યાત્વનો, રાગનો, દ્વેષનો એક સમયની પર્યાયમાં એ.. વર્ણીજી સાથે મોટી ચર્ચા થઈ હતી. નહોતી બેઠી. ઝીણી વાતું બાપા બહુ. કીધું, એ રાગ અને મિથ્યાત્વના પરિણામ એક સમયમાં થાય છે તેને કર્મના નિમિત્તની અપેક્ષા તો નથી પણ તે વિકારને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. કેમ કે દ્રવ્ય અને ગુણ તો શુદ્ધ છે અને આ વિકાર જે મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ થાય, એક સમયની પર્યાયમાં સ્વતંત્ર સત્ છે એને કોઈ હેતુ હોય નહિ. આહાહા..! એવું જે જ્ઞાન થાય છે એ ષટ્કારકરૂપે વિકાર પરિણમે છે તે પણ સ્વતંત્ર છે. પણ અહીંયાં તો હવે વિકાર છે અને ભેદજ્ઞાન થયું છે. એથી તે.. સમજાય એટલું સમજવું, પ્રભુ! એ તો ત્રણ લોકના નાથના દિવ્યધ્વનિના વચનો છે. લોકોને બેસે ન બેસે સ્વતંત્ર છે. આહાહા..!

કહે છે કે પ્રભુ! તારો જે જ્ઞાનગુણ છે એ જ્યારે રાગથી ભિન્ન પડ્યો ત્યારે તે જ્ઞાનગુણની એક સમયની પર્યાય ષટ્કારકરૂપે સ્વતંત્ર દ્રવ્ય-ગુણની અપેક્ષા વિના પરિણમે છે. દ્રવ્ય-ગુણની અપેક્ષા તો નથી માટે રાગ છે માટે અહીં ષટ્કારકરૂપે જ્ઞાનની પર્યાય થાય છે એમ નથી. ઝીણી વાત છે, ભગવાન! આહાહા..! એ અહીં કહે છે બહેન.

'**ચૈતન્ય-અરીસામાં પ્રતિબિંબરૂપ છે.**' પ્રતિબિંબ એટલે રાગ છે. એનું આમ ભેદજ્ઞાન થયું છે એટલે એને જાણે રાગ રાગમાં રહ્યો અને રાગ સંબંધી જાણે અહીં પ્રતિબિંબ એટલે? જેમ અરીસામાં અગ્નિ અને બરફ બહાર પડ્યા હોય એ અંદર દેખાય એ અરીસો અને અગ્નિ નથી. એ અરીસામાં અગ્નિ અને બરફ નથી. એ અરીસાની સ્વચ્છતા છે. એમ ચૈતન્ય-અરીસામાં રાગ જે પ્રતિબિંબરૂપે જણાય છે એ રાગને લઈને રાગનું જ્ઞાન થયું છે આત્મામાં એમ નથી. ધીરું છે ધીરું, બાપા! કામ એવા. અનંત કાળ થયા. ચોર્યાસીના અવતાર કરી કરીને કાંઈક કાંઈક શલ્ય તો અંદર રાખ્યું છે.

આ ભગવાન તદ્દન ચૈતન્યસ્વરૂપ એ અરીસામાં પ્રતિબિંબરૂપ રાગ છે. રાગ પ્રતિબિંબરૂપ છે એમ કીધું એ પણ વ્યવહાર છે. કેવળજ્ઞાની લોકાલોકને જાણે છે એમ કહેવું એ પણ એક અસદ્ભુત વ્યવહાર છે. એ તો એની પર્યાયને જાણે છે એમાં લોકાલોક સંબંધી અને પોતા સંબંધીનું સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાયના સામર્થ્યને લઈને એ એક સમયની પર્યાય ષટ્કારકરૂપે સ્વતંત્ર પરિણમે છે. સમજાય છે કાંઈ? ભાઈ! ઝીણું પડે પણ સમજે છૂટકો (છે), બાપુ! ચોર્યાસીના અવતાર કરીને થોથા નીકળી ગયા. પોતે કાંઈક કાંઈક કાંઈક શલ્ય અંદર રાખ્યું છે ઊંડું.

ભગવાન આત્મા એક સમયમાં ચૈતન્ય સ્વરૂપે બિરાજમાન સ્વપરપ્રકાશક

સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈ વચનભેદ ભ્રમ ભારી.
જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી સ્વરૂપા પરરૂપા ભાસી.

પરરૂપા ભાસી એમ કહેવું એ વ્યવહાર છે. એ જ્ઞાનનો પર્યાય રાગથી જ્યાં ભિન્ન પડ્યો, સમ્યગ્દર્શન થયું અને જ્યાં સમ્યગ્જ્ઞાનનું વેદન અતીન્દ્રિય આનંદનું ભેગું થયું ત્યારે તે એક જ્ઞાનની પર્યાય સ્વ અને પરને જાણતી સ્વતંત્ર પરની અપેક્ષા વિના રાગનું પ્રતિબિંબ કહેવું એ પણ અપેક્ષિત છે. આહાહા..! આવી વાતું હવે.

એ '**પ્રતિબિંબ રૂપ છે. જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર.**' આહાહા..! સ્વને જાણવાનું અને રાગને જાણવાનું રાગની અપેક્ષા વિના તારામાં જાણવાની શક્તિ છે તેને પ્રભુ! પ્રગટ કર. આહાહા..! ઝીણું છે. પહેલો જ્ઞાનમાં નિર્ધાર તો કરે કે આ વસ્તુ છે. સમ્યગ્દર્શન એ તો અલૌકિક ચીજ, બાપુ! કહે છે કે જ્ઞાન અને વૈરાગ્ય. નિર્જરા અધિકારમાં આવે છે. જ્ઞાન અને વૈરાગ્ય. અસ્તિનું જ્ઞાન અને પુણ્ય-પાપના વિકલ્પની વિરક્તિ તેનું નામ વૈરાગ્ય. અસ્તિપણું એવું જે ચૈતન્ય પ્રભુ પૂર્ણાનંદનો નાથ તેના અસ્તિત્વની, પૂર્ણ અસ્તિની, પૂર્ણ સત્તાનું, પૂર્ણ મોજૂદગીનું સ્વતંત્ર જ્ઞાન. એ જ્ઞાનમાં દ્રવ્ય આવે નહિ. એ જ્ઞાનની પર્યાય દ્રવ્યમાં જાય નહિ. છતાં તે જ્ઞાનની પર્યાયમાં આખું દ્રવ્ય પણ જણાય અને રાગાદિ જણાય એ રાગ છે માટે જણાય એમ પણ નહિ. હવે ઈથી જરી આઘું જાય છે. એ જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય જણાણું પરમાત્મા પૂર્ણાનંદ નાથ, માટે દ્રવ્ય છે માટે તે જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય જણાણું એવી પણ જેને અપેક્ષા નથી. આહાહા..! એવી જ્ઞાનની પર્યાય સ્વતંત્ર સ્વપરપ્રકાશકપણે ભેદજ્ઞાની જીવને રાગથી ભિન્ન પડેલા ભગવાન આત્માને એ જણાય છે.

એ '**જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિ...**' જ્ઞાનની અચિંત્ય શક્તિ અને વૈરાગ્યની અચિંત્ય શક્તિ. બે શબ્દ છે. જ્ઞાનની અચિંત્ય શક્તિ એવી કે વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પૂર્ણાનંદના નાથને જાણવો એને અડ્યા વિના અને વૈરાગ્ય એટલે કે રાગને અડ્યા વિના અને રાગને છોડવું છે એવી ભાવના વિના. આહાહા..! એવા રાગના અભાવસ્વભાવરૂપ.. પુણ્ય-પાપના અધિકારમાં છે. વૈરાગ્યરૂપે, રાગમાં રક્ત હતો તે છૂટીને જ્ઞાનમાં રક્ત થયો એવો જે વૈરાગ્ય.. આહાહા..! અચિંત્ય જ્ઞાન અને અચિંત્ય વૈરાગ્ય. બે શબ્દને અચિંત્યતા લાગુ પડી છે.

એ '**શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર.**' આહાહા..! ઝીણું પડે પણ હવે કેટલા વર્ષથી ઝીણું પડશે? ક્યાં સુધી? ભાઈ! એને ખ્યાલમાં જ્ઞાન ઉપર તો લે કે આ રીતે વસ્તુની સ્થિતિ જે જાણવાની પર્યાય પણ અચિંત્ય, અચિંત્ય એની કોઈ કલ્પના

થઈ શકે નહિ એવી તો એ જ્ઞાનની પર્યાય છે. અને રાગથી રહિતની વૈરાગ્ય શક્તિ પણ કોઈ અચિંત્ય છે એવી જ્ઞાન અને વૈરાગ્યની અચિંત્ય શક્તિથી '**પુરુષાર્થની ધારા પ્રગટ કર.**'

'**યથાર્થ દૃષ્ટિ (દ્રવ્ય ઉપર દૃષ્ટિ) કરી...**' ભગવાન આત્મા દ્રવ્ય ઉપર દૃષ્ટિ (કરી). દૃષ્ટિ છે પર્યાય પણ તે પર્યાયનું ધ્યેય દ્રવ્ય, છતાં તે દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. છતાં પર્યાયની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! ઝીણી વાત છે. એક વાર કહ્યું હતું ત્યાં સોનગઢ. જે જ્ઞાનની પર્યાય છે એ દ્રવ્યનો આશ્રય લે એટલી પરાધીનતા થઈ કે નહિ? ના. રાગથી ભિન્ન પડેલું જ્ઞાન એ જ્ઞાનની પર્યાયમાં કર્તાપણું સ્વતંત્ર છે. ષટ્કારકરૂપે પર્યાય પરિણમે છે એ સ્વતંત્રપણે પરિણમે છે. એક સમયની પર્યાય જ્ઞાનની જે થાય એ સ્વતંત્રપણે કર્તા થઈને થાય છે. એ પર્યાયમાં કર્તાપણું સ્વતંત્રપણે એવું છે કે એનું લક્ષ દ્રવ્ય ઉપર જાય છે. દ્રવ્યને કારણે ત્યાં લક્ષ જાય (એમ પણ નથી). એનું પર્યાયનું સ્વતંત્ર કર્તાપણું એનું સ્વતંત્ર એવું છે. આહાહા..! આવી વાતું હવે.

એક સમયની પર્યાય જે છે સમ્યગ્દર્શનની એનું ધ્યેય દ્રવ્ય ભલે કહો. પણ તે દ્રવ્ય ઉપર લક્ષ જે જાય છે એ સ્વતંત્ર એક પર્યાયના કર્તાપણાને કારણે જાય છે. દ્રવ્યનો આશ્રય લીધો માટે દ્રવ્યની મદદ મળી (એમ નથી). આહાહા..! આવી વાત છે, પ્રભુ! એ એક સમયની જ્ઞાનની, સમકિતની પર્યાય એવા અનંત ગુણની એક સમયમાં જે પર્યાય થાય તે એક એક પર્યાય ષટ્કારક(પણે સ્વયંથી થાય છે). પર્યાય પર્યાયની કર્તા, પર્યાય પર્યાયનું કાર્ય, પર્યાય પર્યાયનું સાધન, પર્યાય પર્યાયને સમર્પણ કરી થઈને પોતામાં રાખી, પર્યાયથી પર્યાય થઈ, પર્યાયને આધારે પર્યાય થઈ. એવા અનંત ગુણની એક સમયમાં ષટ્ગુણ પર્યાય એક એકની સ્વતંત્ર. બીજા ગુણની પર્યાય પણ બીજા ગુણને કારણે છે એમ પણ નહિ. આહાહા..! સમજાય એટલું પકડવું, ભાઈ! આ તો વીતરાગ ત્રણ લોકના નાથની વાતું છે, ભાઈ! આહા..! અત્યારે તો વીંખાઈ ગયું છે બધું. એવું વીંખી નાખ્યું છે કે ક્યાંકનું ક્યાંક.

અહીં કહે છે, '**યથાર્થ દૃષ્ટિ (દ્રવ્ય ઉપર દૃષ્ટિ) કરી...**' અહીં શું કીધું? યથાર્થ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરી એટલે દૃષ્ટિને દ્રવ્યનો આશ્રય છે એટલી પરાધીનતા છે એમ નથી. યથાર્થ શબ્દમાં એમ શબ્દ છે. '**યથાર્થ દૃષ્ટિ (દ્રવ્ય ઉપર દૃષ્ટિ) કરી ઉપર આવી જા.**' જે પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન કરી, જે પર્યાય બાહ્ય ઉપર લક્ષમાં ગઈ છે, હવે એ પર્યાયને દ્રવ્ય ઉપર આમ લાવ. આહાહા..! રાગ અને દયા, દાનના શુભરાગ ઉપર જે પર્યાય ગઈ છે એ તો મિથ્યાત્વભાવ, અજ્ઞાનભાવ છે. આહાહા..! એ પર્યાયને..

આહાહા..! ઉપર આવી જા. પર્યાય દ્રવ્યમાં ઉપર આવી જા. દ્રવ્યનું જ્ઞાન કરે પર્યાય છતાં તે પર્યાય દ્રવ્યથી ઉપર રહે છે. એ પર્યાય દ્રવ્યમાં પ્રવેશ કરતી નથી. અર..ર..! આવી વાતું છે.

'**ચૈતન્ય દ્રવ્ય નિર્મળ છે.**' ઉપર આવી જા. દ્રવ્ય ઉપર આવી જા. આમ રાગ ઉપર છે, પર્યાય ઉપર પર્યાય છે લક્ષમાં. એ હવે દ્રવ્ય ઉપર આમ આવી જા સ્વતંત્રપણે. આહાહા..! ઝીણી વાતું એવી છે, ભાઈ! પણ બહેનની વાતમાં જ ઝીણવટ છે ઘણી. બહેન તો સાધારણ બોલી ગયા છે. એને કાંઈ હતું નહિ. કોણ સાંભળે છે અને કોણ... બેઠા હશે રાતે, ૬૪ બ્રહ્મચારી બહેનોમાં બોલી ગયા થોડું. એમાં વળી ૯ દીકરીઓએ લખી લીધું. એટલે આ બહાર આવ્યું. નહિતર તો બહાર આવે નહિ. આહાહા..! એ તો મરી ગયેલા, રાગથી મરી ગયેલા અને અતીન્દ્રિય આનંદના સ્વાદમાં જીવનારા છે. બહેન હોય ત્યારે આટલું બધું ન બોલાય, હોં! એને ગોઠતું નથી. આહાહા..! એ અહીંયાં બોલ્યા, એકવાર ઉપર તો આવી જા. રાગ ઉપર જે છો એ દ્રવ્ય ઉપર આવી જા. અથવા પર્યાય ઉપર પર્યાય છે એ પર્યાય દ્રવ્ય ઉપર આવી જા. આહાહા..! આવી વાતું હવે.

'**ચૈતન્ય દ્રવ્ય નિર્મળ છે.**' અંદર દ્રવ્ય છે એ તો નિર્મળાનંદ ઘન છે. ભગવત્ સ્વરૂપ પરમાત્મા છે. ૧૪૪માં આવે છે. ૧૪૪ ગાથા છે ને? એમાં પરમાત્મા અને પ્રત્યગાત્મા એવા નામ આવે છે છેલ્લા. હજી તો સમ્યગ્દર્શનમાં, હોં. છે? આહાહા..! ૧૪૪ ગાથા છે ને કર્તાકર્મની? છેલ્લે બોલ છે. જુઓ!

'**આદિ-મધ્ય-અંત-રહિત અનાકુળ, કેવળ એક, આખા વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ...**' હજી તો ચોથા ગુણસ્થાનની વાત છે. આહાહા..! ૧૪૪. '**પરમાત્મારૂપ સમયસારને...**' પરમાત્મારૂપ એવા સમયસારને '**જ્યારે આત્મા અનુભવે છે...**' એ પર્યાય. આહાહા..! ૧૪૪માં સમ્યગ્દષ્ટિ પરમાત્માને અનુભવે છે એમ કહ્યું છે. લાલચંદભાઈ! આહાહા..! આકરું લાગે પ્રભુ! પણ આ તો ઝીરવવું પડશે. આહાહા..! રાગથી ભિન્ન પડતાં આદિ-મધ્ય-અંત રહિત. જેને આદિ નથી, મધ્ય નથી, અંત નથી. છે.. છે.. છે... છે.. છે... છે.. નિર્મળાનંદ નાથ પ્રભુ અનાકુળ આનંદ છે, એવો એક છે. એક જ છે. જેમાં પર્યાયનું દ્વિધાપણું નથી અંદર. આહાહા..!

'**આખા વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મરૂપ સમયસારને જ્યારે આત્મા...**' સમ્યગ્દર્શનના કાળમાં. સમ્યગ્દર્શનનો કાળ ધ્યાનમાં અનુભૂતિમાં હોય છે. આહાહા..! સમ્યગ્દર્શનની ઉત્પત્તિ

એ અંતરના ધ્યાનમાં હોય છે. એ કહ્યું હતું એકવાર.

૪૭ ગાથા, દ્રવ્યસંગ્રહ. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' નિશ્ચય અને વ્યવહાર બે ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એટલે કે વિકલ્પરહિત અનુભૂતિ આત્માની થતાં એ અનુભૂતિમાં પરમાત્માનું સ્વરૂપ એટલે પોતાનું સ્વરૂપ અનુભવમાં, વેદનમાં આવે પર્યાય, પણ જાણે પરમાત્માનું વેદન હોય એમ જણાય. વેદન પરમાત્મા ધ્રુવનું ન હોય. વેદન પર્યાયનું હોય.

૧૭૨ (ગાથા) છે ને? અલિંગગ્રહણ. એના ૨૦ બોલ. એનો છેલ્લો બોલ એ છે કે ભગવાન આત્મા તો શુદ્ધ પર્યાયરૂપ જ છે. આહાહા..! એકકોર દ્રવ્યદષ્ટિ કરી છે. છતાં એ દ્રવ્યદષ્ટિ કરતાં વેદનમાં જે આવે છે એ દ્રવ્ય નથી આવતું. વેદનમાં આનંદ અને જ્ઞાન ને શાંતિ જે પર્યાયમાં નિર્મળ (પ્રગટ થઈ) એ વેદનમાં આવે છે. એથી વેદન છે તે પર્યાય.. ૨૦મો બોલ છે અલિંગગ્રહણમાં. એ જ આનંદની પર્યાય અને અનુભૂતિની પર્યાય.. આહાહા..! દ્રવ્યને અડ્યા વિના.. આહાહા..! પરમાત્માને અનુભવે છે. આહાહા..! પરમાત્મસ્વરૂપ ભગવાન એ ધ્યાનમાં અનુભવાય છે કહે છે. આમ વિકલ્પ હોય અને વાંચન થાય અને એમાંથી થઈ જાય સમકિતી એમ છે નહિ.

'**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' '**णियमा**' શબ્દ પડ્યો છે. ૪૭ ગાથા દ્રવ્યસંગ્રહ. નિશ્ચય અને વ્યવહાર તે ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એટલે? રાગથી ભિન્ન પડીને પૂર્ણાનંદના નાથની જે અનુભૂતિ થાય છે તે ધ્યાનમાં થાય છે. અનુભૂતિ કરું છું અને અનુભવ કરનાર આત્મા છે એવો પણ જ્યાં ભેદ નથી. આહાહા..! એવી ધ્યાનમાં જે અનુભૂતિ થાય તેને નિશ્ચય કહીએ અને તેની સાથે અબુદ્ધિપૂર્વક ધ્યાનમાં પણ જે રાગ રહી ગયો છે, પૂર્ણ વીતરાગ થયો નથી, એ રાગને વ્યવહાર રત્નત્રયનો આરોપ આપીને વ્યવહાર મોક્ષમાર્ગ કથન કરવામાં આવ્યું છે. પણ એ ધ્યાનમાં સમકિત પમાય છે એમ કહે છે. આહાહા..! અહીં તો હજી કહે કે વિકલ્પથી પમાય, શુભથી પમાય ને ઢીકણાંથી પમાય. ભગવાન કહે છે કે ધ્યાનથી પમાય છે. જેમાં પર્યાયનું પણ લક્ષ રહેતું નથી. છતાં પર્યાયનું લક્ષ દ્રવ્ય ઉપર જાય છે. ધ્યાનમાં એકાગ્ર થાય છે ત્યારે તેને પરમાત્મા એવા સમયસાર એને અનુભવે છે.

'**એ વખતે જ...**' છે? '**આત્મા સમ્યક્‌પણે દેખાય છે...**' તે વખતે આત્મા સમ્યક્‌પણે અનુભવાય અને દેખાય છે. છે ગાથા? ૧૪૪. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

અહીં એ કહે છે બહેન. '**ચૈતન્યદ્રવ્ય નિર્મળ છે. અનેક જાતના કર્મના ઉદય**

**હો, સત્તા હો, અનુભાગ હો તથા કર્મનિમિત્તક હો વિકલ્પ વગેરે તારાથી અત્યંત જુદાં છે.**' આહાહા..! સમ્યગ્દર્શનના અનુભૂતિના કાળમાં એ બધા વિકલ્પો તદ્દન જુદા રહે છે. એનું જ્ઞાન તો કરે સાચું. સાચા જ્ઞાન વિના સત્ય તરફ ઢળી શકશે નહિ. સત્ય જ્ઞાન વિના સત્ સ્વરૂપ પ્રત્યે વીર્ય વળી શકશે નહિ. ખોટું જ્ઞાન એ અંદરમાં વળી શકશે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ અહીં કહે છે. '**અનેક જાતનાં કર્મના ઉદય,...**' ભલે હોય. '**સત્તા,...**' ભલે પડી હોય '**અનુભાગ...**' હો. રસ-રસ. '**કર્મનિમિત્તક વિકલ્પ...**' ભલે હો શુભાદિ. '**તારાથી અત્યંત જુદા છે.**' એવો અંતરમાં જઈને અનુભવ કર તો સમ્યગ્દર્શન થાય. આહાહા..! એ ૭૯ (પૂરો થયો). પછી કયો? ૮૧.

ભાવનગરમાં એક પ્રોફેસર છે. અર્ધ માગ્ધિનો બ્રાહ્મણ. ભાવનગરમાં મોટી શાળા છે ને એમાં એક પ્રોફેસર છે બ્રાહ્મણ. એ ત્યાં આવ્યા હતા એકવાર વ્યાખ્યાન સાંભળવા. પછી રામજીભાઈને કહ્યું કે કાંઈક આને દયો. એટલે પછી આ આપ્યું. વચનામૃત આપ્યું. વિષ્ણુ હતા બ્રાહ્મણ. પણ એને દીધું અને જ્યાં જઈને વાંચ્યું, એનો કાગળ આવ્યો. મહારાજ! મને શું આપ્યું તમે આ? પાને પાને નિધાન ભર્યા છે! પેલો અન્યમતિ હતો. પાને પાને નિધાન ભર્યા છે હવે હું એમાં ભીંજાવા માગું છું. અત્યાર સુધી હું પુરો લુખ્ખો છું. મને મારી કાંઈ ખબર નહોતી. પણ આ વાંચતા.. આહાહા..! હું હવે અંતર અનુભવમાં જવા માગુ છું. ભાષા એની ભીંજાવાની. એમ કે કોરો છું હવે ભીંજાવા માગું છું. એવું આ લખાણ છે. એ અહીં કીધું.

**જેમ સ્વભાવે નિર્મળ એવા સ્ફટિકમાં લાલ-કાળા ફૂલના સંયોગે રંગ દેખાય તોપણ ખરેખર સ્ફટિક રંગાઈ ગયો નથી, તેમ સ્વભાવે નિર્મળ એવા આત્મામાં ક્રોધ-માન આદિ દેખાય તોપણ ખરેખર આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે. વસ્તુસ્વભાવમાં મલિનતા નથી. પરમાણુ પલટીને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનો ન થાય તેમ વસ્તુસ્વભાવ બદલાતો નથી. આ તો પરથી એકત્વ તોડવાની વાત છે. અંદર વાસ્તવિક પ્રવેશ કર તો છૂટું પડે. ૮૧.**

૮૧. ૮૧ ને? '**જેમ સ્વભાવે નિર્મળ એવા સ્ફટિકમાં લાલ-કાળા ફૂલના સંયોગે રંગ દેખાય તોપણ ખરેખર સ્ફટિક રંગાઈ ગયો નથી,...**' આહાહા..! સ્ફટિક મણિ છે. જોયું છે આવડું. જામનગરમાં. (સંવત) ૧૯૯૧માં પ્રાણભાઈ હતા ને એક? ગુજરી

ગયા. ડૉક્ટર હતા મોટા, અઢી હજારનો પગાર તે દિ'. આવતા કો'કવાર. .. સોલેરિયમ. વ્યાખ્યાનમાં આવતા. ૧૦૦મી ગાથા ચાલતી હતી. એટલે કહે કે મહારાજ! જોવા તો આવો મારે ત્યાં જરી. તમને દૃષ્ટાંતમાં કામ આવશે. એમાં એની પાસે સ્ફટિક આવડું. આવડું સ્ફટિક, હોં! નિર્મળ સ્ફટિક. અહીં કહે છે કે

જેમ નિર્મળતા રે સ્ફટિક તણી તેમ જ જીવ સ્વભાવ રે.
જેમ નિર્મળતા રે સ્ફટિક તણી તેમ જ જીવસ્વભાવ રે.
શ્રી જિનવીરે રે ધર્મ પ્રકાશિયો, શ્રી જિનવીરે ધર્મ પ્રકાશ્યો,
પ્રબળ કષાય અભાવ રે.

એ રાગનો શુભભાવ એના અભાવસ્વરૂપ અકષાયમૂર્તિ એ જિનસ્વરૂપ પ્રભુ છે. અમૃતચંદ્રાચાર્યમાં આવે છે. એનું બનારસીદાસે હિન્દી કર્યું છે. 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' જૈન કોઈ બહાર વેષની ક્રિયાકાંડમાં જૈનપણું નથી એમ લખે છે. 'ઘટ ઘટ અંતર જિન વસે...' પ્રભુ! બધા દેહદેવળમાં ઘટ ઘટમાં જિન વસે છે. અને 'ઘટ ઘટ અંતર જૈન.' એને જિનસ્વરૂપી વીતરાગને જ્યાં એકાગ્ર થઈને અનુભવ્યો તેને અહીં જૈન કહેવામાં આવે છે. બાકી વાડાવાળાને જૈન કહેતા નથી.

ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન,
પણ મતમદિરા કે પાન સો મતવાલા સમજે ન.

પણ પોતાના અભિપ્રાયના દારૂ પીધેલા એ પોતાની માન્યતા ન છોડતા સ્વરૂપને પામી શકતા નથી. 'મત મદિરા કે પાન સો...' પોતાના અભિપ્રાયના મદિરા પીધેલા એ મતવાલા સ્વરૂપ તરફ જઈ શકતા નથી. આહાહા..! જિનસ્વરૂપી ભગવાન વીતરાગ મૂર્તિ બિરાજે છે ત્રિકાળ. આહાહા..! એણે અહીં એ કહ્યું છે. છે ને?

**'જેમ સ્વભાવે નિર્મળ ...'** અજ્ઞાનીને જેમ સ્ફટિક રતનમાં લાલ-પીળી ઝાંય દેખાય છે. એથી જાણે નિર્મળ આખું સ્ફટિક લાલ ફૂલ થઈ ગયું હોય એમ દેખાય છે. **'તેમ સ્વભાવે નિર્મળ એવા આત્મામાં ક્રોધ-માન આદિ દેખાય...'** છે. એક તો એ વાત છે કે નિર્મળાનંદ સ્ફટિક છે એમાં લાલ-પીળા ફૂલનો સંગ અને ઝાંય જે દેખાય છે એ કાંઈ ફૂલને લઈને નહિ. એ પોતાની યોગ્યતાને લઈને છે. જો લાલ અને પીળા ફૂલથી લાલ અને પીળી ઝાંય જો અંદર દેખાતી હોય તો આ લાકડામાં મૂકે તો દેખાવી જોઈએ. પણ એ સ્ફટિકની પર્યાયની યોગ્યતા છે. એ ફૂલને લઈને નહિ. દ્રવ્ય-ગુણને લઈને નહિ. આહાહા..! એ પર્યાયની એવી યોગ્યતા છે કે એ પોતે લાલ-પીળા પરિણામપણે ષટ્કારક રૂપે પરિણમે છે. એ નિમિત્તના કારકની

અપેક્ષા નથી, તેને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. આહાહા..! એ અજ્ઞાની વિકારને પર્યાયમાં દેખતાં જાણે કે વસ્તુમાં પેસી ગયો હોય વિકાર એમ અજ્ઞાનીની દૃષ્ટિ ઉપલકમાં છે, અંતરમાં જાતો નથી તેથી તેને આખો નિર્મળ સ્ફટિક રંગાયેલો દેખાય છે. ભાષા તો સમજાય એવી છે, પ્રભુ! આહાહા..! અમારા ડોસા જુઓને હા પાડે છે. આ તો આ છે, બાપા! વસ્તુ એવી છે, ભાઈ! આહાહા..!

કહે છે, '**નિર્મળ એવા આત્મામાં ક્રોધ-માન આદિ દેખાય...**' પર્યાયની યોગ્યતાથી દેખાય. કર્મથી નહિ. દ્રવ્ય-ગુણથી નહિ, કર્મથી નહિ. એની એક સમયની પર્યાયની યોગ્યતાથી ત્યાં દેખાય. '**તોપણ ખરેખર આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે.**' આહાહા..! એ તો એક સમયની પર્યાયની અંદર છે. વસ્તુ છે એ તો સકળ નિરાવરણ અખંડ એક અવિનાશી સ્વપરપ્રકાશક. આહાહા..! એવો શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે હું છું. સમકિતીની પર્યાય એમ માને છે. પકડાય એટલું પકડવું, પ્રભુ! આહાહા..!

વીતરાગી સંતો એના કથન કરે એની તો વાતું શું કરવી! વીતરાગી મુનિ જેને ત્રણ કષાયનો નાશ થયો છે, જેને અતીન્દ્રિય આનંદના અંદર ઉછાળા મારે છે. નગ્ન મુનિ હોય છે. બાહ્ય અને અભ્યંતર બેય, હોં! એકલું નગ્નપણું તો અનંત વાર લીધું. પંચ મહાવ્રત અનંત વાર પાળ્યા. એ કોઈ ચીજ નથી. આહાહા..! અંદર નગ્ન. જેને વિકલ્પનું લુગડું નથી. જેને વિકલ્પ-રાગનું લૂગડું નથી. એવો જે નિર્વિકલ્પ નાથ આત્મા એને અનુભવનાર સંતો એમ કહે છે કે પર્યાયમાં વિકલ્પ દેખાય છે એ વસ્તુમાં નથી. આહાહા..!

વસ્તુ તો સકળ ત્રિકાળ નિરાવરણ છે. વસ્તુને આવરણ હોય તો વસ્તુ અવસ્તુ થઈ જાય. સમજાય છે કાંઈ? સત્ છે, સત્ છે પ્રભુ. કેવળીએ દીઠો એની વાત છે, હોં! બીજા આત્મા આત્મા કરે એ વાત નહિ. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા એણે જે જ્ઞાનમાં આત્મા જોયો અને કહ્યો એ નિર્મળાનંદનો નાથ (છે). આહાહા..! પર્યાયમાં ભલે વિકલ્પ દેખાય પણ વસ્તુ નિરાવરણ ત્રિકાળ નિરાવરણ છે. એ આવરણ એટલે રાગ અને કર્મનો સંબંધ તો એક સમયની પર્યાયમાં છે, વસ્તુમાં નથી. આહાહા..! કેટલું પચવવું આમાં?

'**સ્વભાવે નિર્મળ એવા આત્મામાં ક્રોધ-માન આદિ દેખાય તોપણ ખરેખર આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે.**' આહા..! '**વસ્તુસ્વભાવમાં મલિનતા નથી.**' એ તો ઉપર ઉપર પર્યાયમાં મલિનતા (છે), એક સમયનો સંસાર છે. એક સેકન્ડના અસંખ્યમો ભાગ, એક સમયનો સંસારનો વિકૃત પર્યાયમાં છે. ભગવાન ત્રિકાળી તો નિર્મળાનંદ

છે. આહાહા..! છે? '**ખરેખર આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે. વસ્તુસ્વભાવમાં મલિનતા નથી.**' વસ્તુસ્વભાવ, સ્વ-ભાવ, સ્વ-ભાવ. સ્વભાવવાન વસ્તુ એનો સ્વ-ભાવ ત્રિકાળ નિર્મળ છે. તેમાં મલિનતા નથી. આહાહા..! આવો ઉપદેશ છે. લોકો પ્રેમથી સાંભળે છે. સાંભળે હવે સાંભળે. બાપુ! આવી વાત ક્યાં છે? ભગવાન!

હવે દૃષ્ટાંત આપે છે બા. એ તો જગદંબા છે. '**પરમાણુ પલટીને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનો ન થાય...**' શું કહે છે? આ પરમાણુ પોઈન્ટ છે. આ તો અનંત પરમાણુનો દળ પિંડ છે. કટકો કરતા છેલ્લો રજકણ રહે તે પરમાણુ પલટીને પોતાના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનો ન થાય. આહાહા..! પરમાણુ જે ગુણી દ્રવ્ય છે એ ગુણ વિનાનો ન થાય. આહાહા..! ભાષા તો સાદી છે. પરમાણુ જે દ્રવ્ય છે એ ગુણી. એને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ગુણ. એ ગુણી ગુણ વિના કોઈ દિ' ન રહે. ગુણી ગુણ વિના ન થાય. આહાહા..! છે?

'**પરમાણુ પલટીને...**' આહાહા..! વર્ણ એટલે રંગ. '**ગંધ-રસ-સ્પર્શ વિનાનો ન થાય તેમ વસ્તુસ્વભાવ બદલાતો નથી.**' આહાહા..! વસ્તુ જે અનંત ગુણનો નાથ પ્રભુ ગુણી એ પોતાના ગુણથી જુદો પડતો નથી, બીજા પોતાના ગુણ વિનાનો રહેતો નથી. વિકાર વિનાનો રહે છે પણ ગુણ વિનાનો રહેતો નથી. આહાહા..! ઈન્દ્રો સાંભળતા હશે એકાવતારી-એક ભવ (બાકી છે). પહેલા દેવલોકના ઈન્દ્ર છે એકાવતારી છે, એકભવતારી છે-શક્રેન્દ્ર. એની સ્ત્રી છે રાણી-દેવી. એક-એક. છે કરોડો પણ એમાં એક એવી છે કે એ પણ એક ભવે મોક્ષ જનારી છે. સિદ્ધાંતમાં લેખ છે. પતિ-પત્ની બેયને દેવનો છેલ્લો ભવ છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. એ દેવ અને દેવી સાંભળવા આવતા હશે વ્યાખ્યાનમાં એ પ્રવચન કેવા હશે પ્રભુ! આહાહા..!

જેને ખાતરી છે કે અમારે હવે એક છેલ્લો મનુષ્ય થઈને મોક્ષ જાવું છે. ત્રણ જ્ઞાન તો પ્રગટ છે મતિ, શ્રુત અને અવધિ. અને સમ્યગ્દર્શન. એ જ્યારે ભગવાનની વાણી સાંભળવા સમવસરણમાં આવે અને સિંહ અને વાઘ અને નાગ જંગલમાંથી આમ સર.. સર.. સર.. કરતા ચાલ્યા આવે. કેસરિયા સિંહ સેંકડો સિંહ જંગલમાંથી ચાલ્યા આવે સમવસરણમાં. કાળા નાગ લાંબા ૨૫-૫૦ હાથના. પણ જેમ ઈયળ આવે એમ ચાલી આવે અંદર ભગવાનને સાંભળવા. આહાહા..! એવા નાગ, વાઘ ને સિંહ ને ઈન્દ્ર અને ઈન્દ્રાણીની વચ્ચે વીતરાગની વાણી કેવી હોય બાપા! સાધારણ કથા આ દયા પાળો, વ્રત કરો એ તો કુંભાર કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

કુંભાર કહે છે એટલે શું? જરી વાત યાદ આવી છે. અમારે જે ઉમરાળા છે ને ઉમરાળા જન્મ ગામ? જન્મ ગામ. એ વખતે પોણો સો વર્ષ પહેલાની વાત

છે. એ વખતે એવો રિવાજ હતો કે શ્રાવણ સુદ એકમ બેસે એટલે જે શેઠિયા હોય આપણા નગરશેઠ વાણિયા. જૈનધર્મ સ્થાનકવાસીનો ત્યાં. શેઠ હતા. એ શ્રાવણ સુદ એકમ બેસે એટલે બધા શેઠિયા ત્રણ-ચાર પાંચ-પાંચ સોપારી લઈને જાય અને કુંભાર હોય નિભાડા કરનારા, ઘાંચી હોય ઘાણી કરનારા. બધા પાસે જાય. પાંચ સોપારી મૂકે. તો ઓલા સમજે વાણિયાના પર્યુષણ આવ્યા. એ શ્રાવણ સુદ એકમથી ભાદરવા સુદ પાંચમ સુધી ઘાણી ન પીલે. આ રિવાજ હતો. એ વખતે લૌકિક લાઈન આવી હતી. કુંભાર નિભાડો ન કરે. શ્રાવણ સુદ એકમથી ભાદરવા સુદ પાંચમ. શ્રાવણ મહિનો આખો અને ભાદરવા પાંચમ. ઘાંચી મુસલમાનો ન કરે. શેઠિયા-વાણિયાના પર્યુષણ આવ્યા છે. એવી છાપ હતી. મોટા શહેરમાં તો ક્યાં. નાગ્નેશમાં હશે કાંઈક. આ તો અમારે નજરે બધું જોયેલું. આહાહા..! એ ૩૫ દિ' ઘાણી ન પીલે. મુસલમાન, હોં! અને પૂરું થાય જ્યારે પાંચમ પછી પહેલો કોણ શરૂ કરે છે એની હોડ આવે. કારણ કે પહેલો શરૂ કરે એને પાપ વધારે બંધાય. આહાહા..! એવી બહારની વાતું તો પ્રભુ લૌકિકમાં અનાદિથી ચાલી આવે છે. એ કંઈ પરની દયા પાળી, ન માર્યો માટે ધર્મ થયો છે એવી વાતું તો અનંત કાળથી ચાલી છે, બાપા! એ વાતું નથી. ઝીણી વાત, ભાઈ!

પરની દયા તો જીવ પાળી શકતો નથી. કેમ કે પરદ્રવ્યની પર્યાય તે કાળે સ્વતંત્ર સ્વકાળે થાય એમાં બીજો શું કરે? પણ પરની દયાનો ભાવ આવે એને પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં અમૃતચંદ્રાચાર્ય એમ કહે છે કે એ રાગ છે, એ હિંસા છે. રાગ વિકલ્પ ઉઠ્યો છે ને? એ ભગવાન અહિંસક વીતરાગમૂર્તિ છે તેમાં એટલી હિંસા થાય છે. આહાહા..! આ તે કોણ કહે? વીતરાગ છે, જેને જગતની પડી નથી. જેને સમાજ સમતોલ રહેશે કે નહિ? ભાગ બે પડશે કે નહિ? આ પક્ષથી વિરુદ્ધ પડશે કે નહિ? આહાહા..! જેને કંઈ પડી નથી એવા ત્રણ લોકના નાથ અને ત્રણ કષાયના અભાવવાળા સંતો સમાજ સમતોલ રહેશે કે નહિ? એ (દરકાર) નહિ. સત્યને પ્રસિદ્ધ કરીને ઢંઢેરો પીટે છે. સત્યને પ્રસિદ્ધ કરીને ઢંઢેરો પીટે છે કે પરની દયાનો ભાવ તે હિંસા છે. કોણ કહેશે આ? પરની દયા પાળી શકતો નથી. તને ભાવ આવે કે આ જીવને બચાવું કે ન મારું. એ વિકલ્પ છે, પ્રભુ! એ રાગ છે. અને રાગ એ સ્વરૂપમાં નથી. રાગ વિનાની ચીજને રાગ આવતા શાંતિનો ત્યાં ઘાત થાય છે. આહાહા..! આવી વાતું છે.

કહે છે, '**પરમાણુ પલટીને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનો ન થાય...**' એ ગુણી પલટીને ગુણ વિનાનો ન થાય. આહાહા..! '**તેમ વસ્તુસ્વભાવ બદલાતો નથી.**' શું

કહે છે? પરમાણુના જેમ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ પલટતા નથી. પલટે તો વસ્તુ રહેતી નથી. એમ ભગવાન આત્મા એનું જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણો જે છે એ ગુણો વિનાનો તો કોઈ દિ' રહેતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! એ ગુણી પ્રભુ, ગુણી તો ચોખાની અને ઘઉંની એને કહે છે. આ એ નહિ. અહીં તો ગુણનો ધરનાર એવો ગુણી પ્રભુ. એ ગુણી ગુણ વિનાનો ન હોય. પરમાણુ એના વર્ણ, ગંધ, સ્પર્શ વિનાનો ન હોય. એમ ચૈતન્ય ભગવાન એના અનંત અનંત આનંદ આદિ ગુણો એના વિનાનો કોઈ દિ' ત્રણ કાળમાં ન હોય. આહાહા..! છે?

**'આ તો પરથી એકત્વ તોડવાની વાત છે.'** આહાહા..! અનંત ગુણ વિનાનો એ ન હોય એવી જે દૃષ્ટિ થાય... આહાહા..! ત્યારે પરથી એકત્વ તૂટી જાય છે. રાગના વિકલ્પથી નિર્વિકલ્પ ગુણો, ગુણ નિર્વિકલ્પ વિનાનો ગુણી હોય નહિ. પૂર્ણાનંદના અનંત ગુણો છે તે અનંત ગુણ વિનાનો ગુણી હોય નહિ. એવી દૃષ્ટિ થતાં રાગની એક્તા તૂટી જાય છે. આહાહા..! એને અહીંયાં સમ્યગ્દર્શનની પહેલી ધર્મની ભૂમિકા કહેવામાં આવે છે. આહાહા..! એને ધર્મની પહેલી સીઢી (કહેવામાં આવે છે). આહાહા..! એ અહીં કહે છે.

**'આ તો પરથી એકત્વ તોડવાની વાત છે.'** એ પણ નાસ્તિથી વાત છે. સ્વમાં એકત્વ થાય ત્યાં પરનું એકત્વ એટલે રાગ ઉત્પન્ન ન થાય એને પરને તોડ્યો એમ કહેવામાં આવે છે. શું કીધું એ? ગુણી પરમાણુ એ એના ગુણ વિનાનો ન હોય, એમ ગુણી એવો ભગવાન એના ગુણ વિનાનો ન હોય. એવી જ્યાં દૃષ્ટિ થાય ત્યાં એને રાગની ઉત્પત્તિ મિથ્યાત્વની ન થાય. એને અહીંયાં એમ કહે છે પરથી એકત્વ તોડવાની વાત એમ કીધી. તોડવા જાવું છે એમ નથી. પણ ગુણી ગુણ વિનાનો ન હોય. મારો નાથ મારા ગુણ વિનાનો નથી એમ જ્યાં એકત્વબુદ્ધિ થાય છે ત્યાં રાગની એક્તા તૂટી જાય છે. એને તોડવા જવાપણું આવતું નથી.

**'અંદર વાસ્તવિક પ્રવેશ કર તો છૂટું પડે.'** અંદરમાં જા તો રાગથી છૂટો પડી જાય, નહિતર છૂટો પડશે નહિ. વિશેષ કહેશે..(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ચૈત્ર વદ ૯, શનિવાર, તા.૨૧-૪-૧૯૭૯**
**બોલ-૮૨, ૮૬, ૧૦૦, પ્રવચન-૭૬૭**

**'હું તો અરીસાની જેમ અત્યંત સ્વચ્છ છું; વિકલ્પની જાળથી આત્મા મલિન ન થાય; હું તો વિકલ્પથી જુદો, નિર્વિકલ્પ આનંદઘન છું; એવો ને એવો પવિત્ર છું'-એમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ. વિકલ્પથી મલિન થઈ-મલિનતા માની ભ્રમણામાં છેતરાઈ ગયો છો; અરીસાની જેમ જાતિએ તો સ્વચ્છ જ છો. નિર્મળતાના ભંડારને ઓળખ તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ પ્રગટશે. અંદર જ્ઞાન અને આનંદ આદિની નિર્મળતા જ ભરેલી છે. ૮૨.**

.. આમાં તત્ત્વની વાત છે. અનંત કાળથી આ તત્ત્વ આત્મા રાગથી પણ જ્યાં નિરાળો અંદર છે એવું જેણે અંતરમાં સ્વતત્ત્વનું અવલંબન લીધું નથી તેને ધર્મની શરૂઆત થતી નથી. આહાહા..!

'**હું તો અરીસાની જેમ અત્યંત સ્વચ્છ છું;...**' અહીંથી શરૂ કર્યું. આહાહા..! અરીસો જેમ પોતાના સ્વભાવથી સ્વચ્છ છે, એમ હું આત્મા મારા સ્વભાવથી જ હું સ્વચ્છ અને નિર્મળ છું. આહાહા..! '**વિકલ્પની જાળથી આત્મા મલિન ન થાય;...**' શું કહે છે? ભગવાન આત્મા વસ્તુ જે છે સચ્ચિદાનંદ પ્રભુ નિત્યાનંદ સહજાત્મ સ્વરૂપ, એ રાગાદિના વિકલ્પની વૃત્તિઓથી એ વસ્તુ મલિન ન થાય. આહાહા..! આ વાત બેસારવી (કઠણ પડે). દુનિયાને બેસે ન બેસે પણ વસ્તુનો સ્વભાવ આમ છે.

'**વિકલ્પની જાળથી આત્મા મલિન ન થાય;...**' આહાહા..! આ શરીરાદિ તો પર જડ છે એ તો એના અસ્તિત્વમાં નથી, પણ રાગની જાળ ગુણ-ગુણી ભેદનો વિકલ્પ ઉઠે કે કોઈ પંચ પરમેષ્ઠીના સ્મરણનો વિકલ્પ રાગ ઉઠે એ પણ જાળમાં આત્મા મલિન ન થાય. વસ્તુ મલિન ન થાય. આહાહા..! કેમ બેસે આ? વસ્તુ સચ્ચિદાનંદ નિર્મળાનંદ સ્ફટિક. જેવો નિર્મળ સ્ફટિક છે, એવો જ પ્રભુ ચૈતન્ય નિર્મળ ત્રિકાળ છે. એ વિકલ્પની જાળથી વસ્તુ મલિન ન થાય. પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં-વર્તમાન દશામાં-ભલે મલિનપણું એક સમયના અસ્તિત્વમાં દેખાય. પણ ત્રિકાળી વસ્તુમાં એ મલિનપણું આવતું નથી. અને તે ત્રિકાળી ચીજમાં દૃષ્ટિ કરીને અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શનની ધર્મની પહેલી શરૂઆત છે. આહાહા..! આવી વાત છે.

બીજાઓ સમજી શકે કે ન સમજી શકે એ બીજાઓને ધર્મ પમાડી શકાય કે ન પમાડી શકાય એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! મારો નાથ નિર્મળાનંદ પ્રભુ શુભ અને અશુભની વિકલ્પની વૃત્તિની જાળથી એ વસ્તુ મલિન થઈ નથી. આહાહા..! એની વર્તમાન મલિન પર્યાયની દૃષ્ટિ છૂટી અને એનાથી રહિત ભગવાન નિર્મળાનંદ છે એમાં એની દૃષ્ટિ જાય તો તે વસ્તુ મલિન થઈ નથી. આહાહા..! અને તેથી તે નિર્મળ ચીજનો વર્તમાનમાં અનુભવ કરતાં તેમાં તેને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. ત્યારે તેણે આત્માને જાણ્યો અને માન્યો અને છે એવો એણે ત્યારે કબુલ્યો. આહાહા..! આ તો શરૂઆતની વાત છે, ભાઈ! સમ્યગ્દર્શન વિના બધી ક્રિયાઓ વ્રત ને તપ ને કરીને કરે ગમે તે. પ્રભુ! જન્મ-મરણના અંત તેમાં નહિ આવે, પ્રભુ! કારણ કે એ તો પુણ્ય અને પાપના ભાવ તો પોતે સંસાર છે. એ સંસારથી સંસારનો અંત કઈ રીતે આવે? આહાહા..! પણ એ પુણ્ય અને પાપની વિકલ્પજાળ એ વિનાનો ભગવાન આત્મા જેમાં સંસાર નથી એટલે રાગનો ઉદય નથી અને એનો ભાવ જે સંસારનું કારણ રાગ એ પણ એમાં નથી. એવી વિકલ્પ વિનાની ચીજ મલિન ન થાય.

'**હું તો વિકલ્પથી જુદો,...**' છું. અરેરે..! આવી વાતું છે. આહાહા..! અંદર ચૈતન્ય ભગવાન રાગની વૃત્તિથી તદ્દન જુદો છે. ખરેખર તો એ વસ્તુ જે છે એ શુભરાગના વિકલ્પને પણ અડી નથી. આહાહા..! એ વસ્તુ છે ભગવાન જેણે આત્માને ભગવાને જોયો... આહાહા..! એ ચીજ નિર્મળ એવી ચીજ છે કે વિકલ્પનો અંશ એમાં નથી. અને જેમાં એ વિકલ્પનો અંશ નથી એ સંસાર અને સંસારના ભાવથી રહિત છે. તો એનો આશ્રય કરવાથી સંસારથી રહિત થઈ શકાય છે. પણ વિકલ્પની જાળ છે એ તો સંસાર છે. ચાહે તો ભક્તિ, પૂજા, વ્રતાદિ ગમે તે વિકલ્પ હો.. આહાહા..! પણ એ તો પરદ્રવ્યને કારણે, પરના લક્ષે ઉત્પન્ન થતો વિકલ્પજાળ એ તો સંસાર છે. એનાથી છૂટવું હોય તો જેમાં એ નથી એ ચિદાનંદ દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ ચિદ્ઘન, આનંદકંદ એમાં એ વિકલ્પ છે જ નહિ (તેનો આશ્રય કરવો). આહાહા..!

'**હું તો વિકલ્પથી જુદો,...**' આવો એણે અંતરમાં સ્વસન્મુખનો પ્રયત્ન કરવો પડશે, પ્રભુ! આહાહા..! એવી વાત છે. આહાહા..! '**નિર્વિકલ્પ આનંદઘન છું;...**' આહાહા..! શરીરાદિ તો હું છું જ નહિ, એ તો જગતની ચીજ છે. પુણ્ય-પાપના ભાવ એ વિકાર છે પણ મારી અલ્પજ્ઞતા છે એમાં પણ હું નથી. હું તો પૂર્ણ આનંદઘન છું. આકરું કામ છે, ભાઈ! આહા..! છે? નિર્વિકલ્પ અને આનંદઘન બે શબ્દ વાપર્યા

છે. નિર્વિકલ્પ એટલે રાગની વૃત્તિના વિકલ્પની મલિનતાથી રહિત અભેદ અને આનંદઘન. આહાહા..! અહીં ફાંફાં મારે પરમાં. અહીં સુખ... અહીં સુખ.. અહીં સુખ. કહે છે કે હું તો નિર્વિકલ્પ આનંદઘન છું. એવી અંતર દૃષ્ટિ કર્યે સત્ય સમ્યગ્દર્શન તેનું નામ કહેવાય. કેમ કે જેવડું એ સત્ય જેમ છે તેને તે રીતે કબુલે તો એને સમ્યક્ નામ સત્ય દર્શન કહેવામાં આવે. જેવડું એ પૂર્ણ સત્ય છે એનાથી બીજી રીતે અલ્પપણે વિકારપણે આદિ એને કલ્પે તો એ તો મિથ્યાત્વરૂપી સંસાર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**હું તો નિર્વિકલ્પ આનંદઘન છું; એવો ને એવો પવિત્ર છું.**' એટલે શું કહે છે એ? ગમે તેવા નિગોદમાં અનંતા ભવ કર્યા, નરકના અનંત ભવ કર્યા પણ હું વસ્તુ છું એ તો એવો ને એવો છું. આહાહા..! મારામાં કાંઈ મલિનતા કે અલ્પતા આવી નથી. પૂર્ણતા અને નિર્મળતાથી ભરેલો હું ભગવાન છું. આહાહા..! '**એવો ને એવો પવિત્ર છું.**' અનંત વાર નરકમાં ગયો, અનંત કર્યા નિગોદના ભવ તો એ તો બધી પર્યાયની અવસ્થામાં અવસ્થાદૃષ્ટિથી કર્યા. પણ વસ્તુ તરીકે હું એવો ને એવો અનાદિ શુદ્ધ છું. આહાહા..!

દરિયો મોટો પાણીનો ભર્યો હોય પણ કાંઠે ચાર હાથનું કપડું પર્યંત-આડું રાખ્યું હોય અને પોતે ચાર હાથનો ઊંચો હોય. એની નજરમાં કપડું આવે. એની નજરમાં દરિયો ન આવે. સમુદ્ર છે અગાધ પાણીથી ભરેલો ગંભીર અને પહોળાશનો પાર અવગાહનનો નથી, છતાં કાંઠે ચાર હાથનું કપડું પર્યંત નામ આડપમાં રાખ્યું હોય તો નજર કરનારો પણ ચાર હાથ ઊંચો અને કપડું પણ ચાર હાથ ઊંચું. એની આંખમાં તો કપડું આવે. ઓલી ચીજ આવે નહિ. એમ ભગવાન આત્મા રાગના વિકલ્પની નજરમાં ઊભો રહે એને ત્રિકાળી નિર્મળાનંદ નજરમાં ન આવે, નાથ! એમ કહે છે. આહાહા..!

બહેનના વચનો છે. બહેનો પાસે કહેલા. દીકરીઓ વચ્ચે. આજ તો સમાચાર આવ્યા છે કે આવશે નહિ. ડોક્ટરો ના પાડે છે કે મુંબઈ જાવું નહિ. સમાચાર આવી ગયા. આ તો રાત્રે કોઈ ચર્ચામાં દીકરીયુંમાં બોલાઈ ગયું અને આ લખાઈ ગયું છે. બાકી આ તો અંતરના ઉભરા છે. આનંદનો નાથ અંદર ઉછળ્યો છે. હિલોળા મારતો આત્મા અંદર નિર્વિકારી નિર્વિકલ્પ આનંદઘન છું અને હું તો પવિત્ર જેવો છું તેવો અનાદિથી એવો ને એવો રહ્યો છું. ગમે તેટલા ભવ કર્યા તો એ ભવ અને ભવના ભાવ તેની મારા દ્રવ્ય સ્વભાવમાં અસર નથી. આહાહા..! તે અસરમાં હું આવ્યો નથી અને તે અસર મારામાં નથી એવો હું પવિત્ર અનાદિઅનંત છું. છે? '**એવો**

**ને એવો પવિત્ર છું.**' આહાહા..!

'**એમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ.**' એમ પોતાના સ્વ-ભાવ. સ્વ નામ પોતાનો નિર્મળ ત્રિકાળ ભાવ એ સ્વભાવની જાતિને ઓળખ. સ્વભાવની જાતને ઓળખ. રાગાદિ એ સ્વભાવની જાત નથી પ્રભુ! એ તો કજાત છે. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાના સ્વભાવની જાતિને ઓળખ. આવા શબ્દ પડ્યા છે. પોતાના સ્વભાવની જાત એ તો ત્રિકાળ પવિત્ર આનંદકંદ પૂર્ણ ઘન છે. તેની સ્વભાવની જાતને ઓળખ. સ્વભાવથી વિરુદ્ધ જે રાગાદિ, નિમિત્તાદિ છે એ તારામાં નથી અને તું તે રૂપે થયો નથી, તેની અસર તને કોઈ દિ' લાગુ પડી જ નથી. આહાહા..! વસ્તુ સ્વભાવ જે દ્રવ્ય સ્વભાવ છે એને વિકલ્પની જાળની અસર, સંગ અડ્યો પણ નથી. એવો હું છું એમ અંતરમાં નજરમાં લે. આકરી વાતું છે, પ્રભુ! માર્ગ બહુ આકરો.

આ સમ્યગ્દર્શન વિના જે કાંઈ કરવામાં આવે ઉપરના વ્રત ને તપ ને ફલાણું ને ફલાણું. એ બધા એકડા વિનાના મીંડા છે. મીંડાની કોઈ સંખ્યા ન હોય. લાખ-કરોડ મીંડા લખે એ કાંઈ સંખ્યામાં ગણાય? એમ પ્રભુ પોતે હાથ ન આવે અને એના વિના બધી વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા લાખ ને કરોડ ને અનંત વાર કરે, એ હાથ નહિ આવે પ્રભુ આમાં. આહાહા..! અને હાથ આવે તો હું પવિત્રતા વિકલ્પથી મલિન થઈ મલિનતા માની ભ્રમણામાં છેતરાઈ ગયો છે. છે? આહાહા..!

અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ એ.. આહાહા..! '**વિકલ્પથી મલિન થઈ-**' રાગનો અંશ પછી ભલે શુભ હો કે અશુભ હો. મોક્ષપાહુડમાં એ ગાથા ૧૬માં કહ્યુ છે કુંદકુંદાચાર્યે. '**परदव्वादो दुग्गइ**'. પ્રભુ! સ્વદ્રવ્યના આશ્રય વિના જેટલું લક્ષ અમારા ઉપર પણ તને જશે એ અમે તારા દ્રવ્યથી પરદ્રવ્ય જુદાં છીએ. જુદાં ઉપર લક્ષ જશે પ્રભુ! તારી દુર્ગતિ છે. અરર..! દુર્ગતિ એટલે તારા ચૈતન્યની ગતિ નથી. ચૈતન્યથી કજાત રાગ છે તે ગતિમાં જઈશ. આહાહા..! આવું છે આકરું. એ અહીં કહે છે.

'**વિકલ્પથી મલિન થઈ-મલિનતા માની...**' દેવ, ગુરુ અને ધર્મનું લક્ષ કર્યું, સ્મરણ કર્યું એ પણ વિકલ્પ છે. પરદ્રવ્ય તરફનો ઝુકાવ, સ્વદ્રવ્યનો ઝુકાવ છોડીને પરદ્રવ્ય તરફનો ઝુકાવ એ મલિનતાનો વિકલ્પ ભાવ છે. આહાહા..! એ '**મલિનતા માની ભ્રમણામાં છેતરાઈ ગયો છે;...**' આહાહા..! જે ચીજ છે તેને ન જાણતા એ વિકલ્પનો સૂક્ષ્મ રાગ અંદર ઊઠે એનાથી જાણે હું મલિન થઈ ગયો છું એમ '**મલિન થઈ-મલિનતા માની...**' બે શબ્દ છે. '**વિકલ્પથી મલિન થઈ...**' એટલે વિકલ્પ છે એનાથી મલિન પર્યાયમાં થઈ અને '**મલિનતા માની...**' આ તો બહેનના વચનો એકલા તત્ત્વના

છે. એ તો બોલી ગયેલા. એ તો મરી ગયેલા છે. એ તો સ્ત્રીનો દેહ આવી ગયો પૂર્વના કારણે. બાકી અત્યારે તો બાપુ! આહાહા..! એને ઓળખાવવા જગત પાસે કઠણ છે. એ તો રાતે બોલી ગયેલા. બહેનોએ લખી લીધું દીકરીઓએ. આહાહા..!

અહીંયાં તો અંદરની એકલી વાતું છે. આહાહા..! કપાટ ખોલ, પ્રભુ! આહાહા..! એ મલિન વિકલ્પની જાળમાં રોકાઈ ગયો. તારો નાથ અંદર અનંત ગુણથી ભર્યો એને તેં તાળા માર્યા છે. એ તાળા માર્યા એને ખોલ. અંદર ભગવાન બિરાજે છે પૂર્ણાનંદ. આહાહા..! સમજાય છે કાંઈ? જાત ઉપદેશની જુદી છે એટલે આકરું લાગે. ધીરુભાઈ! બધા શેઠિયાઓ જેવા પૈસા અને દાનનું કરે એટલે રાજી રાજી થઈ જાય અને થઈ જાય ધર્મ. બે-પાંચ લાખ ખર્ચે એટલે થઈ જાય એને ધર્મ. ધૂળેય ધર્મ નથી. એય..! હસમુખભાઈ! પૈસાવાળાને એમ કે બે-પાંચ લાખ અહીં આપો. તમારું નામ પણ રહે અને તમને ગતિ સારી મળે. કઈ ગતિ? પ્રભુ! એમાં કદાચ રાગ મંદ કર્યો હોય તો કહે છે કે મલિન થઈ-મલિન માની.. આહાહા..! ધીરુભાઈ! આવું છે, ભગવાન! આહાહા..!

નિર્મળાનંદ નિર્વિકલ્પ પ્રભુ અંદર બિરાજે છે. એ તો કહ્યું નહોતું એક વાર? નાટકનું નહોતું કહ્યું? વડોદરાનું. (સંવત) ૧૯૬૪ની સાલની વાત થઈ હતી એક ફેરી. વડોદરા માલ લેવા ગયેલ દુકાનનો. સંવત ૬૪ની વાત છે. ૧૮ વર્ષની ઉંમર હતી. આ તો ૯૦ થયા. ૭૨ વર્ષ પહેલાની વાત છે. માલ લેવા ગયેલ દુકાનનો. ઘરની દુકાન અને માલ લઈ લીધો. રાતે નવરાશ એટલે જોવા ગયા નાટક. એમાં અનસુયાનું નાટક. એ અનસુયાને દીકરો થયો અને પછી એને ઝુલાવે છે. વાત કરી હતી એક ફેરી. આ તો ૭૨ વર્ષ પહેલાની વાતું. એવી વાતું નાટકમાં હતી. આહાહા..! અરેરે..! અત્યારે સંપ્રદાયમાં સાંભળવું મળે નહિ. એ નાટકમાં એવું હતું. બેટા! તું નિર્વિકલ્પ છો. આ શબ્દો હતા હોં! નાટકમાં. ચોપડી લીધી હતી. આમ તો મારે ટેવ પહેલેથી એવી ભાઈ! તમે શું બોલો છો એ કાંઈ અમને ન સમજાય તો નાટક .. લાવો તમારી ચોપડી. પૈસા લ્યો ભાઈ. બાર આનાની ટીકીટ અને બાર આનાની ચોપડી. આ તો ૬૪ સાલની વાત છે. એમાં બા એની આમ ઝુલાવે. આહાહા..! બેટા! તું નિર્વિકલ્પ છો, ઉદાસીનો છો, શુદ્ધો છો, બુદ્ધોસી.

એમ અહીંયાં.. આહાહા..! બહેન કહે છે કે ભાઈ! આહાહા..! તું તો નિર્મળાનંદ આનંદઘન છો ને. એને આ કજાતમાં મલિનતા માની ભ્રમણામાં છેતરાઈ ગયો છો તું. આહાહા..! બહારના પાંચ-પચ્ચીસ હજાર કે દસ હજારમાં છેતરાઈ જાય તો એમાં કાંઈ કોઈ... રમણીકભાઈ! તમારે શું કરોડપતિમાં ત્યાં હવે પાંચ-પચાસ હજારમાં ફેરફાર

ત્યાં ગણતરી શું હતી? પણ અહીં મોટું છેતરાણ છે અહીં. આહાહા..! અરેરે..! પ્રભુ! પવિત્રતાના પિંડની અંદર નાનામાં નાના રાગની વૃત્તિને પોતાની માની, મલિન કરી જાણે હું મલિન થયો એમ માની છેતરાઈને ભ્રમણમાં ભમી રહ્યો છે. ચોર્યાસીના અવતાર ભગવાન, ભગવાનને ભૂલી ભ્રમણામાં ભગવાન પડી અને ભ્રમણામાં ભવના ભવ કરી રહ્યો છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! પણ વસ્તુ તો આ છે. સત્ય તો આવું છે. હજી તો પહેલા દર્શનશુદ્ધિની વાત છે. દર્શનશુદ્ધિ થયા વિના એને વ્રત ને તપ ને ભક્તિ-બક્તિ બધા મીંડા છે. રણમાં પોક છે. રણમાં પોક મૂકે એ કોઈ સાંભળે નહિ અને એની પોક પૂરી થાય નહિ. એમ આત્માના દર્શનશુદ્ધિ પહેલું આ ચિદાનંદ પવિત્ર પરમાત્મા એવું અંદર અનુભવ વિના એ એક નાનામાં નાની વૃત્તિને એના વડે હું મલિન થયો અને મલિન માની છેતરાઈને ભ્રમણામાં ભમી રહ્યો છે. આહા..! છે?

**'ભ્રમણામાં છેતરાઈ ગયો છો; અરીસાની જેમ જાતિએ તો સ્વચ્છ જ છો.'** અરીસાની જાત તો સ્વચ્છ છે. અરીસામાં કોઈ મલિનતા કદી આવતી નથી. આહાહા..! એમ અરીસાની જેમ જાતિ અને ચૈતન્ય જાતિ, આત્માની જાત ભગવાનસ્વરૂપ પ્રભુની જાત સ્વચ્છ જ છે. પ્રભુ! તું સ્વચ્છ છો. સ્વચ્છ છે એમ નથી કીધું. સ્વચ્છ જ છો એમ કીધું. આહાહા..! પ્રભુ! આ જે સ્ત્રી શરીરાદિ ઉપરના ન જો. અંદરના રાગાદિને ન જો. એ રાગાદિને મલિન માનીને ભ્રમણામાં ભમી રહ્યો પ્રભુ! એકવાર ભૂલી જા ભ્રમણાને અને ભૂલેલા ભગવાનને યાદ કર અંદર. આહાહા..! એ ભગવાન સ્વચ્છ જ છે. અહીં સ્વચ્છ જ છે એમ નથી કીધું, સ્વચ્છ જ છો. પ્રભુ! તું સ્વચ્છ જ છો.

૪૭ શક્તિ છે ને? આત્મામાં અનંતી અનંતી ગુણરૂપ શક્તિ છે. શક્તિ કહો, ગુણ કહો, સત્‌નું સત્ત્વ કહો, જેમ સાકરનું સાકરપણું, સાકર એ સત્ અને એનું સાકરપણું એનું (ગુણ)પણું એટલે ગુણ છે. એમ ભગવાન સત્ છે એનું સત્‌પણું એટલે ગુણપણું આનંદ અને જ્ઞાન આદિ અનંત ગુણનું ગુણપણું છે. આહા..! એવી જાતિને **'નિર્મળતાના ભંડારને ઓળખ...'** આહાહા..! છે?

**'અરીસાની જેમ જાતિએ તો સ્વચ્છ જ છો. નિર્મળતાના ભંડારને ઓળખ...'** પ્રભુ તો નિર્મળ ભંડાર (છે). આહાહા..! કેમ બેસે? આખો દિ'... કહો, મીઠાલાલજી! આખો દિ' પૈસામાં-પૈસામાં મકાન અને .. આહાહા..! આ તો જેને જે હોય એ. પ્રભુ અંદર રહી ગયો છે, ભાઈ! આહાહા..! એ સવારમાં તો ઘણું આવ્યું હતું. ગ્રાહ્ય-ગ્રાહકનું. હજી થોડું કાલે આવશે. એ તો બધા પદાર્થો રાગાદિનો વિકલ્પ અને

પરમાત્મા પોતે અને પંચ પરમેષ્ઠી, પ્રભુ! તારા જ્ઞાનનું તો પરજ્ઞેય છે. એને ઠેકાણે તેના પર તરફના વલણથી જે વૃત્તિ થઈ એ વૃત્તિ મારી છે એમ મલિન થઈને તું માની છેતરાઈ ગયો. તારી જાતને તેં ઓળખી નહિ. તારી જાતમાં તને ભાત પાડતા આવડી નહિ. આહાહા..! એ છેતરાઈ ગયો. છે?

'**અરીસાની જેમ જાતિઓ તો સ્વચ્છ જ છો. નિર્મળતાના ભંડારને ઓળખ તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ...**' એ શું કહે છે? ભગવાન અંદર નિર્મળ આનંદ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે ભગવાનનું જ્ઞાન બધાને જાણે ત્રણ કાળ ત્રણ લોકને, એ ભગવાનના જ્ઞાનમાં પ્રભુ! તારો આત્મા એવો જણાણો છે. તારો આત્મા હોં! પુણ્ય-પાપના પરિણામ એ પુણ્ય-પાપના તત્ત્વપણે જાણ્યા. શરીર ને કર્મને અજીવતત્ત્વ પ્રભુએ જાણ્યા. પણ તારું જે તત્ત્વ છે એને ભગવાને તો નિર્મળાનંદ જાણ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એ '**નિર્મળતાના ભંડારને ઓળખ તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો...**' શું કહે છે એ? નિર્મળથી ભરેલો ભગવાન એની જો તને દૃષ્ટિ અને સ્વીકાર ને સત્કાર થયો '**તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ પ્રગટશે.**' કારણ કે પ્રભુ તદ્દન નિર્મળનો પિંડ છે. અનંત નિર્મળ ગુણની શક્તિનો ભંડાર છે. તો તેના ઉપર દૃષ્ટિ જતાં તારામાં નિર્મળ પર્યાયનો સમૂહ એક પછી એક... જોયું! '**નિર્મળતાના ભંડારને ઓળખ તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ...**' એક જ પર્યાય ઉઘડશે એમ નહિ. આહાહા..! કેમ કે ભગવાન આત્મા તો પ્રભુ અનંત ગુણનો સાગર છે ને. તો એની દૃષ્ટિ જો કર તો એ જેટલા ગુણો છે તેની એક પછી એક પર્યાયનો સમૂહ, એ અનંત પર્યાયનો સમૂહ પર્યાયમાં-અવસ્થામાં (પ્રગટ થશે). એક પર્યાય પ્રગટ થશે એમ ન કહ્યું. આહાહા..! સમજાણું કાંઈ?

'**એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ પ્રગટશે.**' આહાહા..! એ શું કહ્યું? પ્રભુ તું અનંત... અનંત... અનંત.. અનંત... એની કોઈ અનંતના અનંતની સંખ્યા નહિ એટલા અનંતા ગુણનો ભંડાર પ્રભુ તું. એવા અનંતા ગુણને ધરનારને જો ઓળખ તો તારી વર્તમાન પર્યાયમાં એક પછી એક પર્યાયનો સમૂહ પ્રગટ થશે. એક પછી એક પણ પર્યાયનો સમૂહ પ્રગટ થશે. આહાહા..! જેને શ્રીમદ્દે સર્વગુણાંશ તે સમકિત કહ્યું છે. જેને ટોડરમલજીએ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં... રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે ને? આપણે આ મોક્ષમાર્ગ પ્રકાશકમાં પાછળ છાપી છે. એમાં એમ કહ્યું છે કે જેને આ આત્મા નિર્મળાનંદ પ્રભુ એનો જ્યાં અંતર્મુખ થઈને સ્વીકાર થયો તેને એકદેશ અનંતા ગુણોનો એકદેશ પ્રગટ બધાનો થશે. એને અહીં સમૂહ કીધો છે. શું કહ્યું?

ફરીને. ભગવાન આત્મા એકરૂપ હોવા છતાં એની ગુણ અને શક્તિનો સ્વભાવ અનંત છે. સંખ્યાએ અનંત છે. એ અનંત ગુણના ભંડારને જો નજરમાં લીધો.. આહાહા..! નિર્મળાનંદના નાથને નિર્મળ પર્યાયે નજરમાં લીધો તો પર્યાયનો સમૂહ, જેટલા ગુણો છે તેટલા બધાની પર્યાયનો સમૂહ એક પછી એક, એક પછી એક વૃદ્ધિને પામીને સમૂહ પ્રગટ થશે. આહાહા..! લોકો એમ નથી કહેતા કે ધન રળે ને ઢગલા થાય. વાતું કરે છે. એ ઢગલો તો પુણ્ય હોય તો થાય. નહિતર મરી જાય તોપણ ન થાય. પણ લોકો એમ કહે કે ધન રળે તો ઢગલા થાય. એમ ચૈતન્ય-ધન અનંત ગુણોનો ભંડાર, જેમાં મલિનતાનો અંશ નથી એવા નિર્મળાનંદની જો દૃષ્ટિ કર તો જેટલા ગુણો છે તેટલી જ પર્યાયનો સમૂહ તારી પ્રગટ દશામાં આવશે. આહાહા..! ભલે પહેલા પૂર્ણ નહિ આવે. પણ એક પછી એક. એમ લીધું ને?

પહેલી અનંત ગુણમાંથી નિર્મળ પર્યાય ભલે અનંત આવે ઓછી પણ પછી બીજી આવશે, પછી ત્રીજી આવશે. એક પછી એક વધતી વધતી નિર્મળ પર્યાય આવશે. બીજ ઉગ્યા પછી પૂનમ ત્રીજ, ચોથ, પાંચમ થયા જ કરશે. એમ આ ત્રણ લોકના નાથને અંદર જો પકડ્યો સમ્યગ્દર્શનથી... આહાહા..! તો જેટલા ગુણની સંખ્યા છે તેટલી જ એક સમયની પર્યાયમાં અનંતી પર્યાયનો સમૂહ નિર્મળ પ્રગટ થશે અને તે એક સમયમાં પ્રગટ થશે, બીજે સમયે વિશેષ નિર્મળ અનંત સમૂહ. એ અનંત સમૂહ હોં! ત્રીજે સમયે અનંત સમૂહ, ચોથે સમયે અનંત સમૂહ. એમ પૂર્ણ પૂર્ણ અનંત ગુણની પર્યાયનો સમૂહ એક પછી એક પ્રગટ થતાં પૂર્ણ દશા થઈ જશે. પૂર્ણ દશા થતાં તને કેવળજ્ઞાન થઈને દેહથી છૂટી જશે. આહાહા..! આવી વાતું ગાંડા ઘેલા જેવી લાગે. પણ આ બહુ કરીએ. વ્રત કરવા ને તપ કરવા ને દાનનું તો આવતું નથી આમાં. બાપુ! દાન તો એને કહેવાય. સંપ્રદાન. સંપ્રદાન છે ને આમાં? એ સંપ્રદાન નામનો ગુણ છે. સાંભળ્યું છે?

સંપ્રદાન એટલે આત્મામાં જેટલી શક્તિઓ છે એમાં એક સંપ્રદાન નામની શક્તિ છે કે જેથી તે અનંતા ગુણમાં એ સંપ્રદાનનું રૂપ છે કે જેથી તે અનંત ગુણના નિર્મળના નાથને જ્યાં દૃષ્ટિ લીધો એથી એની પર્યાયમાં નિર્મળ પર્યાય થઈને પોતે લીધી અને પોતે દીધી. પોતે પાત્ર ને પોતે દાતા. (એવી) સંપ્રદાન છે. શક્તિ છે સંપ્રદાનની. વર્ણન ઘણું થઈ ગયું છે. સંપ્રદાન નામનો એક ગુણ છે આત્મામાં કે જે ગુણ એવા અનંત ગુણનો ધરનાર જે ભગવાન, એને જો તું પકડ તો અનંત ગુણની પર્યાય વર્તમાન સમયમાં તને પ્રગટ થશે સંપ્રદાન દાન તરીકે. એ પર્યાય લેનાર અને અનંત પર્યાય થશે તે દેનાર. તું નો તું લેનાર અને તું નો તું દેનાર. તું નો

તું પાત્ર અને તું નો તું દાતા. આહાહા..! બીજાને આહાર-પાણી આદિ દેવા એ તો વિકલ્પ છે, કહે છે. મુનિને આહાર. તીર્થંકર જેવા છદ્મસ્થ હોય એને પણ જ્યારે આહારદાન આપે તોપણ એ શુભભાવ છે. સંસારનો અંત આવે એ સાધન નહિ. આહાહા..! એ શુભભાવ છે.

અહીંયાં કહે છે કે નિર્મળ ભંડાર ભર્યો છે એના તરફ જો તારી નજર સ્વદ્રવ્યમાં જાય તો પર્યાયનો સમૂહ પ્રગટશે. અંદર જ્ઞાન અને આનંદ આદિની નિર્મળતા જ ભરેલી છે. શું કહે છે? આહાહા..! પ્રભુ! તારી સત્તામાં, તારા હોવાપણામાં, તારા તત્ત્વની મોજૂદગીમાં અનંત જ્ઞાનાદિની નિર્મળતા ભરેલી છે. કેમ બેસે? આ ધૂળ આદિ નવરા થાય ત્યારે... આહાહા..!

અહીં કહે છે, **'અંદર જ્ઞાન ને આનંદ આદિની નિર્મળતા જ ભરેલી છે.'** છે તેમાંથી આવશે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. કૂવામાંથી જે આવે અવેડામાં એ જાત આવશે. કૂવામાં મીઠું પાણી હોય તો અવેડમાં મીઠું આવશે. કૂવામાં ખારું હોય સમુદ્રનું તો અવેડામાં ખારું આવશે. આ તો નિર્મળાનંદનો દરિયો ભગવાન છે. આહાહા..! એની શ્રદ્ધા અને જ્ઞાનમાં જા તો અંતરથી અનંતી નિર્મળની પર્યાયનો સમૂહ તને એક પછી એક પ્રગટ થશે. આહાહા..! કેમ કે અંદર તો જ્ઞાન અને આનંદ આદિની નિર્મળતા જ ભરેલી છે. એ ૮૨ થઈ. ૮૬? ૮૬ હવે.

**અરીસામાં જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય છે, તેમ વિભાવપરિણામ વખતે જ તારામાં નિર્મળતા ભરેલી છે. તારી દૃષ્ટિ ચૈતન્યની નિર્મળતાને ન જોતાં વિભાવમાં તન્મય થઈ જાય છે, તે તન્મયતા છોડ. ૮૬.**

એના પછી ૮૬. **'અરીસામાં જેમ પ્રતિબિંબ પડે...'** આ લખેલા બોલ છે. અરીસામાં જેમ સામી ચીજ અગ્નિ અને બરફ. અગ્નિની જ્વાળા આમ આમ થાય અને બરફનો ઢગલો ઓગળતો જાય એવું અહીં દેખાય અંદર. પણ એ કાંઈ અગ્નિ અને બરફ નથી ત્યાં. એ તો અરીસાની સ્વચ્છતા છે. અરીસામાં અરીસાનું અસ્તિત્વ છે. અરીસામાં અગ્નિ અને બરફનું અસ્તિત્વ-હયાતી-નથી. આહાહા..! ભરતભાઈ! આવી વાતું ઝીણી છે. થોડી થોડી વાતું કરે છે કરે છે બે ભાઈઓ. એમ કો'ક કહેતું હતું. આહાહા..!

'**અરીસામાં જેમ પ્રતિબિંબ પડે...**' પ્રતિબિંબ કેમ કીધું? કે સામી ચીજ છે એને બિંબ કહેવાય અને અરીસામાં જે સ્વચ્છતામાં જણાય તેને પ્રતિબિંબ કહેવાય. પ્રતિબિંબ એટલે જેવું ત્યાં છે બિંબ એવું અહીં થાય એને પ્રતિબિંબ કહેવાય. '**અરીસામાં જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય છે,...**' ભલે પ્રતિબિંબ પડે પણ અરીસો તો નિર્મળ જ છે તે સમયે. આહાહા..! અરીસો કાંઈ અગ્નિ અને બરફ જેમ થઈ નથી ગયો ત્યાં. આહાહા..! આ તો અરીસાનું દૃષ્ટાંત દઈ અને પછી વાત કરે છે, હોં! ભાઈએ તો દ્રવ્યદૃષ્ટિમાં નાખ્યું છે કે અરીસાની પર્યાયમાં આ બધું દેખાય છે. અરીસાનું દળ છે એ તો પર્યાયથી ભિન્ન છે. શું કહ્યું ઈ?

અરીસો જે છે એમાં બે પ્રકાર. એક ઉપરની અવસ્થા-હાલત અને એક ત્રિકાળી કાયમ રહેનારું દળ. ધ્રુવ દળ. અરીસાનું ધ્રુવ દળ એકરૂપ રહેનારું. અને એક અવસ્થારૂપ થવું પરિણમવું એ એની પર્યાય. એ બધું જે જણાય છે એ પર્યાયમાં સ્વચ્છપણે પોતે પોતાની અવસ્થા છે એ. દળમાં નહિ. આરે..! આવી વાતું હવે. દળ અને અરીસો. ભગવાન! તારી મોટપનો પાર નથી. પ્રભુની મોટપ તેં સાંભળી નથી. આહાહા..! વિકલ્પાતીત, વાણીથી અતીત એને કઈ રીતે કહેવું? એને ઉપમાં પણ શું દેવી? એની ઉપમા એને લાગુ પડે. એ કેવો? કે એ એના જેવો.

એવો જે આત્મા '**અરીસામાં જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય છે, તેમ...**' એ તો દૃષ્ટાંત થયું. '**વિભાવપરિણામ વખતે જ...**' ભલે કહે છે વિભાવ વિકાર થયો વિકલ્પ એ વખતે જ '**તારામાં નિર્મળતા ભરેલી છે.**' એ વિકલ્પમાં તું આવી નથી ગયો. આહાહા..! એ અરીસો અગ્નિ અને બરફમાં નથી આવી ગયો. અગ્નિની જ્વાળા આમ આમ થાય અને બરફ ઓગળતો જાય એમ અહીં દેખાય, પણ એ અરીસો ત્યાં ગયો નથી. તેમ અરીસામાં એ ચીજ આવી નથી.

'**તેમ વિભાવપરિણામ વખતે...**' વિભાવના પરિણામ વખતે વિભાવ સ્વભાવમાં આવ્યો નથી. તેમ સ્વભાવ વિભાવમાં આવ્યો નથી. આવી વાતું છે. આ બહેનના વચનામૃત છે. આહાહા..! અરે..! આ તો જેને બાપા! જન્મ-મરણના અંત લાવવા હોય એની વાતું છે. બાકી તો બધા દિન ગુમાવે છે. દિન ગુમાવે છે. ચાલ્યા જાય છે વખતના ટાણા.

અહીં કહે છે, '**વિભાવપરિણામ વખતે...**' જેમ અરીસામાં પ્રતિબિંબ પડે તે વખતે પણ અરીસો તો નિર્મળ જ છે. એમ ભગવાન આત્મા ચૈતન્ય-અરીસો, જ્ઞાયકની ઝળહળ જ્યોતિ અરીસો એને વિકલ્પને કાળે પણ, વિભાવને કાળે પણ પ્રભુ તો

તે નિર્મળાનંદ છે. વિભાવ સંબંધીનું અહીં જ્ઞાન (થાય) એ પણ પોતાથી થયેલું નિર્મળ છે. વિભાવમાં તે જ્ઞાન ગયું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ વિભાવ વિકલ્પ થાય પુણ્ય-પાપનો એ વખતે પણ પ્રભુ છે એ તો નિર્મળ જ છે. નિર્મળપણું જે છે એ વિભાવમાં આવી નથી ગયું. અને વિભાવને જાણે છે એ વિભાવને જાણતો નથી. એ વિભાવ સંબંધી પોતાની જ્ઞાનની પર્યાયને પોતાની અને પર સંબંધીનું જ્ઞાન પોતાનું તેને જાણે છે. આહાહા..! આકરું પડે, ભાઈ! મૂળ વિચાર નહિ, અત્યારે ફેરફાર બહુ થઈ ગયો. ઘણો થઈ ગયો છે. આ બહારના આ કર્યું, આનું કરી દો, આનું કરી દો. બીજાને સમજાવી દો, બીજાને કોણ સમજાવે? પ્રભુ! આહાહા..! એ તો વાણીને કાળે વાણી આવે. વિકલ્પને કાળે વિકલ્પ આવે. છતાં નિર્મળ જ્ઞાન તે વિકલ્પરૂપે થયું નથી. ભેદજ્ઞાનીની અહીં વાત છે.

જેણે રાગ અને પરથી ભગવાનને ભિન્ન ભાળ્યો છે-ચૈતન્યને, તેના ચૈતન્યના જ્ઞાનમાં, આનંદમાં વિભાવ આમ છે એ જ્ઞાનમાં દેખાય ખરો. એ વખતે પણ પોતે નિર્મળ જ છે. આહાહા..! છે? '**અરીસામાં જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય છે,...**' એમ વિભાવ વખતે પણ પ્રભુ તો નિર્મળ એની દૃષ્ટિમાં નિર્મળતા આવતી નથી. એની દૃષ્ટિ વિભાવ ઉપર પડી છે એકલી. આહાહા..! દૃષ્ટિમાં તે વિભાવ ઉપરથી ઉઠાવીને અંદરમાં લઈ જાય તો વિભાવ કાળે પણ પોતે વિભાવનું જ્ઞાન પોતાથી થયેલું એવું નિર્મળમાં પોતે રહ્યો છે. એ વિભાવમાં આવ્યો નથી. આહાહા..!

'**વિભાવપરિણામ વખતે જ...**' વખતે જ. જ છે ને? એકાંત ન કરવું ને? એકાંત કીધું છે. ઓલામાં એમ હતું-અરીસાની જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય. તેમ વિભાવપરિણામ વખતે જ. વસ્તુ સ્વભાવ તરફ જો તારી નજર જાય તો તે વખતે જ તું નિર્મળાનંદ જ છો. વિભાવની ભૂમિકાની સ્થિતિ વખતે પણ તેને (વિભાવને) જાણનારો, તને (નિર્મળાનંદ-વસ્તુસ્વભાવ) જાણનારો એવા જ્ઞાનરૂપે નિર્મળ જ છો. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

'**તારી દૃષ્ટિ ચૈતન્યની નિર્મળતાને ન જોતાં...**' આ ન્યાય આપ્યો. નિર્મળ છો છતાં કેમ દેખાતો નથી? વિભાવ વિકારને કાળે પણ પ્રભુ તો નિર્મળ જ અંદર છે. એ કેમ દેખાતો નથી? અને કેમ તેને નિર્મળ લક્ષમાં આવતો નથી? કે '**તારી દૃષ્ટિ ચૈતન્યની નિર્મળતાને ન જોતાં...**' આહાહા..! શું કહ્યું એ? પુણ્ય અને પાપનો વિભાવ થયો એ કાળે પણ આત્મા તો નિર્મળ જ છે. પણ '**તારી દૃષ્ટિ ચૈતન્યની નિર્મળતાને ન જોતાં...**' દૃષ્ટિ એવી સૃષ્ટિ. તારી દૃષ્ટિ નિર્મળ છે અંદર વસ્તુ તેને ન જોતાં '**વિભાવમાં**

**તન્મય થઈ જાય છે.**' જરી ઝીણી વાતો છે.

પુણ્ય અને પાપના ભાવના અસ્તિત્વ કાળે પણ આત્માનું અસ્તિત્વ તો નિર્મળપણે ભરેલું પડેલું છે. પણ એ નિર્મળતા ઉપર દૃષ્ટિ ન પડતાં એકલી વિભાવ ઉપર દૃષ્ટિ હોવાથી.. આહાહા..! તેમાં તન્મય થઈ જાય છો. એ રાગ તે હું, રાગને જાણનારો જુદો છે હું નહિ, હું છું એ હું નહિ અને હું નથી તે હું છું (એમ તન્મય થઈ જાય છે). આહાહા..! આવું છે. વીતરાગ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા એની દિવ્યધ્વનિના ઉપદેશની શું વાતું કરવી? આહાહા..! એની વાત તો ગણધરો રચે, એના શબ્દોના ગહનતાની વાતો અગાધ છે. આહાહા..!

અહીં કહે છે, નિર્મળ હોવા છતાં વિભાવને કાળે, વિભાવને કાળે નિર્મળ હોવા છતાં તારી દૃષ્ટિ નિર્મળતા ઉપર ન હોવાથી વિભાવપણે તન્મય થઈને હું રાગરૂપ છું એમ તું તને માને અને જોવે છે. આકરું કામ બહુ. '**નિર્મળતાને ન જોતાં વિભાવમાં તન્મય થઈ જાય છે,...**' બીજી ભાષાએ કહીએ તો વિભાવને કાળે દ્રવ્યને ન જોતાં, દ્રવ્યદૃષ્ટિ ન કરતાં પર્યાયદૃષ્ટિમાં વિભાવમાં તન્મય થઈ જાય છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા નિર્મળાનંદનો નાથ અંદર પ્રભુ અને વિભાવ વિભાવના સ્થાનમાં છે. એના કાળમાં અને એના ક્ષેત્રમાં-સ્થાનમાં છે. એનું ક્ષેત્ર ભિન્ન છે. અહીં તો નિર્મળ છે એનું અને સ્વનું જાણનારો નિર્મળાનંદ પ્રભુ છે. પણ નિર્મળ ઉપર દૃષ્ટિ નહિ હોવાથી તેને ન જોતાં વિભાવને જોઈને વિભાવ સાથે એકમેક થઈ જાય છે. એનું નામ સંસાર છે, એનું નામ મિથ્યાત્વ છે અને એનું નામ પરિભ્રમણનું કારણ છે. આમ છે. આહાહા..!

'**તે તન્મયતા છોડ.**' પાછું કહીને તો છોડવાનું કહેવું છે ને. એનો સરવાળો તો એ છે ને. ઊંધુ સમજાવીને પણ ઊંધામાં રાખવો છે એમ છે? આહાહા..! તે પ્રભુ તારી પાસે નિર્મળાનંદ ભગવાન પડ્યો છે ને અંદર. એની નજરું કર અને વિભાવમાંથી નજરું છોડ, પર્યાયદૃષ્ટિ છોડ અને દ્રવ્યદૃષ્ટિ કર. એમ ભાષા ટૂંકી આમ છે. આહાહા..! અજ્ઞાની દ્રવ્યની દૃષ્ટિ છોડી અને પર્યાય નામ વિભાવની દૃષ્ટિમાં તન્મય થાય છે ત્યારે જ્ઞાની વિભાવની પર્યાયદૃષ્ટિ છોડી ત્રિકાળ આનંદનો નાથ ભગવાન એને દ્રવ્યદૃષ્ટિમાં તન્મય થાય છે. તેને સમકિતી અને જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ૯૬. પછી ક્યું છે? ૧૦૦. આહાહા..! પ્રભુ! તું એકવાર નિર્ણય કર, કહે છે.

**'હું અનાદિ-અનંત મુક્ત છું' એમ શુદ્ધ આત્મદ્રવ્ય પર દૃષ્ટિ દેતાં શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. 'દ્રવ્ય તો મુક્ત છે, મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે' એમ દ્રવ્ય પ્રત્યે આલંબન અને પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થતાં સ્વાભાવિક શુદ્ધ પર્યાય પ્રગટે જ છે. ૧૦૦.**

'**હું...**' એ અસ્તિ બતાવી-મોજૂદગી. પ્રભુ ચૈતન્યની હયાતી, પ્રભુ ચૈતન્યની મોજૂદગી-સત્તા '**અનાદિ-અનંત..**' હું છું તેની આદિ નથી. છું તેનો નાશ નથી. હું વર્તમાન છું તે મારા ત્રિકાળી સ્વભાવથી ખાલી નથી. આહાહા..! ત્રણ કાળ લીધા છે. '**હું અનાદિ-અનંત મુક્ત છું...**' આહાહા..! અબદ્ધ કીધું છે ને ૧૪-૧૫ ગાથામાં. ૧૪ અને ૧૫ ગાથામાં કહ્યું છે કુંદકુંદાચાર્યે. '**जो पस्सदि अप्पाणं**' જે કોઈ આત્માને અબદ્ધ દેખે, રાગના સંબંધ વિનાનો દેખે, અબદ્ધ કહેતાં જ મુક્ત દેખે તેણે જૈન શાસન જોયું. ૧૫ ગાથા.

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।**
**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।**

૧૫મી ગાથા છે. જેણે આ ભગવાનને મુક્ત જોયો. આહાહા..! અને એક કળશમાં તો મુક્તએવ શબ્દ પડ્યો છે. અબદ્ધ કહો કે મુક્ત કહો. કેમ બેસે? ભગવાન અંદર આત્મા પૂર્ણાનંદનો નાથ અબદ્ધ છે, રાગના સંબંધના બંધ વિનાનો છે. આહાહા..! એને પોતાના સ્વરૂપના સ્વના સ્વામીપણાનો સંબંધ છે. એને રાગ અને પરના સ્વસ્વામીપણાનો સંબંધ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**હું...**' હુંમાં અસ્તિ સિદ્ધ કરી. ૭૩ ગાથામાં હુંની વ્યાખ્યા મોટી કરી છે. હું એક્કો. '**અનાદિ-અનંત મુક્ત છું...**' આહાહા..! વસ્તુ છે એ તો સર્વ આવરણ રહિત જ ત્રિકાળ છે. એ તો એક સમયની પર્યાયમાં રાગનો, એક સમયની પર્યાયમાં રાગનો સંબંધ છે. વસ્તુ છે એ તો ત્રિકાળી નિરાવરણ પડી છે. ઝીણું પડે પણ પ્રભુ! માર્ગ આ છે. એ કરવો પડશે પ્રભુ! દુઃખમાંથી છૂટવું હોય તો. બાકી તો દુઃખ ભોગવી રહ્યો છે. આહાહા..!

'**અનાદિ-અનંત મુક્ત છું...**' કેમ બેસે? હું મારી સત્તા, મારી મોજૂદગી, મારી હયાતી અનાદિ-અનંત મુક્ત છું. રમણીકભાઈ! આવું છે ભગવાન! આહાહા..! કહો, ચીમનભાઈ! અનાદિ-અનંત મુક્ત છું. વેપાર બધા લોઢાના-ફોઢાના.. આહાહા..! આટલું મોટું લાંબુ લપસીંદર, વેપાર ને ધંધા ને છોકરા ને નોકરો... કહે છે, હું તો મુક્ત

છું. આહાહા..! બાપુ! એને દૃષ્ટિનો બદલો કેટલો કરવો પડે. આહાહા..! જેને પોતાના નાથ સિવાય બીજી બધી ચીજોના અસ્તિત્વથી દૃષ્ટિને ઉઠાવી. આહાહા..! પોતાની હયાતીવાળું તત્ત્વ જે અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ, એની હયાતીની નજરું કરીને, એની હયાતી સિવાયની બીજી હયાતીઓ અનંત અનંત પથારો પડ્યો છે એ બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લીધી. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણું પડે પણ પ્રભુ સાંભળે. સાંભળે છે, લોકો સાંભળે છે. શાંતિથી સાંભળે છે. આવી વાતું, બાપા! શું કહીએ? આવીને પડ્યા છીએ આડે ક્યાંકથી ક્યાંક. આહાહા..! ભગવાનના વિરહ પડ્યા અને ભરતમાં આવી પડ્યા છીએ, બાપા! આ બધી ભગવાનના ઘરની વાતું છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

હું અખંડ એક અનાદિઅનંત મુક્ત છું. મને રાગનો સંબંધનો સ્પર્શ પણ થયો નથી. અરેરે..! આહાહા..! બાપુ! દૃષ્ટિ પલટે ત્યારે દૃષ્ટિની સૃષ્ટિ. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. જો અનાદિ-અનંત મુક્ત એવી દૃષ્ટિ કર તો પર્યાયમાં સમકિતની સૃષ્ટિ નામ ઉત્પત્તિ થાય. અને જો વિકારની દૃષ્ટિ કર તો વિકારની સૃષ્ટિ નામ વિકાર ઉત્પન્ન થાય. આહાહા..! જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ. જેવી દૃષ્ટિ એવી ઉત્પત્તિ. સૃષ્ટિ એટલે ઉત્પત્તિ. આહાહા..! જો ભગવાન અનાદિઅનંત મુક્ત છું એવી દૃષ્ટિ કર, પ્રભુ! આહાહા..! તો સૃષ્ટિ નામ તારી પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને આનંદ આદિનો સ્વાદ આવશે. એ એની સૃષ્ટિ છે. એ દૃષ્ટિ એવી સૃષ્ટિ છે. પણ જો વિભાવની દૃષ્ટિ કરી, પુણ્ય અને પાપ હું છું એવી દૃષ્ટિ કરી તો તેની સૃષ્ટિ મિથ્યાત્વની ઉત્પન્ન થશે. આહાહા..! સમજાય છે કાંઈ? ભોગીભાઈ! આવી વાતું છે આ.

'**હું અનાદિ-અનંત મુક્ત છું એમ શુદ્ધ આત્મદ્રવ્ય પર દૃષ્ટિ દેતાં...**' જોયું! એમ શુદ્ધ ભગવાન આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ દેતાં '**શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે.**' સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે. બીજા કોઈ બાહ્યના ઉપાયથી પ્રગટ થતું નથી. આહાહા..! '**દ્રવ્ય તો મુક્ત છે,...**' જોયું! હવે લીધું. વસ્તુ તો મુક્ત છે. સર્વ આવરણ રહિત છે. અખંડાનંદ પ્રભુ છે અંદર. આહાહા..! ચૈતન્યજ્યોતિ જળહળ જ્યોતિ જેની સત્તાની હયાતી મુક્ત સ્વરૂપ છે એ. ફક્ત માન્યું છે કે રાગથી હું બંધમાં છું. એ એની માન્યતા છે. એ માન્યતા પણ દ્રવ્યમાં પેઠી નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

એથી કહે છે, '**દ્રવ્ય તો મુક્ત છે, મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે.**' અરર..! દૃષ્ટિનો જ્યાં વિષય ત્રિકાળ છે ત્યાં દૃષ્ટિ પડી. હવે મુક્તિની પર્યાય આવવી હોય તો આવે, હું તો દ્રવ્ય મુક્ત જ છું. આહાહા..! દૃષ્ટિમાં જે મુક્ત છું એમ

જ્યાં આવ્યું એટલે એની પર્યાય મુક્ત તો થશે પણ તેના ઉપર એનું જોર નથી. છે? આહાહા..! મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે.

**'એમ દ્રવ્ય પ્રત્યે આલંબન અને પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થતાં સ્વભાવિક શુદ્ધ પર્યાય પ્રગટે જ છે.'** પ્રગટ્યા વિના રહેતી નથી. એનું નામ આલંબન અને એનું નામ મોક્ષનો માર્ગ છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ચૈત્ર વદ ૧૦, રવિવાર, તા. ૨૨-૪-૧૯૭૯**
**બોલ-૧૦૫, ૧૩૬, ૧૩૮, પ્રવચન-૭૬૮**

**આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે. જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાય-અપેક્ષા નથી. આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. ૧૦૫.**

૧૦૫. ૧૦૦મું આવી ગયું, ૧૦૫ છે. ઝીણો વિષય છે, પ્રભુ!

**'આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે.'** આહાહા..! શું કહે છે? પ્રભુ! એ આત્મા અંદર દ્રવ્ય જે વસ્તુ છે એણે તો જ્ઞાયકપણું-જાણવાપણું-દેખવાપણું, આનંદપણું-એવું જે જ્ઞાયકપણું એ દ્રવ્યનો વેષ અને દ્રવ્યનું સ્વરૂપ છે. જરી ઝીણી વાત છે. બહેન તો દીકરીયુંમાં બોલી ગયા હશે. ત્યાં તો પરિચય ઘણો ને. એમાં અંતરની વાત થોડી આવી ગઈ છે.

આ **'આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ...'** આહાહા..! એ ધ્રુવ જ્ઞાયકપણું જ એક એનો વેશ નામ વસ્તુ છે. પરમાર્થે તો એક જ્ઞાયકપણું જ ધારણ (કરી) રાખ્યું છે. એટલે શું? **'જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી,...'** આહાહા..! ભગવાન આત્મા એને કોઈ પર્યાય-રાગની પર્યાય કે ક્ષયોપશમની પર્યાય... આહાહા..! કે ક્ષાયિકની અવસ્થાનો વેષ પણ જ્ઞાયકમાં નથી. ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! એ નિત્યાનંદ પ્રભુ જ્ઞાયકપણું જ જેણે અનાદિઅનંતપણે ધારણ રાખ્યું છે, જેમાં પરમાર્થે કોઈ પર્યાય વેષ નથી. એટલે શું?

જ્ઞાયકપણાનું જે તત્ત્વ-દ્રવ્ય છે એમાં કોઈ જાતની પર્યાય તેમાં નથી. આહાહા..! શરીર, વાણી, મન તો પ્રભુ આ તો જુદા રહ્યા. કર્મ જુદા રહ્યા, રાગ જુદો રહ્યો પણ અંદર કોઈ જાતની પર્યાય એમ લીધું છે ને. કોઈ પર્યાયવેષ નથી. આહાહા..! પ્રભુ! દ્રવ્યદૃષ્ટિ સમ્યગ્દર્શનનો વિષય પ્રથમ ધર્મની દશા, એનો વિષય જે દ્રવ્ય જ્ઞાયકભાવ તેણે કોઈ પર્યાયનો વેષ ધારણ કર્યો નથી. સમ્યગ્દર્શનની પર્યાય પણ જ્ઞાયકનો વેષ નથી. આહાહા..! ઝીણી વાત છે, બાપુ! અનંત કાળથી સર્વજ્ઞ પરમેશ્વર જે થયા

તે દ્રવ્યસ્વભાવમાંથી થયા છે. એ દ્રવ્યસ્વભાવ એવી ચીજ છે ગંભીર કે જેમાં દયા, દાન, પુણ્ય, પાપના વિકલ્પ તો, વેષ તો એને નથી પણ તેમાં ધર્મની પર્યાયનો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકની પર્યાય પણ જ્ઞાયકપણાના ભાવમાં તે પર્યાયનો વેષ નથી. આવી વાત છે. અહીં તો હજી બહારનું કાંઈક કરી દઉં, આ કરી દઉં.

અહીંયાં તો કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો નાથ! આહાહા..! તારી ચીજ જે અંદર છે એણે એની અવસ્થામાં જે પર્યાય થાય એ પર્યાયનો વેષ પણ દ્રવ્યે ધારણ નથી કર્યો. પર્યાય પર્યાયમાં રહે છે, અવસ્થા અવસ્થામાં રહે છે અને અવસ્થાયી-અવસ્થાયી અવસ્થાયીમાં છે. અવસ્થાયી અવસ્થા ત્રિકાળ જે છે અવસ્થાયી, એમાં વર્તમાન અવસ્થા તે ત્રિકાળી અવસ્થાવંત વસ્તુમાં એ અવસ્થા નથી. ઝીણું છે ભાઈ જરી. આહાહા..!

જ્યાં દૃષ્ટિ મૂકવાની છે; સમ્યગ્દર્શનની પર્યાય, ધર્મની પ્રથમ શરૂઆત એ પર્યાયનો વેષ પણ દ્રવ્યમાં નથી. આહાહા..! ધીરૂભાઈ! આ તો બહુ ધીરજથી (સમજવાની વસ્તુ છે). આહાહા..! ભગવાન! આ તો આખી એની ચીજ શું છે અને તેમાં દૃષ્ટિ દીધે જ સમ્યગ્દર્શન થાય. એ સિવાય કોઈ સમ્યગ્દર્શનની ઉત્પત્તિનો કોઈ બીજો ઉપાય છે નહિ. એક સમ્યગ્દર્શનની જે પર્યાય, એનો વિષય જે જ્ઞાયક દ્રવ્યસ્વભાવ વસ્તુ સત્તા હોવાપણે ત્રિકાળી એકરૂપ રહેનાર, તેનો વિષય કરનાર સમ્યગ્દર્શન પર્યાય વિષય એટલે ધ્યેય, એ પર્યાયનો વેષ પણ દ્રવ્યમાં નથી. આકરી વાત છે. આહાહ!..! ક્યાં નવરાશ ન મળે. અંદર ભગવાન પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ ધ્રુવ જેની ધાતુ. એટલે કે ધ્રુવપણું જેણે ધારી રાખ્યું છે તેમાં અધ્રુવ એવી પર્યાય તે ધ્રુવમાં છે નહિ. ભાષા સમજાય છે? આહાહા..! આવો ઉપદેશ છે. ભગવાન! માર્ગ કોઈ અલૌકિક છે, બાપુ! સર્વજ્ઞ ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર, એના દિવ્યધ્વનિમાં આવેલો સાર એ આ વાણી છે.

કહે છે, '**જ્ઞાયક તત્ત્વને...**' જ્ઞાયક તત્ત્વ તો છે. ત્રિકાળી જાણક સ્વભાવથી ભરેલો ભગવાન અનંત ગુણના ધ્રુવને ધારનાર પ્રભુ, પણ એ ધ્રુવને ધારનાર ધ્યેય આધેય અને આધારના પણ જેમાં ભેદ નથી. અનંત ગુણ તે આધેય છે, રહેનાર છે અને અનંત ગુણ જેમાં રહે છે તે આધાર છે. એવો જે આધાર અને આધેય પણ જેમાં સંબંધ નથી. આહાહા..! એવો જે આ ભગવાન અંદર આત્મા, ત્રણ લોકના નાથ તીર્થંકરના શ્રીમુખે આ વાણી આવી હતી. ધર્મી પોતે સમજીને આ રીતે વાણી ભગવાનના વતી કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવો વસ્તુ ધર્મ.

'**જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી,...**' આહાહા..! '**કોઈ પર્યાય-અપેક્ષા નથી.**' બે વાત કરી. ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ જે છે તેની આદિ નથી, છે

તેનો નાશ નથી, છે તેમાં ધ્રુવતાથી ભરેલું છે. છે એવા તત્ત્વને કોઈ વર્તમાન અવસ્થા-હાલત એને નથી. '**પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી,...**' આહાહા..! '**કોઈ પર્યાય-અપેક્ષા નથી.**' બીજો બોલ. ધીમેથી સાંભળવું, ભાઈ! આહાહા..! આ તો જગતથી નિરાળી ચીજ છે, નાથ!

ભગવાન અંદર બિરાજે છે પ્રભુ એ પૂર્ણ જ્ઞાયક તત્ત્વથી ભરેલું તત્ત્વ છે, ધ્રુવ છે. એને એમાં કોઈ પર્યાય અવસ્થાનો ક્ષાયિક સમકિત કેવળજ્ઞાનની પર્યાય એ પણ ધ્રુવમાં એ પર્યાયનો વેષ નથી. આહાહા..! આવું કે દિ' સાંભળ્યું છે? ધીરુભાઈ! ધીરૂભાઈને તો પ્રેમ છે પહેલેથી. આહાહા..! આ તો આવી વાત છે, ભગવાન! આહાહા..!

અંદર વસ્તુ જે છે, ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર એમના જ્ઞાનમાં સર્વજ્ઞપણામાં આ તત્ત્વ જણાણું છે એ તત્ત્વ ત્રિકાળી છે અને ત્રિકાળી તત્ત્વ છે તેની વર્તમાનનો વેષ ત્રિકાળીને નથી. અને તે વેષ ત્રિકાળીને નથી એ તો જ્ઞાયકવેષ છે. એ સમ્યગ્દષ્ટિને ધ્યેયમાં એ લેવાનું છે. આહાહા..! સમ્યગ્દર્શન જેને પ્રથમ પ્રગટ કરવું હોય, ધર્મની પહેલી સીઢી શરૂઆત કરવી હોય. આહાહા..! તો એનું ધ્યેય એ જ્ઞાયક ત્રિકાળ છે. તેમાં એ પ્રગટ કરેલી પર્યાય પણ તેણે ધારણ નથી કરી રાખી. આહાહા..! સમજાય છે કાંઈ?

પર્યાય પરમાર્થે તો એમાં વેષ નથી, પણ કોઈ પર્યાય અપેક્ષા નથી. કોઈ પર્યાયની અપેક્ષા નથી ચીજને ટકવા માટે. ત્રિકાળી જ્ઞાયક તત્ત્વ જે ટકતું છે, જે સમ્યગ્દર્શનનો વિષય છે એને કોઈ પર્યાયની અપેક્ષા નથી કે અમુક પર્યાય હોય તો જ એ ત્રિકાળી ટકી શકે અને અમુક ન હોય તો ન ટકી શકે, એવી કોઈ અપેક્ષા જ્ઞાયક ત્રિકાળી તત્ત્વમાં કોઈ બાહ્યની અપેક્ષા પર્યાયની એને છે નહિ. બાહ્યની એટલે? બાહ્ય કેમ કહેવાઈ ગયું? કે જ્ઞાયકતત્ત્વ તે અંતર તત્ત્વ છે અને પર્યાય છે તે બાહ્ય તત્ત્વ છે.

નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. એની પહેલી ગાથા. ૩૮ ગાથા. શુદ્ધભાવની પહેલી. શાંતિભાઈના ઘરે લખાવી છે. રામજીભાઈએ. .. ત્રણ ગાથા લાલચંદભાઈએ કીધી. આ જ્ઞાયકભાવ ભગવાન જે છે એ બંધ અને મોક્ષને કરતો નથી. જેમ નેત્ર આંખ છે એ પરને જાણતા કાંઈ કરતો અને વેદતો નથી. પરને જાણતા કરતો અને વેદતો નથી. આહાહા..! એમ ભગવાન જ્ઞાયક આત્મા.. આહાહા..! પરને તો કરતો વેદતો નથી, રાગને પણ કરતો વેદતો નથી પણ પર્યાયને પણ કરતો નથી. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! આ તો ઠેઠની વાતું છે. આહાહા..! આ પરીક્ષામાં પાસ થાય એને સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ એમ કહે છે. અને એના ભવના અંત આવી

જાય, ભાઈ! એને અંતરમાં ભવના અંતના ભણકાર વાગે. ભવના અંતના ભણકાર વાગે. સંસારનો અંત આવ્યો હવે. અને હવે અમે અલ્પ કાળમાં અમારા સ્વદેશમાં પૂર્ણપણે પહોંચી જશું. આહાહા..!

વિકલ્પમાં જ્યાં સુધી વર્તાય છે. ચાહે તો શુભરાગ દયા, દાનનો હો પણ એ વિભાવ છે. એ અમારો દેશ નહિ. એ અમારું સ્વરૂપ નહિ, એ અમારો વેશ નહિ, એની અમને અપેક્ષા નહિ. એની તો નહિ... આહાહા..! પણ નિર્મળ પર્યાય પ્રગટ થાય એની પણ ધ્રુવને ટકવા માટે તે પર્યાયની અપેક્ષા નથી. ભાષા તો સાદી પણ બાપા! ભાવ તો જેમ છે (એમ છે). પંકજભાઈ! એકાક્ષરી નામ આવ્યા છે તમારા બેયના. એમ યાદ આવ્યું છે. એય..! શું? પંકજ-ત્રણ અક્ષર. માથે કાનોમાત્ર કાંઈ નહિ. ભરત-કાનોમાત્ર કાંઈ નહિ. આ વળી બપોરના .. એવો વિચાર આવ્યો હતો ત્યાં હોં.

એમ આ નિરક્ષરી વાણી ભગવાનની ઓમ નીકળે છે. એ ઓમ ધ્વનિ. 'ૐ ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે,...' એમાંથી આગમ રચી 'ભવિક જીવ સંશય નિવારે.' લાયક પ્રાણી હોય તે મિથ્યાત્વને ટાળે અને આત્માને પામે. આહાહા..! એ અહીં કહે છે કે એ આત્માને પામે એ આત્મા છે કેવો? કે જેને કોઈ પર્યાય તો નથી, પણ તેને કોઈ પર્યાયની અપેક્ષા નથી. પ્રભુ! કાને સાંભળો. આ એક વાત કોઈ છે. ત્રણ લોકના નાથના ઘરની અમરની વાતું છે. એ અમર થવાની વાતું છે, પ્રભુ! એ અમર છે આત્મા. આહાહા..! ત્રિકાળી અમર છે. આહાહા..! એને પર્યાયની અપેક્ષા નથી.

આત્મા મુનિ છે કે કેવળજ્ઞાની છે એ પર્યાય છે. સાચા સંત મુનિ જે છે એ પણ એક પર્યાય છે. કેવળજ્ઞાન છે એ પણ એક પર્યાય છે. આહાહા..! અને સિદ્ધ છે એ પણ એક પર્યાય છે. આવી વાત ત્રણ લોકના નાથ સિવાય ક્યાંય હોય નહિ, બાપા! આહાહા..! પ્રભુનો ૐ ધ્વનિનો પોકાર છે. પ્રભુ! તું, મુનિ અને કેવળજ્ઞાન અને સિદ્ધની અવસ્થા.. આહાહા..! એવી એક પણ પર્યાયની અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. આહાહા..! એક તો પેરેગ્રાફ છે. આહાહા..! ભાષા તો સાદી છે ને પ્રભુ! આ તો બધાને સમજાય એવું છે. ન સમજાય એવું નથી. અને એ સમજનારને સમજાવે છે ને?

એક વાર દાખલો આપ્યો નહોતો? કોઈ વૃદ્ધ માણસને તૃષા લાગી હોય તો ઘરમાં ઘોડો પાંચ હજારનો હોય કે બે હજારનો બળદ હોય એને એમ કહે કે પાણી લાવજે? કારણ કે એ સમજે છે કે હું કહીશ એ આ સમજી શકશે નહિ. આઠ

વર્ષની છોડી હોય તો (એમ કહે), બેન લીલી! પાણી લાવ. તો એ સમજશે પાણી લાવવાનું. એને એ કહેશે.

એમ અહીંયાં આચાર્ય, સંતો, તીર્થંકરો આ જે વાત કરે છે એ શરીરને નથી કહેતા, એ રાગને નથી કહેતા. આહાહા..! એ જાણનારો ભગવાન એને આ વાત કરે છે. આહાહા..! પ્રભુ! તું જાણનારો છો એવી જે તને પર્યાય પ્રગટે એ પર્યાયની પણ જાણનાર જ્ઞાયકને અપેક્ષા નથી. એવું એ તત્ત્વ છે. આહાહા..! કેમ કે જે સત્ છે, સત્ છે... આહાહા..!

પ્રવચનસારમાં તો ત્યાં સુધી લીધું છે. ૧૦૧ ગાથા છે પ્રવચનસાર. જે સમ્યગ્દર્શન આદિ પર્યાય ઉત્પન્ન થાય એ ઉત્પન્ન થાય તેને ધ્રુવને વ્યયની અપેક્ષા નથી. અહીં તો ધ્રુવને પર્યાયની અપેક્ષા નથી. સમજાય એટલું સમજવું, પ્રભુ! આ તો વીતરાગના ઘરના અમૃતના ઓરડા ખોલાય છે. આહાહા..! કહે છે, પ્રભુ! તું એકવાર સાંભળ. જે અંદર પર્યાય નથી એવું જે દ્રવ્ય, એમાં જે પર્યાય થાય છે, સમ્યગ્દર્શન-જ્ઞાનાદિની પર્યાય થાય છે એ ઉત્પાદને એના ધ્રુવની અપેક્ષા નથી. એ ઉત્પાદને પૂર્વના વ્યયની અપેક્ષા નથી. ઉત્પાદને ઉત્પાદની અપેક્ષા છે, ઉત્પાદને ધ્રુવની અપેક્ષા નથી. આરે..! આવું કોણ માને?

અહીં તો કહે છે કે ધ્રુવને ઉત્પાદની અપેક્ષા નથી. ત્યાં પણ એમ કહ્યું છે. ૧૦૧ ગાથા છે. પ્રવચનસાર, જ્ઞેય અધિકાર. પહેલો જ્ઞાન અધિકાર છે, બીજો જ્ઞેય અધિકાર છે, ત્રીજો પછી ચરણાનુયોગ અધિકાર છે. બધું છે ને, બાપુ! બધું જોયું છે ને. અહીં કહે છે, કેવળજ્ઞાની અને મુનિ અને સિદ્ધ.. આહાહા..! પ્રભુ! એ ત્રણે પર્યાય છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે. જ્ઞાનગુણ જે છે જ્ઞાયક એ ત્રિકાળ છે. પણ પ્રગટે એ પર્યાય છે. પ્રગટે એ પર્યાય છે. જ્ઞાનગુણ અને ધ્રુવ તે પ્રગટતું નથી. એ તો ત્રિકાળ છે. અને કેવળજ્ઞાન પ્રગટે છે, તો એ પ્રગટે છે તે એક સમયની પર્યાય છે. આહાહા..! એ પર્યાય બીજે સમયે નહિ રહે. એવી થશે પણ એ નહિ. એવી થશે પણ એ નહિ. આહાહા..! આવો ઉપદેશ હવે. ભગવાન ત્રણ લોકના નાથ મહાવિદેહમાં બિરાજે છે. આહાહા..! ત્યાં આ વાત ધોધમાર ચાલે છે. એનો આ તો નમૂનો આવ્યો છે થોડો. આહાહા..!

મુમુક્ષુ :- વાત એક જ છે?

ઉત્તર :- વસ્તુ એક જ છે. આહાહા..! ધીમે ધીમે બેસશે. ન બેસે એવી નથી, પ્રભુ! અનંતા જીવો જ્ઞાયકને આશ્રયે જેને પર્યાયની અપેક્ષા નથી, જે પર્યાયને ધ્રુવની અપેક્ષા નથી એવા ત્રિકાળી ધ્રુવને પર્યાયની અપેક્ષા નથી. એવા ધ્રુવનો આશ્રય લઈ

સમ્યગ્દર્શન પામી અને અનંતા મોક્ષને પધાર્યા છે. એમાં તારે ભળવું હોય તો આવ. આહાહા..!

જ્ઞાયક વસ્તુ જે છે... તારી નજરું પર્યાય ઉપર ન હોવી જોઈએ એમ કહે છે. સમજાય છે કાંઈ? પ્રભુ! નજરુંમાં તો નિધાન જ્ઞાયક જે ત્રિકાળ છે એ નજરનો વિષય છે. છતાં તે વિષયમાં નજર નથી. આહાહા..! જે નજરે નિધાનને જોયું એ નિધાનમાં નજર નથી. આહાહા..! ભરતભાઈ! બધું સમજવું પડશે, હોં! થોડું થોડું. થોડો થોડો રસ લાગ્યો છે હવે. અરે..! ભગવાન! બધા ભગવાન છે ને, પ્રભુ! આહાહા..! કોણ અધૂરો અને કોણ અપૂર્ણ? પૂર્ણ જ્ઞાયકભાવથી ભરેલો પ્રભુ છો ને.

અહીં તો કહે છે કે તારા ધ્રુવને ટકવા માટે નિર્મળ પર્યાયની પણ જેને અપેક્ષા નથી. રાગની તો અપેક્ષા નથી, સંયોગી બીજી ચીજને રહેવાને કારણે ધ્રુવ છે એમ તો નથી પણ તેને નિર્મળ પર્યાયની પણ જેને અપેક્ષા નથી એવો જે ભગવાન જ્ઞાયકભાવ, પ્રભુ તેને અહીં ધ્રુવ અને સમ્યગ્દર્શનનો તેને વિષય કહે છે. સમજાય છે કાંઈ? માલ છે બાપુ આ તો. માલ તૈયાર કરીને આપ્યો છે. ખાવું એટલી વાર છે એને. આહાહા..! છે? ૧૦૫.

'**મુનિ છે...**' આત્મા મુનિ છે ધ્રુવ. '**કે કેવળજ્ઞાની છે...**' ધ્રુવ. '**કે સિદ્ધ છે એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી.**' બહુ માલ આવી ગયો, બાપા! સમજાય છે કાંઈ? પ્રભુ! તારું તત્ત્વ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પોકારે છે. આહાહા..! એની દિવ્યધ્વનિ, દિવ્ય નામ પ્રધાન દેવને બતાવનારી દિવ્યધ્વનિ, ચૈતન્યદેવને બતાવનારી દિવ્યધ્વનિ. એમાં એ આવ્યું, પ્રભુ! તારા આત્માને અમારી દિવ્યધ્વનિની અપેક્ષા તો નથી. પણ દિવ્યધ્વનિથી જણાણી તારી જ્ઞાનની પર્યાય, એને પણ અપેક્ષા નથી. પણ દ્રવ્યના સ્વભાવના આશ્રયે પ્રગટ થયેલી પર્યાય એને પણ ટકનાર તત્ત્વને નહિ ટકનાર પર્યાયની અપેક્ષા નથી. આહાહા..! ભાષા તો સાદી છે, પ્રભુ!

અમે તો ભગવાન દેખીએ છીએ બધાને. ભગવાન છે અંદર. ઉપરને ન જો, નાથ! તારી ચીજમાં તારી ચીજને પર્યાય નથી. આહાહા..! તને જોવું અને જાણવું હોય તો પ્રભુ! જાણનારો તને એમ જોવે છે કે તારી વસ્તુમાં તો પર્યાય પણ નથી. આહાહા..! તું તો સિદ્ધસ્વરૂપી ધ્રુવ છો. સિદ્ધ તો એક પર્યાય છે. અહીં તો સિદ્ધસ્વરૂપી સ્વભાવ છે. સિદ્ધ પણ એક પર્યાય છે. અરેરે..!

મથુરામાં એકવાર ગયા હતા. મોટી સભા તો ભરાય. પંડિતો હતા. એમાં એટલી વાત કરી, પ્રભુ! આ કેવળજ્ઞાન એક સમયની પર્યાય નાશવાન છે. રાડ નાખી ગયા.

બાપુ! કેવળજ્ઞાન તો પર્યાય છે. નિયમસારના શુદ્ધભાવ અધિકારમાં પહેલી ૩૮મી ગાથામાં '**जीवादिबहित्तच्चं हेयम**' શાંતિભાઈ! છે તમારે ઘરે? એય..! પંકજભાઈ! તમે રાખ્યું છે ને તમારા ઓરડામાં. '**जीवादिबहित्तच्चं हेयम**' આ જીવની એક સમયની પર્યાય, મુનિપણાની પર્યાય. મુનિ એટલે સાચા સંત જેને આનંદના ઉભરા આવ્યા. એ પર્યાયની પણ જેના દ્રવ્યની અપેક્ષા નથી. આહાહા..! આકરી વાતું છે. '**जीवादिबहित्तच्चं**' છે. પર્યાય છે મુનિપણું, કેવળજ્ઞાન અને સિદ્ધ એ બહિતત્ત્વ છે. કેમ કે એ પર્યાયમાં-અવસ્થામાં છે એ બહિરતત્ત્વ છે. અને અંતરતત્ત્વ છે તેમાં તે પર્યાયનો અભાવ છે. સમજાણું કાંઈ?

એ એક ગાથામાં છે, નિયમસાર. '**जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा**'. આહાહા..! થોડું પણ પરમસત્ય પ્રભુના ઘરનું સાંભળ, પ્રભુ! અમરગઢ, એવો જે ભગવાન અમરગઢ. એને પર્યાય અડતી નથી એવો અમરગઢ છે એ. આહાહા..! આહાહા..! એવા તત્ત્વની પ્રભુ તને મહિમા આવી નહિ અને બહારની મહિમા ખસી નહિ. કાં તો પૈસાની, કાં તો શરીરની અને કાં તો વિષયસુખની, કાં તો પાપના પરિણામની, કાં તો પુણ્યના પરિણામની અને કાં અંદર ક્ષયોપશમ કાંઈક જ્ઞાનનો, ધારણાનો ઉઘડ્યો એની મહિમા આગળ ભગવાન એ પર્યાય વિનાનો છે એની મહિમા પ્રભુ! તને આવી નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ કહે છે.

'**એવી એક પણ પર્યાય-**' છે? એની '**અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી.**' આહાહા..! એ '**જ્ઞાયક તો જ્ઞાયક જ છે.**' જાણનારો... જાણનારો... જાણનારો... જાણનારો... જાણનારો એટલે જાણવાની દશાવાળો એમ નહિ. જાણનારો એટલે જાણવાની દશાવાળો નહિ. જાણનારો એટલે ધ્રુવ. જ્ઞાયકતત્ત્વ જે દળ આખું જે તળ. એક સમયની પર્યાયની પાસે તળિયું પડ્યું તળ. એ ધ્રુવ તળિયું તે જ્ઞાયક, એ જ્ઞાયક એટલે જાણે છે એમ નહિ. જાણવાની તો પર્યાય થઈ જાય છે. જાણવાની પર્યાયની પણ જ્ઞાયકતત્ત્વને અપેક્ષા નથી. આહાહા..! આવું બેસવું.

આ તો બહેનના શબ્દો છે અને વચનામૃતો બહાર આવી ગયા છે. એ તો થોડું બોલેલા કોઈ વખતે. નહિતર તો બહાર પડત પણ નહિ. એ તો અતીન્દ્રિય આનંદના અનુભવમાં ક્યાંય એને ચેન પડતું નથી બહાર. એને વધાવે ૨૦-૨૦ હજારના હીરે (તો) ગોઠે નહિ કાંઈ, ગોઠે નહિ. મડદાની જેમ ઉભા રહે. એની આ વાણીમાં પરમાત્મા જે ત્રિલોકનાથ મહાવિદેહમાં ત્યાં હતા ત્યાંથી આવ્યા. અને ત્યાંનો માર્ગ જે હતો એ અંતરમાંથી આવ્યો. ત્યારે આ વાણી નીકળી છે. આહાહા..! વિશ્વાસ બેસવો કઠણ બહુ.

અહીં તો કહે છે, કોઈપણ એવી મુનિની, સિદ્ધની કે કેવળજ્ઞાનની પર્યાય ખરેખર જ્ઞાયક પદાર્થને તેની અપેક્ષા હોય તો તે ધ્રુવ ટકે એમ છે નહિ. '**જ્ઞાયક તો જ્ઞાયક જ છે.**' ધ્રુવ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ. એ તો નિત્યાનંદનો વેશ નિત્યાનંદમાં. નિત્યાનંદને અનિત્યનો વેશ છે નહિ. એ સમ્યગ્દર્શનનો વિષય છે. એને અવલંબે સમ્યગ્દર્શન થાય. બાકી કોઈ બીજી ક્રિયાકાંડથી સમ્યગ્દર્શન થાય એવું ત્રણ કાળ ત્રણ લોકમાં છે નહિ. સમજાય છે કાંઈ? ૧૦૫ થયો. માલ માલ આવી ગયો આમાં. હવે કેટલામું છે?

ઉત્તર :- ૧૩૪ને? (૧૩૬)

**સમકિત પહેલાં પણ વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે, 'આ આત્મા' એમ પાકો નિર્ણય થાય છે. ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય તોપણ પહેલાં વિકલ્પ સહિતનો નિર્ણય હોય છે ખરો. ૧૩૬.**

૧૩૬. હવે અહીંયાં એકદમ વાત માલની કહેવાણી. '**સમકિત પહેલાં પણ...**' હવે એ કહે છે, એવો જે જ્ઞાયકભાવ ધ્રુવ પ્રભુ, જેને કોઈ મુનિ અને કેવળજ્ઞાનની અપેક્ષા પણ નથી. એવી ચીજને અનુભવતાં સમકિત થાય. ત્યારે પણ એ સમકિત પહેલાં? આમાં એ આવ્યું. '**સમકિત પહેલાં પણ વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે,...**' સમકિત પહેલાં પણ જ્ઞાન દ્વારા, વિકલ્પ દ્વારા આ વસ્તુ અખંડ જ્ઞાયક છે, જેમાં ગુણ-ગુણીનો ભેદ પણ નથી તો પર્યાયની અપેક્ષા તો નથી. એવો નિર્ણય સમકિત થવા પહેલાં વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે.

'**આ આત્મા' એમ પાકો નિર્ણય થાય છે.**' હજી પાકો એટલે છે તો વિકલ્પ. પાકો એટલે જેવું છે તેવો નિર્ણય થાય છે એમ. એટલે પાકો કહ્યો છે. હજી અનુભૂતિ નથી. પણ જેવી એ વસ્તુ જ્ઞાયક છે એવો જેણે જ્ઞાનના વિકલ્પના વિચારમાં રાગસહિત વિચારધારામાં, જેવું એ વસ્તુનું સ્વરૂપ છે તેવો તેને નિર્ણય થઈ શકે છે. આ આત્મા એમ પાકો નિર્ણય થાય છે. આ જાતનો પાકો. એટલે કે સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા કહ્યો ધ્રુવ, એવો વિકલ્પ દ્વારા પણ નિર્ણય થઈ શકે છે. એમ કહે છે. આંગણામાં આવ્યો. ઝવેરાતની દુકાનમાં પેસવું છે એ પહેલા આંગણે ઊભો આ ઝવેરાત છે અને આ કોઈ મહા અબજોપતિના હીરા આમાં પડ્યા છે. એવો એ આંગણે ઊભો નિર્ણય કરી શકે છે.

એમ આ ભગવાનના અંદરમાં પેઠા પહેલાં અંદર આનંદ ઝવેરાત ભરી છે એમાં

પેઠા પહેલા પણ રાગમિશ્રિત વિચારથી પણ એ જાતનો પાકો નિર્ણય થઈ શકે છે. એ જાતનો. સમજાય છે કાંઈ? કે જેથી એને ફક્ત અંદરમાં વળવું બાકી રહે. એવો વિકલ્પ નિર્ણય થઈ જાય કે ફક્ત એને અંતરમાં વળવું બાકી રહે એટલો નિર્ણય થઈ જાય. અહીં એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**સમકિત પહેલાં પણ...**' પણ એમ આવ્યું છે. પછી તો થાય એની વાતું શું કરવી કહે છે. આહાહા..! સમ્યગ્દર્શન. બાપુ! એ તો અલૌકિક ચીજો છે. આહાહા..! લાખો-કરોડોમાં કો'કને ઊપજે છતાં આનો નિર્ણય કરી શકાય એવું તો લાખોને છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુનું સ્વરૂપ એવું છે. નિર્ણય વિકલ્પથી નિર્ણય કરી શકાય છે કે આ આત્મા પૂર્ણાનંદનો નાથ છે એમ વિકલ્પથી નિર્ણય કરી શકાય છે અને પછી વિકલ્પ તોડીને અનુભવ કરી શકાય છે. સમજાણું કાંઈ? આહાહા..! શું કરવું આ બહારનું એ તો કાંઈ આમાં આવતું નથી. આહાહા..!

'**આ આત્મા એમ પાકો...**' આ આત્મા-જ્ઞાયક આત્મા- એવો અનુભૂતિ થયા પહેલાં સમ્યગ્દર્શન થયા પહેલા તેની સન્મુખમાં સમ્યગ્દષ્ટિ મિથ્યાત્વમાં છે પણ છે સમકિત સન્મુખ. એની વાત છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવ્યું છે. છે મિથ્યાત્વી પણ સમકિત સન્મુખ છે હવે. એમાં અંદરમાં જવા માગે છે. છે એની ભૂમિકામાં હજી વિકલ્પ, રાગ. પણ રાગ દ્વારા પણ આ આત્મા સર્વજ્ઞે કહ્યો, પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ પરમાત્માએ કહ્યો એવો સમકિત પહેલાં પણ રાગમિશ્રિત વિચાર દ્વારા (પાકો નિર્ણય થઈ શકે છે). ૧૩મી ગાથામાં કહ્યું છે. નય, નિક્ષેપ અને પ્રમાણથી તેનો નિર્ણય થઈ શકે છે. છતાં એ પછી અભૂતાર્થ છે એને કાઢી નાખીને અંદરમાં જા. સમજાય છે કાંઈ?

૧૩મી ગાથા છે ને?

**भूदत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च।**
**आसवसंवरणिज्जरबंधो मोक्खो य सम्मत्तं।।१३।।**

આહાહા..! ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય. એટલે કે અંતરના આત્માના આનંદનો સ્વાદ આવ્યો ન હોય. અનુભૂતિ એટલે સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શન એટલે એ પ્રતીતિની અપેક્ષાએ સમ્યગ્દર્શન. જ્ઞાનની અપેક્ષાએ એને અનુભૂતિનો આનંદનો સ્વાદ. અંતરમાં અનુભૂતિ, અનુભૂતિ. જેવું એ સ્વરૂપ છે તેવી દશાના અતીન્દ્રિય આનંદના સ્વાદમાં આવ્યો ન હોય તોપણ.. આહાહા..! પહેલા વિકલ્પ સહિતનો નિર્ણય હોય છે ખરો.

આહાહા..! ૭૩ ગાથામાં કહ્યું છે ને? ૭૩માં કહ્યું છે. ૭૩માં છે. કે પહેલો વિકલ્પ છે હજી, એકદમ અંદર જઈ શક્યો નથી પણ વિકલ્પ દ્વારા '**अहमेक्को**' પર્યાયના શુદ્ધ પરિણમનના ષટ્કારકથી પણ અનુભૂતિ એવો ભગવાન આત્મા ભિન્ન છે એવો વિકલ્પ દ્વારા તું પહેલો નિર્ણય કર એમ ત્યાં આવ્યું છે. ૭૩માં આવ્યું છે. આહાહા..!

પછી વમળમાં જેમ વહાણ ઘૂંચાઈ ગયું હોય. ભમર ભમરી ભમર પાણીના વમળમાં વહાણ અટકી ગયું હોય. એ વમળ છૂટે તો વહાણ છૂટી જાય. એમ પહેલાં વિકલ્પ દ્વારા એકલો ત્રિકાળી શુદ્ધ છું. એક સમયની પર્યાયમાં ષટ્કારકની નિર્મળ દશાથી પણ પાર છું. એવો વિકલ્પ દ્વારા નિર્ણય પ્રભુ! પહેલો તું કર. એમ કીધું છે ત્યાં. એ વમળમાં વહાણ છે પણ નિર્ણય કર કે વિકલ્પના વમળમાં પણ આ આત્મા છે. આહાહા..! પછી એ વમળ છૂટી જાય છે. અહીં વિકલ્પ છોડે છે ત્યારે નિર્વિકલ્પ અનુભૂતિ થાય છે. આહાહા..! આવી વાતું છે. આ મુંબઈ જેવા શહેરમાં વાત તો આવી છે, બાપા!

ભગવાન! તારી નાતની જાત કેવી છે તેનો રાગ નામ વિકલ્પના સંગથી પણ નિર્ણય તો કર. પરમાત્માનું એમ ફરમાન છે વ્યવહારે. જેવો એ પ્રભુ છે તેવો વિકલ્પ રાગના મિશ્રિત વિચાર દ્વારા, રાગના મિશ્રિત વિચાર દ્વારા. જ્ઞાન તો ભેગું છે. નિર્ણય છે એટલે જ્ઞાન તો ભેગું છે. પણ રાગના મિશ્રિત દ્વારા અંદર પૂર્ણાનંદનો નાથ આવો છે એવો પ્રભુ! પહેલો નિર્ણય થઈ શકે છે. અને પહેલા વિકલ્પ સહિતનો નિર્ણય હોય છે ખરો. આહાહા..! અંતર અનુભૂતિમાં ગયા પહેલા સમ્યગ્દર્શનમાં અંદરના પરમાત્માના ભેટા થયા પહેલા પ્રભુનો અંદર ભેટો થવો એ તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. કેમ કે અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન ડોલી રહ્યો છે. પાણીમાં જેમ દરિયો ડોલી રહ્યો છે એકલો એમ આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનથી હિલોળા મારી રહ્યો છે અંદર. આહાહા..! એવું પૂર્ણાનંદનું નાથ તારું સ્વરૂપ, એકવાર વિકલ્પથી તો નિર્ણય કર. આહાહા..! રાગમિશ્રિત વિચારથી તો નિર્ણય કર.

'**પહેલાં વિકલ્પ સહિતનો નિર્ણય હોય છે ખરો.**' કેમ? કે સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા કહ્યો અને એ સિવાય બીજાઓ આત્મા કહે છે એનાથી જુદી જાત આ કઈ છે? એવો વિકલ્પ દ્વારા નિર્ણય પહેલો આવે ખરો. બીજા સર્વજ્ઞ પરમેશ્વર આત્મા કહે છે અને એ સિવાય બીજાઓ આત્મા કહે છે. ઘણી જાત વિકલ્પની વિપરીત લોકો કહે છે. એનાથી જુદું પાડવા માટે રાગમિશ્રિત વિકલ્પ વીતરાગ કેવો આત્મા કહે છે એને માટે આ ભૂમિકા પહેલી આવે તો ખરી. આહાહા..! છે? '**સહિતનો નિર્ણય હોય છે ખરો.**' છતાં તેને છોડીને પછી જ્યારે વમળને છોડીને વહાણ છૂટું

પડી જાય છે, જ્યાં સુધી એ વિકલ્પ અને રાગમિશ્રિત વિચાર છે ત્યાં સુધી આત્મા ત્યાં અટકી રહેલો છે. પણ એ પહેલું આવ્યા વિના રહેતું નથી.

આ દુકાન ઝવેરાતની છે અને આ દુકાન જુવારની છે અને આ દુકાન કપાસની છે એમ બીજાથી જુદું પાડવા ઝવેરાતની દુકાનનો વિકલ્પ નામ રાગ દ્વારા નિર્ણય આવે. એમ આ ભગવાન આત્મા કહે છે અને અન્ય આત્મા કહે છે એનો આંતરો પાડ્યા પહેલા રાગમિશ્રિત વિચાર આત્માનો આવે. ધીરુભાઈ! ધીરુભાઈ ધ્યાન તો બરાબર રાખે છે. આહાહા..!

સમજાય એટલું સમજવું, પ્રભુ! તારી વસ્તુની મહિમાનો પાર નથી, નાથ! તું કોણ છો? કેવડો છો? ક્યાં છો? આહાહા..! એની મહિમા એનું માહાત્મ્ય શું છે પ્રભુ એ કોઈ વાણી દ્વારા કહી શકાય એવું નથી. અને વિકલ્પ દ્વારા પણ તે અનુભવમાં આવી શકે એવું નથી. છતાં પણ પહેલો, બીજાઓ સર્વજ્ઞ સિવાય આત્માની વાતું કરે છે એનાથી પરમાત્માએ આત્મા કહ્યો એને, બીજાઓ કરતા જુદો પાડવાને માટે પહેલો વિકલ્પથી આ આત્મા ભગવાન કહે છે આવો છે, એવો એને નિર્ણય આવે ખરો. છતાં પણ એ પુણ્યબંધનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એનાથી છૂટો પડી જાય પછી. લ્યો, ૧૩૬. પછી? ૧૩૮. છે નીચે લીટી કરેલી છે.

**રુચિ રાખવી. રુચિ જ કામ કરે છે. પૂજ્ય ગુરુદેવે ઘણું દીધું છે. તેઓશ્રી અનેક રીતે સમજાવે છે. પૂજ્ય ગુરુદેવનાં વચનામૃતોના વિચારનો પ્રયોગ કરવો. રુચિ વધારતા જવી. ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે. 'જ્ઞાયક', 'જ્ઞાયક', 'જ્ઞાયક'-એની જ રુચિ હોય તો પુરુષાર્થનું વલણ થયા વિના રહે નહિ. ૧૩૮.**

'**રુચિ રાખવી.**' શું કહે છે? પૂર્ણાનંદના નાથની પહેલી રુચિ રાખવી. જો રુચિ હશે તો વીર્ય રુચિ અનુયાયી કામ કરશે. જેમાં જેની રુચિ તેમાં તેનું વીર્ય નામ પુરુષાર્થ કામ કર્યા વિના રહે નહિ. જેને જેની જરૂરિયાત જણાય તેની જરૂરિયાત તરફ તેનું વીર્ય વળ્યા વિના રહે નહિ. સમજાય છે કાંઈ? એમ પહેલી રુચિ રાખવી. આહાહા..! પર નહિ, શરીર નહિ, રાગ નહિ, એક સમયની પર્યાય જેટલોય નહિ. ઝીણી વાત છે, ભાઈ! અંતરની કળાથી આત્માની પ્રાપ્તિ બાપુ! એ કળાઓ કોઈ અલૌકિક છે. એ ઇન્દ્રિયથી જણાય નહિ. ઇન્દ્રિયથી જાણી શકનારો નહિ, ઇન્દ્રિયનો એ પ્રત્યક્ષ

વિષય નહિ. બીજાના અનુમાન દ્વારાથી જાણી શકાય એવો નહિ. પોતે એકલો અનુમાનથી જાણે એવો નહિ. આ પાંચ બોલ છે. વીસ બોલ છે એમાં પાંચ બોલ કહ્યા. છે તો વીસ બોલ કંઠસ્થ છે બધું. એમાં છઠ્ઠો બોલ આ છે. પ્રત્યક્ષ જ્ઞાતા સ્વભાવ પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહાહા..! વીસ બોલ છે ને? અલિંગગ્રહણ. પ્રવચનસાર ૧૭૨ ગાથા. છે ને બધું છે, ભાઈ! શાસ્ત્રમાં તો પાર ન મળે. દરિયો છે દરિયો. આહાહા..!

કહે છે, આહાહા..! **'રુચિ રાખવી.'** એટલે? આત્મા પોષાય તેમ પહેલું કરવું. બીજું પોષાણ છે તેને છોડી દેવું. વાણિયા પણ વેપારમાં પોષાણ હોય એનો વેપાર કરે. અઢી રૂપિયાનો માલ હોય અને ત્રણ લેતા હોય તો કરે. પણ અઢી રૂપિયાનો માલ લઈને સવા બે મળતા હોય તો એ માલ પોષાય એને? એમ આત્મામાં રાગ અને પર્યાયની રુચિનું પોષાણ છોડી દઈ.. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ છે તેની રુચિનું પોષાણ પહેલું કર. એ પોષાસે તને આત્મા. બીજી વાત નહિ પોષાય એ ચીજમાં. આરે..આરે..! આવી વાતું છે.

**'રુચિ રાખવી. રુચિ જ કામ કરે છે.'** છે? આહાહા..! અંદરની વસ્તુ જ્ઞાયક જે અહીં પર્યાયની પણ જેને અપેક્ષા નથી, એની રુચિ કામ કરે છે. પોષાણ જો એ થયું તો ત્યાં કામ થાય છે. એના પોષાણ વિના, એની રુચિ વિના કામ બિલકુલ નહિ થાય. પછી તો બહેને જરી નામ આપ્યું છે. **'પૂજ્ય ગુરુદેવે ઘણું દીધું છે.'** અંતરની રુચિ કર પ્રભુ! અંદરમાં વળ. અંતરમાં વળ, અંતરમાં ઢળ. આહાહા..! જ્યાં અનંત આનંદના સાગર ભર્યા છે ત્યાં પ્રભુ ઢળ. આહાહા..! જેમાં અનંત આનંદ અને અનંત જ્ઞાન અને અનંત શાંતિ. અરે..! આકાશના પ્રદેશ જે અનંત છે, આ લોક બહાર પણ આકાશ છે.

આ જગત છે એ ચૌદ બ્રહ્માંડમાં અસંખ્ય યોજનમાં ચૌદ બ્રહ્માંડ છે આ. ભગવાનના જ્ઞાનમાં અસંખ્ય યોજનમાં જણાણું. એ સિવાય ખાલી ભાગ, જેમાં જડ અને ચૈતન્ય નથી, એક આકાશ જ છે એવો ખાલી ભાગ દશે દિશાએ ક્યાંય અંત નથી. કે હવે આકાશ અહીં થઈ રહ્યું. એવો અનંત.. અનંત... અનંત.. અનંત... અનંત.. ચારેય દિશામાં. નાસ્તિકને પણ વિચાર કરતા એને નક્કી થવું જોઈએ કે આ ક્ષેત્ર જે આમ આમ ચાલ્યું જાય છે પછી ક્યાં સુધી જાય છે? એમ ને એમ અનંત... અનંત.. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... યોજનને અનંત અનંતા ચાલ્યું જાય છે છતાં ક્યાંય પૂરું થાતું નથી. આહાહા..! એવો જે આકાશનો સ્વભાવ એના જે પ્રદેશો અપાર. એક પોઈન્ટ રોકે પરમાણુ જેટલા પ્રદેશને તેને પ્રદેશ કહીએ.

એવા આવા અમાપ આકાશના પ્રદેશો અનંત, એથી પણ અનંતગુણા પ્રભુ તારામાં ગુણ ભર્યા છે. આહાહા..! એથી અનંતગુણા! કદ ભલે શરીર પ્રમાણે હો. આહાહા..! પણ તારા અંદર કદમાં-દળમાં તો અનંતગુણા ગુણ પડ્યા છે. આકાશના પ્રદેશની સંખ્યા કરતા અનંતગુણા ગુણ પડ્યા છે. એની રુચિ કર પહેલી. આહાહા..! રુચિ જ કામ કરે છે.

એમ '**તેઓશ્રી અનેક રીતે સમજાવે છે.**' બહેનના વચન છે. '**પૂજ્ય ગુરુદેવનાં વચનામૃતોના વિચારનો પ્રયોગ કરવો, રુચિ વધારતા જવી.**' આહાહા..! એ શુભ-અશુભભાવની પણ રુચિ છોડતા જવી. પાપ પરિણામનો તો પ્રેમ છોડ, પ્રભુ! ભગવાનનો અપ્રેમ થાય છે, નાથ! પાપના પરિણામના પ્રેમમાં પ્રભુનો અપ્રેમ-દ્વેષ થાય છે. તેમ પુણ્યના પરિણામના પ્રેમમાં પણ નાથ પ્રભુનો એનો પણ દ્વેષ થાય છે. આહાહા..! તું આગળ વધીને વિચારનો પ્રયોગ કર.

રુચિ વધારતા જતાં.. '**રુચિ વધારતા જવી.**' અટકવું નહિ, મૂંઝાવું નહિ. આવી અપાર ચીજને કેમ પહોંચી શકીશ? મૂંઝાવું નહિ. તેમ રુચિને અટકાવી દેવી નહિ. મહાપ્રભુ છે અંદરમાં. આહાહા..! એવી રુચિને વધારતા જવી. છે? '**ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે.**' જાણપણું ગમે તેટલું હોય એ કામ નહિ કરે. ક્રિયાકાંડ તારા દયા, દાન, વ્રત, ભક્તિના લાખ અને કરોડ તારા એવા ભાવ હશે એ કામ નહિ કરે, પ્રભુ! એ રુચિ કામ કરે છે.

'**ભેદજ્ઞાન માટે તીખી રુચિ...**' એ રાગ જે વિકલ્પ ઉત્પન્ન થાય, તેની દશાની દિશા પર તરફ છે. શું કીધું? જે કાંઈ રાગ ઉત્પન્ન થાય છે, ચાહે તો દયા, દાન કે ગુણ-ગુણીના ભેદનો એ રાગની દશાની દિશા પર તરફ છે. એ રાગ પર તરફના લક્ષમાં જાય છે અને રાગ વિનાની દશા જે શ્રદ્ધા છે, સમ્યગ્દર્શનની દશા છે તે દશાની દિશા દ્રવ્ય ઉપર જાય છે. એની દિશા દ્રવ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? કોઈપણ રાગ, પરમાત્માની ભક્તિનો પણ રાગ હો તો એ રાગ પરની દિશા તરફ જાય છે, પર ઉપર જાય છે. અને સમ્યગ્દર્શનની રુચિ કે સમ્યગ્દર્શન પહેલાની રુચિ તે સ્વ તરફ જાય છે. આહાહા..! ઝીણી વાતું છે, બાપુ! જગતને તો જાણીએ છીએ ને, ભાઈ! ૭૩ વર્ષથી તો આ અંદર છે. દુકાન ઉપરથી આ શાસ્ત્રો તો વાંચ્યા છે અનેકો. ૧૭ વર્ષની ઉંમરથી. આ તો ૯૦ થયા. ઘરની દુકાન ઉપર ત્યાં પણ હું તો શાસ્ત્ર વાંચતો. પૂર્વના સંસ્કાર હતા ને. આહાહા..!

આ વાત.. આહાહા..! કહે છે, પ્રભુ! તું રુચિ તો વધારતો જા. પ્રભુ અંદર બિરાજે છે સચ્ચિદાનંદ નાથ. આહા..! એવી વાત પ્રભુ સિવાય વીતરાગ સર્વજ્ઞ

ત્રિલોકનાથ સિવાય ક્યાંય નથી, પ્રભુ! એ રીતે ભેદ પાડીને બીજા કરતા આ કાંઈક બીજી ચીજ કહે છે એમ ભેદ પાડીને રુચિ વધારતો જા. સમજાણું કાંઈ? આહાહા..! ભેદજ્ઞાન... છે? **'માટે તીખી રુચિ જ કામ કરે છે.'**

**'જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક-'** આહાહા..! હું તો જ્ઞાયક. છઠ્ઠી ગાથા આવે છે ને? **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'** મારો નાથ પ્રમત્ત અને અપ્રમત્ત અવસ્થામાં છે નહિ. એટલે કે પ્રમત્ત ગુણસ્થાન જે પહેલેથી છઠ્ઠા ગુણસ્થાન સુધી પ્રમત્ત અને સાતમાથી ચૌદમા સુધી અપ્રમત્ત. એ પ્રમત્ત-અપ્રમત્ત વસ્તુમાં નથી. આહાહા..! છે ને શ્લોક? એય..! ભરતભાઈ! તમારે લખ્યો છે. **'ण वि होदि'** મને તો મોઢે પાઠ છે, ભાઈ! ... નથી. પાઠ છે મૂળ અહીં તો. છ-સાત હજાર શ્લોક કરેલા પહેલા. કંઠસ્થ.

**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**
**एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव।।६।।**

આ મૂળ પાઠ છે. આ ભગવાન પ્રમાદી નથી, છઠ્ઠા ગુણસ્થાન સુધીની દશા એ પણ નથી એમાં. અને અપ્રમત્તથી માંડીને ચૌદમા ગુણસ્થાન દશા એમાં નથી. એ તો જ્ઞાયકભાવ છે. આહાહા..! **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।'** એ તો જ્ઞાયકભાવ છે. એ આ કહે છે.

**'જ્ઞાયક', 'જ્ઞાયક', 'જ્ઞાયક'-એની જ રુચિ હોય...'** આહાહા..! **'તો પુરુષાર્થનું વલણ થયા વિના રહે નહિ.'** તો પુરુષાર્થ રુચિ અનુયાયી વીર્ય. જેનું જેને પોષાણ ત્યાં તેનું વીર્ય કામ કર્યા વિના રહે નહિ. આહાહા..! એટલે તેની રુચિ કર, પ્રભુ! અંતર જ્ઞાયકભાવ પરમાત્માનું દળ પડ્યું છે. સિદ્ધની પર્યાય પણ જેની પાસે એક સમયની અવસ્થા. એવી એવી અનંતી અવસ્થાનું દળ એવો જે ભગવાન આત્મા એવી જ્ઞાયક વસ્તુ છે પ્રભુ! તેની રુચિ કર. અને રુચિ કરતા પુરુષાર્થનું વલણ તારું વધી જશે. એ બાજુ વધશે તો સમ્યગ્દર્શન થશે અને ત્યારે ભવનો અંત થશે. વિશેષ કહેશે.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ચૈત્ર વદ ૧૧, સોમવાર, તા. ૨૩-૪-૧૯૭૯**
**બોલ-૧૩૯, ૧૪૦, ૧૫૯, પ્રવચન-૭૬૯**

**ઊંડાણમાંથી લગની લગાડીને પુરુષાર્થ કરે તો વસ્તુ મળ્યા વિના રહે નહિ. અનાદિ કાળથી લગની લાગી જ નથી. લગની લાગે તો જ્ઞાન અને આનંદ પ્રગટે જ. ૧૩૯.**

અનંત અનંત જ્ઞાન અને આનંદનો કંદ પરમાત્મ સ્વરૂપ પર્યાયની સમીપમાં ઊંડે એટલે અંતરના તળિયે (મોજૂદ છે). (રાગ તો) વિકાર છે, દુઃખ છે, સંસાર છે. ભવથી મુક્ત થવું હોય તો. આ એની શરત. વર્તમાન પર્યાય પ્રગટ કરી નવી, વસ્તુ જે ઊંડાણમાં ધ્રુવ તત્ત્વ છે, એક સમયની પર્યાયની પાછળ અંતર તળિયે જે ધ્રુવ વસ્તુ છે ત્યાં ઊંડાણમાં લઈ જા પર્યાયને. અરેરે..!

‘**ઊંડાણમાંથી લગની લગાડીને...**’ ત્યાં લગની લગાડ. આહાહા..! જેમાં વર્તમાન એક સમયની પર્યાય પણ ઉપર તરે છે. આહાહા..! ‘**પુરુષાર્થ કરે...**’ ‘**ઊંડાણમાંથી લગની લગાડીને...**’ ધ્રુવના ધામમાં લગની લગાડીને ‘**પુરુષાર્થ કરે તો વસ્તુ મળ્યા વિના રહે નહિ.**’ તો આત્મા જ્ઞાનમાં આવ્યા વિના રહે નહિ. આહાહા..! તેને આત્માની પ્રાપ્તિ પર્યાયમાં તે પ્રાપ્તિ થયા વિના રહે નહિ. આહાહા..! આવું છે. બહારનું શું કરવું આમાં? જે ચીજ એમાં નથી એનાથી એને લાભ કેમ થાય? જે ચીજ એમાં નથી... આહાહા..! એમાં તો શરીરાદિ પરદ્રવ્ય તો નથી, પુણ્ય અને શુભ-અશુભભાવ તો નથી પણ એમાં પર્યાય પણ નથી. એથી પર્યાય એમાં નથી તો પર્યાયદૃષ્ટિએ એને લાભ થાય (એ કેમ બને)? ઝીણી વાત છે, પ્રભુ! વાતું બહુ આકરી, બાપા! આહાહા..!

એ વસ્તુ અંદર ઊંડાણમાં ભગવાનનો ભેટો કર અંદર. આહાહા..! અનાદિથી પર્યાયમાં વીતરાગ પરમાત્મસ્વરૂપ તેનો તને વિરહ છે. રાગ અને બહારની ચીજનો તને સંયોગ છે. પણ પર્યાયમાં પ્રભુનો વિરહ છે. આહાહા..! ભગવાન! પરમાત્મા ત્રણ લોકના નાથને આ કહેવું છે. તારી પર્યાયમાં તારા નાથનો વિરહ છે એ વિરહને તોડ. આહાહા..! એ પર્યાયને ઊંડાણમાં લઈ જા. એટલે કે જે પર્યાય છે એક સમયની એમાં અંતર્મુખ આખું તત્ત્વ પડ્યું છે. એક સમયની પર્યાયમાં અંતર્મુખ, પર્યાયથી

અંતર્મુખ, પર્યાયથી બહાર નહિ, પર્યાયમાં નહિ. આહાહા..! ત્યાં પર્યાયને ઊંડાણમાં લઈ જા, નાથ! તને ત્યાં વસ્તુની પ્રાપ્તિ થશે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે તેનો તને અંતર ભેટો થશે. આહાહા..!

'**અનાદિ કાળથી લગની લાગી જ નથી.**' એક સમયની પર્યાય સિવાય એણે ક્યાંય જોવા નજરું કરી નથી. એ પર્યાયને જોવે કે રાગને જોવે એ બધી બહાર ચીજ છે. અંતરમાં જ્યાં પર્યાય પણ નથી, જ્યાં રાગ તો નથી, સંસાર તો નથી, એક સમયની પર્યાય પણ જેમાં નથી એની '**અનાદિ કાળથી લગની લાગી જ નથી.**' આહાહા..! '**લગની લાગે તો જ્ઞાન અને આનંદ પ્રગટે જ.**' અંતર ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણાનંદ ધ્રુવ, તેના તરફ નજર જાય તો તને સમ્યગ્જ્ઞાન, આનંદ સાથે જ્ઞાન પ્રગટ્યા વિના રહે નહિ. જે અનાદિનું રાગ અને દ્વેષનું વેદન છે એ સંસાર છે, એ દુઃખ છે, એ આકુળતા છે. એ દુઃખને ટાળવું હોય તો અંદર અંદરમાં તારી લગની લગાવ, જ્યાં આનંદ અને જ્ઞાન ભર્યા છે. જ્યાં સુખનો સાગર હિલોળા મારે છે. આહાહા..!

એક સમયની પર્યાયની રુચિમાં ઊભો, ધ્રુવ ઊભો છે તેને એ જોતો નથી. શબ્દ છે ને બહેનના? 'જાગતો જીવ ઊભો છે.' આ શું કહેવાય તમારે? ચાકળો. રતનલાલજી! આ ચાકળો. 'જાગતો જીવ ઊભો છે ને.' એટલે? આનંદ સ્વરૂપ જ્ઞાન સ્વરૂપ તે ધ્રુવ ઊભો નામ ધ્રુવ છે ને. જા, તને પ્રાપ્તિ થશે. છે તેની પ્રાપ્તિ થશે. પણ એ ઉપાય તો બાપુ! અંતર્મુખ થવું એ સિવાય કોઈ ઉપાય નથી. આહાહા..! બાકી બધી વાતું આ વ્રત કરે ને તપ કરે ને એ બધા ક્લેશો છે. એ આનંદ સ્વરૂપ ભગવાનને પ્રાપ્ત કરવાની રીત નથી. આહાહા..!

'**લગની લાગે તો જ્ઞાન અને આનંદ પ્રગટે જ.**' પ્રગટે જ. આહાહા..! સંસારમાં રાજ ચક્રવર્તીના હો. ભરતને ચક્રવર્તીનું રાજ હતું. છતાં તે આત્મજ્ઞાનમાં પહોંચી ગયા હતા. અંતર સ્વરૂપમાં અંદર પહોંચી ગયા હતા. આહાહા..! પછી જરી રાગ હોય છે છતાં તેને ઝેર તરીકે, દુઃખ તરીકે જાણી અંતર્મુખના વલણને તે ધ્યેયમાંથી છોડતો નથી. સમ્યગ્દૃષ્ટિ જીવ, અંતર પરમાત્માના ધ્યેયને જે પકડ્યું છે સ્વને એ દૃષ્ટિમાં ધ્યેય જે ધ્રુવ છે તેનો વિરહ પડતો નથી. આહાહા..! એવા ચક્રવર્તીના રાજમાં રહ્યા છતાં એને રાગનો કણ આવે તેનો એ સ્વામી થતો નથી. તો વળી રાગનો સ્વામી થાય એ વાત છે ક્યાં? આહા..!

શ્રેણિક રાજા. હજારો રાજા તેને ચામર ઢાળતા. એમાં એને મુનિનો યોગ થયો. મુનિ. એ તો બૌદ્ધ હતો પોતે, બૌદ્ધ. એમાં એક જૈન મુનિ હતા આનંદમાં રમતા. એમાં એક સર્પ મરી ગયેલો એના ડોકમાં નાખ્યો એણે-શ્રેણિકે. અને એની રાણી

હતી એ સમકિતી હતી. આત્મજ્ઞાની ચેલણા સમકિતી. એને એણે કહ્યું કે તારા ગુરુને હું સર્પ નાખી આવ્યો છું મારીને. મરી ગયેલાને. એ કાઢી નાખ્યો હશે એણે. અન્નદાતા! એ ગુરુ એ ન હોય. એ સંત કાઢી નાખે એ ન હોય. એ સંત તો અંદર ઊંડાણમાં આનંદના વેદનમાં પડ્યા હશે. એને સર્પ અને સર્પથી હજારો કીડીઓ, એનું એને લક્ષ ન હોય. પ્રભુ! ચેલણા સમકિતી એના પતિને કહે છે. સમકિતી છે. આહાહા..! આ પતિ છે મારો એમ એ માનતા નથી હોં અંદર. આહાહા..! મારો પતિ તો પ્રભુ, પર્યાયનો પતિ તો પરમાત્મસ્વરૂપ તે મારો પતિ છે. એની પર્યાય જે સમ્યગ્દર્શન થઈ એ મારી પ્રજા છે. આહાહા..!

એ શ્રેણિકને કહે છે, પ્રભુ! રાજન્! તમે જે મરેલા નાગને નાખી આવ્યા પણ એ ગુરુએ કાઢ્યો નહિ હોય. ચાલ જોવા. એ જાય છે ત્યાં કીડીયું લાખો કીડીયું. અંતર આનંદના ધામમાં... આહાહા..! અંતરના આનંદના ધામમાં રમે છે. ત્યારે એ રાણી જરી સર્પને કીડીઓ લાખો હતી એને .. જરી ઊંચો કર્યો. જુઓ! પ્રભુ જુઓ. મુનિ તો આનંદમાં છે. અતીન્દ્રિય આનંદના રસના ઘૂંટડા પીવે છે. એની આને ખબર પણ નથી. આહાહા..! આવા ગુરુ તારા! શ્રેણિક કહે છે ચેલણા રાણીને. આવા સંત હોય! હોય ક્યાં, છે ને આ તો. રાણી કહે છે, પ્રભુ! છે એમ ક્યાં કહો. આ છે ને, હોય છે ને. જુઓ! આ રહ્યા. એ મુનિ પાસે પછી (ક્ષમા માગે છે). પ્રભુ! મારી ભૂલ થઈ. મોટું આયુષ્ય સાતમી નરકનું બાંધ્યું. સાતમી નરકનું હોં! સર્પને નાખ્યો એમાં. પ્રભુ! મારી ભૂલ થઈ. મને ભૂલ સમજાવો. ઉપદેશ આપ્યો. ઉપદેશ આપ્યો અને તે ક્ષણે તે સમ્યગ્દર્શન પામ્યો. આહાહા..! એક ક્ષણમાં ગુલાંટ ખાતા આમ પડખું ફેરવતાં અંદરમાં ભગવાનને ભાળ્યા. આ ઊંડાણમાં પ્રભુ હતા ધ્રુવમાં. સમકિત પામ્યા. આહા..!

ભગવાનના સમવસરણમાં ગયા. ત્યાં ક્ષાયિક સમકિત થયું. આહાહા..! હજારો રાણીઓ અને હજારો રાજા છે. ત્યાં તીર્થંકર ગોત્ર બાંધ્યું. પણ નરકનું આયુષ્ય જે ૩૩ સાગરનું બંધાઈ ગયેલું એ તોડીને ૮૪ હજારનું રહી ગયું. લાડવો વળ્યો હોય એમાંથી ઘી કાઢીને પુરી ન થાય. એનો લોટ કાઢીને પછી બહાર પુરી ન થાય. એ તો લાડવો ખાધે છૂટકો. એમ નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું. સ્થિતિ તોડી નાખી આત્મજ્ઞાન કર્યું એટલે. ૩૩ સાગરની સ્થિતિની ૮૪ હજાર (રહી ગઈ). લાડુમાં ઘી સૂકવી નાખ્યું. અને ૮૪ હજાર વર્ષની સ્થિતિ રહી. ગયા નરકમાં. એ પણ પોતાની યોગ્યતાથી ગયા છે હોં એ. એ જવાની લાયકાતથી ત્યાં પર્યાયની લાયકાત ત્યાં ગયા. ત્યાં એ અત્યારે તીર્થંકર ગોત્ર બાંધે છે ક્ષણે ક્ષણે. કેમ કે આત્મજ્ઞાનના ઊંડાણના

તળિયાને તળમાં જોઈ લીધા.

સચ્ચિદાનંદ પ્રભુ આનંદનું ધામ છે એવા આનંદના તળિયાના તળમાંથી તપાસીને જોઈ લીધો. એ જીવને એવો વિકલ્પ આવી ગયો રાગ, તીર્થંકરગોત્ર બાંધે છે. આહાહા..! વ્રત નથી, તપ નથી, બાહ્ય ત્યાગ નથી. અંતરમાં મિથ્યાત્વનો ત્યાગ અને અનંતાનુબંધીનો ત્યાગ એની કિંમત છે. એના ત્યાગમાં શું ચીજ છે એના માહાત્મ્ય જગતને નથી આવતા. બાહ્ય ત્યાગ આ છોડ્યું... આ છોડ્યું... છોડ્યું... એની મહિમા આવે જગતને. પણ ઊંડાણમાં જતા પર્યાયમાં રાગાદિ અને એક સમયની પર્યાયનો પણ જ્યાં આદર વયો ગયો, એનો પણ જ્યાં ત્યાગ થયો દૃષ્ટિમાં... આહાહા..! આ ત્યાગની કિંમત નહિ. એ ત્યાગની કિંમત એને લાગે એવી અંદર. આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર થશે. ક્ષાયિક સમકિતી છે. આહાહા..! એવું સમ્યગ્દર્શનનું માહાત્મ્ય છે. એ સમ્યગ્દર્શન પ્રાપ્તિનો ઉપાય ઊંડાણમાં અંતરમાં લઈ જવો આત્માને એ ઉપાય છે. કહો, ગોડાજી! આ બહારનું આ બધું સેવા કરવી ને આ કરવું ને તે કરવું એમાંથી કાંઈક થાશે. થાશે સંસાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થાશે ને. કીધું ને સંસાર થાશે. રખડવું થાશે.

રખડનારાને રાગથી રખડવું થશે. એ વીતરાગ સ્વરૂપ પ્રભુ એને પકડતાં એનું રખડવું બંધ થઈ જશે. એ અહીં કહે છે.

'**જ્ઞાન અને આનંદ પ્રગટે જ.**' આહાહા..! અંતર દૃષ્ટિમાં જાય એને સમ્યગ્જ્ઞાન પર્યાયમાં અને સમ્યક આનંદ પ્રગટે. એ ૧૩૯ થયો.

**'છે', 'છે', 'છે' એમ 'અસ્તિ' ખ્યાલમાં આવે છે ને? 'જાણનાર', 'જાણનાર' 'જાણનાર' છે ને? તે માત્ર વર્તમાન પૂરતું 'સત્' નથી. તે તત્ત્વ પોતાને ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે, પણ તું તેની માત્ર 'વર્તમાન અસ્તિ' માને છે! જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ. વિચાર કરતાં આગળ વધાય. અનંત કાળમાં બધું કર્યું, એક ત્રિકાળી સત્‌ને શ્રદ્ધ્યું નથી. ૧૪૦.**

આ તો બહેન સહેજે બોલી ગયેલા એ લખાઈ ગયું છે. આહાહા..! આત્મા છે પ્રભુ! એમ ન જુઓ કે આ બાળક છે કે આ ભંગ્યો છે કે આ.. આત્મા ભંગ્યો

પણ નથી, બાળક પણ નથી, વૃદ્ધ પણ નથી, રાગ પણ નથી. એ પ્રભુ છે એ તો એક સમયની પર્યાય જેટલો પણ નથી. આહાહા..! એવો ભગવાન બિરાજે છે આત્મા દેહમાં. એ '**છે, છે છે...**' છે શબ્દ? આહાહા..! '**છે,...**' ભૂતકાળમાં પણ છે, વર્તમાનમાં છે, ભવિષ્યમાં પણ છે. છે એમાં નથી એમ નહિ આવે.

એવા આત્માને '**છે, છે, છે એમ 'અસ્તિ' ખ્યાલમાં આવે છે ને**?' અંદર છે કાંઈક જ્ઞાન છે, જાણનાર છે, જાણનાર છે, છે, છે એ ખ્યાલમાં આવે છે ને? એમ કહે છે. અને '**જાણનાર', 'જાણનાર', 'જાણનાર' છે ને**?' હવે ઓલા છે-છેમાં તો ફક્ત અસ્તિત્વ સિદ્ધ કર્યું. પણ અસ્તિત્વ તો પરમાણુમાં પણ છે. આહાહા..! અહીંયાં તો છે.. છે.. છે. જાણનાર છે... જાણનાર છે... જાણનાર છે. જાણનાર છે એટલે? જાણવાની અવસ્થા કાર્ય છે એ અહીં વાત નથી. જાણનાર છે એટલે કે પર્યાયમાં જાણે છે એ અહીં વાત નથી. આહાહા..!

અહીંયાં તો જાણનાર... જાણનાર... જાણનાર... આહાહા..! એવો '**છે ને? તે માત્ર વર્તમાન પૂરતું સત્ નથી.**' જાણનાર.. જાણનાર... જાણનાર... રાગને પણ જાણે, શરીરને પણ જાણે, પોતે જાણનારને જાણે. એ વસ્તુ છે ને? એ છે. આહાહા..! '**તે માત્ર વર્તમાન પૂરતું સત્ નથી.**' એટલે શું કીધું? જાણનાર જે અંદર જણાય છે તે વર્તમાન પૂરતી એની હયાતી નથી. વર્તમાન પૂરતું એનું અસ્તિત્વ, એની સત્તા, એની મોજૂદગી વર્તમાન પૂરતી નથી. આહાહા..!

'**તે તત્ત્વ પોતાને ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે,...**' આહાહા..! જાણનાર... જાણનાર... જાણનાર.. જાણનાર. જાણનાર એટલે પર્યાય નહિ. જ્ઞાયકભાવ જાણનાર. એ જાણનાર, એ જાણનાર તે તત્ત્વ પોતાને કાયમ રહેલું ત્રિકાળી અસ્તિત્વ જણાવી રહ્યું છે. આહાહા..! પણ એમાં એની નજરું નથી. જ્યાં ટકતું તત્ત્વ છે... પર્યાય છે એ ટકતું તત્ત્વ નથી. ટકતું તત્ત્વ જે છે ત્યાં તેની અનાદિથી નજરું નથી. આહાહા..! ભગવાન! છે એવો જે અનાદિ વર્તમાન પૂરતો એ નથી. એ તત્ત્વ પોતાને ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે. જણાય છે એ જાણનારો ત્રિકાળ છે તેમ જણાવી રહ્યો છે, એમ કહે છે. સમજાય છે કાંઈ?

આ તો ટૂંકી ભાષા છે બહેનની. ઘણી ટૂંકી છે. આવ્યા નહિ. ડોક્ટરે ના પાડી. નહિતર આવવાનો એમને તો અહીં ભાવ હતો. જરીક એમને ખેદ પણ થયો છે. એમ કે આ જન્મજયંતિ ઉપર ન આવવું (થયું). પણ ડોક્ટરે ના પાડી. બાકી ભગવતી માતા છે ઈ. આહાહા..! એક સ્ત્રીનો દેહ આવી ગયો અને બોલવાની ભાષા બહુ થોડી. આહાહા..! અંદરમાં ઊંડાણમાં ભગવાનના ભેટા કરીને આનંદના અનુભવમાં

પડ્યા છે. આહાહા..!

અહીં કહે છે કે '**જાણનાર, જાણનાર, જાણનાર,...**' એ વર્તમાન પૂરતું નથી. જાણનાર... જાણનાર.. જાણનાર.. કાયમ ટકતું તત્ત્વ તેમ જણાવી રહ્યું છે. આવો ઉપદેશ છે, બાપા! જાણનાર તત્ત્વ તે પોતાને ત્રિકાળી હયાતી જણાવી રહ્યું છે. ત્રિકાળ છે. છે તે ત્રિકાળ છે. એ કહેશે. '**પણ તું તેની માત્ર 'વર્તમાન અસ્તિ' માને છે!**' જાણનારી એક આ વર્તમાન જાણે છે બસ એટલું ઈ. આહાહા..! પુણ્ય-પાપ અને શરીર-વાણી તો કાઢી નાખી. એની વાત તો અહીં છે નહિ, પ્રભુ! પણ જાણનારને તું વર્તમાન પૂરતો જાણે છો. આહાહા..!

'**જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ.**' શું સિદ્ધાંત છે? જે વર્તમાન હોય તે ત્રિકાળી હોય. વર્તમાન પર્યાયમાં ભલે જણાય પણ એ પર્યાયવાન છે એ ત્રિકાળી છે. જણાય છે એ વર્તમાન પર્યાયમાં, પણ એમાં જણાય છે એ ત્રિકાળી છે. આહાહા..! લોકોને આ અંતર તત્ત્વ ઉપરની વલણ દશા નથી. અત્યારનો આખો પ્રવાહ બહારમાં વયો ગયો છે. આ કરવું... આ કરવું... આ કરવું... ગજરથ કરવા ને રથ કાઢવા ને. આહાહા..! બાપુ! મારગડા પ્રભુ, બીજા છે, ભાઈ! આહાહા..! એ બીજા રાગનો વિકલ્પ અને ક્રિયાઓ તો કંઈ પર રહી ગઈ પણ એક સમયની પર્યાય તને જણાય છે એ જાણનારું તત્ત્વ ત્રિકાળ છે. તેટલું જણાય છે તેટલા કાળ પૂરતું એ નથી. આહાહા..! છે?

'**વર્તમાન અસ્તિ' માને છે! જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ.**' કોઈપણ પરમાણુ આદિની પર્યાય વર્તમાનમાં દેખાય છતાં એ ચીજ છે એ તો ત્રિકાળ છે. એક સમયની પર્યાય પૂરતું જ હોય તો તો એ પર્યાય કોને આધારે થઈ? પાણીમાં તરંગ ઉઠ્યું એ પાણીના દળ વિના કોને આધારે તરંગ ઉઠ્યું? આહાહા..! એમ એક સમયની પર્યાય ઉઠી એ અનંત દળ જે ધ્રુવ છે એના આધારે એનાથી ઉત્પન્ન થઈ છે. એના ઉપર ઊભી થઈ છે. અંદરમાં થઈ નથી ભલે. આહાહા..!

સમ્યગ્દર્શન અને એની પ્રાપ્તિ બાપુ! અલૌકિક છે. સમ્યગ્દર્શન થયું, પામ્યો એ હવે સિદ્ધ થયો. વસ્તુ મુક્ત છે અને જ્યાં એની દૃષ્ટિ થઈ ત્યાં પર્યાયમાં પણ એ રાગથી મુક્ત થયો તે અંશે મુક્તિ થઈ છે. મુક્ત સ્વરૂપ ભગવાન છે. આહાહા..! એ ત્રિકાળી તત્ત્વને ત્રિકાળી તત્ત્વની? જ્યાં પ્રતીતિમાં, જ્ઞાનમાં, અનુભવમાં લીધો ત્યારે તેની પર્યાયમાં પણ અંશે રાગથી ભિન્ન મુક્તિ દશા પ્રગટી. મુક્ત સ્વરૂપને અવલંબે મુક્તદશા પ્રગટી. આહાહા..! એ કળશમાં છે-મુક્ત. આહાહા..! હવે આવી વાતું. બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! એ માર્ગને પહેલો જાણવો પડશે. જાણીને પછી અંતરમાં

પ્રયોગ કર્યે અંતરના તળિયા ધ્રુવ પામશે. એ વિના એ ધ્રુવ પામશે નહિ. અને ધ્રુવને પામ્યા વિના સંસારના પરિભ્રમણના અવતારો નહિ ગળે. સ્વરૂપ મળ્યા વિના ભવ નહિ ગળે. અને ભવ જ્યાં સુધી મળે ત્યાં સુધી સ્વરૂપ એને નહિ મળે. આહાહા..! મહેન્દ્રભાઈ! આવી વાતું છે. સાંભળવા તો મળે, પ્રભુ! આહાહા..!

'**તેનો વિચાર કરતાં આગળ વધાય.**' જે છે.. આ જાણનારો છે તત્ત્વ તે વર્તમાન છે એ ત્રિકાળ છે. એ વર્તમાન છે એમ ત્રિકાળ છે એમ દૃષ્ટિ જતાં વિચાર કરતાં આગળ વધાય. અંદરમાં જવાય. આહાહા..! '**અનંતકાળમાં બધું કર્યું,...**' બધું કર્યું એટલે? શરીર, વાણી, મન અને પરનું કાંઈ કર્યું નથી. બધું કર્યું એટલે કે પુણ્ય અને પાપના અસંખ્ય પ્રકારના ભાવ, દયા, દાન, વ્રતના અસંખ્ય પ્રકારના ભાવ અને જૂઠા બોલવાના અસંખ્ય પ્રકારના ભાવ એ અનંત વાર અસંખ્ય પ્રકારના ભાવ અનંત વાર કર્યા. આહા..! શું કીધું?

'**અનંતકાળમાં બધું કર્યું,...**' બધું કર્યું એટલે આ શુભ અને અશુભભાવ. રજકણને તો અડ્યો પણ નથી. પ્રભુ આ શરીરને અડ્યો પણ નથી. અજ્ઞાનમાં પણ અડ્યો નથી. અંદર કર્મ છે જડ એને પ્રભુ આત્મા અજ્ઞાની પણ એને અડ્યો પણ નથી. કર્મ એને અડ્યું નથી, એ એને અડ્યો નથી. પરદ્રવ્ય અને સ્વદ્રવ્યની વચ્ચે અત્યંત અભાવનો કિલ્લો પડ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? હીરાલાલજી! આહાહા..! એને હાથ કપાઈ ગયો. આહાહા..! પણ ઉંકારો કર્યો નથી એ વખતે. રતનલાલજી સાંભળ્યું છે ને? હીરાલાલજીને. જ્ઞાયક! એમ બોલ્યા હતા, બસ. આંખમાંથી ટીપું નહિ અને શોક નહિ. કપાઈ ગયો હાથ આટલો. આ આત્મા.. બાપા! આહાહા..! નિત્યાનંદ છે એમાં એનો અવયવ તૂટે કે દિ'? આ તો જડ છે, માટી છે. એના તો અવયવ તૂટવા યોગ્ય હોય તે તૂટે. જ્ઞાયક ભગવાનમાં અનંત ગુણ છે એમાંથી એકેય ગુણ તૂટે એવો છે? આહાહા..!

અહીં કહે છે કે '**અનંતકાળમાં બધું કર્યું,...**' બધું કર્યું એટલે? કો'કની દયા પાળી અને કો'કની હિંસા કરી એમ નહિ. એ પરની દયા પાળી શકતો નથી, પરની હિંસા કરી શકતો નથી, શરીરને હલાવી શકતો નથી, બોલવાની ભાષાના ભાવને તે રચાવી શકતો નથી. આહાહા..! એણે રચાવ્યું અને રચ્યું હોય તો શુભ અને અશુભ અસંખ્ય પ્રકારના રાગ એણે અનંત વાર રચ્યા છે. શુભ અને અશુભ જે અસંખ્ય પ્રકારના રાગ તેને અનંત વાર કર્યા છે. એ બધામાં આવે છે. બધામાં બાયડી-છોકરાનું કર્યું, દેશનું કર્યું બધું એ નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

'**અનંતકાળમાં બધું કર્યું, એક ત્રિકાળી સત્‌ને શ્રદ્ધયું નથી.**' શ્રદ્ધયું નથી. આહાહા..!

ત્રિકાળી સત્ય નિત્યાનંદ પ્રભુ તેની સન્મુખ થઈને, જેની વિમુખ થઈને અનાદિ કાળથી અનંત ભવમાં ભાવ અનંત કર્યા તે સ્વભાવથી વિમુખ થઈને, એ સ્વભાવની સન્મુખ થઈ અને પર્યાય અને વિભાવથી વિમુખ થઈ. આહાહા..! એક ત્રિકાળી સત્‌ને તેં શ્રદ્ધયું નથી. આહાહા..! તેં પડખું ફેરવ્યું નથી. વર્તમાન પર્યાય ને પુણ્ય અને પાપના ભાવ, એ અંશ અને વિકારને પડખે ચડી અને મેં કર્યું એમ આવડતના અભિમાનમાં તારો કાળ પ્રભુ ગયો. આહાહા..! અંદરમાં ત્રિકાળી આનંદનો નાથ પ્રત્યક્ષ, પરોક્ષ નહિ પણ પ્રત્યક્ષ બિરાજમાન છે. એણે '**એક ત્રિકાળી સત્‌ને શ્રદ્ધયું નથી.**' એને શ્રદ્ધામાં.. આમ શ્રદ્ધા એમ નહિ. અંદર અનુભવમાં જઈને શ્રદ્ધા એનું નામ શ્રદ્ધા.

શ્રદ્ધા એને કહીએ... ૧૭મી ગાથામાં આવે છે ને? કે જે ચીજ પોતાના જ્ઞાનની પર્યાયમાં જણાય નહિ એની શ્રદ્ધા શું? જે પર્યાયમાં જે ચીજ જણાય નહિ એની શ્રદ્ધા શું? એ સસલાના શીંગડા જેવી શ્રદ્ધા છે. સસલું છે એને શીંગડા ન હોય. એની શ્રદ્ધા શું? નથી એનું જ્ઞાન અને નથી એનું જ્ઞાન અને નથી એની શ્રદ્ધા. આહાહા..! સમજાય છે કાંઈ?

એક ત્રિકાળી સત્ પ્રભુ છે. અંતર આનંદના ઘંટ વગાડે છે અંદર ઘણઘણાટ. આહાહા..! એ વીણાની અંદર.. આહાહા..! વીણા વાગે છે ને વીણા? એમ અંતરનો નાથ અનંત જ્ઞાન અને અનંતના આનંદની વીણાઓ વાગે છે ત્યાં, પ્રભુ! આહાહા..! એ અનંતી શક્તિનો ધણી એ ગુણથી ગુણથી ખાલી નથી. એ ખાલી નથી એટલે કે પૂરો છે. આહાહા..! એવા પરમાત્મ સ્વરૂપ એવું ધ્રુવ તત્ત્વ એને એક તેં શ્રદ્ધયું નથી. બાકી બધું અનંત વાર કર્યું. બધું એટલે આ. શુભ-અશુભભાવ. બધું એટલે કોઈ બાયડીનું કરી દીધું અને છોકરાનું કર્યું ને દેશનું કર્યું. હરામ છે પરનું કાંઈ કરી શકતો હોય તો. સ્વદ્રવ્ય પરદ્રવ્યને અડી શકે નહિ, નાથ!

એ વાત ત્રીજી ગાથામાં કીધી હતી. ત્રીજી ગાથા છે ને સમયસારની. '**एयत्तणिच्छयगदो**' આહાહા..! આત્મા અથવા દરેક વસ્તુ પોતાના કાયમી સ્વભાવ અને વર્તમાન અવસ્થાને સ્પર્શે છે, અડે છે, ચુંબે છે. પણ દરેક પદાર્થ પોતાના ગુણ અને પર્યાયને છોડીને પરદ્રવ્યની પર્યાયને અડતો નથી. આ વાત. આહાહા..! સમજાય છે કાંઈ? આ પગ જે જમીન ઉપર ચાલે છે એ પગના રજકણોની અવસ્થા અને નીચે જમીનની અવસ્થા, બે વચ્ચે અત્યંત અભાવ છે. એ પગ જમીનને અડીને ચાલતો નથી. અરે..! પ્રભુ! શું કરે છે તું આ? પગ ચાલતો જે છે રજકણ અનંત ગુણનો પિંડ છે એ પરમાણુઓ એના અનંત ગુણને એની પર્યાયને ચુંબે છે. પણ એના સિવાય બીજા પરમાણુ અને બીજા આત્માને એ અડ્યો પણ નથી. આ તે

વાત! આહાહા..! એ ડગલા ભરતો પગ એ જમીનને અડ્યા વિના પગ ભરે છે. રતનલાલજી! આવું છે.

કેમ? કે દરેક વસ્તુ એક વસ્તુથી બીજી વસ્તુમાં તો અત્યંત અભાવનો કિલ્લો છે. એક વસ્તુને બીજી વસ્તુ વચ્ચે મોટો અભાવનો કિલ્લો પડ્યો છે. એથી એક ચીજ બીજાને અડે એમ ત્રણ કાળમાં બનતું નથી. આહાહા..! પણ તેની વિકારી પર્યાય કે અવિકારી પર્યાયને એ ચુંબે અને અડે. પર્યાયદૃષ્ટિ જ્યાં સુધી છે ત્યાં સુધી તે વિકારી પર્યાયને ચુંબે, અડે અને વેદે. આહાહા..! પણ જ્યારે ત્રિકાળી તત્ત્વ એકરૂપ છું એવું જ્યાં અંતર ભાન થાય એ ત્રિકાળી દ્રવ્ય પર્યાયને અડે નહિ. આહાહા..!

ભગવાન વીતરાગ ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ મહાવિદેહમાં પ્રભુ તો બિરાજે છે. આહાહા..! એના વર્તમાનમાં વિરહ છે પણ એની વાણીનો વિરહ નથી. આહાહા..! અને વાણીમાં કહેલા ભાવનો વિરહ નથી. આહાહા..! આ હાથ છે એ ગાલને અડતો નથી. પ્રભુ! શું કરે છે આ તું? કેમ કે આની ચીજનું અસ્તિત્વ, આની ચીજના અસ્તિત્વમાં એ ચીજનો અત્યંત અભાવ છે. પ્રભુ! આ વાત આવી છે. ત્રીજી ગાથામાં છે. '**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**' છે? આહાહા..!

**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**
**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।**

રાગનો એને સંબંધ કહેવો વિખવાદ છે, પ્રભુ! આહાહા..! ઝેરની વાર્તાઓ કરવાની છે એ તો. પ્રભુ તો રાગને સ્પર્શતો નથી. અજ્ઞાનમાં પર્યાય છે એ પરને અડતી નથી અને દ્રવ્યના સ્વભાવની દૃષ્ટિએ પર્યાય દ્રવ્યને અડતી નથી. આ તે (વાત). આહાહા..! છતાં તે પર્યાય દ્રવ્યનું જ્ઞાન બરાબર કરી શકે છે. તેને અડ્યા વિના, સ્પર્શ્યા વિના તે પર્યાય ત્રિકાળના સત્‌ને શ્રદ્ધી શકે છે. અનંત કાળથી એને શ્રદ્ધયો નથી. એ અંતરમાં ગુલાંટ ખાતા.. આહાહા..! એક સમયની પર્યાય દ્રવ્યને અડતી નથી. છતાં એક સમયની પર્યાય ત્રિકાળી દ્રવ્યને જાણીને શ્રદ્ધામાં પૂરું લઈ શકે છે. પૂરું પર્યાયમાં આવતું નથી પણ પૂરાનું જ્ઞાન પર્યાયમાં આવે છે. આહાહા..! આવી વાતું છે, પ્રભુ!

આ તો વીતરાગનો માર્ગ છે. ત્રણ લોકના નાથના વિરહ પડ્યા. એની પાછળ આ વાતું રહી ગઈ. જગતને એકાંત લાગે. આ તો બધો વ્યવહારનો લોપ થઈ જાય છે એમ માને. એ તો વાત સાચી છે. વ્યવહારનો તો લોપ થાય છે પણ એક સમયની પર્યાયબુદ્ધિનો પણ લોપ થાય છે. એની પોતાની પર્યાય છે તેની બુદ્ધિનો લોપ થાય છે. પર રાગ ને દયા-દાન ને વિકલ્પની વાતું તો શું કરવી, નાથ! એ

તો બધો વિકાર-ઝેરના પ્યાલા પીવે છે. આહાહા..! પણ આત્માની પર્યાય જે છે એની અવસ્થા એ પણ દ્રવ્યને અડતી નથી. છતાં દ્રવ્યનું વાસ્તવિક જેટલું અને જેવડું સ્વરૂપ છે તેને શ્રદ્ધી શકે છે. આહાહા..! આમાં કાંઈ ઓલા ઝવેરાત-બવેરાતમાં આવતું ન હોય આ બધું. આ ઝવેરાત છે. બાપા! આ છે, બાપુ. આહાહા..! પ્રભુ! એવી વાત સાંભળવી પણ નાથ! ભાગ્યશાળી મહા હોય એને કાને પડે એવી વાત છે. આ તો ત્રણ લોકની અમર વાણી છે. આહાહા..!

અહીં એ કહે છે, અનંત કાળમાં બધું કર્યું એટલે વિકાર કર્યા. એક ત્રિકાળી સત્‌ને શ્રદ્ધયું નથી. એ ૧૪૦ થયું. હવે?

**ગુરુ તારા ગુણો ખિલવવાની કળા દેખાડશે. ગુરુ-આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે. કર્મજનિત વિભાવમાં જીવ દબાઈ રહ્યો છે. ગુરુની આજ્ઞાએ વર્તવાથી કર્મ સહેજે દબાય છે અને ગુણ પ્રગટે છે. ૧૫૯.**

૧૫૯. આહાહા..! લાલભાઈએ વીણીને કાઢ્યા છે આ. સંતો નિર્ગ્રંથ મુનિઓ, '**ગુરુ તારા ગુણો ખીલવવાની કળા દેખાડશે.**' આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... વાત દેખાડશે એને તારે હવે અનુભવ કરીને માનવું એમ કહે છે. દેખાડશે માટે એને લઈને તું માનીશ એમ નહિ. દેખાડશે એવા નિમિત્તની એક ઉપસ્થિતિ કરી. એ ૩૮મી ગાથામાં આવે છે ને? ૩૮. સમયસાર. ગુરુએ વારંવાર કહ્યું. એના બે અર્થ છે. ગુરુએ એકવાર કહેતા તો એને ન પકડાણું. પણ ઘણીવાર કહેતા પકડાણું. પછી એને પકડ્યું એને પણ વારંવાર વિચારમાં લીધું. આહાહા..! એ ગુરુએ વારંવાર કહ્યું એનો અર્થ એ પોતે વારંવાર મંથનમાં ગયો અંદર. આહાહા..! ૩૮ ગાથા છે, સમયસારની. આહાહા..!

પ્રભુ! ત્યાં તો ત્યાં સુધી કહ્યું છે કે અપ્રતિબુદ્ધ શિષ્ય હતો. આહાહા..! અનાદિનો અજ્ઞાની હતો, અનાદિનો મિથ્યાદૃષ્ટિ પંચમકાળનો અબુધ જીવ એને ગુરુએ જ્યારે આ સમજાવ્યું, પ્રભુ! તારી પર્યાય પણ દ્રવ્યને અડે નહિ તો એ તારો દ્રવ્ય સ્વભાવ રાગને અડે એ ત્રણ કાળમાં બને નહિ એમ એને કહ્યું. હતો અપ્રતિબુદ્ધ. પણ પ્રતિબુદ્ધ થયો એમ કહ્યું છે. પંચમકાળના સંતોએ પંચમકાળના અપ્રતિબુદ્ધ શિષ્યને સમજાવ્યું. એમ નહિ કે ચોથા આરાના સાધુ અને ચોથા આરાના જીવને સમજાવ્યું આ. સમજાણું

કાંઈ? આહાહા..! પંચમ આરાના અપ્રતિબુદ્ધ જીવને સમયસાર એમ પોકારે છે કે પંચમ આરાના ગુરુએ એને સમજાવ્યું. સમજાવ્યું પણ એ એવું સમજ્યો, એવો એ તત્ત્વને સ્પર્શ્યો એ શિષ્યનો પોકાર છે, પ્રભુ! અમે જે આત્માને પામ્યા, અમે હવે સાદિ અનંત આમાં રહેવાના છીએ. આહાહા..! પંચમ આરાનો અપ્રતિબુદ્ધ શિષ્ય એને પંચમ આરાના પ્રતિબુદ્ધ ગુરુએ એને કહ્યું. એવો શિષ્ય લીધો ત્યાં. આહાહા..! એ સમજ્યો અંતર આનંદનો નાથ મારો પ્રભુ... આહાહા..! ૧૫૯ છે ને?

'**ગુરુ તારા ગુણો ખિલવવાની કળા દેખાડશે.**' એટલે બતાવ્યું ત્યાં. '**ગુરુ-આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે.**' એટલે શું? આજ્ઞાએ રહેવું એટલે શું? આજ્ઞા તો પર છે. '**ગુરુ-આજ્ઞાએ રહેવું...**' એટલે ગુરુની આજ્ઞા વીતરાગતા પ્રગટ કરવાની છે તેમાં રહેવું એનું નામ ગુરુની આજ્ઞાએ રહેવું. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં એવું છે. આહાહા..!

એને કહ્યું ને સમજ્યો, પોતાના વારંવાર ઘોલનથી સમજ્યો. અને એનો પોકાર કર્યો એણે, મને જે આગમજ્ઞાન અને આત્મજ્ઞાનથી જે જ્ઞાન થયું. છું પંચમ આરાનો પ્રાણી પણ કોલ કરાર કરું છું કે આ પામ્યો તે ભાવે કેવળ લેવાનો છું. એ પામેલો પડું હું એ હું નહિ. આહાહા..! ૩૮ ગાથામાં એમ છે. અને પ્રવચનસારની ૯૨મી ગાથામાં છે આ બોલો બધા. બધું છે ને. શાસ્ત્રમાં તો ભંડાર ભર્યા છે. આહાહા..! ૯૨મી ગાથામાં જ્ઞેય અધિકાર છે. જ્ઞાન અધિકારની છેલ્લી ગાથા છે. એમાં એ જ્ઞાન સમજ્યો છે શિષ્ય તે ૯૨ ગાથામાં કહ્યું છે ત્યાં કે સમજ્યો તે સમજ્યો એ સમજ્યો. આહાહા..! રાગથી પૃથક્ કરીને પર્યાયને અંતરમાં વાળી છે. એ ધ્રુવ જો ફરે તો એની શ્રદ્ધા ને જ્ઞાન ફરે. એમ લીધું છે ત્યાં. સમજાય છે કાંઈ? આહાહા..! માટે એમ ન સમજવું પ્રભુ કે આ પંચમ આરા અને અત્યારે આવો કાળ છે માટે આ ન સમજાય અને સમજાય તો પાછું પડી પણ જવાય. પ્રભુ! એ વાત રહેવા દેજે. આહાહા..! એ ૩૮ ગાથા સમયસારની, ૯૨ ગાથા પ્રવચનસારની. બેયમાં પ્રભુ કુંદકુંદાચાર્યનો પોકાર છે કે અમે જે આ વાત કરીએ છીએ અને જેણે સાંભળી... એ કીધું ને અહીં?

'**ગુરુ તારા ગુણો ખિલવવાની કળા દેખાડશે. ગુરુ-આજ્ઞાએ રહેવું...**' એટલે કે વીતરાગતા પ્રગટ કરાવવા માટે આજ્ઞા કરી છે. એ વીતરાગતા પ્રગટ કરવી એ ગુરુની આજ્ઞા છે. પંચાસ્તિકાયની ૧૭૨ ગાથા. એમાં છેલ્લો એવો સાર લીધો છે કે ચારેય અનુયોગો જે ગુરુએ કહ્યા-ચરણાનુયોગ, કરણાનુયોગ, ધર્મકથાનુયોગ, દ્રવ્યાનુયોગ પણ

એનું તાત્પર્ય શું? કે તાત્પર્ય વીતરાગતા. વીતરાગતા તાત્પર્ય. ગુરુની આજ્ઞા વીતરાગતાને પ્રગટ કરવાની છે. ગુરુની આજ્ઞા મારી સામું જોઈને ઊભા રહેવાની નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ગુરુની આજ્ઞા, સર્વજ્ઞની આજ્ઞા ત્રિલોકનાથે ચાર અનુયોગમાં એમ કહ્યું કે ચારેય અનુયોગનો સાર તાત્પર્ય વીતરાગતા (છે). એનો અર્થ? કે ચારેય અનુયોગમાં ગુરુએ અને સંતોએ એ કહ્યું કે તારો નાથ અંદર છે તેનો આશ્રય લે. એ અમારે ચારેય અનુયોગમાં કહેવું છે. આહા..!

ત્રિકાળી જે છે... અહીં કીધું ને? '**ગુરુ–આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે.**' એટલે? ગુરુએ એને વીતરાગતા ઉત્પન્ન કરવાનું કહ્યું. એ વીતરાગતા વીતરાગસ્વરૂપ જિનસ્વરૂપ પ્રભુ છે એને આશ્રયે પ્રગટ થતાં એને સુખ મળ્યું. આહાહા..! આવી વાતું છે. ઓલો તો એવો ઉપદેશ આવે કે વ્રત કરવા ને આ કરવું, છ પરબી.. બાપુ! એ બધી વાતું છે રાગની ક્રિયા, ભગવાન! તારું સ્વરૂપ કોઈ ભિન્ન જાત છે. આહાહા..!

એ અહીં કહે છે, આહા..! '**ગુરુ–આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે.**' આહાહા..! એનો અર્થ એવો નથી કે આજ્ઞા કરી એની સામું જોઈને રહેવું. સમજાય છે કાંઈ? એમ આજ્ઞા નથી. આહાહા..! ગુરુએ એમ કહ્યું કે અમારી સામું જોવું છોડી દે. આહાહા..! અમારા પ્રત્યેની ભક્તિ અને બહુમાનથી પણ પ્રભુ! રાગ થશે તને. આહાહા..! એ તો વીતરાગ ને સંતો મુનિઓ એ કહી શકે. દુનિયાની જેને દરકાર નથી. દુનિયા સમતોલ રહેશે કે નહિ, માનશે કે નહિ જેને દરકાર નથી. એવા સંતો જગતને જાહેર કરે છે. પ્રભુ! અમારી આજ્ઞા છે કે અમારી સામું અને પરમાત્મા સામું જોવું છોડી દે. આહાહા..! તારો નાથ અંદર બિરાજે છે એની સામું તું જો. એ આજ્ઞા છે. સમજાણું કાંઈ? આકરી વાતું છે. આ બહેનના શબ્દો બહુ ટૂંકા છે. ટૂંકામાં ભાવ સાર આ છે. આહાહા..!

'**કર્મજનિત વિભાવમાં જીવ દબાઈ રહ્યો છે.**' રાગની ઉત્પત્તિ ચાહે તો પુણ્યની થાય કે પાપની શુભ-અશુભભાવ, એ કર્મજનિત નિમિત્તથી ઉત્પન્ન થયેલા વિકારી ભાવ એમાં દબાઈ ગયો છે. આ હું છું, આ મારામાં છે, આ મારા છે, એમાં હું છું એમ દબાઈ ગયો છે અનાદિથી. આહાહા..! '**કર્મ જનિત વિભાવમાં જીવ દબાઈ રહ્યો છે. ગુરુની આજ્ઞાએ વર્તવાથી કર્મ સહેજે દબાય છે...**' કેમ કે ગુરુની આજ્ઞા દ્રવ્યસ્વભાવનો આશ્રય લેવાની છે. આહાહા..! કઈ જાતનો આવો ઉપદેશ? આ વીતરાગ ત્રણ લોકના નાથ તીર્થંકરની દિવ્યધ્વનિનો આ સાર છે, દિવ્યધ્વનિનો આ પોકાર છે. પ્રભુ! ભગવાન એમ કહે કે અમારી સામું જોવું છોડી દે. આહાહા..!

કેમ કે અમે તારા દ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય છીએ.

મોક્ષ અધિકારમાં કહ્યું હતું ને સવારમાં? ૧૬મી ગાથા છે એમાં. '**परदव्वादो दुग्गइ**'. પ્રભુ! અમે પરદ્રવ્ય છીએ તારી અપેક્ષાએ. અમારી સામું જોઈશ તો તને રાગ થાશે. તારી ચૈતન્યગતિ ત્યાં રોકાઈ જશે. આહાહા..! અમારી સામું જોઈશ તો તારી ચૈતન્યગતિ રોકાઈને રાગમાં આવી જશે. આહાહા..! એને ત્યાં દુર્ગતિ કીધી છે. એ તો પરમાત્મા સંતો કહે. ધીરુભાઈ! તારા સામું જો. અંદર ત્રણ લોકનો નાથ બિરાજે વીતરાગમૂર્તિ પ્રભુ. અમારી સામું જોયે તને રાગ થાશે. તારી સામું જોયે તને આનંદ અને સુખ થશે. એ આ કહ્યું છે જુઓ! છે?

'**ગુરુની આજ્ઞાએ વર્તવાથી કર્મ સહેજે દબાય છે...**' રાગ દબાય જાય છે. સ્વભાવની દૃષ્ટિમાં રાગ દબાય જાય છે. '**અને ગુણ પ્રગટે છે.**' ગુણ એટલે પર્યાય. ગુણ તો ત્રિકાળ છે. પણ એને વર્તમાન સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થાય છે તેને ગુણ પ્રગટે છે એમ કહેવામાં આવે છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ચૈત્ર વદ ૧૨, મંગળવાર, તા. ૨૪-૪-૧૯૭૯**
**બોલ-૧૬૧, ૧૬૨, પ્રવચન-૭૭૦**

**સંસારથી ભયભીત જીવોને કોઈ પણ પ્રકારે આત્માર્થ પોષાય તેવો ઉપદેશ ગુરુ આપે છે. ગુરુનો આશય સમજવા શિષ્ય પ્રયત્ન કરે છે. ગુરુની કોઈ પણ વાતમાં તેને શંકા ન થાય કે ગુરુ આ શું કહે છે! તે એમ વિચારે કે ગુરુ કહે છે તે તો સત્ય જ છે, હું સમજી શકતો નથી તે મારી સમજણનો દોષ છે. ૧૬૧.**

વચનામૃત. ૧૬૧. ૧૬૧ બોલ છે. દીકરીઓ બહેનની વચ્ચે આ બોલાણું છે. સહજ બોલાણું છે. તેમાં પહેલેથી આ શરત કરે છે કે '**સંસારથી ભયભીત જીવોને...**' આ શરત. જેને ચાર ગતિ રખડવાનો ડર લાગ્યો છે, જેને ભવભ્રમણ કરવાનો ભય લાગ્યો છે. આહાહા..! આ પહેલી શરત. ભવભ્રમણ કરવું એ જેને ડર, કલંક, દુઃખ લાગે છે. આહાહા..! '**સંસારથી ભયભીત જીવોને...**' આ શરત. '**કોઈપણ પ્રકારે આત્માર્થ પોષાય તેવો ઉપદેશ ગુરુ આપે છે.**' ભગવાન, ગુરુ કે શાસ્ત્ર ત્રણેય આત્મા પોષાય એવો ઉપદેશ આપે છે.

'**ગુરુનો આશય સમજવા શિષ્ય પ્રયત્ન કરે છે.**' ગુરુને તો એ કહેવું છે કે વ્યવહાર જે દયા, દાન, વ્રત કે શ્રદ્ધા આદિ છે એને અસ્થિરતાથી છોડવા એમ નહિ, પણ પહેલા શ્રદ્ધામાંથી છોડવા. સમજાય છે કાંઈ? આહાહા..! અંદર ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ આવે, હોય. એનો શ્રદ્ધામાંથી ત્યાગ પહેલો કહેવા માગે છે. અસ્થિરતાથી છૂટે એ પછી. એ પછી શુદ્ધઉપયોગ થાય ત્યારે. આ શુભઉપયોગ છે...

જ્યારે એમ કહેવામાં આવ્યું, પ્રભુ! સવારમાં કહ્યું હતું ને? કે ભાવક. કર્મ જે જડ છે ભાવક, એનો એ પુણ્ય અને પાપનો ભાવ એ ભાવકનો ભાવ નામ ભાવ્ય છે. ભાવક એટલે કર્મ, એનો ભાવ એટલે ભાવ્ય એટલે કે તેનાથી થવા યોગ્ય. ભાવ્ય એટલે થવા યોગ્ય એવો ભાવ. ચાહે તો એ દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિ, પૂજા આદિનો હોય પણ એ ભાવ ભાવકનો ભાવ છે. આહાહા..! એ વાત શ્રદ્ધાની અપેક્ષાએ કહેવા માગે છે.

કર્મ જડ છે તેના લક્ષે થયેલા પુણ્યના ભાવ, વ્યવહારના ભાવ એ પણ કર્મના ભાવનું ભાવ્ય છે, તેનાથી થયેલી દશા છે. તારો સ્વભાવ પ્રભુ તો જ્ઞાયક છે. એ જ્ઞાયક સ્વભાવનો ભાવ્ય નામ ભાવ એ વિકાર ન હોય. પ્રભુ! તું જ્ઞાયક છો ને. ચૈતન્યરસ ને અતીન્દ્રિય આનંદના સ્વભાવથી પરિપૂર્ણ ભર્યો છે ને. એવા જ્ઞાયકભાવનો ભાવ અથવા ભાવ્ય એ વિકાર ન હોય. ભાવક એવો જે ભગવાન આત્મા એટલે અહીં જ્ઞાયક. આની કોર ભાવક, આની કોર જ્ઞાયક. આહાહા..! એક કોર ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યના આનંદના સ્વભાવના રસથી પરિપૂર્ણ ભરેલો એવો જે જ્ઞાયકભાવ, તેનો ભાવ નામ ભાવ્ય એટલે થવા લાયક-એ જ્ઞાયકભાવનો થવા લાયક ભાવ તો સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ તે તેનો ભાવ અને ભાવ્ય છે. અને તે સમ્યગ્દષ્ટિને કર્મ ભાવક.. સવારમાં આવી ગયું છે. આ તો વચ્ચે જરી શ્રદ્ધાથી છોડવા લાયક છે એટલું ઉમેરવું. ઝીણી વાત છે, ભાઈ! ભાવક એવો જે કર્મ...

અહીં '**સંસારથી ભયભીત જીવોને કોઈ પણ પ્રકારે આત્માર્થ પોષાય...**' તો રાગને કરે એમાં આત્મા પોષાતો નથી. શુભરાગ થાય એમાં આત્મા પોષાતો નથી. એમાં તો વિકાર પોષાય છે. આહાહા..! બહેન બહેનું-દીકરીયુંમાં બોલી ગયા છે. છે તો અંતરની યથાર્થ વાત. પણ જગતને બેસવી કઠણ પડે. આત્માર્થ પોષાય એમ લીધું છે ને? આત્મા જ્ઞાયકસ્વરૂપ છે. તેમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ થાય એ આત્માર્થ પોષક ગુરુનો ઉપદેશ છે. વ્યવહારનો ઉપદેશ એ છે પણ એ ભાવકનો ભાવ ગણીને તેના જ્ઞાનમાં જાણવા લાયક છે. સમજાય છે કાંઈ? '**આત્માર્થ પોષાય તેવો ઉપદેશ ગુરુ આપે છે.**' ભગવાન અને ગુરુ કે જ્ઞાની એના ઉપદેશમાં જ્ઞાયકભાવમાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ વીતરાગ પર્યાય થાય એ આત્માર્થ પોષાય એવો એનો ઉપદેશ હોય. એને જે કર્મ ભાવક છે એનો ભાવ જે રાગ એનો પોષક એનો ઉપદેશ ન હોય. આહાહા..! સમજાય છે કાંઈ? '**આત્માર્થ પોષાય તેવો ઉપદેશ ગુરુ આપે છે.**'

'**ગુરુનો આશય સમજવા શિષ્ય પ્રયત્ન કરે છે.**' આશય સમજવા. જ્ઞાની, ગુરુ અથવા સર્વજ્ઞ એને કહેવાનો આશય જે વ્યવહારમાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ થાય તે ભાવક કર્મનું ભાવ્ય છે. એમ કરીને તે કર્મના ભાવકનો ભાવ છે તેને જ્ઞાયકના ભાવથી તે નિષેધવા લાયક છે. સમજાય છે કાંઈ? એથી ગુરુનો આશય સમજવા. આશય એટલે એનો અભિપ્રાય. રાગ કર્મનો ભાવ છે એમ ગુરુ કહે છે પણ એનો આશય શું? કે શ્રદ્ધામાંથી તેને છોડવા લાયક છે. આહાહા..! અસ્થિરતામાંથી તો છોડવા લાયક તો પૂર્ણ શુદ્ધઉપયોગ થાય ત્યારે. આહાહા..!

પણ પ્રથમ સમ્યગ્દર્શનની શ્રદ્ધામાં સર્વજ્ઞ અને ગુરુનો એ આશય છે કે તે રાગ છે તે કર્મના ભાવકનો ભાવ છે. વ્યવહાર રત્નત્રય જેને કહે છે એ બધો કર્મના ભાવકનો ભાવ્ય છે. આહાહા..! તું જ્ઞાયક સ્વરૂપ પ્રભુ છો. તો જ્ઞાયકના ભાવકનો ભાવ ઓલો ભાવક હતો, આ જ્ઞાયક છે, જ્ઞાયકનો ભાવ ભાવ્ય એ વીતરાગી પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ એનું ભાવ્ય અને ભાવ છે. જ્ઞાયકનો ભાવ્ય અને ભાવ વીતરાગી પર્યાય છે. ત્યારે જ્ઞાયકને ગુરુનો આશય સમજવા માગે છે શિષ્ય એને કહે, ભાવકનો ભાવ જે પુણ્યનો પરિણામ દયા, દાન, દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ ગુરુનો આશય તેને શ્રદ્ધામાંથી છોડાવવા માગે છે. શ્રદ્ધામાંથી છોડાવવા માગે છે. આહાહા..! અસ્થિરતા તો રહેશે. પૂર્ણ વીતરાગ નહિ થાય ત્યાં સુધી એ ભાવ તો આવશે જ. પણ ગુરુનો આશય સમ્યક્ શ્રદ્ધામાંથી એ વ્યવહારરત્નત્રયનો રાગ કર્મના ભાવકનો ભાવ છે તેમ તેનો આશય છે એ શ્રદ્ધામાંથી છોડાવાનો આશય છે. સમજાય છે કાંઈ? રતનલાલજી! આવી વાત છે, બાપા!

લોકોને વ્યવહાર એવો લાગે. સવારમાં આવી ગયું હતું ઘણું. કે જે વ્યવહાર છે એ બધોય વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવક જે કર્મ છે.. કેમ? કે આત્મામાં અનંતા અનંતા ગુણો છે, પણ કોઈ ગુણ એકપણ વિકાર કરે એવી જાતનો કોઈ ગુણ નથી. સમજાય છે? પ્રભુ! આહાહા..! આત્મામાં અનંતા અનંતા ગુણો છે. અનંતા અનંતા. અનંત-અંત નહિ એવું જે આકાશ. ક્ષેત્ર બહાર જે લોકની બહાર. અંત નહિ એવું જે આકાશ, એના જે પ્રદેશોની સંખ્યા એના કરતાં પ્રભુ એક આત્મામાં અનંતા ગુણો છે. આહાહા..! આકાશનો અંત છે ક્યાંય? આ ચૌદ બ્રહ્માંડ છે એ તો અસંખ્ય યોજનમાં છે. જીવ અને જડ ભરેલો. જેને ભગવાન છ દ્રવ્ય કહે છે. એ છ દ્રવ્ય જેમાં રહ્યા છે. લોક્યંતે ઈતિ લોકઃ. એટલે જેમાં દ્રવ્ય લોક્યંતે જણાય તેને લોક કહીએ. એ છ દ્રવ્ય તો આ લોકમાં છે પણ ખાલીમાં લોક્યંતે લોક નથી. ત્યાં છ દ્રવ્ય જણાય એવી કોઈ ત્યાં ચીજ નથી. ત્યાં તો એક આકાશ જ છે. અને એ આકાશનો ક્યાંય અંત દશે દિશામાં છે? ક્યાં આકાશ થઈ રહ્યું? ઉપર, આમ તીરછું કે અધો. આકાશનો ભાગ ક્યાં છેડે આવ્યો? અલોકનો આકાશનો છેડો ક્યાં? આહાહા..! એવો જે છેડા વિનાનું દશે દિશામાં આકાશ જેને તર્કમાં બેસવું કઠણ. પણ નાસ્તિક હોય એને વિચાર તો કરવો પડશે ને? કે આ એક આકાશ વસ્તુ છે એમ ને એમ.. એમ.. એમ.. ક્યાં સુધી ગઈ? નાસ્તિક વિચાર કર પણ તે કાંઈક છે કે નહિ એમ ને એમ? તો જેનો અંત નથી, છેડો કોણ? છેલ્લો કોણ? છેડો કોણ, છેલ્લો કોણ? છેલ્લો અનંત કોણ? છેલ્લો પ્રદેશ કોણ? આહાહા..!

એ અલોક આકાશને કોઈ અંત નથી, પ્રભુ! એવો જે અનંત આકાશના પ્રદેશો એના જેટલામાં એક પરમાણુ જગ્યોમાં રોકાય તેને પ્રદેશ કહે છે. એવા પ્રદેશો અંત વિનાના આકાશના અનંત છે. એથી આ ભગવાન આત્મામાં અનંતા ગુણો છે. જે એની સંખ્યા છે એના કરતાં અનંતગુણો. પણ એ અનંતા અનંતા ગુણમાં કોઈ ગુણ વિકાર કરે એવો ગુણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

તેથી જ્ઞાયકનો ભાવ ભગવાન અનંત ગુણનો દરિયો પ્રભુ છે, એનો જેને અંદર સ્વીકાર થાય અને એની જેને દૃષ્ટિ થાય ત્યારે તે જ્ઞાયકભાવનો ભાવ સમ્યગ્દર્શન-જ્ઞાન અને વીતરાગી પર્યાય તે જ્ઞાયકભાવનો ભાવ-ભાવ્ય થવા લાયક તે છે. અને તે કાળે જે કાંઈ રાગ થાય; હજી કેવળજ્ઞાની નથી તેથી રાગ થાય પણ એ રાગ ભાવક એવું જે કર્મ જડ તેના લક્ષે પર્યાયમાં (થાય છે). ગુણમાં નથી, દ્રવ્યમાં નથી ત્યારે પર્યાયના છેલ્લા અંશમાં વિકાર ઉત્પન્ન થાય એ કર્મના ભાવકનો ભાવ્ય ગણવામાં આવ્યો છે. એ દ્રવ્ય છે તેના ભાકવનું ભાવ્ય એ છે. ભગવાન દ્રવ્ય છે એના ભાવકનું એટલે જ્ઞાયકનું ભાવ તે રાગ ન હોય. આહાહા..! એ જ્ઞાયકનો ભાવ્ય નામ ભાવ, ભાવ્ય નામ થવા લાયક માટે ભાવ્ય એવો જે ભાવ એ જ્ઞાયકનો ભાવ વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર એ જ્ઞાયકનો ભાવ્યરૂપી ભાવ છે. ત્યારે કર્મના ભાવકરૂપી ભાવ્યનો ભાવ એ શુભ અને અશુભ રાગ ચાહે તો વ્યવહારરત્નત્રયનો રાગ હો... આહાહા..! એ ભાવકનો ભાવ્ય થવા લાયક તેનાથી છે. દ્રવ્ય સ્વભાવથી થવા લાયક નથી.

એમ '**ગુરુનો આશય સમજવા શિષ્ય પ્રયત્ન કરે છે.**' ગુરુને એની શ્રદ્ધા છોડાવવી છે. આશ્રય છોડાવવો છે. એ વસ્તુ છૂટી જાય છે એમ નહિ. છૂટે તો એ તો વીતરાગ થાય ત્યારે છૂટશે. પણ પ્રથમ એની શ્રદ્ધામાંથી કર્મના ભાવકનો ભાવ્ય એવો ભાવ તે કર્મનો છે, તારો નથી. તું તેનો પર તરીકે જાણનાર, તારા અસ્તિત્વમાં તેને જાણનાર તું છો. તેને અડીને પણ જાણનાર નહિ... આહાહા..! તેમાં પેસીને જાણનાર નહિ, તેમ તે રાગ થાય છે માટે જ્ઞાનીને રાગ છે અસ્તિત્વ, એને લઈને અહીં રાગનું જ્ઞાન થાય છે એમ પણ નહિ. એ તો જ્ઞાનગુણનો તે સમયનો સ્વપરપ્રકાશપણે પરિણમવાની પર્યાયમાં ષટ્કારકરૂપે પરિણમવાની યોગ્યતા છે માટે પરિણમ્યો છે. આહાહા..! શું કીધું?

એ રાગ છે તે ભાવકનો ભાવ્ય કીધો. ત્યારે પ્રભુ જ્ઞાયકનો ભાવ વીતરાગદશા કીધી. સમકિત એ વીતરાગ દશા છે. આહાહા..! એ દશામાં એ રાગ આવે તેને એ જાણે. એ પણ એક વ્યવહાર છે. પણ તે કાળે તેની જ્ઞાનની પર્યાય સ્વતંત્ર

રાગ છે માટે રાગને જાણવારૂપે પરિણમે છે પરતંત્ર એમ નથી. આહાહા..! એ રાગનો ભાવ છે એની અપેક્ષા રાખ્યા વિના આત્મા જ્ઞાયક છે તેનો ભાવ સ્વપરપ્રકાશક પર્યાય થાય તે સ્વપરપ્રકાશક રાગ છે માટે સ્વપરપ્રકાશક છે એમ નહિ. એની પર્યાયનું સ્વરૂપ જ આત્મજ્ઞ તરીકે સ્વપરપ્રકાશક તરીકે પોતાથી તે પ્રકાશે છે ષટ્કારકના પરિણમનથી.

ષટ્કારકનું પરિણમન એટલે? એક જ્ઞાનની પર્યાય જ્ઞાનીને જે થાય એ પર્યાય સ્વતંત્ર કર્તા છે. તે પર્યાયનું કર્મ-કાર્ય તે પર્યાય છે. એ પર્યાયનું કર્તાપણું રાગ છે માટે પર્યાય જાણે છે એમ નથી. પર્યાય છે તેનું કારણ-સાધન પર્યાય છે. એ રાગને જાણે માટે રાગ સાધન છે અને જ્ઞાન સાધ્ય છે એમ નથી. આહાહા..! આવી વાતું હવે. એ જ્ઞાનની પર્યાય જ્ઞાયકની ભાવ્ય દશા જે છે ગુણની એ ષટ્કારકરૂપે સ્વયંસિદ્ધ પર અને દ્રવ્ય-ગુણની પણ જેને અપેક્ષા નથી. પોતાના દ્રવ્ય-ગુણની પણ જેને અપેક્ષા નથી. તેમ રાગ થયો છે તેની તો અપેક્ષા છે જ નહિ. એવી સમકિતીને સ્વપરપ્રકાશ પર્યાયનું કર્તાપણું સ્વતંત્ર પરની અપેક્ષા રાખ્યા વિના (છે). અને તેનું સાધન એ પર્યાય. એ કર્તા પર્યાય, કર્મ નામ કાર્ય પણ એ પર્યાય અને સાધન પણ એ જ પર્યાય. આહાહા..! અને પર્યાય પોતે પોતાને માટે રાખીને પરિણમી છે. પરિણમી છે એ પોતે લેનાર અને પોતે દેનાર પોતે છે. એ પણ રાગ છે માટે તેનું અહીં જ્ઞાન થયું એમ નથી. આહાહા..! આવી વાતું છે.

એ પર્યાય કર્તા, કાર્ય, કરણ, સાધન. સાધન એ છે. યશપાલજી! .. પણ કહે, સાધન શું? સાધન આ. જે જ્ઞાનની પર્યાય છે એ સાધન. એ પર્યાય પર્યાયનું સાધન. આહાહા..! એ પર્યાય પોતા માટે થઈ છે માટે સંપ્રદાન. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન. એ પર્યાય ધર્મની વીતરાગી જાણનારની પર્યાય થઈ એ પોતાથી, પોતામાં રાખવા માટે થઈ છે. અને પોતાથી થઈ. એ ... થકી અપાદાન છે. અને પોતાને આધારે પર્યાય પર્યાયને આધારે પર્યાય થઈ છે. એ રાગને આધારે તો નહિ પણ દ્રવ્ય-ગુણને આધારે નહિ. આવી વાત છે, પ્રભુ! આહાહા..!

વીતરાગના વિરહ પડ્યા. ભાવ રહી ગયા વીતરાગના હતા એ રહી ગયા. વાણી રહી ગઈ અને ભાવ રહી ગયા. પ્રભુના તો વિરહ પડ્યા ભરતમાં. આહાહા..! પણ પ્રભુને આ આશય છે. એ ગુરુનો આશય છે, એ પ્રભુનો આશય પણ એ જ છે. અને સિદ્ધાંતનો શાસ્ત્રનો પણ આશય એ છે આહાહા..!

**'ગુરુનો આશય સમજવા શિષ્ય પ્રયત્ન કરે છે. ગુરુની કોઈ પણ વાતમાં તેને શંકા ન થાય...'** આહાહા..! આવી વાત કરે કે એને જ્ઞાનની પર્યાય થાય, એને પોતાના દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી એવું સાંભળતા પણ શિષ્યને શંકા ન થાય.

આહાહા..! આવો શિષ્ય લીધો છે. આહાહા..! સવારમાં કહ્યું હતું ને? એવો શિષ્ય લીધો છે. ૩૮ ગાથા. પૂરી કરીને ૩૮? ત્યાં અપ્રતિબુદ્ધ શિષ્ય બિલકુલ હતો એને ગુરુએ પંચમ આરાના અપ્રતિબુદ્ધ શિષ્યને સમજાવ્યો. પંચમ આરાના સંતો, ગુરુઓ, જ્ઞાનીએ એને સમજાવ્યો. પંચમ આરાના ગુરુ જ્ઞાની. પંચમ આરાનો અપ્રતિબુદ્ધ.

પણ ૩૮ ગાથામાં તો એવું લીધું છે એ શિષ્ય સમજ્યો પણ એવું સમજ્યો કે પ્રભુ! હવે હું આ સમ્યગ્દર્શન પામ્યો મારા સ્વરૂપને આશ્રયે, કોલ કરાર કરું છું કેવળજ્ઞાનની સાક્ષીએ કે હું સમ્યગ્દર્શનથી પડવાનો નથી. એ ૩૮ ગાથામાં છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ સમ્યગ્દર્શન થયું. પંચમ આરાનો પ્રાણી અપ્રતિબુદ્ધ હતો, પંચમઆરાના જ્ઞાનીએ મને સમજાવ્યો. ધીરુભાઈ! ધીરજની વાતું છે, બાપા! તો એ ધીરો શિષ્ય એમ કહે છે, અમે જે આ સમ્યગ્દર્શન પામ્યા, પ્રભુ! કોલકરાર કરીએ છીએ અમે સત્યથી કે આ સમ્યગ્દર્શનથી અમે કેવળજ્ઞાન પામવાના છીએ. આહાહા..! આની આ દર્શનની પ્રતીતિ કેવળજ્ઞાન સુધી રહેવાની છે. વચમાં પડવાની નથી.

સવારમાં કહ્યું હતું થોડું. ધવલમાં પાઠ છે કે મતિ અને શ્રુતજ્ઞાન જ્યારે થયું, મતિ અને શ્રુતજ્ઞાન થયું-આત્માનો અનુભવ થયો. આત્મા જ્ઞાયક આનંદમૂર્તિ પ્રભુ એવું ભાન થયું, એ ધવલમાં લેખ છે. પરમાગમ છે, ભગવાનની વાણી પરંપરા જે આવેલી તે. ૪૦ પુસ્તકો છે. એક એક પુસ્તક ૧૦-૧૨ રૂપિયાનું છે. ૪૦ પુસ્તક છે. પરમાગમ ષટ્‌ખંડાગમ. બધા છે. પુસ્તકો બધા પડ્યા. બધા વાંચ્યા છે એકે એક. એમાં એક શબ્દ છે એવો મુનિઓનો. મુનિઓ એમ કહે છે કે અમને જે કાંઈ સમ્યગ્દર્શન (પ્રગટ થયું છે), પંચમ આરાના ભલે અમે પ્રાણી છીએ. અમે અપ્રતિબુદ્ધ હતા પણ અમને હવે જે અંતરમાંથી આવ્યું અને સમજાણું છે, પ્રભુ! અમે કોલકરાર કરીએ છીએ, અમે પડવાના નથી. દ્રવ્યનો નાશ થાય તો અમારા સમકિતનો નાશ થાય. આહાહા..! એવો ગુરુનો આશય હતો તે શિષ્ય સમજ્યો એમ મારું કહેવું છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, બાપા! આહાહા..!

હું તો પહેલા ત્યાં સંપ્રદાયમાં ચૌદમું અધ્યયન છે ઉત્તરાધ્યયનનું. છ જીવ નિકાયનું. બ્રાહ્મણના છ દીકરાઓ (હતા). એ વખતે કહેતો. (સંવત) ૧૯૮૦-૭૯, ૭૮-૭૬. જ્યારે રજા માગે છે મા પાસે છોકરાઓ. એમાં પાઠ છે. જનેતા પાસે રજા માગે છે. જનેતા! શરીરની જનેતા અમારા આત્માની નહિ, બા! અમે અમારા આત્માની અનુભૂતિને અનુભવી. અમે આત્મા શું છે એ અમે જાણ્યો છે. માતા! અમે અમારા સ્વરૂપમાં રમવા વનમાં જવાના છીએ. વનમાં જવાના છીએ. આ નહિ હવે. માતા! એક વાર રોવું હોય તો મા! જનેતા! રો. શરીરની મા છો તું. પણ માતા! કોલકરાર

કરીએ છીએ. એ ગાથા છે. તે દિ' કહેતા હતા. ૭૬માં.

'અજૈવ ધમ્મમં પરિવક્ષ્યામો'. ઉત્તરાધ્યયનનું ચૌદમું અધ્યયન. એ ત્યાં ૬-૭ હજાર શ્લોક કંઠસ્થ હતા ને તે દિ' તો બધું. એમાં આ શ્લોક છે. માતાને કહે છે, માતા! અમારો આનંદ જ્ઞાયકભાવ અમે પત્તો લીધો છે અમે. હવે એમાં અમે રમવા માટે માતા! અમે વનમાં એકલા સિંહની પેઠે જાશું. જ્યાં વાઘ ને વરુ ને કાળા નાગ અને સિંહ હોય ત્યાં જશું. પણ અમે અમારા આત્માને ત્યાં સાધશું. માતા! કોલકરાર કરીએ છીએ કે 'અજૈવ ધમ્મમં પરિવક્ષ્યામો'. અમે આજે જ અંતરના અનુભવને, ચારિત્રને અંગીકાર કરવા માગીએ છીએ. પણ અમે કહીએ છીએ. બીજું પદ છે. 'અજૈવ ધમ્મમં પરિવક્ષ્યામો...' માતા! હવે આત્માના આનંદમાં રમવા વનમાં જઈએ છીએ. માતા! .. જે અમે ચારિત્ર અંગીકાર કરવા માગીએ છીએ. ... પણ ફરીને માતા અમે આ ભવ કરવાના નથી. ફરીને ભવ કરવાના નથી. બીજી જનેતા મારે હવે છે નહિ. આહાહા..! એ વખતે કહેતા, હોં! ચૌદમી ગાથા. મોઢે હતી ને બધું. 'અજૈવ ધમ્મમં' આજે જ ધર્મને અંગીકાર કરશું. આ ગુરુનો આશય આ છે એમ કહે છે. ... માતા અમે આત્માના આનંદમાં આજે રમવા ચાલ્યા જઈશું. અમે કોલ કરાર કરીએ છીએ. જેને ગ્રહણ કરવાથી અમે ફરીને ભવ ધારણ કરવાના નથી.

હે માતા! .. ત્રીજું પદ છે. આ એક ગાથાના ચાર પદ છે. 'અજૈવ ધમ્મમં પરિવક્ષ્યામો'. આજે જ અમે ધર્મને અંગીકાર કરશું. ... જેને અંગીકાર કર્યાથી માતા! બીજો ભવ અમે કરવાના નથી. બીજી જનેતા રોવરાવતા નથી. ... માતા! જગતમાં અનંત કાળમાં અણપામેલી કઈ ચીજ બાકી રહી છે? ત્રીજું પદ છે. ... ભૂતકાળમાં, અનંત કાળમાં કઈ વસ્તુ પામવી બાકી રહી છે? અનંત વસ્તુ મળી ગઈ છે બધી શરીર, વાણી, મન. એક આત્મા નથી મળ્યો.

.... શ્રદ્ધા.. રાગં. માતા! શ્રદ્ધા કરીને અમારા પ્રત્યેનો ... રાગને છોડ, બા! અમે હવે ચાલ્યા જઈશું. અમને તારી રજાની આજ્ઞા માટે વ્યવહાર છે તો ઊભા છીએ. બાકી આપીશ કે ન આપ, અમે તો વનમાં ચાલ્યા જઈશું. આહાહા..! અમને આજ્ઞાની પણ જરૂર નથી. આહાહા..! .. પ્રભુ! માતા! અણપામી કઈ ચીજ રહી ગઈ છે? એ આ શબ્દ છે. ત્રીજું પદ છે. ચૌદમું અધ્યયન છે. ... અણપ્રાપ્ત કઈ ચીજ છે? .. શ્રદ્ધા કર, માતા! અને અમારા પ્રત્યેનો રાગ છોડ. આહાહા..! અમે અમારા આનંદમાં આરામમાં (જઈએ છીએ). 'નિજ પદ રમે સો રામ કહીએ' અમે નિજપદમાં રમવા માટે વનમાં જઈશું. આ રાગની રમતું અમને હવે ગોઠતી નથી. આહાહા..! આ ગુરુનો આશય છે. સમજાય છે કાંઈ? આહાહા..! ધીરુભાઈ તો બરાબર

આમ ધ્યાન રાખીને સાંભળે છે, હોં! બાપા! આવી વાતું ક્યાં છે? ભાઈ! આહાહા..!

એ ગુરુનો ઉપદેશ.. આહાહા..! સમજવા શિષ્ય પ્રત્યત્ન કરે છે. આવો છે એમનો આશય હોં! **'ગુરુની કોઈ પણ વાતમાં તેને શંકા ન થાય કે ગુરુ આ શું કહે છે!'** શું આ તે કહે છે આવી વાતું. પંચમ આરાના પ્રાણી માટે આવી વાતું? એવી શિષ્યને શંકા થતી નથી. આહાહા..! પંચમ આરાનો પ્રાણી અને મને ઉપદેશ દેનારા પંચમ આરાવાળા અને એ આમ કહે? આહાહા..! પ્રભુ! તું એકવાર આ અંગીકાર કર ચૈતન્યદ્રવ્યને. ફરીને એ દ્રવ્ય પડે તો તું પડીશ. એ દ્રવ્ય પડવાનું નથી, તને સમકિત પણ થવાનું તે પડવાનું નથી. જા! આહાહા..! એવા વાતમાં શંકા ન થાય કે ગુરુ આ શું કહે છે? સમજાય છે કાંઈ? આહાહા..!

**'તે એમ વિચારે કે ગુરુ કહે છે તે તો સત્ય જ છે,...'** બાપા! પણ ગુરુની આજ્ઞા શું છે? વ્યવહાર કરવાની આજ્ઞા નથી. એ પદ્ધતિ નથી. એ કહ્યું હતું ને, બાપા! પંચાસ્તિકાયની ૧૭૨ ગાથા છે. પંચાસ્તિકાય છે ને આ? સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય. એની ૧૭૨ ગાથા છે. એમાં એવું ભગવાન કુંદકુંદાચાર્ય અમૃતચંદ્રાચાર્ય કહે છે કે આ ચારેય અનુયોગનો સાર શું? ભલે કથાનુયોગમાં કથાની વાત આવી હોય, ચરણાનુયોગમાં વ્રત, તપની વ્યાખ્યા વિકલ્પની આવી હોય, દ્રવ્યાનુયોગમાં તત્ત્વના સન્મુખની આવી હોય અને કથાનુયોગમાં કથા આવી હોય. ધર્મકથા, ચરણાનુયોગ, કરણાનુયોગ એટલે કર્મ, કર્મની વાત આવી હોય અનેક પ્રકારે અને દ્રવ્યાનુયોગની આવી હોય. પણ પ્રભુ! એ ચારેય અનુયોગનો સાર ૧૭૨ ગાથામાં પાઠ છે. ચારેય અનુયોગનો સાર વીતરાગતા છે. વીતરાગ અને વીતરાગી સંતો વીતરાગ દશા પ્રગટ કરાવવા માંગે છે. આહાહા..! અને એ વીતરાગી દશા સ્વ વીતરાગ ચિદાનંદ સ્વરૂપના અવલંબન વિના વીતરાગ દશા થાય નહિ એટલે ચારેય અનુયોગોનો સાર ચિદાનંદ જિનસ્વરૂપી પ્રભુ તેનો આશ્રય લેવો એ એનો સાર છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવું છે, બાપુ! દુનિયાને જાણીએ છીએ ને, બાપા! ઘણાં પ્રકાર છે. અને એમ પણ કહે છે કે આ તો વ્યવહારને લોપે છે. વાત સાચી, બાપા! વ્યવહારની શ્રદ્ધા છોડાવે છે. વ્યવહાર છૂટશે નહિ હજી. વ્યવહાર તો પૂર્ણ શુદ્ધઉપયોગ થાશે ત્યારે છૂટશે. આ .. સમજાતું નથી. એ આમાં બહેનમાં છે ક્યાંક. ભાઈ! બહેનમાં ક્યાંક છે આમાં. શ્રદ્ધાને છોડાવે છે એવું છે આમાં ક્યાંક. અહીં બધું યાદ રહે છે બાપુ કાંઈ? આ તો ભાવ યાદ રહે. ગાથાના ભાવ યાદ રહે પણ ગાથા-બાથા બહુ યાદ ન રહે. એટલો ક્ષયોપશમ નથી. આહાહા..! ભાવ યાદ રહે, પ્રભુ! પણ એ છે. શ્રદ્ધા છોડાવે છે એવું છે. બહેનની ભાષામાં છે. આહાહા..!

બહેનની વાત જ જુદી છે. બહેન તો એક કોઈ અમૃતસાગર પાક્યા છે. આહાહા..! આ તો સ્ત્રીનો દેહ આવી ગયો જરી એટલે મડદા જેવા દેખાય. પણ અંદરના અમૃતના સાગરના ઉછળા-ઉભરા એના અનુભવમાં-વેદનમાં ક્યાંય એને ગોઠતું નથી. આહાહા..! .. લખ્યું છે ને? સવારમાં વંચાતું હતું. કાળામાં રાતા અક્ષર. ૪૦૧. ૪૦૧ બોલ છે. આહાહા..! આ ચાકળો છે. ૪૦૧. છે આમાં?

'**જ્ઞાનીનું પરિણમન વિભાવથી પાછું વળી...**' છે શરૂઆત? '**સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે.**' આહાહા..! '**જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે. આ વિભાવભાવ અમારો દેશ નથી.**' આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ આવે, વિનય આવે પણ એ અમારો દેશ નહિ. આહાહા..! યશપાલજી! ભાષા ગુજરાતી છે. '**આ વિભાવભાવ અમારો દેશ નથી.**' ૪૦૧. એ પુણ્યનો ભાવ ઉત્પન્ન થાય,.. એ માતા જગત અંબા એમ કહે છે અરેરે..! અમને આ વિકલ્પ આવ્યો એ અમારો દેશ નથી. અરે.. '**આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા?**' આહાહા..! સમકિતીને રાગ આવે પણ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા? આહાહા..! '**અમને અહીં ગોઠતું નથી.**' એ રાગનો ભાવ શુભ છે તેમાં ધર્મીને ગોઠતું નથી. રુચતું નથી-શ્રદ્ધા. અસ્થિરતા તો આવી છે. આહાહા..! '**અહીં અમારું કોઈ નથી.**' રાગના વિકલ્પની અસંખ્ય જાત હોય શુભની. એમાં અમારું કોઈ નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. એ જ. ૩૪૯. આહાહા..! ૪૯ ને? ૩૪૯.

'**હે જીવ! તું આવા આશ્ચર્યકારી આત્માનો મહિમા લાવી,...**' ચોથી લીટી. '**તારા પોતાથી તેની ઓળખાણ કરી, તેની પ્રાપ્તિનો પુરુષાર્થ કર. તું સ્થિરતા-અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે...**' છે? સ્થિરતા (અપેક્ષાએ) નહિ છોડી શકે, પ્રભુ! હજી સ્થિરતા તો ચારિત્ર થાય અને સ્થિર થાય (ત્યારે છૂટશે). છોડી ભલે ન શકે '**તો શ્રદ્ધા-અપેક્ષાએ તો છોડ!**' આહાહા..! છે? ધીરુભાઈ! સ્થિરતા એટલે આસક્તિ ન છૂટે પણ પ્રભુ! એકવાર શ્રદ્ધાથી તો છોડ. આહાહા..! એ મારી ચીજ નહિ, રાગ અમારો દેશ નહિ. એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ અમારો દેશ નહિ. એ અમે પરદેશમાં આવી પડ્યા છીએ. અરર..! આહાહા..! છે એ? '**શ્રદ્ધા-અપેક્ષાએ તો છોડ!**'

અહીં એ કહે છે. આ વિભાવ અમારો દેશ નથી. અહીં અમારું કોઈ નથી. જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર આનંદ વીર્ય આદિ અનંત ગુણરૂપ અમારો પરિવાર વસે છે. અમારા નાથમાં અંદર જ્ઞાન, આનંદ વસે છે એ અમારો દેશ છે. એ દ્રવ્યસ્વરૂપ

એ અમારો દેશ છે. એ પુણ્યના પરિણામ એ અમારો દેશ નહિ. આહાહા..! અહીં હવે રાડ પાડે છે કે અરર..! એ દયા, દાન, વ્રતના પરિણામ એ છોડવા લાયક? અરે.. પ્રભુ! શ્રદ્ધાથી છોડવા લાયક (છે). બાપુ! એ તો રાગ છે. ભાઈ! તને શ્રદ્ધાથી છોડવા લાયક નહિ બને ત્યાં સુધી તને દૃષ્ટિ નિર્મળ નહિ થાય. આહાહા..! ભલે સ્થિરતામાં અસ્થિરતા આવે તો કહે છે કે એ અમારો દેશ નથી. આહાહા..!

જ્યાં અમારો પરિવાર વસે તે અમારો સ્વદેશ છે. '**અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ.**' આહાહા..! અમારો નાથ ચિદાનંદ પ્રભુ એ અમને અમારા જ્ઞાનમાં જણાયો અને અનુભવમાં આવ્યો ત્યાં અમે જઈ રહ્યા છીએ. '**અમારે ત્વરાથી..**' આમાં છે શબ્દ ભાઈ? '**અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને...**' મૂળ વતન તો પ્રભુ દ્રવ્ય-દેશ છે. આહાહા..! જ્ઞાયક ને આનંદનો સાગર ધ્રુવ ચૈતન્યમૂર્તિ અમારું મૂળ વતન ત્યાં છે. આ વિકલ્પ ઉઠે એ અમારું વતન નહિ. આહાહા..! શ્રદ્ધા અપેક્ષાએ તે અમારું વતન નહિ. અસ્થિરતા છે. આહાહા..! સમજાય છે કાંઈ? રતનલાલજી! આ તો આવ્યું છે તમારે. અત્યારે તો હવે ઘણા પુસ્તકો (છપાઈ ગયા છે). લગભગ લાખ થઈ જશે. બહેનના લાખ પુસ્તક થઈ જશે. ચારે કોર. આહાહા..! આ તો અમૃતના સાગર દરિયા ભર્યા છે આમાં. આહાહા..!

કીધું નહિ? એક બ્રાહ્મણ છે ત્યાં ભાવનગર. અર્ધમાગધીનો પ્રોફેસર છે બ્રાહ્મણ. અર્ધમાગધી આપણે છે ને? એ ઘણી મોટી નિશાળ છે ભાવનગર. એનો પ્રોફેસર આવ્યો એકવાર. આવ્યો એટલે જરી રામજીભાઈ કહે, આમને કાંઈક દયો. તો આ આપ્યું પુસ્તક. બ્રાહ્મણ છે. અર્ધમાગધીનો પ્રોફેસર છે. એને જ્યાં દીધું અને લઈ ગયા. એમાં કાગળ આવ્યો એનો. મહારાજ! આ શું તમે અમને આપ્યું? આના પાને પાને નિધાન ભર્યા છે! ઓલો બ્રાહ્મણ હતો. અહીં તો પ્રભુ! આત્માની વાત છે એમાં બ્રાહ્મણ ક્યાં અને વાણિયો ક્યાં? ઢેઢ ક્યાં અને ભંગ્યો (ક્યાં)? એ તો બધી દેહની દશા છે. આત્મા ક્યાં ભંગ્યો અને વાણિયો છે? નાથ! આહાહા..! તું તો ચૈતન્યમૂર્તિ નાથ છો ને. તારે નાત ને જાત કેવી? તારી જાત તો સિદ્ધની જાતમાં તું છો. તારી નાત સિદ્ધની અને જાત તારી સિદ્ધની છે. આહાહા..! આ વાણિયો ને બ્રાહ્મણ ને બાયડી ને છોકરા ને આદમી ને.. બાપુ! એ કોઈ તારી ચીજમાં છે નહિ. એ કહે છે ને અહીંયાં?

'**અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે.**' કેમ? કે '**જ્યાં બધા અમારા છે.**' આહાહા..! ઝીણું પડે પણ પ્રભુ! સત્ય તો આ છે. એ રાગ વ્યવહાર-વ્યવહાર કરીને વ્યવહારથી નિશ્ચય થાય એમ કરી કરીને મારી નાખે છે જીવને. મિથ્યાત્વનું

શલ્ય છે મોટું. એ કર્મ ભાવકનો ભાવ એને ચૈતન્યના ભાવને લાભ થાય.. આહાહા..! એ રાગથી વીતરાગતા આવે, એ વીતરાગભાવથી રાગભાવ ભિન્ન પરદેશ છે એનાથી સ્વદેશમાં જવાય (એ શલ્ય છે).

શ્રીમદ્દે એમ કહ્યું છે. 'શેષ કર્મનો ભોગ છે અને ભોગવવો અવશેષ રે.' અમે પ્રયત્ન કરીએ છીએ પણ હજી લાગે છે કે એકાદ ભવ કરવો પડશે. હજી રાગ વેદન જાતું નથી. દૃષ્ટિમાં નિષેધ છે પણ અસ્થિરતા ટળતી નથી. 'અશેષ...' બાકી 'કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે...' અમારો દેશ સ્વરૂપ છે ત્યાં અમે જવાના છીએ હવે. આહાહા..! એ સ્વદેશ આ છે, પ્રભુ! અમે કાઠિયાવાડી ને આ મુંબઈ અમચી ને એ બધું કાંઈ નથી, પ્રભુ! એ બધી મફતની ભ્રમણાઓ છે. આહા..! આ મારવાડી છે ને.. સમજાય છે કાંઈ?

અહીં એ કહ્યું. 'ગુરુ કહે છે તે તો સત્ય જ છે, હું સમજી શકતો નથી તે મારી સમજણનો દોષ છે.' એમ શિષ્ય સમજે છે. એક પેરેગ્રાફ થયો. હવે પા કલાક હિન્દી (ચાલશે).

**દ્રવ્ય સદા નિર્લેપ છે. પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો છે. જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક નિર્મળ છે, તેમ જીવમાં વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે-નિર્લેપ છે. જ્ઞાયકપણે પરિણમતાં પર્યાયમાં નિર્લેપતા થાય છે. 'આ બધા જે કષાયો-વિભાવો જણાય છે તે જ્ઞેયો છે, હું તો જ્ઞાયક છું.' એમ ઓળખે-પરિણમન કરે તો પ્રગટ નિર્લેપતા થાય છે. ૧૬૨.**

'**દ્રવ્ય સદા નિર્લેપ છે.**' છે? ૧૬૨. દ્રવ્ય નામ આત્મ ભગવાન સદાય નિર્લેપ હૈ. સકળ નિરાવરણ પ્રભુ આત્મા ત્રિકાળ દ્રવ્ય હૈ. ૩૨૦ ગાથામેં ઐસા કહા હૈ. ૩૨૦. ઈસમેં હૈ? દેખો ઉસમેં હૈ. ક્યા કહતે હૈં? કે આત્મા અપને સ્વભાવકા ભાન હુઆ તો એકદેશ વ્યક્તિ આનંદ ઔર જ્ઞાનકી વ્યક્ત દશા પ્રગટ હુઈ. ફિર ભી જ્ઞાની ધ્યાતા પુરુષ. ૩૨૦ ગાથામેં હૈ. સંસ્કૃત હૈ. ધ્યાન કરનેવાલા પુરુષ જ્ઞાની ઐસા ભાતા હૈ કિ મૈં તો સકલ નિરાવરણ હૂં. (મુમુક્ષુ :- અભી?) અભી. સકલ નિરાવરણ-મેરે દ્રવ્યમેં આવરણ ત્રિકાળ નહીં. દ્રવ્યકો આવરણ હો તો દ્રવ્યકા અભાવ હો જાય. પર્યાયમેં આવરણ હૈ તો પર્યાયમેં તો નિર્મલતાકા અભાવ હૈ. લેકિન દ્રવ્ય જો વસ્તુ મેરી ચીજ હૈ ઉસમેં બિલકુલ આવરણ હૈ નહીં.

સકલનિરાવરણ અખંડ. મૈં તો અખંડ વસ્તુ હૂં. પૂર્ણાનંદકા નાથ મેરા પ્રભુ તો અખંડ હૈ અંદર. જિસમેં પર્યાયકા ભી ભેદ નહીં. રાગ તો નહીં. સંસ્કૃત ટીકા હૈ. ૩૨૦ ગાથા. સમયસાર. જયસેનાચાર્યકી ટીકા હૈ. મૈં તો સકલનિરાવરણ અખંડ, પર્યાયકા ઔર ગુણ-ગુણીકા ભેદ ભી મેરી ચીજમેં નહીં. મૈં તો અખંડ હૂં. આહાહા..! એક હૂં. મૈં તો એક વસ્તુ હૂં. દ્રવ્ય, ગુણ ઔર પર્યાય તીન ચીજ નહીં. પર્યાય ઐસા કહતી હૈ, જાનતી હૈ કિ મૈં એક હૂં. ત્રિકાલી જ્ઞાયકભાવ મૈં એક હૂં. યે ભગવાનકા વચન હૈ. આહાહા..! સંસ્કૃત જયસેનાચાર્યકી ટીકાકા હૈ. સબ વ્યાખ્યાન હો ગયા હૈ વહાં તો.

એક.. આહાહા..! પ્રત્યક્ષ પ્રતિભાસમય. કૈસા હૂં મૈં? મેરે જ્ઞાનમેં પ્રત્યક્ષ જાનનેમેં આતા હૈ ઐસા મૈં હૂં. પરોક્ષ રહે ઐસી મેરી ચીજ નહીં. મેરી ચીજ જો અંદર આત્મજ્ઞાન હૈ વહ પ્રત્યક્ષ પ્રતિભાસમય (હૈ). પ્રત્યક્ષ મેરે જ્ઞાનમેં પ્રતિભાસ-મેરી જ્ઞાનકી પર્યાયમેં સારા દ્રવ્ય ભાસમેં આતા હૈ. વહ ચીજ પૂરી પર્યાય મેં નહીં આતી. લેકિન પર્યાયમેં પ્રતિભાસ-જો હૈ ઉસકા પ્રતિભાસ આતા હૈ. આહાહા..! ઐસે સમ્યગ્દૃષ્ટિ જીવ અપનેકો ઐસે ભાતા હૈ. આહાહા..! પ્રત્યક્ષ પ્રતિભાસમય.

અવિનશ્વર. મૈં તો અવિનશ્વર હૂં. પર્યાય જો નાશવાન હૈ. કેવલજ્ઞાનકી પર્યાય ભી નાશવાન હૈ. કેવલજ્ઞાનકી પર્યાય ભી એક સમયકી મુદત હૈ. વહ ભી નિયમસારકી શુદ્ધ(ભાવ) અધિકારકી પહલી ૩૮વીં ગાથા. શાંતિભાઈકે વહાં લીખી હુઈ હૈ. પંકજકે કમરેમેં હૈ. મૈં.. આહાહા..! ત્રિકાલ નિરાવરણ અક્ષય '**जीवादिबहित्तच्चं हेयम**' મેરી પર્યાય કેવલજ્ઞાનકી હૈ વહ ભી બહિરતત્ત્વ હૈ, બહિરતત્ત્વ હૈ. મુજે હેય હૈ. '**जीवादिबहित्तच्चं हेयम**' યહ પાઠ હૈ. ૩૮વીં ગાથા. '**मुवादेयमप्पणो अप्पा**' યહ દૂસરા પદ. '**जीवादिबहित्तच्चं**' જીવકી એક સમયકી પર્યાય ઔર ધર્મકી-સંવર-નિર્જરાકી પર્યાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પર્યાય ઔર કેવલજ્ઞાનકી પર્યાય, ભગવાન ઐસા કહતે હૈં કિ યે પર્યાય '**बहित्तच्चं**' યહ બહિરતત્ત્વ હૈ. આહાહા..! બહિરતત્ત્વસે મેરા અંતર તત્ત્વ ભિન્ન હૈ. આહાહા..! અરેરે..! સુનને મિલે નહીં, વહ કબ કરે? '**जीवादिबहित्तच्चं हेयम**'. પંકજભાઈ! હૈ કિ નહી? કમરેમેં ઈસ તરફ? સામને વહ હૈ. સામને ૬વી ગાથા ઔર યહ ૩૨૦ ઔર યહાં યહ હૈ ૩૮વીં. તીન ગાથા હૈ. ભરતભાઈ! ભાઈકે કમરેમેં યહ હૈ. આહાહા..!

'**जीवादिबहित्तच्चं हेयम**' જીવ હેય-છોડને લાયક હૈ. કૌન જીવ? પર્યાય. ત્રિકાલી દ્રવ્ય નહીં. એક સમયકી જીવકી પર્યાય ચાહે તો સંવર હો, નિર્જરા હો, મોક્ષ હો, કેવલ હો. લેકિન વહ '**जीवादिबहित्तच्चं हेयम**' પર્યાય હૈ વહ બહિરતત્ત્વ છે.

'**मुवादेयमप्पणो अप्पा**' મૈં ત્રિકાલી ભગવાન જો નિરાવરણ અખંડ એક પ્રતિભાસમય હૂં, વહ મુજે ગ્રાહ્ય ઔર આદરણીય હૈ. ઉપાદેય વહ એક હી હૈ. સમજમેં આયા? વાણીમેં તો બહુત ફર્ક હૈ, પ્રભુ! ક્યા કરેં? વર્તમાનમેં પ્રચલિત પ્રસારસે યહ બાત બહુત અલગ હૈ. લેકિન તીન કાલમેં ફિરે નહીં ઐસી બાત હૈ યહ. દ્રવ્ય ફિરે તો યે ભાવ ફિરે. ઐસા જો યહ ભગવાન આત્મા.. થોડા હિન્દી હૈ ન.

અવિનશ્વર શુદ્ધ પરિણામિક પરમભાવલક્ષણ. મૈં તો શુદ્ધ સ્વભાવ સહજ સ્વભાવ ત્રિકાલ, પારિણામિક અર્થાત્ સ્વભાવભાવ ત્રિકાલ ઐસા જિસકા લક્ષણ હૈ, ઐસા નિજ પરમાત્મદ્રવ્ય નિજ પરમાત્મદ્રવ્ય. ભગવાનકા દ્રવ્ય નહીં, તીર્થંકરકા નહીં. નિજ પરમાત્મદ્રવ્ય વહી મૈં હૂં. જો સકલનિરાવરણ હૈ વહી મૈં હૂં. જો અખંડ હૈ વહી મૈં હૂં. જો એક હૈ વહી મૈં હૂં. જો પ્રત્યક્ષ પ્રતિભાસમય હૈ વહી મૈં હૂં. જો અવિનશ્વર હૈ વહી મૈં હૂં. જો શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ હૈ વહી મૈં હૂં. આહાહા..! ઉસમેં હૈં. સંસ્કૃતમેં હૈ. ગુજરાતી બનાયા હૈ. હિન્દીમેં હૈ? ઈસમેં નહીં હોગા. હિન્દીમેં હૈ. એક હિન્દી હૈ તો સહી. ગુજરાતી હૈ. દૂસરા હૈ. લેકિન ગુજરાતીમેં હૈ. યહાં તો સબ તૈયાર કાયદે લિખે હોતે હૈં ન. રામજીભાઈ લિખે ન જજને યહાં યહ કાયદા કહા હૈ. વૈસે યે સબ કાયદે હૈં. આહા..!

મૈં તો શુદ્ધ પરિણામિક નિજપરમાત્મદ્રવ્ય ભગવાનકા દ્રવ્ય ભી મેરા નહીં. વહ તો પરદ્રવ્ય હૈ. પંચ પરમેષ્ઠીકા દ્રવ્ય મેરા નહીં. વહ પરદ્રવ્ય હૈ. શાંતિભાઈ! અબ ઉસમેં પંકજ ઔર ભરત કહાં આયે? આહાહા..! નિજ પરમાત્મદ્રવ્ય મૈં હૂં. મૈં તો અપના નિજ પરમાત્મદ્રવ્ય જો વસ્તુ હૈ વહ મૈં હૂં. ઐસી ભાવના સમ્યગ્દૃષ્ટિ જીવ અનુભવી ઐસી ભાવના કરતે હૈં. લેકિન ઐસી ભાવના કરતા નહીં, પરંતુ ઐસી ભાવના કરતા નહીં કિ ખંડ ખંડ જ્ઞાન મૈં હૂં. કેવલજ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન ખંડ ખંડ જ્ઞાન હૈ. ઐસી ભાવના ધર્મીકી હોતી નહીં. આહાહા..! અપને સ્વરૂપકી ભાવના અખંડ હૈ. ઉસકા નામ સમ્યગ્દર્શન ઔર સમ્યગ્જ્ઞાન મહોરછાપ પડી. અખંડ ત્રિકાલી આવરણ રહિત ઉસકી દૃષ્ટિ ઔર અનુભવ હુઆ વહી સમ્યગ્દર્શન ઔર સમ્યગ્જ્ઞાન હૈ. ઉસકે બિના સબ થોથા હૈ. એક સંખ્યાકે બિના શૂન્ય હૈ સબ. શૂન્ય લાખ લિખો તો ભી સંખ્યા ગીનનેમેં નહીં આતી. લેકિન એક સંખ્યા લિખે તો સંખ્યા ગીની જાયેગી. વૈસે નિજ પરમાત્મદ્રવ્ય મૈં હૂં ઐસી સમકિતીકી ભાવના હોતી હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ચૈત્ર વદ ૧૩, બુધવાર, તા. ૨૫-૪-૧૯૭૯**
**બોલ-૧૬૨,૧૬૭, ૧૭૮, પ્રવચન-૭૭૧**

બહેન તો અંદર બહેનો પાસે અનુભવમાં પડ્યા છે અને વાત નીકળી ગઈ છે. આ શબ્દો લખાઈ ગયા છે. અંતરના આનંદના અનુભવની ભૂમિકામાંથી આ વાણી આવી. એ વાણી દીકરીયુંએ લખી લીધી. લોકોને કઠણ પડે માણસને. આહાહા..! પણ વસ્તુ એવી છે. જુઓ, ૧૬૨.

'**દ્રવ્ય સદા નિર્લેપ છે.**' શું કહે છે? આ વસ્તુ છે ભગવાન આત્મા વસ્તુ તરીકે એનું કાયમી સત્તાના સંબંધ સ્વભાવ તરીકે એ નિર્લેપ છે. વસ્તુને લેપ નથી. વસ્તુને લેપ હોય તો વસ્તુ અવસ્તુ થઈ જાય. સમજાય છે કાંઈ? ૧૬૨. '**દ્રવ્ય સદા નિર્લેપ છે.**' બેસવું કઠણ ભાઈ! આહાહા..! એ વસ્તુ છે એ તો મહાપ્રભુ સહજાત્મ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન દ્રવ્ય-વસ્તુ, એને લેપ અને આવરણ કદી નથી. વસ્તુને આવરણ અને લેપ હોય તો વસ્તુ અવસ્તુ થઈ જાય. આહાહા..!

એ '**દ્રવ્ય સદા નિર્લેપ છે. પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો છે.**' એ જાણનારો ભગવાન આત્મા ચાહે તો દયા, દાન, વ્રતાદિના વિકલ્પ ઉઠે પણ તેનાથી જુદો, જાણનાર જુદો જ તરતો ને તરતો એટલે રાગથી ભિન્ન (છે). વિશ્વ ઉપર તરતો આવ્યું હતું ને સવારમાં? આકરી વાત, ભાઈ! પ્રભુ છે. એ મોજૂદ ચીજ છે. જેની સત્તા હોવાપણું અનાદિઅનંત નિર્લેપ છે.

સકળ નિરાવરણ. ૩૨૦ ગાથામાં કહ્યું હતું. જયસેનાચાર્યની ટીકા, સમયસાર. છેલ્લું એમ કહ્યું, પ્રભુ! જે સકળ નિરાવરણ અખંડ એક એ ત્રિકાળ. નિર્ણય કર્યો, અનુભવ કર્યો એ પર્યાયે. પણ પર્યાય એમ કહે છે, એમ જાણે છે કે હું સદા ત્રિકાળ આવરણ રહિત અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક સહજભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું. આહાહા..! જે જે શબ્દ લાગુ પડ્યા. જે આ દ્રવ્ય સકળ નિરાવરણ તે હું છું. જે દ્રવ્ય સકળ નિરાવરણ છે તે હું છું. જે દ્રવ્ય અખંડ છે તે હું છું. જે દ્રવ્ય એકરૂપે છે તે હું છું. જે છે તે છું એ બે શબ્દ છે. જે શબ્દમાં છેલ્લો તે શબ્દ આવે છે. આહાહા..! એમાંથી આ બહેને વાત કરી છે.

જે પ્રત્યક્ષ પ્રતિભાસમય વસ્તુ છે તે હું છું. જે અવિનશ્વર છે ત્રિકાળી તે હું છું. જે શુદ્ધ સ્વભાવ પારિણામિકભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું. આહાહા..! એમ પર્યાય અનુભવે છે. એમ પર્યાય એમ જાણે છે. આહાહા..! છતાં... ઝીણી

વાત છે, ભાઈ! એ પર્યાય જે છે એ દ્રવ્યને જે અનુભવે અને નક્કી કરે છે કે હું દ્રવ્ય છું, એવો જે પર્યાયનો ઉત્પાદ એને દ્રવ્ય ને પર્યાયની વ્યયની પણ અપેક્ષા નથી. આહાહા..! છતાં પર્યાય એમ કહે છે કે હું નિજ પરમાત્મ નિર્લેપ નિજ દ્રવ્ય છું. આહાહા..! ઝીણું છે, ભાઈ! આહાહા..! છતાં એ ઉત્પાદ જે છે સમ્યગ્દર્શનનો કે સમ્યગ્જ્ઞાનનો, એ ઉત્પાદને ધ્રુવની પણ અપેક્ષા નથી, વ્યયની અપેક્ષા નથી તો નિમિત્તની અપેક્ષા તો ક્યાં રહી? આહાહા..!

૧૦૧ ગાથા. પ્રવચનસાર. ૧૦૧ ગાથાની આ વાત છે. ઉત્પાદને વ્યય અને ધ્રુવની અપેક્ષા નથી. આહાહા..! ગજબ વાત નાથ! જે અંદર સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય, સમ્યક્ શાંતિ સ્વરૂપની રમણતા, સ્વરૂપાચરણ ઉત્પન્ન થાય એ પર્યાયને તે પર્યાયમાં દ્રવ્ય જણાય, પણ દ્રવ્યની એને અપેક્ષા નથી એવી એ પર્યાય સ્વતંત્ર છે. આહાહા..! એ અહીં કહે છે.

'**પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો છે.**' હવે આ પર્યાયની વાત છે. જાણનારો ત્રિકાળ નિર્લેપ છે અને તેની દૃષ્ટિ થતાં વર્તમાન પર્યાયમાં પણ જાણનાર જુદો જ તરતો ને તરતો છે. એની પર્યાયમાં રાગાદિનું જ્ઞાન થાય છતાં તે રાગની અપેક્ષા તે જ્ઞાનને નથી અને રાગને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. તેથી તે રાગથી જુદો તરતો ને તરતો છે. આહાહા..! ગુજરાતી તો સમજો છો. સમજાય છે કાંઈ? શેઠ તો સમજે છે ને. ઘણીવાર આવે છે.

'**પોતે જાણનાર...**' પોતે-સ્વયં. સ્વયં જાણનાર. એમ કહીને શું કહ્યું? કે એને જો રાગાદિ આવે તેને કારણે તે સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય થતી નથી. એ તો પોતાના જાણનારના સ્વભાવને લઈને પોતાને જાણે અને રાગને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. પણ રાગને જાણવું અને સ્વને જાણવું એવી એક સમયની પર્યાય સ્વતંત્ર પરની અપેક્ષા વિના તરતો ને તરતો જુદો ને જુદો જણાય છે. આહાહા..! આવી વાત છે. છે?

'**જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં...**' નિર્મળ સ્ફટિક છે તેમાં પ્રતિબિંબો દેખાવા છતાં '**સ્ફટિક નિર્મળ છે,...**' સ્ફટિકમાં કંઈ પણ પરની અપેક્ષા આવી ને તેને એ સ્વચ્છતામાં જાણે એથી તેની પર અપેક્ષાની પરાધીનતા થાય છે એમ નથી. આહાહા..! ઝીણી વાતું, ભગવાન! '**સ્ફટિક જેમ નિર્મળ છે, તેમ જીવમાં વિભાવો જણાવા છતાં...**' હવે તો અહીં પર્યાયમાં લીધું. ઓલું તો નિર્લેપ છે એ તો ત્રિકાળ છે. પણ એ ત્રિકાળ નિર્લેપ પ્રભુ, એની જ્યાં દૃષ્ટિ અને જ્ઞાનની પર્યાયમાં જે જણાય છે તે પર્યાયમાં પર તરફના લક્ષવાળા થોડા વિભાવો પણ હોય. છતાં એ વિભાવો

જણાવા છતાં જીવ નિર્મળ છે. એ વિભાવનું જ્ઞાન કરે છે. વિભાવપણે પરિણમતો નથી. આહાહા..! વિભાવપણે એ પરિણમતો નથી. પોતે સ્વપરપ્રકાશકના સ્વભાવપણે, વિભાવ હોવા છતાં તેની અપેક્ષા વિના, સ્વપરપ્રકાશકપણે વિભાવને જાણવા છતાં જીવ મલિન, રાગને જાણ્યો માટે મલિન એમ નથી. આહાહા..! આવી વાત છે.

સ્ફટિકમાં જેમ બીજું જણાય છતાં સ્ફટિક તો નિર્મળ છે. સ્ફટિક જોયું છે. આવડું સ્ફટિક. જામનગરમાં. સ્ફટિક રતન જોયું છે. આવડું મોટું. જામનગરમાં. (સંવત) ૧૯૯૧ની સાલ. માગશર મહિને. ત્યાં એક મોટું છ લાખનું સોલેરામ.. શું કહેવાય? સોલેરિયમ છે. ત્યાં આગળ હતા આપણા ડોક્ટર પ્રાણભાઈ. અહીં રહેતા, ગુજરી ગયા. તે દિ' અઢી હજારનો પગાર હતો. ૯૦ની સાલ. ત્યાં એક ફેરી ૧૦૦મી ગાથા ચાલતી હતી ને આપણી? સમયસારની ૧૦૦મી ગાથા. એ સાંભળવા આવેલા. સાંભળવા તો આવતા દિવાન-બિવાન બધા. એ કહે, મારુ આ જોશો તમને એમાં દૃષ્ટાંતમાં ઠીક પડશે. જોવા ગયા ત્યારે સ્ફટિક બતાવ્યું હતું આવડું. આવડું હોં સ્ફટિક. નિર્મળ... નિર્મળ... નિર્મળ... નિર્મળ... નિર્મળ. એમ આ ભગવાન આત્મા સ્ફટિક જેવો અંદર નિર્મળ છે. એને વિભાવ નામ દયા, દાન, રાગાદિના પરિણામ એ પોતાની ભૂમિકામાં રહીને તેને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. પણ એને જાણવાનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન એ સ્વ-પર પોતાના અસ્તિત્વમાં પોતાથી થયેલું છે. એ જ્ઞાનમાં વિભાવ વ્યવહારે જણાવા છતાં તે પર્યાય નિર્લેપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે?

'**જીવમાં વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે–**' આહાહા..! એ વિભાવ દયા, દાન, વ્રતાદિનો શુભરાગ એને જાણતા છતાં એમ કહ્યું એ અપેક્ષાથી છે. બાકી ખરેખર તો તે ક્ષણે જ્ઞાનની પર્યાય સ્વ અને પરને જાણવાની પોતાના સ્વતંત્ર ષટ્કારકના પરિણમનથી ઉત્પન્ન થયેલી છે. આહાહા..! એ જાણવાની પર્યાય ષટ્કારક નામ કર્તા, કાર્ય, સાધન, પોતા માટે, પોતાથી, પોતાને આધારે (થઈ છે). આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, બાપુ!

સમ્યગ્દર્શન ચીજ કોઈ અલૌકિક છે! આહાહા..! સમ્યગ્દર્શનમાં આત્મા નિર્લેપ નિરાવરણ જણાય છે. કેમ કે વસ્તુ છે તેને લેપ અને આવરણ નથી. એ તો એક સમયની પર્યાયમાં રાગનો સંબંધ જણાય છે વ્યવહાર, એ દ્રવ્ય સ્વભાવમાં લેપ અને આવરણ નથી. એવો જે દ્રવ્યસ્વભાવ એને જાણનારો જે સમકિતી. આહાહા..! પહેલો ધર્મની પહેલી સીઢીવાળો, એ દ્રવ્યને નિર્લેપ જોવે છે. અને તે નિર્લેપ જોવામાં વર્તમાન પર્યાયમાં એને દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ આવે. પણ એને જાણતા છતાં ધર્મીની પર્યાય અને એનું દ્રવ્ય લેપને પામતું નથી. અર..ર..! આવી વાતું છે. છે?

‘**જીવમાં વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે-નિર્લેપ છે.**’ આહાહા..! કોને? વસ્તુ તો ત્રિકાળી છે પણ છે તેનું ભાન થયું છે તેને. વસ્તુ તો નિર્લેપ ત્રિકાળી છે. પણ એ છે કારણપરમાત્મા પ્રભુ નિર્લેપ નિરાવરણ છે. પણ છે એનું જેને જ્ઞાન થયું છે સમ્યગ્જ્ઞાનમાં એને એ સ્વને જાણતાં વિભાવના પરિણામ દયા, દાન, વ્રતના આવે છતાં તેથી તે પર્યાય મલિન ન થાય, નિર્મળ રહે. આહાહા..! છે? ‘**વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે-નિર્લેપ છે.**’ આહાહા..! ઝીણી વાતું બહુ, પ્રભુ! આહાહા..! અનંત કાળથી એણે સમ્યગ્દર્શન શું ચીજ અને કેમ પ્રાપ્ત થાય? એની દરકાર કરી નથી. એમ ને એમ સમાજમાં બહારમાં હો.. હા.. હો.. હા.. કરીને જિંદગી વઈ ગઈ બધી. આહાહા..! અંતરમાં તત્ત્વ પ્રભુ સદા નિર્લેપ છે. અને તે વિભાવને જાણવા છતાં એ ભગવાન પોતે મલિન થતો નથી. પર્યાયમાં મલિન થતો નથી. વસ્તુ તો નિર્મળ છે.

સમ્યગ્દષ્ટિની પર્યાય ત્રિકાળ નિર્લેપ અને અનુભવને જાણે છે છતાં તેની દશામાં પુણ્યના પરિણામ દયા, દાન, વ્રતના, કામ-ક્રોધના આવે. છતાં તે ધર્મી-સમકિતી જીવ વિભાવને જાણતા છતાં તે લેપપણાને પામતો નથી. આહાહા..! આકરી વાત છે, ભાઈ! વસ્તુસ્થિતિ... અનંત અનંત કાળ વીત્યા. એક સેકન્ડ પણ એ ચીજ શું છે એને પ્રાપ્ત કરવા એણે પ્રયત્ન કર્યો જ નથી. બહારના થોથા કરી કરીને જિંદગી ગઈ એની અનંતી. આહાહા..! એ કહે છે.

‘**જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક નિર્મળ છે, તેમ જીવમાં વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે-**’ આહાહા..! એ ‘**જ્ઞાયકપણે પરિણમતાં પર્યાયમાં નિર્લેપતા થાય છે.**’ હવે કહે છે, એ નિર્લેપ ત્રિકાળી તો છે. વસ્તુ જે છે એ તો નિર્લેપ નિરાવરણ અંદર ભગવાન આત્મા (છે). પણ એને જાણનારો સમકિતી જીવ એની પર્યાયમાં આહાહા..! ‘**જ્ઞાયકપણે પરિણમતાં...**’ જાણનારને આશ્રયે થતાં વર્તમાન પર્યાયમાં તેને નિર્મળતા પ્રગટ થાય છે. આ તો ચોથા ગુણસ્થાન હજી વાત છે, હોં! પાંચમું અને છઠ્ઠું એ તો બાપા, ક્યાંય આઘું છે. આહાહા..! પર્યાયમાં નિર્લેપતા થાય છે. આહાહા..! કેમ કે જ્યાં રાગથી ભિન્ન પડી વિકલ્પથી ભિન્ન પડી પ્રભુ પૂર્ણાનંદના નાથને જ્યાં અનુભવ્યો અને પકડ્યો, તેને વિભાવ હોવા છતાં તે નિર્લેપતાને પામે છે. એ વિભાવથી મલિન એની પર્યાય થતી નથી. દ્રવ્ય તો નિર્લેપ જ છે. પણ એની પર્યાયમાં પણ વિભાવ જણાવા છતાં પર્યાય વિભાવપણે, મલિનપણે થતી નથી. આવી વસ્તુની સમ્યગ્દષ્ટિના જીવની આવી સ્થિતિ છે. આહાહા..! અને આવી દૃષ્ટિ થયા વિના એના અનંતા ભવનો અંત નહિ આવે, પ્રભુ! આહાહા..!

**'આ બધા જે કષાયો-વિભાવો જણાય છે તે જ્ઞેયો છે,...'** આહાહા..! જે અંદરમાં રાગાદિ જણાય એ પરજ્ઞેય છે, મારું સ્વજ્ઞેય નહિ. હું જે જાણનાર-દેખનાર ભગવાન નિર્લેપ એ આ રાગ એ હું નહિ. આહાહા..! એ તો જ્ઞેય છે-પરજ્ઞેય છે. જેટલો વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ અને રાગ ઉઠે એનો પણ હું પરજ્ઞેય તરીકે જાણનારો છું. એમ ધર્મીની પહેલી સીઢી, પહેલી દૃષ્ટિના પહેલી શ્રેણીમાં આવું હોય છે. આહાહા..!

'**હું તો જ્ઞાયક છું.**' રાગાદિ થાય એ વિભાવ છે, એ પર છે. એ મારી દ્રવ્ય-ગુણ શક્તિમાં તો નથી પણ મારી પર્યાયમાં પણ તે પરજ્ઞેય નથી. પરજ્ઞેયનું જ્ઞાન તે પણ મારાથી થયેલું (છે). એ રાગ છે માટે રાગને જાણવાનું જ્ઞાન થાય છે એમ નથી. આહાહા..! એ પરજ્ઞેય છે. '**હું તો જ્ઞાયક છું..**' ઝીણી વાત છે, ભાઈ! આ તો બહેનના વચનો છે. અનુભવમાંથી આવેલા છે. બહેન તો આવ્યા નહિ. શરીરને જરી (ઠીક નહોતું). અંતરના આનંદના અનુભવમાંથી બોલતા આવું બોલાઈ ગયું અને લોકોએ લખી લીધું.

અતીન્દ્રિય આનંદના ઉભરા, પર્યાયમાં અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ સમકિતીને બીજું કાંઈ ગોઠતું નથી. આહાહા..! સમ્યગ્દૃષ્ટિને.. પહેલું કહ્યું હતું ૪૦૧માં. ૪૦૧ બોલમાં નહિ? ધર્મી જીવને.. આહાહા..! જેણે અંદર આત્મા જ્ઞાયક સ્વભાવનો અનુભવ થઈને સમ્યગ્દર્શન થયું એને એ વિભાવનો વિકલ્પ આવે, ભક્તિનો, દાનનો, ભગવાનના સ્મરણનો, છતાં ધર્મીને એમ લાગે, અરેરે..! અમે આ પરદેશમાં ક્યાં આવી પડ્યા? અમારો દેશ તો આનંદ અને જ્ઞાનની શાંતિથી ભરેલો સ્વદેશ છે. એ રાગમાં અમે આવી પડ્યા એ અમે વિભાવમાં પરદેશમાં આવી પડ્યા. આહાહા..! ૪૦૧ માં છે. સવારે કહ્યું હતું ને? આહાહા..!

અમારો સ્વદેશ તો અંદર આનંદ અને જ્ઞાનથી ભરેલો ભગવાન એ અમારો સ્વદેશ છે. એ વિભાવમાં આવવું એ હું નહિ. વિભાવને જાણવું એ પણ વ્યવહાર છે. આહાહા..! વિભાવ હું તો નહિ, દયા, દાનનો વિકલ્પ એ હું તો નહિ પણ એ દયા, દાનના વિકલ્પનું અહીં જ્ઞાન થાય એ રાગની હયાતી (છે) માટે એનું અહીં જ્ઞાન થાય, એમ નથી. આહાહા..! એ તો પોતે સ્વપરપ્રકાશકના સામર્થ્યથી પોતાને જ્ઞાયકને જાણતાં રાગનો વિકલ્પ વિભાવ આવ્યો તેને અડ્યા વિના અને એની હયાતીને લઈને એનું અહીં જ્ઞાન થાય છે એમ પણ નહિ. ઝીણી વાત બહુ. આહાહા..!

એ અહીં કહે છે. '**જે કષાયો-વિભાવો જણાય છે તે જ્ઞેયો છે, હું તો જ્ઞાયક છું એમ ઓળખે-**' સમ્યગ્દૃષ્ટિ. હજી તો એને ખબરું પણ ન મળે કે આ સમ્યગ્દર્શન શું છે એનો વિષય. અરેરે..! જિંદગી ચાલી જાય છે. આહાહા..! '**હું જ્ઞાયક છું**

**એમ ઓળખે-પરિણમન કરે...**' રાગ અને પુણ્યનું પરિણમન ન કરે. રાગ અને પુણ્યને કાળે પણ જ્ઞાયક સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી તે સ્વને અને રાગને જાણવું એ પોતાથી સ્વતંત્ર જાણવાનું કામ એ કરે. અને એ જાણવાની પર્યાય જેને રાગની પણ અપેક્ષા નથી અને જાણવાની પર્યાયને જેને દ્રવ્ય અને ગુણની અપેક્ષા નથી એવી ષટ્કારકરૂપે જ્ઞાનની પર્યાય ધર્મીને પરિણમે છે. અરેરે..! આહાહા..! સમજાય છે કાંઈ?

એ રીતે હું તો જ્ઞાયક (રૂપ) પરિણમન કરું. જ્ઞાનસ્વરૂપે જાણું એનું પરિણમન કરું. એ પરિણમન પણ સ્વતંત્ર ષટ્કારકથી પરિણમન થાય છે. ષટ્કારક એટલે? આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જીવને જે જ્ઞાનના નિર્લેપ તત્ત્વના અનુભવ થયાં અને તે કાળે જ્યારે એને જ્ઞાયકનું પરિણમન થાય છે, પર્યાય થાય છે તે પરિણમનને રાગની અપેક્ષા નથી, તે પરિણમને દ્રવ્ય અને ગુણની પણ અપેક્ષા નથી. એવું '**પરિણમન કરે તો પ્રગટ નિર્લેપતા થાય છે.**' શું કહ્યું એ? વસ્તુ તો નિર્લેપ છે પણ આમ પરિણમન કરે તો પર્યાયમાં નિર્લેપતા પ્રગટપણે-વ્યક્તપણે-થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, બાપુ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો કોઈ માર્ગ અત્યારે ફેરફાર થઈ ગયેલો. આહાહા..! ત્રણ લોકના નાથની દિવ્યધ્વનિ છે આ. એનો અહીંયાં અનુભવમાંથી બહેન બોલ્યા એ લખી લીધું છે.

એ '**પરિણમન કરે તો પ્રગટ નિર્લેપતા થાય છે.**' એટલે? વસ્તુ છે ત્રિકાળી એ તો નિર્લેપ જ છે. દ્રવ્ય જે છે-પદાર્થ છે-જ્ઞાયક છે-એને તો આવરણ અને લેપ નથી. પણ એની દૃષ્ટિ કરતાં તે તરફના જુકાવથી પરિણતિ નામ પર્યાયમાં પણ નિર્લેપતા પ્રગટ-પ્રગટ થાય છે. એને ધર્મ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? છે? '**પરિણમન કરે તો પ્રગટ...**' પહેલા માથે એમ કહ્યું હતું ને? '**દ્રવ્ય સદા નિર્લેપ છે.**' ત્યારે અહીં કહ્યું, '**પરિણમન કરે તો પ્રગટ નિર્લેપતા થાય છે.**' આહાહા..! આવી કથા છે.

ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ ત્રિકાળી જ્ઞાયકભાવથી આનંદથી અતીન્દ્રિય આનંદથી ઠસોઠસ ભર્યો છે. આહાહા..! જેના જ્ઞાન અને આનંદની અપરીમિતતા જેની મર્યાદા નથી એવો જેનો સ્વભાવ છે તે સ્વભાવથી પરિપૂર્ણ ઠસોઠસ પ્રભુ ભર્યો છે. એ વસ્તુ નિર્લેપ છે અને તે નિર્લેપની દૃષ્ટિ અને પરિણમન કરતાં પર્યાયમાં-અવસ્થામાં નિર્લેપતા આવે છે. આ ધર્મ. આવો ધર્મ. આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ ધર્મ નથી. એ તો રાગ છે. યશપાલજી! આહાહા..! આકરું કામ છે, બાપા! આહાહા..!

વસ્તુ નિર્લેપ છે. પર તરફના ઝુકાવથી છૂટી અને વસ્તુ નિર્લેપ છે અંદર સ્વ

તરફ ઝુકાવ કરે, જુકાવ નામ તેની સન્મુખ થાય તો તેની પર્યાયમાં પણ નિર્લેપતા પ્રગટ થાય. એટલે કે ધર્મી એવો ભગવાન તો પૂર્ણ ધર્મથી ભરેલો છે પણ તેની સન્મુખ અને તેનાથી.. આહાહા..! એ તરફ ઝુકવાથી પર્યાયમાં પણ જેવી વસ્તુ છે નિર્લેપ એવી પર્યાય પણ નિર્લેપ રાગ વિનાની વીતરાગી પર્યાય થાય તે આત્માની પર્યાય કહેવામાં આવે છે. આહાહા..! રતનલાલજી! આવી વાતું છે. એ ૧૬૨ થયો. પછી ક્યો? ૧૬૭.

**વાણીથી અને વિભાવોથી જુદું છતાં કથંચિત્ ગુરુવચનોથી જાણી શકાય એવું જે ચૈતન્યતત્ત્વ તેની અગાધતા, અપૂર્વતા, અચિંત્યતા ગુરુ બતાવે છે. શુભાશુભ ભાવોથી દૂર ચૈતન્યતત્ત્વ પોતામાં વસે છે એવું ભેદજ્ઞાન ગુરુવચનોથી કરી જે શુદ્ધદષ્ટિવાળો થાય તેને યથાર્થ દષ્ટિ થાય, લીનતાના અંશ વધે, મુનિદશામાં વધારે લીનતા થાય અને કેવળજ્ઞાન પ્રગટી પરિપૂર્ણ મુક્તિપર્યાય પ્રાપ્ત થાય. ૧૬૭.**

૧૬૭. '**વાણીથી અને વિભાવોથી જુદું છતાં...**' ભગવાન આત્મા..! વાણી તો જડ છે આ તો માટી છે. એનાથી પ્રભુ જુદો છે. અને વિભાવ. પુણ્ય અને પાપના વિકલ્પો જે વિભાવ જે વિકાર છે તેનાથી તો જુદું '**છતાં કથંચિત્ ગુરુવચનોથી જાણી શકાય એવું...**' નિમિત્તથી કથન છે. કેમ કે ગુરુનું વચન એવું હોય છે, એને ગુરુ કહીએ, તેને જ્ઞાની કહીએ કે જે વીતરાગતાની ઉત્પત્તિની વાત કરે. અને વીતરાગતાની ઉત્પત્તિ સ્વદ્રવ્યને આશ્રયે થાય. એટલે ગુરુનું વાક્ય સ્વદ્રવ્યનું આશ્રય કરવાનું છે. અરે..! ચારેય અનુયોગનું કથન, ત્રણ લોકના નાથે કહેલા ચારેય અનુયોગ-કથાનુયોગ, દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ, એનું તાત્પર્ય વીતરાગતા ઉત્પન્ન કરવી તે છે. અને એ વીતરાગતા એ ધર્મ. પણ એ વીતરાગતા થાય કેમ? કે જિનસ્વરૂપી આત્મા છે. 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' અંદરમાં જિનસ્વરૂપી પ્રભુ છે, તેનો આશ્રય લેતાં, તેની સન્મુખ થતાં તેના તરફમાં જુકતા રાગ અને નિમિત્ત અને પર્યાય તરફનો જુકાવ છોડીને. જુકાવ સમજો છો? અંતરના શુદ્ધ સ્વભાવમાં જુકાવ કરતા. આહાહા..! છે?

એ કથંચિત્ ગુરુ એમ કહે છે. કથંચિત્ કેમ કહ્યું? કે ગુરુને સાંભળે છે તે હજી વિકલ્પ છે. સાંભળે છે તો એ હજી વિકલ્પ છે. પરદ્રવ્ય તરફ લક્ષ છે. એથી '**કથંચિત્ ગુરુવચનોથી જાણી શકાય.**' નિમિત્તથી કથન કહ્યું. ગુરુએ એમ કહ્યું કે પ્રભુ! તારો

અંદર નિર્લેપ આત્મા પડ્યો છે. ભગવાન! તું પરમાત્મસ્વરૂપ છો, જિનસ્વરૂપ છો. તેના તરફ ઝુકાવ કર, તેના તરફ સન્મુખ થા. સંયોગો રાગ અને એક સમયની પર્યાયથી વિમુખ થા અને ત્રિકાળી સ્વભાવથી સન્મુખ થા. એમ ગુરુનું વચન હતું. એ સિવાયના વચનો કહે કે રાગથી લાભ થાય એ ગુરુ નહિ, એ જ્ઞાની નહિ. એ વીતરાગ માર્ગનો સેવક નહિ. એ રાગનો સેવક છે. આહાહા..! છે?

'**વાણીથી અને વિભાવોથી જુદું છતાં કથંચિત્ ગુરુવચનોથી જાણી શકાય એવું જે ચૈતન્યતત્ત્વ...**' એવું જે ચૈતન્યતત્ત્વ અગાધ છે. આહાહા..! જેની હદ નથી. અગાધ અંદર ઊંડે... ઊંડે.. ઊંડે... ઊંડે... એના જ્ઞાન અને આનંદ આદિ અનંત શક્તિઓ, એની વર્તમાન એક સમયની પર્યાયની જોડે ઊંડે અગાધ તળિયામાં જાય, ભોંયતળિયે જાય તો અગાધ તત્ત્વ છે એ. આરે..આરે..! એટલે શું? કે વર્તમાન જે પર્યાય છે એને રાગથી તો જુદી કરે પણ એ પર્યાયની પાસે પ્રભુ બિરાજે છે સત્તા ચૈતન્ય, એની સમીપે અંદર જાય, ભોંયતળિયે જાય. એ પર્યાય ઉપર તરતી છે અને પર્યાયની અંદર આ બાજું અંતર્મુખમાં ધ્રુવ તત્ત્વ છે. આહાહા..! એ ધ્રુવ તત્ત્વમાં જતાં '**અગાધતા,...**' છે. આહાહા..!

બનારસીદાસના એક સ્તવનમાં આ શબ્દ છે. બનારસીદાસનું છે ને એક સ્તવન છે. બનારસી વિલાસ. અગાધતા. અગાધ છે આ આત્મા. જેના સ્વભાવની મર્યાદા હદ વિનાની બેહદ સ્વભાવ છે. તારી નજરમાં આવતો નથી. એથી તને એક સમયની વર્તમાન પર્યાય પ્રગટ ત્યાં તારી રમતું (છે). એ રમતના આડે પર્યાયના સમીપમાં પ્રભુ બિરાજે છે પોતે ત્યાં તારી નજરું જાતી નથી. આહાહા..! જ્યાં નજરને નાખવી જોઈએ ત્યાં નજર કરતો નથી. અને જેમાંથી નજરને ઉઠાવવી છે ત્યાંથી ઉઠાવતો નથી. એ દયા, દાન, વ્રતાદિના પરિણામ અને એને જાણનારી પર્યાય એમાંથી દૃષ્ટિને ઉઠાવવાની છે. આહાહા..!

એવો જે ભગવાન '**અગાધતા, અપૂર્વતા,...**' અનંત કાળમાં કદી.. અપૂર્વ. જે કાંઈ અનાદિથી કરતો આવે છે કરે એ કોઈ અપૂર્વ નથી. આહાહા..! એની દયા, દાન, વ્રત, મુનિપણું અનંત વાર લીધું. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' પણ એ પંચ મહાવ્રત ને વિકારની ક્રિયા. એ કાંઈ ધર્મ નથી. આહાહા..! મહાવ્રતના પરિણામ આસ્રવ છે, દુઃખ છે. એનાથી ભિન્ન ભગવાન સમીપે-પર્યાયના સમીપે પડ્યો છે એવો જે અપૂર્વ. પૂર્વે કદી જોયો નથી, કદી જાણ્યો નથી, કદી અનુભવ્યો નથી એથી એને અપૂર્વ કહેવામાં આવે છે. પૂર્વે જે કર્યું હતું એ તો અનંત કાળથી કરે છે તે જાતનું કર્યા કરે. અશુભ કરે અને અશુભ છોડીને શુભ કરે અને શુભ છોડીને

અશુભ કરે. એમ શુભ અને અશુભના ભાવ અનંત વાર.. અનંત વાર (કર્યા). નિગોદના જીવમાં પણ પ્રભુનો એવો સ્વીકાર છે, લસણ અને ડુંગળી એમાં અનંતા જીવ છે. પ્રભુ એમ કહે છે, ત્યાં એને શુભભાવ થાય છે. હવે એમાંથી અનંત કાળમાંથી કોઈ ઈયળ પણ થયા નથી, કીડી થયા નથી એવા અનંત નિગોદ જીવ છે. પણ પ્રભુ કહે છે, એને ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ એવી કર્મધારા તો એને થયા કરે છે, એ કોઈ નવી ચીજ નથી. સમજાય છે કાંઈ? શુભભાવ એ નિગોદના જીવને પણ અનંત વાર થયો અને હજી ત્યાં ને ત્યાં પડ્યા છે કેટલાક તો. હજી કીડી, ઈયળ થયા નથી. અહીં તો છ ઢાળામાં તો એમ કહે છે કે નિગોદમાંથી નીકળીને જો ત્રસ થાય, ઈયળ થાય તો જાણે ચિંતામણિ રતન મળ્યું. એમ છે છ ઢાળામાં. છે? છ ઢાળામાં છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ.

અનંત કાળમાં નિગોદમાં લસણ, ડુંગળીમાં પડ્યો છે. એમાંથી ઈયળ થાય, બે ઈન્દ્રિય થાય તો છ ઢાળા કહે છે કે એ ચિંતામણિ પામ્યો. બીજી ઈન્દ્રિય મળી એને. આહાહા..! હવે એને ઠેકાણે અહીં પંચેન્દ્રિયપણું, મનુષ્યપણું (મળ્યું). પંચેન્દ્રિય તો ઢોર પણ હોય છે. પંચેન્દ્રિયપણું, મનુષ્યપણું, આર્યકુળ અને આર્યવચનો કાને પડે ત્યાં સુધી આવ્યો અનંત વાર. આહાહા..! પણ અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ જે રાગથી તો પાર છે પણ પર્યાયથી પણ પાર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

૭૩ ગાથામાં કહ્યું છે ને? પંડિતજી! ૭૩ ગાથા. પર્યાયમાં જે પર્યાય છે જાણવાની એમાં ષટ્કારકરૂપ પરિણમન છે નિર્મળ. રાગની તો વાતેય નહિ. એક સમયની પર્યાયમાં નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય ષટ્કારક રૂપે પરિણમે કર્તા, કર્મ થઈને પર્યાય, એનાથી ભગવાન અનુભૂતિ તત્ત્વ એનાથી ભિન્ન છે. આહાહા..! એક સમયની નિર્મળ પર્યાયથી પણ પ્રભુ અંદર અનુભૂતિ (ભિન્ન છે). અનુભૂતિ એટલે વસ્તુ, અનુભૂતિ એટલે ત્યાં પર્યાય નહિ. ઝીણી વાત છે, ભાઈ! ધર્મ એ કોઈ સાધારણ નથી. અત્યારે તો સાધારણ કરી મૂક્યું છે. અહીં તો ભક્તિ કરે, વ્રત લીધા અને તપ કર્યા ત્યાં થઈ ગયો ધર્મ. આહાહા..! બાપુ! એ તો નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે તારા જે વ્રત-તપના પરિણામ હતા શુક્લલેશ્યાના, એટલા પરિણામ તો અત્યારે નથી. એમાં તું ધર્મ માનીને ચૈતન્યને માંડ મળ્યો એને ખોઈ બેસે છે તું. આહાહા..! અંદર ભગવાન ચૈતન્યસ્વરૂપ, એને કહે છે. આહાહા..! અપૂર્વ છે એ.

'**અચિંત્યતા ગુરુ બતાવે છે.**' જ્ઞાની, સિદ્ધાંત અને જ્ઞાની અને કેવળી અગાધ,

અપૂર્વ અચિંત્ય એવું જે અંદર તત્ત્વ છે ભગવાન આત્મા, જે એક સમયની પર્યાયથી પણ પાર અંદર છે, ભિન્ન છે. એને ગુરુ બતાવે છે. છે? આહાહા..! '**શુભાશુભ ભાવોથી દૂર...**' આહાહા..! શુભ જે દયા, દાન, વ્રત, તપ, અપવાસ આદિનો ભાવ એ શુભ. હિંસા, જૂઠું આદિ અશુભ. એ શુભાશુભભાવોથી દૂર વર્તે છે પ્રભુ તો અંદર. આહાહા..! આવું આકરું લાગે. પહેલી તો એ ચીજ સાંભળવી મુશ્કેલ પડે. આહાહા..! છે? '**શુભાશુભ ભાવોથી દૂર ચૈતન્યતત્ત્વ પોતામાં વસે છે...**' એ શુભ-અશુભભાવની વિકલ્પની વૃત્તિઓ જે વિભાવ એનાથી (ભિન્ન) ભગવાન અંદર ચૈતન્યતત્ત્વ વસે છે. આહાહા..!

'**એવું ભેદજ્ઞાન...**' એવા રાગથી અને પર્યાયથી પણ ભિન્ન જ્ઞાન '**ગુરુવચનોથી કરી...**' ગુરુની વાણી આવી હોય કે જે રાગ અને પર્યાયથી ભિન્ન આત્માને બતાવે એ સિદ્ધાંત અને આગમની વાણી. એમાં કંઈ પણ ફેરફાર કરીને ગડબડ કરે એ મિથ્યાદૃષ્ટિની વાણી છે. આહાહા..! આવું છે. '**એવું ભેદજ્ઞાન...**' કેવું ભેદજ્ઞાન? કે જે અપૂર્વ, અગાધ અને અચિંત્ય છે તે બતાવે છે. અને તે શુભાશુભ ભાવથી દૂર ભિન્ન બતાવે છે. સિદ્ધાંત, આગમ અને ગુરુ અને જ્ઞાની અને કેવળી એ શુભાશુભ ભાવથી ભિન્ન અંદર છે પ્રભુ એ સમ્યગ્દર્શનનો વિષય છે એને ગુરુ બતાવે છે. આહાહા..! છે?

'**ગુરુવચનોથી કરી જે શુદ્ધદૃષ્ટિવાળો થાય...**' એણે કહેલી ચિદાનંદ ભગવાન નિર્લેપ અને શુદ્ધ દ્રવ્ય છે તેની દૃષ્ટિ કરે તો તે '**શુદ્ધ દૃષ્ટિવાળો થાય તેને યથાર્થ દૃષ્ટિ થાય,...**' તેને યથાર્થ સમ્યગ્દર્શન થાય. આહાહા..! આવી વાતું છે. '**લીનતાના અંશ વધે,...**' અંતર આનંદનો નાથ અતીન્દ્રિય આનંદથી ઠસોઠસ ભર્યો છે. એની જ્યાં અનુભવ અને દૃષ્ટિ થઈ ત્યારથી તે એની પર્યાયમાં શુદ્ધતા ક્ષણે ક્ષણે વધે છે. છે? '**લીનતાના અંશ વધે, મુનિદશામાં વધારે લીનતા થાય...**' આહાહા..! મુનિની દશા તો અલૌકિક હોય છે સાચા સંતની. ભાવલિંગી. એને તો અંદર આનંદના ઉભરા (આવે છે). અતીન્દ્રિય આનંદના... દરિયાને કાંઠે જેમ પાણીની ભરતી આવે, એમ મુનિને પોતાની પર્યાયને કાંઠે દ્રવ્યમાંથી અતીન્દ્રિય આનંદના ઊભરા, પ્રચુર સ્વસંવેદન આવે. એને સમકિતી કરતાં એના આનંદનું વેદન વધી ગયેલું હોય છે. સમજાય છે કાંઈ?

'**મુનિદશામાં વધારે લીનતા થાય અને કેવળજ્ઞાન પ્રગટી...**' આહાહા..! '**પરિપૂર્ણ મુક્તિપર્યાય પ્રાપ્ત થાય.**' પણ એ સ્વદ્રવ્યને ઓળખીને અંતરમાં ધ્યાનમાં જાય તો. અંતર સ્વરૂપ જે પૂર્ણ એનું ધ્યાન કરતાં વિકલ્પની વૃત્તિઓને છેદી અને અંતરમાં

લીનતામાં ધ્યાન કરતા એને નિર્લેપતા, શુદ્ધતા અંશે વધે, મુનિ થાય તો સાચા સંતની દશા અતીન્દ્રિય આનંદ વધી જાય અને એનાથી આગળ જાય તો કેવળજ્ઞાન થઈ જાય. આહાહા..! છે? **'કેવળજ્ઞાન પ્રગટી પરિપૂર્ણ મુક્તિ પર્યાય પ્રાપ્ત થાય.'** આહાહા..! ૧૬૭. હવે? ૧૭૮? ૧૭૮.

**પહલે ધ્યાન સચ્ચા નહીં હોતા. પહલે જ્ઞાન સચ્ચા હોતા હૈ કિ-મૈં ઈન શરીર, વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ સબસે પૃથક્ હૂં; અંતરમેં જો વિભાવ હોતા હૈ વહ મૈં નહીં હૂં; ઊંચેસે ઊંચે જો શુભભાવ વહ મૈં નહીં હૂં; મૈં તો સબસે ભિન્ન જ્ઞાયક હૂં. ૧૭૮.**

હવે હિન્દી. પા કલાક હિન્દી. ૧૭૮. હિન્દી આવ્યું છે હોં હવે.

**'પહલે ધ્યાન સચ્ચા નહીં હોતા.'** ક્યા કહતે હૈં? આત્માકા ધ્યાન કરને જાય લેકિન સચ્ચા જ્ઞાન નહીં હૈ, સમ્યગ્દર્શન હૈ નહીં. સમ્યગ્દર્શન હૈ નહીં, સમ્યગ્જ્ઞાન હૈ નહીં. ઔર અંદરમેં ધ્યાન કરના (હૈ). કિસકા ધ્યાન કરે? **'પહલે ધ્યાન સચ્ચા નહીં હોતા.'** હિન્દી. અમારે યશપાલજી, ભરત ચક્રવર્તી. ઉન લોગોંકે લિયે યહ પા ઘંટા હિન્દી (ચલેગા). મદ્રાસસે આયે હૈં. આહાહા..! પ્રભુ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પા કલાક. કિતને લોગ હૈં! પૂરા પંડાલ ગુજરાતીસે ભરા હૈ. હિન્દી તો કોઈ થોડે-થોડે હૈં.

**'પહલે ધ્યાન સચ્ચા નહીં હોતા.'** ક્યા કહતે હૈં? કિ આત્માકા ધ્યાન કરો. પર ક્યા ધ્યાન કરે? વહ ચીજ હી જહાં નજરમેં આયી નહીં, અનુભવમેં આયી નહીં. અંતરમાં.. ૧૭વીં ગાથામેં કહતે હૈં કિ પ્રથમ આત્મા કૈસા હૈ પૂર્ણાનંદ કા નાથ, ઐસા નજરમેં આયા નહીં તો ઉસમેં લીનતાકા ધ્યાન કહાંસે હોગા? જો ચીજ હૈ વહ દૃષ્ટિમેં આયી નહીં. અપને જ્ઞાનકી પર્યાયમેં ઉસકા જ્ઞાન હુઆ નહીં. ઔર ઉસમેં ધ્યાન કરો. ક્યા કરે? આહાહા..!

**'પહલે ધ્યાન સચ્ચા નહીં હોતા. પહલે જ્ઞાન સચ્ચા હોતા હૈ.'** જ્ઞાન સચ્ચા હોતા હૈ. ક્યા? કિ મૈં દ્રવ્ય સ્વભાવ નિર્લેપ હૂં. પર્યાય મેરી વર્તમાન નિર્મલ થોડી હૈ. ઔર રાગાદિ હૈ ઉતની મલિનતા ભી હૈ. તો મલિનતા ભી પરસે નહીં હુઈ. મેરી કમજોરીસે હુઈ હૈ. ઔર રાગકા જાનનેવાલા મૈં, મેરી પર્યાયમેં રાગસે ભિન્ન

(હૂં), ઐસા જ્ઞાન સચ્ચા હોના ચાહિયે. જ્ઞાનમેં જો ભૂલ રહે તો સત્ ઓર ઉસકા જુકાવ નહીં હોતા. સચ્ચિદાનંદ પ્રભુ, યદિ જ્ઞાનમેં કોઈ ભૂલ હૈ કિ શુભભાવસે ધર્મ હોગા, નિમિત્તસે કુછ મેરેમેં હોગા, પર્યાયકે લક્ષ્યસે મુજે લાભ, હોગા ઐસા જહાં જ્ઞાન વહાં સચ્ચા ધ્યાન હો સકતા નહીં. આહાહા..! અપને ગુજરાતી તો સમજ સકતે હૈં. આહાહા..!

'**પહલે જ્ઞાન સચ્ચા હોતા હૈ.**' દ્રવ્ય ક્યા હૈ, ગુણ ક્યા હૈ, પર્યાય ક્યા હૈ, રાગ ક્યા હૈ, નિમિત્ત ક્યા હૈ? ઉસ પૃથક્-પૃથક્કા પહલે સચ્ચા જ્ઞાન હોના ચાહિયે. આહાહા..! '**યહ શરીર,...**' સચ્ચે જ્ઞાનકા ક્યા અર્થ હૈ? '**યહ શરીર,...**' યહ શરીર, મિટ્ટી જડ ધૂલ '**વર્ણ, રંગ, રસ, સ્પર્શ આદિ સબસે પૃથક્ હૂં;...**' મૈં તો રંગ, ગંધ, રસ, સ્પર્શ, ભાષા, કર્મ, શરીર ઉસસે મૈં ભિન્ન હૂં. ધ્યાન હુએ પહલે ઐસા બોધ-સચ્ચા જ્ઞાન હોના ચાહિયે. સચ્ચે જ્ઞાન બિના ધ્યાન હો સકતા નહીં.

તો કહતે હૈં કિ મૈં તો '**શરીર, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ સબસે પૃથક્ હૂં.**' સબસે મૈં પૃથક્ હૂં. આહાહા..! એક ઓર રામ ઔર એક તરફ ગાંવ. 'નિજપદ રમે સો રામ કહીએ.' આત્મા આનંદમેં રમે ઉસકો રામ (કહેં) ઔર રાગ ઔર પુણ્ય મેં રમે વહ હરામી હરામ કહનેમેં આતા હૈ. યહાં હમકો કિસીકી પડી નહીં હૈ. વીતરાગકો કોઈ સમાજકી પડી નહીં. સંતોં નગ્ન બાદશાહસે દૂર દિગંબર સંતો ઉસકો કિસીકી પડી નહીં હૈ કિ સમાજકા ક્યા હોગા? સમાજ સમતોલ રહેગા કિ નહીં? નગ્ન બાદશાહસે દૂર.

કહતે હૈં... આહાહા..! મેરી ચીજમેં પુણ્ય ઔર પાપ, દયા ઔર દાન વહ ભાવ મેરેમેં નહીં. આહાહા..! અરે..! મૈં તો શરીરકો કભી છૂઆ હી નહીં. મૈં યહ નહીં, ઉસકા અર્થ ક્યા? કિ યહ શરીરકો આત્મા કભી છુઆ હી નહીં. શરીર તો ભિન્ન જડ હૈ, આત્મા પ્રભુ અરૂપી હૈ. ઔર વર્ણ, ગંધ, રસ, સ્પર્શ જો શરીરકા હૈ ઉસકો આત્મા કભી છુઆ હી નહીં. સમજમેં આયા? વહ કહતે હૈં કિ ઉસસે મૈં પૃથક્ હૂં.

તીસરી ગાથા મેં કહા થા ન? તીસરી ગાથા, સમયસાર. સર્વ પદાર્થ ઐસા હૈ.. તીસરી ગાથા હૈ, સમયસાર. સર્વ પદાર્થ ઐસા હૈ... લેના હૈ? સમયસાર હૈ યહાં? હિન્દી નહીં હૈ હિન્દી? યે તો ગુજરાતી હૈ. આહાહા..! તીસરી ગાથા હૈ. કૈસે હૈં સબ પદાર્થ? મેરે આત્મા સિવા શરીર, વાણી, કર્મ આદિ કૈસે હૈં? કિ અપને-અપને દ્રવ્ય મેં અંતર્મગ્ન રહનેવાલે, અપના આત્મા યા પરમાણુ જો હૈ વહ ઉસકે ગુણ ઔર પર્યાય મેં અંતર્મગ્ન રહનેવાલે.. આહાહા..! '**અનંત ધર્મોકે ચક્રકો (સમૂહકો) ચુંબન કરતે હૈં.**' પ્રત્યેક પરમાણુ ઔર પ્રત્યેક આત્મા ભિન્ન-ભિન્ન અપની શક્તિ-ગુણ ઔર

પર્યાયકો ચુંબતે હૈ. ચુંબતે નામ છૂતે હૈં. હૈ?

**'તથાપિ વે પરસ્પર એક દૂસરેકો સ્પર્શ નહીં કરતે,...'** ફિર ભી એક દૂસરે કો ચુંબતે નહીં. આહાહા..! ઐસી બાત કૌન માને? ઈસ હોઠકો આત્મા છુઆ નહીં. ઈસ હોઠકો અંગુલી છુઈ નહીં. કોઈ પદાર્થ કોઈ દૂસરે પદાર્થકો કભી ચુંબન કરતે હી નહીં. અપને ગુણ ઔર પર્યાયકી શક્તિ જો અંદર હૈ ઉસકો વહ ચીજ સ્પર્શ કરતી હૈ. પરકો કભી ચુંબતા નહીં. પ્રભુ! યહ બાત.. આહાહા..! હૈ?

ઐસા અપનેમેં ગુણ ઔર પર્યાય આત્માકો આત્મા ઔર પરમાણુ અપને ગુણ ઔર પર્યાયકો ચુંબતે હૈં. **'તથાપિ વે પરસ્પર એક દૂસરેકો સ્પર્શ નહીં કરતે,...'** દૂસરે પદાર્થકો આત્મા છૂતા-સ્પર્શતા નહીં. આત્મા કભી કર્મકો છૂઆ નહીં. કભી આત્મા શરીરકો છુઆ નહીં. કભી શરીર કર્મકો છુઆ નહીં. કભી કર્મ શરીરકો છુઆ નહીં. કભી શરીર આત્માકો છુઆ નહીં. આહાહા..! સૂક્ષ્મ બાત હૈ. યહ કહતે હૈં યહાં.

**'પૃથક્ હૂં;...'** આહાહા..! **'અંદરમેં જો વિભાવ હોતા હૈ વહ મૈં નહીં;...'** અંદરમેં વિકલ્પ ઉઠતે હૈં દયા, દાન, વ્રત, ભક્તિ વહ ભી મૈં નહીં. આહાહા..! વાસ્તવમેં તો સમ્યગ્દૃષ્ટિ ધર્મકી પહલી સીઢીવાલા ઐસા જાનતા હૈ કિ મૈં રાગકો છૂતા હી નહીં. રાગ કો કરતા તો નહીં (લેકિન છૂતા ભી નહીં). સૂક્ષ્મ બાત હૈ, પ્રભુ! ક્યા કરેં? દુનિયાકો જાનતે હૈં ન. યે તો ૯૦ સાલ હુએ શરીરકો. શરીરકો ન? ૯૦. ૬૬ સાલ તો દુકાન છોડે ઉસકો હુએ. પાલેજમેં દુકાન હૈ. ભરૂચ ઔર વડોદરાકે બીચ. યહ તો સારા અભ્યાસ દુકાનમેં સે થા. અંદરમેંસે વસ્તુ આયી.. આહાહા..! ૐ કી ધ્વનિ આયી અંદર સે. જો વહાં સુની થી વહ અંદરસે આયી. આહાહા..! પૂરા પલટ ગયા એકદમ. આહાહા..! બડે ભાઈ હૈં. બડી દીક્ષા દીલવાઈ થી. બડી દીક્ષા ઘર પર. ૬૬ વર્ષ પહલે દો હજાર ખર્ચ કરકે. અભી તો તીસ ગુના (બઢ ગયા). ભાઈ! યહ માર્ગ નહીં હૈ. મૈને દીક્ષા લી વહ સાધુ નહીં. ભાઈ! મૈં તો છોડ દૂંગા. બડે ભાઈકો પ્રેમ થા તો ઐસા કહા, મહારાજ! ધીરે-ધીરે છોડના. એકદમ છોડોગે તો ખલબલી મચ જાયગી.

યહાં કહતે હૈં, સુન તો સહી પ્રભુ! એક બાર. આહાહા..! યહ વીતરાગકા સંદેશ હૈ. મહાવિદેહમેં ત્રિલોકનાથ પરમાત્મા વિરાજતે હૈં ઉનકા સંદેશ હૈ. આહા..! ભગવાનકે પાસ કુંદકુંદાચાર્ય આઠ દિન ગયે થે. આઠ દિન રહે થે. આહાહા..! વહાં બહિનકી ઉપસ્થિતિ થી. આઠ દિન બહિન ભી વહાં સમવસરણમેં જાતે થે. ઉનકી યહ વાણી હૈ. અંતરમેં વિભાવ હોતા હૈ વહ મૈં નહીં. મૈં શરીરકો છૂતા તો નહીં, લેકિન વિભાવ

હૈ ઉસકો મૈં છૂતા નહીં. મૈં તો સ્વભાવ ચૈતન્ય હૂં. આહાહા..! કઠિન કામ હૈ. પૈર રખતે હૈં ન પૈર. જમીન પર પૈર રખતે હૈં ન? પ્રભુ ઐસા કહતે હૈં કિ પૈર હૈ વહ જમીનકો છૂતા નહીં ઔર ચલતે હૈં. અરેરે..! યહ કૈસે બૈઠે? તીસરી ગાથામેં ઐસા કહા. પૈર જો ચલતે હૈં વહ જમીનકો છૂતે હી નહીં ઔર ચલતે હૈં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ભગવાન તો ઉપર ચલતે હૈં તો ઉસકી પ્રકૃતિ પુણ્યકી હો ગઈ. લેકિન યહાં તો ઉસકા સ્વભાવ ઐસા હૈ. આહાહા..! ક્યોં? કિ પૈર કે પરમાણુકે અસ્તિત્વમેં ઔર જમીનકે અસ્તિત્વ દોનોંમેં અત્યંત અભાવ હૈ. સમજમેં આયા? આહાહા..! કઠિન બાત હૈ. ભરતજી! આહાહા..! યે ભગવાન આત્મા... કહતે હૈં કિ શરીરકો તો ચલા સકતા નહીં, લેકિન શરીર જમીનકો છૂતા નહીં. અરેરે..! યહ બાત કૈસે બૈઠે? વહ યહાં કહા.

મૈં **'સ્પર્શાદિ સબ સે પૃથક્ હૂં;...'** શરીરાદિકે સ્પર્શસે ઔર જમીનકે સ્પર્શસે મૈં તો પૃથક્ હૂં. આહાહા..! **'અંતરમેં વિભાવ હોતા હૈ વહ મૈં નહીં; ઊંચે સે ઊંચે જો શુભભાવ વહ મૈં નહીં હૂં;...'** ક્યા કહતે હૈં? ધર્મી-સમ્યગ્દૃષ્ટિ ઐસા જાનતે હૈં. ઊંચે સે ઊંચે જો ભાવસે તીર્થંકરગોત્ર બંધે વહ ભાવ મૈં નહીં. ક્યોંકિ વહ ભાવ તો રાગ હૈ. આહાહા..! જિસસે બંધન હો વહ ભાવ ધર્મ નહીં. તીર્થંકર પ્રકૃતિકા બંધ હોતા હૈ ષોડષકારણ ભાવના, વહ રાગ હૈ. આહાહા..! ભગવાન! શુભભાવ ઊંચેસે ઊંચે શુભભાવ. આહાહા..! વહ મૈં નહીં.

**'મૈં તો સબસે ભિન્ન જ્ઞાયક હૂં.'** આહાહા..! ધર્મી ઉસકો કહતે હૈં. મૈં તો સબસે નિરાલા જ્ઞાયક જાનન-દેખન સ્વભાવ સે લબાલબ ભરા હુઆ, વહ મૈં હૂં. મૈં કભી જમીનકો છુઆ નહીં. આહાર જો હોતા હૈ ઉસકો મૈં કભી છૂઆ હી નહીં. મેરી જીભ હૈ વહ મૈસુબ જો ખાતે હૈ મૈસુબ ઔર રસગુલ્લા ઉસકો જીભ કભી છૂઈ નહીં. આહાહા..! યશપાલજી! ઐસી બાત હૈ, ભગવાન! આહાહા..! વીતરાગ કી બાત હજમ હોની કઠિન, પ્રભુ! સર્વજ્ઞકે સિવા યહ બાત કહીં હોતી નહીં. આહાહા..! **'ઊંચે સે ઊંચે શુભભાવ વહ મૈં નહી હું; મૈં તો સબસે ભિન્ન જ્ઞાયક હૂં.'** માત્ર જાનન-દેખન મેરી ચીજ વહ મૈં હૂં. ઐસી સમ્યગ્દૃષ્ટિકી દૃષ્ટિમેં મેરા જ્ઞાયકભાવ હી હૂં ઐસા આતા હૈ. પર્યાય ભી નહીં, રાગ ભી નહીં, વહ મેરી ચીજ નહીં. ઉસકા નામ ધર્મ સમ્યગ્દર્શનકા કહને મેં આતા હૈ. વિશેષ આયેગા..(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ચૈત્ર વદ ૧૪, ગુરુવાર, તા. ૨૬-૪-૧૯૭૯**
**બોલ-૧૮૦, ૧૮૨, ૧૯૩, પ્રવચન-૭૭૨**

**અંદર ઉપયોગ જાય ત્યાં બધા નયપક્ષ છૂટી જાય છે; આત્મા જેવો છે તેવો અનુભવમાં આવે છે. જેમ ગુફામાં જવું હોય તો પ્રવેશદ્વાર સુધી વાહન આવે, પછી પોતાને એકલાને અંદર જવું પડે, તેમ ચૈતન્યની ગુફામાં જીવ પોતે એકલો અંદર જાય છે, ભેદવાદો બધા છૂટી જાય છે. ઓળખવા માટે 'ચેતન કેવો છે', 'આ જ્ઞાન છે', 'આ દર્શન છે', 'આ વિભાવ છે', 'આ કર્મ છે', 'આ નય છે' એમ બધું આવે, પણ જ્યાં અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે. એક એક વિકલ્પ છોડવા જાય તો કાંઈ છૂટે નહિ, અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે. ૧૮૦.**

વચનામૃત. ૧૮૦. ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! '**અંદર ઉપયોગ જાય...**' ક્રમબદ્ધમાં પણ એનો સાર અંતરમાં જવું તે છે. ક્રમબદ્ધમાં પુરુષાર્થ ઉડી જાય છે એમ કોઈ કહે છે. પ્રભુ! એમ નથી. જે સમયે જેની પર્યાય થાય તે થાય. એમાં પરનું ફેરવવું તો નથી પણ પોતાની પર્યાયનું પણ ફેરવવું નથી. આહાહા..! અંતરમાં ઊંડાણમાં જ્યાં ઉપયોગ જાય છે.. આહાહા..! '**ત્યાં બધા નયપક્ષ છૂટી જાય છે;...**' ક્રમબદ્ધ છે પર્યાય કે અક્રમબદ્ધ છે ગુણ. ગુણ અક્રમબદ્ધ છે. એ પણ પક્ષ ત્યાં છૂટી જાય છે. આહાહા..! કેમકે વસ્તુ જે રીતે છે એ રીતે જ્યાં એનો નિર્ણય કરવા જાય છે ત્યારે એનો ઉપયોગ સ્વભાવ સન્મુખ થાય છે.

ક્રમબદ્ધમાં પુરુષાર્થ ઉડી જાય છે એમ ઘણાં કહે છે. એમ નથી, પ્રભુ! ક્રમબદ્ધમાં તો પુરુષાર્થ છે. સમજાય છે કાંઈ? ઉપયોગ ઊંડાણમાં જાય છે એમાં. ક્રમબદ્ધના નિર્ણયમાં ઉપયોગ ઊંડાણમાં જાય છે. આહાહા..! મોટી ચર્ચા ચાલી હતી (સંવત) ૧૯૭૨માં. કહ્યું હતું ને? ૭૨માં સંપ્રદાયમાં મોટી ચર્ચા ચાલી. પછી એ લોકો એમ જ કહેતા કે કેવળજ્ઞાનીએ દીઠું તેમ થાય. આપણે ક્યાં પુરુષાર્થ કરી શકીએ? આહાહા..! ૭૨ની વાત છે. કેટલા વર્ષ થયા? ૬૩. ૬૩ વર્ષ પહેલાં. એ લોકો એમ કહેતા વારંવાર (કે) ભગવાને દીઠું થાય. આપણે શું કરીએ? બે વર્ષ તો સાંભળ્યું. નવદીક્ષિતપણે હતા ને. અંદરમાં એ વાત બેઠી નહિ. આહાહા..! ૭૨ના ફાગણ મહિને એ વાત

બહાર પાડી. નહિતર હું બોલતો પણ નહિ. હું તો વાંચતો.

પ્રભુ! આ શું કહો છો તમે આ? ભગવાને દીઠું થશે. આપણે શું પુરુષાર્થ કરીએ? એમાં આપણો પુરુષાર્થ ચાલે નહિ. પણ પ્રભુ! જગતમાં કેવળજ્ઞાનની એક સમયની જ્ઞાનગુણની એક પર્યાય (છે), જેનું ત્રણ કાળ ત્રણ લોક અને દ્રવ્ય-ગુણ ખરેખર તો એ એક જ પર્યાયમાં બધું આવી જાય છે. એક સમયની પર્યાય જે દ્રવ્ય-ગુણને જાણે, ત્રિકાળી દ્રવ્ય-ગુણને જાણે, પોતાને જાણે, છ દ્રવ્યને જાણે, લોકાલોકને જાણે. એ જોતાં એક જ પર્યાયમાં બધું આવી જાય. આહાહા..! એક જ પર્યાય એવો જ્યાં નિર્ણય કરવા જાય છે, પ્રભુ! ત્યાં એ જ્ઞાયક સ્વરૂપ ઉપર નજર જાય છે. એનું નામ પુરુષાર્થ છે. મેં તો ત્યાં બીજું કહ્યું હતું તે વખતે. એ લોકો કહે, ભગવાને દીઠા એટલા ભવ થાય. આપણે શું કરીએ? પ્રભુ! મને એ વાત બેસતી નથી.

મને તો સર્વજ્ઞ પરમાત્મા... આ તો ૬૩ વર્ષ પહેલાંની વાત છે. આહાહા..! ભગવાનના વિરહ પડ્યા પણ ભગવાનનું જ્ઞાન એક સમયનું, ભાઈ! એ વાતું કરવાની નથી. એક સમયનું જ્ઞાન જે એક જ પર્યાય છે. લોકાલોકને જાણે, દ્રવ્ય-ગુણને જાણે કે એક પર્યાય પર્યાયને જાણે. એક પર્યાય જાણે જગતમાં છે. આહાહા..! ભગવાન! તારી એક સમયની પર્યાયનું આટલું સામર્થ્ય કેવળીનું એમ જગતમાં છે. પ્રભુ! એનો નિર્ણય કરવા જાય ત્યાં એની નજરું ક્યાં જશે? ભાઈ! આહાહા..! એની નજરું જ્ઞાનમાં જશે-જ્ઞાયકભાવ (ઉપર જશે). એ કેવળની એક સમયની પર્યાય દેખે તેમ થશે પણ તે પર્યાયની કબુલાત ક્યારે પ્રભુ આવે? આહાહા..!

અહીં ઉપયોગ ઊંડાણમાં જાય એની વ્યાખ્યા ચાલે છે. આહાહા..! એ જ્ઞાનની પર્યાય અંદરમાં જાય છે. ત્યારે તે જ્ઞાયકનો અનુભવ થાય. ત્યારે તો એમ કહ્યું હતું, પ્રભુએ એના ભવ નથી દીઠા હવે. લાલચંદભાઈ! આ તો અંદરથી આવી હતી વાત. પ્રભુના વિરહ પડ્યા. ત્યાં હતા પણ અહીં આવી ગયા. પણ અંદરથી વાત આવી. આહાહા..! જેને એક સમયની કેવળજ્ઞાનની પર્યાયની હયાતી, સત્તા, મોજૂદગી છે એમ જ્યાં નિર્ણય કરવા જાય છે ત્યાં ક્રમબદ્ધનું લક્ષ એનું દ્રવ્ય ઉપર જાય છે. દ્રવ્ય ઉપર તે વખતે શબ્દ નહોતો. એ વખતે જ્ઞાન ઉપર જાય છે એમ હતું. હજી તો ૭૨ની સાલ (હતી). જ્ઞાન જે છે ત્રિકાળી જ્ઞાન, એ ઉપર એની નજર જાય એમ હતું તે દ'. દ્રવ્ય (શબ્દ નહોતો કહ્યો). બે વર્ષની (દીક્ષા હતી). આહાહા..! ૨૫ વર્ષની ઉંમર તે દિ'. આ તો ૯૦ થયા. કીધું, જેને એ અંદર કેવળજ્ઞાન પ્રભુ! આહાહા..! '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**'. એ તો પછી ૭૮માં હાથ

આવ્યું. ૭૮માં. વાત એ અંદરથી આવી હતી. એ જ વાત આવી હતી. આહા..! ત્રણ લોકના નાથ પાસે સાંભળ્યું હતું. એ વાત અંદરથી આવી કે ભગવાન કેવળજ્ઞાનની પર્યાય એવો જ્યાં નિર્ણય કરવા જાય પ્રભુ! એ પર્યાયને આશ્રયે પર્યાયનો નિર્ણય નહીં થાય. જરી સમજવાની વાત છે, પ્રભુ! એ પર્યાયનો નિર્ણય પર્યાયને આશ્રયે નહિ થાય. એ પર્યાયનો નિર્ણય જ્ઞાન સ્વભાવને આશ્રયે થશે. અને જ્યાં જ્ઞાનસ્વભાવ આ ઊંડાણમાં ગયો ઉપયોગ... આહાહા..! એ જ્ઞાન સ્વભાવને જ્યાં પકડ્યો, પ્રભુ! હું એમ કહું છું કે ભગવાને એને હવે ભવ નથી દીઠા. ભગવાને દીઠું એમ થશે એ વાત સાચી. પણ આવું જેને બેઠું એને ભગવાને ભવ દીઠા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાનના જ્ઞાનમાં એને ભવ છે એમ ભાળ્યા નથી. આહાહા..! બાપુ! ઝીણી વાતું છે બહુ. આહાહા..!

ક્રમબદ્ધનું તો પછી વિશેષ સ્પષ્ટ તો (સંવત) ૨૦૧૩ની સાલમાં કર્યું. ૨૦૧૩માં. કેટલા? ૨૨ વર્ષ. એના પહેલા ૨૦૦૦માં કહ્યું હતું. પણ પછી ૧૩માં બહાર પાડ્યું. કાશીમાં ગયા હતા ને. ફૂલચંદજી સાથે હતા, કૈલાસચંદજી સાથે હતા. અને બનારસમાં એક ઝવેરી છે ત્યાં આહાર કરવા જતાં. ભગવાનની પ્રતિમા હતી, નહિ? કોઈ ચોરાઈ ગઈ હતી. ત્યાં દર્શન કર્યા. ત્યાં જતા રસ્તામાં ફૂલચંદજીને કહ્યું મેં, ભાઈ! વસ્તુનો સ્વભાવ ક્રમબદ્ધ છે. અને ક્રમબદ્ધ છે તે જ જૈન ધર્મ છે. અને ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય છે ત્યાં વીતરાગભાવ થાય છે. એ વીતરાગભાવ છે તે જૈનધર્મ છે. આહાહા..! તો એમ બોલ્યા.. ફૂલચંદજી બુદ્ધિવાળો માણસ. ભાઈ સાથે હતા કૈલાસચંદજી. એ ન બોલ્યા. પણ આ તો એવું બોલ્યા. ક્રમબદ્ધ ન હોય તો વૈશેષિક મત થઈ જાય છે. એમ બોલ્યા. આ તો ૧૩ની સાલની વાત છે. આહાહા..! ભાઈ! થોડું પણ સત્ય હાથ આવવું જોઈએ.

અહીં કહે છે કે.. બહેન પણ એ જ અહીં કહેવા માગે છે. '**અંદર ઉપયોગ જાય...**' આહાહા..! એ કેવળજ્ઞાનની પર્યાયનો નિર્ણય કરવા જાય કે ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય ત્યાં અંદર ઉપયોગ જાય છે. આહાહા..! '**ત્યાં બધા નયપક્ષ છૂટી જાય છે;...**' હું પછી શુદ્ધ છું કે અખંડ છું અને અભેદ છું એવો પણ નયના પક્ષનો વિકલ્પ રહેતો નથી. આહાહા..! આવો માર્ગ (છે), પ્રભુ! વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથનો આ પંથ છે. આ કોઈ વાડો નથી. તેમ કોઈ પંથ-પક્ષ નથી. વસ્તુનું પિતાજીએ સ્વરૂપ જેવું હતું એવું પિતાએ કહ્યું. ધર્મપિતા સર્વજ્ઞદેવ જેવું વસ્તુનું સ્વરૂપ હતું તેવું કહ્યું. એ કોઈ પક્ષ ને પંથ ને વાડો નથી, પ્રભુ! આહાહા..! શું કહીએ? પણ એટલે બધે પહોંચવું કઠણ પડે જગતને. એટલે કંઈક કંઈક બીજા રસ્તા લઈ લે છે.

અહીં તો કહે છે કે અંદરમાં ઊંડાણમાં ઉપયોગ જાય. આહાહા..! ત્યારે ક્રમબદ્ધમાં મારી પર્યાય થાય છે એવું પણ ત્યાં લક્ષ રહેતું નથી. સમજાય છે કાંઈ? તેમ હું અબદ્ધ છું, અસ્પર્શ છું, પૂર્ણાનંદ છું એવો એક નયનો એટલે જ્ઞાનના અંશનો રાગવાળો એક પક્ષ છે એ પક્ષ પણ ઊંડાણમાં જતા રહેતો નથી. આહાહા..! આ વસ્તુ છે. '**નયપક્ષ છૂટી જાય છે;...**' એ કહ્યું હતું. ૧૪૨ ગાથા અંદર શરૂઆત. ૧૪૨ ગાથા છે ને? કે આત્મા અબદ્ધ છે, શુદ્ધ છે, એકરૂપ છે. અહીં સુધી વિકલ્પ નામ રાગના પક્ષથી આવ્યો. પ્રભુ એમ કહે છે કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, સંતો જગતના આડતિયા ભગવાનના. આહાહા..! એમ પોકારે છે કે તેથી શું? (તત્) કિમ... અહીં સુધી આવ્યો તેથી શું? આહાહા..!

વ્યવહારનો પક્ષ તો અમે છોડાવતા આવ્યા છીએ. ત્યાં છે લખાણ. ત્યાં લખાણ છે. વ્યવહાર એટલે રાગ અને પુણ્ય ને નિમિત્ત અને એનો પક્ષ તો અમે છોડાવતા આવ્યા છીએ, પણ આ પક્ષ જે આત્મા અખંડ આનંદનું ધામ પર્યાયના તળિયે પર્યાયના ધ્રુવમાં.. આહાહા..! એક સમયની પર્યાય જે ઉપર છે તેના હેઠે.. આહાહા..! ભોયરું, જેમ ભોંયરામાં ભગવાન હોય એમ એક સમયની પર્યાયના તળિયે જાય ત્યાં ભગવાનના દર્શન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**નય પક્ષ છૂટી જાય છે; આત્મા જેવો છે તેવો અનુભવમાં આવે છે.**' આહાહા..! ત્યારે તેને અંતરમાં આનંદનો નાથ પ્રભુ જેની હયાતી, મોજૂદગી, સત્... સત્ તો ત્રણે છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણે સત્ છે. અને સત્ છે તેને કોઈ પરની અપેક્ષા છે નહિ. છતાં કહે છે કે પરની અપેક્ષા નથી એવો જ્યાં વિચાર કરવા જાય છે ત્યારે અંદર નયપક્ષ છૂટી જઈને '**જેવો છે તેવો...**' અખંડાનંદનો નાથ પ્રભુ, આહાહા..! સમકિતદર્શનમાં એ સાથે સમ્યગ્જ્ઞાનમાં જેવો ભગવાન જેવડો, જેવો, જેટલા સામર્થ્યવાળો (છે) તેની એક સમયની પર્યાયમાં તેનું જ્ઞાન થાય છે. આહાહા..! એ '**જેવો છે તેવો અનુભવમાં આવે છે.**' અનુભવવો એટલે વસ્તુના સ્વરૂપને અનુસરીને થવું. રાગ અને પુણ્યના અનુસરીને થવું એ તો દોષ અને વિકાર છે. પણ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ નિર્મળાનંદ પ્રભુ, અખંડ પરમાત્મ જિનસ્વરૂપ છે.. આહાહા..! તેવો જ પર્યાયમાં જણાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**જેવો છે તેવો...**' જેવો છે તેવો '**અનુભવમાં આવે છે.**' આહાહા..! ત્યારે તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! ચારિત્ર તો જુદું, પ્રભુ! આહાહા..! આ અનુભવ વિના તો ચારિત્ર હોય નહિ. આ અનુભવ વિના

આગળની કોઈ દશા હોય નહિ. આહાહા..! આ **'અનુભવમાં આવે છે. જેમ ગુફામાં જવું હોય...'** દૃષ્ટાંત આપે છે. **'તો પ્રવેશદ્વાર સુધી વાહન આવે,...'** ગુફાના પ્રવેશદ્વાર સુધી મોટર કે જે હોય એ વાહન ત્યાં આવે. પછી પ્રવેશ કરતાં એ વાહન અંદર ન જાય. આહાહા..! ગુફામાં પ્રવેશ કરતાં એ વાહન ત્યાં ન જાય, પ્રભુ! એ દૃષ્ટાંત છે. આહાહા..!

**'પછી પોતાને એકલાને અંદર જવું પડે,...'** વાહન છોડી ચાલીને અંદર જાવું પડે. ગુફામાં જાવું હોય તો. આહાહા..! **'તેમ...'** એ દૃષ્ટાંત થયો. જેમ હતું ને? જેમ. તેમ. જેમ ગુફા સુધી વાહનને લઈ જવાય, ગુફામાં વાહન ન લઈ જવાય, ત્યાં એકલા જાવું પડે ચાલીને. આહાહા..! **'તેમ ચૈતન્યની ગુફામાં જીવ પોતે એકલો અંદર જાય છે,...'** આહાહા..! એ વિકલ્પોની બધી લાગણીઓ તો બહાર ઊભા, વાહન જેમ ઊભા રહે, એમ પડ્યા રહે. આહાહા..! અરે..! શાસ્ત્રના જાણપણા પણ.. આહાહા..! ત્યાં બહાર પડ્યા રહે. આવું છે. મોંઘુ પડે પણ પ્રભુ! કરવું પડશે આ. ભાઈ! ચોર્યાસીના અવતાર, જન્મ-જરા મરણના અવતાર કરીને બાપુ અનંત કાળ ગયો. એ અનંતના નાથને સંભાર્યો નહિ એથી અનંત કાળ ગયો. આહાહા..! એવા અનંતના નાથને સંભારતા **'ચૈતન્યની ગુફામાં જીવ પોતે એકલો અંદર જાય છે,...'** આહાહા..! ચૈતન્ય આનંદનો નાથ પ્રભુ જ્યાં એકલો છે એ ગુફામાં જ્યાં આત્મા જાય છે. આહાહા..!

**'ભેદવાદો બધા છૂટી જાય છે.'** અહીં સુધી વાત લીધી હતી. વિકલ્પ તો છૂટી જાય છે. પણ આ આત્મા છે અને એનો આ જ્ઞાનગુણ છે એવો ભેદવાદ પણ ત્યાં છૂટી જાય છે. છેલ્લામાં છેલ્લો શબ્દ લીધો છે. નિમિત્તો ત્યાં રહેતા નથી. ત્રણ લોકના નાથ હોય તોય બહાર રહે છે. આહાહા..! એની વાણી હોય તોય બહાર રહે છે. એની વાણી તરફનું કાંઈક જ્ઞાન પોતાને ઉપાદાનથી થયું તે પણ બહાર રહી જાય છે. આહાહા..! આવો માર્ગ છે. છેલ્લો શબ્દ લીધો છે.

અભેદ અંતરમાં જાય ત્યાં ભેદવાદ છૂટી જાય છે પ્રભુ! આહાહા..! અને ભેદ છૂટ્યા વિના અભેદમાં જઈ શકે નહિ. અને અભેદમાં જનારને ભેદ દેખાય નહિ. આહાહા..! અંતરમાં એકરૂપ સ્વરૂપ છે.. આહાહા..! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં ભગવાનનું એક સ્વરૂપ છે તેમાં પેસતા ભેદવાદ છૂટી જાય, પ્રભુ! આહાહા..! બહેનની ભાષા તો જુઓ! રાગ છૂટી જાય છે કે નિમિત્ત જાય છે એની તો વાત જ શું કરવી? આહાહા..! પણ હું એક આનંદસ્વરૂપ છું, આનંદવાળો છું, એ આનંદવાળો છું એ પણ ભેદ છે. આનંદસ્વરૂપ જ છે એવી અભેદ દૃષ્ટિ થતાં ભેદવાદ છૂટી

જાય છે. આવી વાત છે, પ્રભુ! આહાહા..! અરે..! દુનિયાની સાથે મેળ ન ખાય. આત્મા સાથે મેળ ખાય એવું છે. કેમ કે આત્મા એ જાતનો જ આત્મા છે. આહાહા..!

'**ભેદવાદો...**' એક વચન નથી. '**ભેદવાદો...**' આહાહા..! હું જ્ઞાનવાળો છું, દર્શનવાળો છું, આનંદવાળો છું એવા ભેદ ત્યાં છૂટી જાય છે. પ્રભુ! આહાહા..! '**ઓળખવા માટે...**' હા એને ઓળખવા માટે '**ચેતન કેવો છે,...**' ચેતન અંદર કેવો છે? અનંત ગુણનો સાગર છે. '**આ જ્ઞાન છે,...**' એવા ભેદના વિકલ્પો આવે. પ્રવેશ કર્યા પહેલા. (ગુફા) સુધી આવે વાહન. આહાહા..! પણ ગુફામાં એ વાહન ન જાય. એ પહેલા આવા વિકલ્પોની લાગણી આંગણામાં ઊભા, અંદરમાં પ્રવેશ કર્યા પહેલા આવા ભાવો વિકલ્પ આવે.

'**આ જ્ઞાન છે,...**' આ જાણે છે તે જ્ઞાન છે. દેખે છે તે '**દર્શન છે,...**' અને આ રાગાદિ છે દયા, દાન એ તો વિભાવ છે. '**આ કર્મ છે,...**' જોડે, નિમિત્તરૂપે જડ. '**આ નય છે,...**' રાગને પોતાનો જાણવું એ વ્યવહાર છે અને રાગને પોતાનો ન જાણવો એ નિશ્ચય છે. '**આ નય છે એમ બધું આવે, પણ જ્યાં અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે.**' આહાહા..! આવો માર્ગ છે. પછી કોઈ કહે, પણ આમાંથી કોઈ બીજો રસ્તો હળવો? પણ હળવો પ્રભુ! જેવો છે એવો હોવો જોઈએ ને? આહાહા..! કરોડ રૂપિયાને હળવો કહીને ચાર આનાવાળો કહેવો એ હળવું કહેવાય? આહાહા..! એમ ભગવાન અંતરમાં જ્યારે જાય ત્યારે એને ભેદવાદ છૂટી જાય છે. એને એમ કહેવું કે રાગથી લાભ થાય, એવું હળવું કહેવું એ એની કિંમત થાય છે? આહાહા..!

'**એમ બધું આવે, પણ જ્યાં અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે. એક એક વિકલ્પ છોડવા જાય...**' આ શું કહે છે? કે આ દયાનો રાગ છે, આ ભેદનો રાગ છે, આ નયનો રાગ છે એવો એક એક વિકલ્પ છોડવા જાય (તો) નહિ છૂટે. તો કાંઈ છૂટે નહિ. ત્યાંને ત્યાં નજર રહેશે. છોડવા જાય ત્યાં નજર રહેશે. આહાહા..! .. નજર ત્યાં રહેશે. રાગ ઉપર નજર રહે છે. ભેદ ઉપર નજર રહેશે. ત્યાં પ્રભુ નહિ જણાય. આહાહા..! એ કહે છે કે '**ત્યાં બધું છૂટી જાય છે. એક એક વિકલ્પ છોડવા જાય તો કાંઈ છૂટે નહિ,...**' આહાહા..! એ શું કહે છે? હળવે હળવે એક એક વિકલ્પ (જાય) તો (વિકલ્પ તો) અસંખ્ય પ્રકારના છે. આહાહા..! એને એક એકને છોડવા જાય તો અસંખ્ય સમય જાય છે અને પછી પણ પાછા છોડવા જાય તો અસંખ્ય સમય જાય છે. પાર નહિ આવે એમ કોઈ દિ'. પ્રભુ આહાહા..!

'**અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે.**' આવો માર્ગ પણ માણસને. આહાહા..!

બહારથી કાંઈક વ્યવહારથી થાય. પૂજા ને ભક્તિ ને દાન ને દયા ને. એ લોકોને ઠીક પડે. કેમ કે બહારથી એને દેખવામાં આવે. આ દેખાવમાં આવતો નથી. આહાહા..!

પરમાત્મા ત્રિલોકનાથ પરમાત્માનો આ હુકમ છે. પ્રભુ! તું એક એક વિકલ્પ છોડવા જઈશ તો નહિ છૂટે. ત્યાં લાળ લાગ્યા જ રહેશે. જેમ પુણી એક ફૂટે ત્યાં બીજી પુણી સાંધી લેશે. આ પુણી રૂની રૂ. દોરા. પૂરી થાય ત્યાં બીજી પૂરી થાય ત્યાં ત્રીજી. એમ અંદર વિકલ્પ છોડવા જાય તો પ્રભુ! વિકલ્પની લાળ રહ્યા જ કરશે. આહાહા..! આવું સાંભળવું કઠણ પડે. પ્રભુ! તું છે તો એવો અંદર, હોં!

**'અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે.'** એને છોડવું પડતું નથી. ખરેખર તો પરદ્રવ્યના ત્યાગગ્રહણશૂન્ય વસ્તુ આત્મા છે. શું કહ્યું? આ ભગવાન આત્મા પરદ્રવ્યના ઉપાદાન અને ત્યાગ, ગ્રહણ-ત્યાગ રહિત છે. એણે રજકણને ગ્રહ્યો નથી તો રજકણને છોડવું એમાં નથી. એ તો પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગથી શૂન્ય છે. એક વાત. હવે એમાં વિકલ્પ રહ્યા એ એની પર્યાયમાં છે. ઓલા પરદ્રવ્ય તો છૂટા જ છે એટલે છોડવા નથી. પરદ્રવ્ય ગ્રહવું કે છોડવું કે આણે આટલું છોડ્યું ને આનું આ છોડ્યું. એવું સ્વરૂપમાં નથી, પ્રભુ! આહાહા..! એનામાં પરદ્રવ્યના ત્યાગઉપાદાન નામનો એક ગુણ છે. ત્યાગઉપાદાનશૂન્યત્વ. પરને ગ્રહવું અને છોડવું એથી ખાલી પ્રભુ છે. આહાહા..! ફક્ત એમાં વિકલ્પો જે આવે છે... આહાહા..! એ બધું છૂટી જાય અંદર જાય ત્યાં. એ છોડવા પડતા નથી.

આત્મા અંતર આનંદ સ્વરૂપના અનુભવમાં જાય ત્યાં એ વિકલ્પ તો ઉત્પન્ન થતાં નથી. ઉત્પન્ન થતાં નથી એને એ છોડે છે એમ નામ કથન છે. નામ કથન. છે ને ૩૪ ગાથા? સમયસાર ૩૪. રાગનો ત્યાગનો કર્તા પણ નામમાત્ર છે. ૩૪ ગાથા. પ્રત્યાખ્યાનની. સમયસાર. આહાહા..! ભગવાન અમૃતચંદ્રાચાર્યે અમૃત રેડ્યા જગતની પાસે. એમાં બહેને અંદરથી થોડું... થોડું... થોડું... બોલ્યા પણ અમૃત રેડયા છે એકલા. આહાહા..! ભાઈ આવ્યા નથી? સોભાગચંદભાઈ. સવારે હતા અહીં. આહાહા..! આ બહેનના પુસ્તક વહેંચવાના છે ને કાલે? એના તરફથી. આહાહા..!

છોડવા-છોડવું એ એમાં છે જ નહિ. એ તો પોતાના અસ્તિત્વની પૂર્ણતાના અનુભવમાં આવ્યો, એટલે જે એમાં નથી તે ઉત્પન્ન થતું નથી. એ ઉત્પન્ન થતું નથી તેનો તેણે નાશ કર્યો એવું નામમાત્ર કથન છે. પરમાર્થે રાગનો ત્યાગ પણ આત્માને લાગુ પડતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? રાગનો ત્યાગ પણ પરમાર્થે (આત્માને નથી). આહાહા..! આવી ચીજ છે. ૧૮૦. પછી?

**'વિકલ્પો છોડું', 'વિકલ્પો છોડું' એમ કરવાથી વિકલ્પો છૂટતા નથી. હું આ જ્ઞાયક છું. અનંતી વિભૂતિથી ભરેલું તત્ત્વ છું-એમ અંદરથી ભેદજ્ઞાન કરે તો તેના બળથી નિર્વિકલ્પતા થાય, વિકલ્પો છૂટે. ૧૮૨.**

૧૮૨. '**વિકલ્પો છોડું, વિકલ્પો છોડું એમ કરવાથી વિકલ્પો છૂટતા નથી.**' આ વિકલ્પ છોડું ત્યાં તો દૃષ્ટિ પર્યાય ઉપર અને રાગ ઉપર જાય છે. રાગ ઉપર દૃષ્ટિ જતાં વિકલ્પ છૂટતો નથી. જેમાં વિકલ્પ નથી એવો જે ભગવાન આત્મા પૂર્ણાનંદ નિર્વિકલ્પ ઉદાસીન શુદ્ધ બુદ્ધ એનો અનુભવ કરતાં વિકલ્પ ઉત્પન્ન થતાં નથી. પણ વિકલ્પ છોડું એમ કરવાથી વિકલ્પ છૂટતા નથી.

'**હું આ જ્ઞાયક છું.**' આહાહા..! આ તો સમજાવે છે, હોં! '**હું આ જ્ઞાયક છું.**' એ પણ હજી વિકલ્પ છે. પણ સમજાવવામાં શું કહેવું? બાપુ! એ ૧૪૨માં કહ્યું છે કે હું જ્ઞાયક છું એવો વિકલ્પ આવ્યો તો તેથી શું થયું? પ્રભુ! એમાં તને લાભ શો છે? જ્યાં જવું છે ત્યાં તું ગયો નથી અને એટલે વિકલ્પમાં અટકીને ઊભો એ તો અનાદિની ચાલ છે. અનાદિની ચાલ અને અનાદિની ગતિ છે. એમાં તેં નવું શું કર્યું? આહાહા..!

'**હું આ જ્ઞાયક છું.**' સમજાવવું છે ને? એટલે '**હું આ જ્ઞાયક છું.**' છઠ્ઠી ગાથા. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' પ્રમત્ત-અપ્રમત્ત દશા પણ મારામાં નથી. આહાહા..! છે ને છઠ્ઠી? શાંતિભાઈમાં લખી છે, તમારે પંકજભાઈના ઓરડામાં છે. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' છઠ્ઠી. મહા જૈનદર્શનના પ્રાણ છે છઠ્ઠી અને અગિયાર. છઠ્ઠી અને અગ્યાર બે. જૈનદર્શનનો પ્રાણ. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી, એ વસ્તુ સ્વરૂપ છે. આહાહા..! એ વસ્તુ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ વીતરાગમૂર્તિ છે. તે વિકલ્પ છોડું... છોડું... છોડું... એમાં નહિ છૂટે ઈ. આહાહા..! પણ હું જ્ઞાયક છું, અસ્તિ લીધી. છોડું એ નાસ્તિથી કહ્યું. હવે અસ્તિથી આમ વાત લીધી. હું જ્ઞાયક છું. સમજાવવું છે એટલે શું સમજાવે?

'**હું જ્ઞાયક છું.**' પ્રભુ! સમજાય એવી વાત છે, હોં! ભાષા તો સાદી છે. આકરી લાગે એવી નથી. પ્રભુ! તું એક અંતર્મુહૂર્તમાં કેવળ લેવાની તાકાતવાળો નાથ અને તું પામરતા બતાવે એ પ્રભુને ન શોભે. આહાહા..! અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લઈને... આહાહા..! અનંત આનંદને વેદે એવી તાકાતવાળો, નાથ! તને આ શોભે નહિ કે મને ન સમજાય. પ્રભુ! એ કલંક છે. આહાહા..! એક સમયમાં કેવળજ્ઞાન લઈ શકે

એવી તાકાતવાળો એને તું એમ કહે, અમને આ ન સમજાય. પ્રભુ! એ આળ છે, હોં! આહાહા..! એ સમજણનો નાથ છે એકલો. ન સમજાય એવી વાત એની વાતમાં નથી. એની વાતમાં તો નથી, એના ભાવમાં નથી. આહાહા..! આવો ઉપદેશ!

હું આ... હું આ... '**હું આ...**' બે બતાવે છે. હું-અસ્તિ. આ-પ્રત્યક્ષ. આ. આ માણસ નથી કહેતા? આ આવ્યો. એમ આ-એનું આખું તત્ત્વ છે એ આ. '**હું આ જ્ઞાયક છું. અનંતી વિભૂતિથી ભરેલું તત્ત્વ છું-**' આહાહા..! જેટલી વિભૂતિ કહેવાય છે તે વિભૂતિથી ભરેલો હું છું. આહાહા..! આવે છે ને? દર્શન-જ્ઞાન આદિ અનંત ગુણથી ભરેલો હું. ઓલા સ્તવનમાં આવે છે. આહાહા..! હું પૂર્ણાનંદનો નાથ પૂર્ણ ગુણથી ભરેલો.

કહૈ વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં,
અપને રસસે ભર્યો આપની ટેક હૌં,
મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ.

એ રાગ એ ભ્રમણાનો કૂવો છે. આહાહા..! 'મોહ કર્મ મમ નાંહિ નાંહિ...' બે વાર છે.

મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમ કૂપ હૈ.
શુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ.
મોહકર્મ રાગકર્મ મમ નાહિ, નાહિ ભ્રમ કૂપ હૈ.
શુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ. ૩૩. (જીવદ્વાર)

એ પણ એક વિકલ્પ કરવા જેવો નથી. આહાહા..! આ તો એક સમજાવે છે. સમજાય છે કાંઈ? આવી વાત. પ્રભુ તો પ્રભુના ઘરની વાતું છે, બાપા! અને પ્રભુપણાને પહોંચવાની વાત છે આ. આહાહા..!

ક્રમબદ્ધનો વિરોધ બહુ કરે છે કેટલાક. એમ કે આ ક્રમબદ્ધ! જે સમયે જે થાય તે થાય? પણ પ્રભુ! તારા અસંખ્ય પ્રદેશ જે છે તે પ્રદેશ જે સ્થાને છે તે ત્યાં છે. એમ તેની પર્યાય પણ જે કાળે છે તે કાળે છે. ઓલો પ્રદેશ ક્ષેત્રે છે, આ કાળ છે. આહાહા..! એમાં ઊંડાણમાં જતાં આ વાતનો નિર્ણય થઈ શકે છે. આહાહા..!

બહેનના વચનો આ તો એને અનુભવમાંથી આવેલા છે. તમે જોઈ શકો તો એમાં કાંઈ ન લાગે. મડદા જેવા લાગે આમ. હાલે તો મડદા. આને બહાર શી રીતે પાડવા? આહાહા..! ઘણાં વર્ષોથી એવો વિકલ્પ રહેતો કે બહેન આવા પાક્યા, સ્ત્રીપણામાં આવો આત્મા પાક્યો ભરતક્ષેત્રમાં. આહાહા..! પ્રભુના વિરહમાં. બહાર

શી રીતે પાડવા? ક્યાંય સૂઝ પડતી નહિ. આ શબ્દો આવ્યા... આહાહા..! અને જ્યાં નજરે જોયું. નહિતર તો આપણે સોનગઢથી ૨૨ લાખ પુસ્તક છપાણા છે. કોઈ દિ' પુસ્તક આ છપાવો કે આ કરો આપણે કહ્યું નથી કાંઈ. પણ આ જ્યાં જોયું ત્યારે રામજીભાઈને મેં કહ્યું, ભાઈ! આ લાખ પુસ્તક છપાવો. આ લાખ છપાવો એમ કહ્યું હોં! અને બસ થઈ ગયા. વધી જશે. આહાહા..! લોકોને પ્રેમ છે ને. આહાહા..! પ્રભુ! પ્રેમ છે. તારા ઘરનો તને પ્રેમ છે ને એ તો. આહાહા..!

કહે છે, આ '**અનંતી વિભૂતિથી ભરેલું...**' આહાહા..! કુંદકુંદાચાર્ય પોતાની પર્યાયની વિભૂતિથી વાત કરે છે કે હું નિજ વૈભવથી સમયસાર કહીશ. એ નિજ વૈભવ એ તો પર્યાયની વાત છે અને આ નિજ વૈભવ એ ત્રિકાળની વાત છે. સમજાય છે કાંઈ? પાંચમી ગાથામાં આવે છે ને? હું મારા નિજ વૈભવથી. મારો નિજ વૈભવ તે અંદર પૂર્ણાનંદનો નાથ એનું સમકિત, એનું જ્ઞાન અને એમાં રમણતા અને એનો આનંદ એ મારો નિજ વૈભવ છે. આ પૈસા-બૈસા અને આ ધૂળના વૈભવ એ મારા નહિ. આ શિષ્યો મારા નહિ. અરરર..! આહાહા..! શિષ્ય મારા નહિ, હું એનો ગુરુ નહિ. આહાહા..! હું તો મારા નિજ વૈભવ આનંદનો સાગર મને ઉછળ્યો છે. મારી પર્યાયમાં, દરિયાના કાંઠે જેમ પાણીની ભરતી આવે છે.. આહા..! એમ આ ઉછળ્યો છે તેથી હું વાત કરીશ મારા નિજ વૈભવથી. છે ને?

'**એમ અંદરથી ભેદજ્ઞાન કરે તો તેના બળથી નિર્વિકલ્પતા થાય, વિકલ્પો છૂટે.**' આહાહા..! હવે? ૧૯૩.

**સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાયકકો જ્ઞાયક દ્વારા હી અપનેમેં ધારણ કર રખતા હૈ, ટિકાએ રખતા હૈ, સ્થિર રખતા હૈ-ઐસી સહજ દશા હોતી હૈ.**

**સમ્યગ્દૃષ્ટિ જીવકો તથા મુનિકો ભેદજ્ઞાનકી પરિણતિ ચલતી હી રહતી હૈ. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થકો ઉસકી દશાકે અનુસાર ઉપયોગ અંતરમેં જાતા હૈ ઔર બાહર આતા હૈ; મુનિરાજકો તો અતિ શીઘ્રતાસે બારંબાર અંતરમેં જાતા હૈ. ભેદજ્ઞાનકી પરિણતિ-જ્ઞાતૃત્વધારા-દોનોંકે ચલતી રહતી હૈ. ઉન્હેં ભેદજ્ઞાન પ્રગટ હુઆ તબસે કોઈ કાલ પુરુષાર્થ રહિત નહીં હોતા. અવિરત સમ્યગ્દૃષ્ટિકો ચૌથે ગુણસ્થાનકે અનુસાર ઔર મુનિકો છઠવેં-સાતવેં ગુણસ્થાનકે અનુસાર પુરુષાર્થ વર્તતા રહતા હૈ. પુરુષાર્થકે બિના કહીં પરિણતિ સ્થિર નહીં રહતી. સહજ ભી હૈ, પુરુષાર્થ ભી હૈ. ૧૯૩.**

૧૯૩. '**સમ્યગ્દષ્ટિ...**' એ ને? આ હિન્દી થોડું ચાલશે પા કલાક.

'**સમ્યગ્દષ્ટિ જીવ જ્ઞાયકકો જ્ઞાયક દ્વારા...**' આહાહા..! '**સમ્યગ્દષ્ટિ...**' જીવ ચૌથે ગુણસ્થાનમેં અભી ધર્મકી પહલી ભૂમિકામેં ભી અપનેકો '**જ્ઞાયકકો જ્ઞાયક દ્વારા અપનેમેં ધારણ કર રખતા હૈ,...**' આહાહા..! મૈં તો જ્ઞાયક હૂં. જાણન-દેખન હૂં. જાનને-દેખનેવાલા હૂં, ઐસી બાત જ્ઞાયકમેં ધર્મી ધારણ કર રખતા હૈ. આહાહા..! '**ટિકાએ રખતા હૈ,...**' મૈં જ્ઞાયક હૂં ઐસા ટિકાયે રખતા હૈ. આહાહા..!

'**સમ્યક્દષ્ટિ જીવ જ્ઞાયકકો જ્ઞાયક દ્વારા હી અપનેમેં ધારણ કર રખતા હૈ,...**' આહાહા..! રાગ ઔર વિકલ્પસે ઔર સુનનેસે ધારણ કર રખતા હૈ ઐસા નહીં. આહાહા..! અપનેકો '**જ્ઞાયકકો જ્ઞાયક દ્વારા...**' જ્ઞાયકકો જ્ઞાયક દ્વારા. અલિંગગ્રહણમેં આતા હૈ ન? અલિંગગ્રહણકે બીસ બોલમેં છઠવાં બોલમેં આતા હૈ. અપને સ્વભાવસે જાનનેમેં આતા હૈ ઐસા મૈં આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા હૂં. અપને સ્વભાવસે જાનનેમેં આતા હૂં ઐસા મૈં પ્રત્યક્ષ જ્ઞાતા હૂં. બીસ બોલમેં છઠવા બોલ હૈ. અલિંગગ્રહણ. વહ બાત હૈ યહાં. આહાહા..! અપનેકો જ્ઞાયક દ્વારા અપનેમેં ધારણ કર રખતા હૈ. ટિકાયે રખતા હૈ. કોઈ દયા, દાન ઔર રાગ રહે, રાગ હો તો યહ આત્મા ટિકા રહે ઐસા નહીં. આહાહા..!

'**સ્થિર રખતા હૈ,...**' સમ્યગ્દષ્ટિ અપનેમેં અપનેસે સ્વભાવસે સ્થિર રખતા હૈ. સ્વભાવકી દૃષ્ટિ કરકે અપનેમેં અપનેકો જ્ઞાયક ટિકતા હૈ ઔર સ્થિર રખતા હૈ. '**ઐસી સહજ દશા હોતી હૈ.**' કૃત્રિમ નહીં. સહજ દશા. આહાહા..! ક્યોં? આત્મામેં એક ભાવ નામકા એક ગુણ હૈ. આત્મામેં ભાવ નામકા એક ગુણ હૈ. જૈસા જ્ઞાનગુણ હૈ, આનંદગુણ હૈ ઐસા ભાવ નામકા ગુણ હૈ. તો ભાવગુણકા કાર્ય ક્યા? કિ અનંત ગુણકી અવસ્થા હોતી હૈ ઉસકો કરની પડતી નહીં. રાગ તો નહીં લેકિન અપની પર્યાય કરની પડતી નહીં. હોતી હૈ. આહાહા..! ભાવગુણ હૈ ૪૭મેં. ભાવગુણકી વ્યાખ્યા ઐસી કી હૈ કિ... ભાવ તો એક ગુણ હૈ લેકિન એક ગુણકા અનંતગુણમેં રૂપ હૈ. તો અનંત ગુણ હૈ ઉસકી વર્તમાન પર્યાય હોતી... હોતી.. હોતી હી હૈ. કરું તો હોતી હૈ ઐસા નહીં. ગજબ બાત હૈ!

રાગ તો કરના નહીં, પરકો તો કરના નહીં લેકિન પર્યાય કો કરું ઐસા ભી નહીં. આહાહા..! હોતી હૈ. અરે..! આહાહા..! હોતી હૈ ઉસકો જાનું વહ ભી જાનનેકી પર્યાયકે કાલમેં જાનનેકી પર્યાય હોતી હી હૈ. સમજમેં આયા? મૈં જ્ઞાયક હૂં ઐસા જાનું. મેરે અનંત ગુણ હૈ મેરેમેં વહ જાનું. પર્યાય મેરેમેં હુઈ ઉસકો જાનું. તો જાનું વહ પર્યાય ભી ઉસ સમય હોનેવાલી હૈ હી. ભાવગુણકે કારણ જાનનેવાલી પર્યાય

ઉસ સમય હયાતી ધરાતી હૈ. તો જાનું યહ પર્યાય ભી મુજે કરના ઐસા નહીં. આહાહા..! પાટણીજી! ઐસી બાતેં હૈં.

રાગ કરું વહ તો નહીં, પરકા કુછ કરું ઐસા તો નહીં. લેકિન મેરી પર્યાય નિર્મલ કરું ઐસા ભી નહીં. ક્યોંકિ ગુણ ઔર ગુણકા ધરનેવાલા ભગવાન, ઉસકો આશ્રય ઔર દૃષ્ટિમેં લિયા તો ઉસમેં ભાવ નામકા એક ગુણ હૈ ઉસ ગુણકે કારણ અપની પર્યાયમેં પર્યાયકી હયાતી સહજ હોતી હૈ. મૈં કરું તો પર્યાય હો ઐસા ભી નહીં. આહાહા..! હૈ? **'ઐસી સહજ દશા હોતી હૈ.'** હૈ? સહજ દશા હોતી હૈ. આહાહા..! મૈં કરું, ઈસકો જાનું તો જાનનેકી પર્યાય મૈં કરું ઐસા ભી નહીં. આહાહા..!

ભગવાન આત્મા ઉસકી એક સમયકી જો પર્યાય એક ગુણકી હૈ વહ ષટ્ગુણ ષટ્કારકસે પરિણતિ હોતી હી હૈ. હોતી હૈ ઉસમેં કરું ઐસા કહાં રહા? ઔર મૈં જાનતા હૂં ઐસી પર્યાય ભી વહાં હોતી હૈ. મૈં જાનનેવાલા હૂં ઐસી પર્યાય હોતી હૈ. વહ પર્યાય ભી ષટ્ગુણકે કારણસે પરિણતિ હોતી હી હૈ. હોતી હૈ ઉસે કરું કહાંસે આયા? આહાહા..! સમજમેં આયા? યહ કહતે હૈં, દેખો!

**'ઐસી સહજ દશા હોતી હૈ.'** સ્વાભાવિક વસ્તુ સહજાત્મ સ્વરૂપ પ્રભુ જહાં નિર્વિકલ્પ દૃષ્ટિમેં આયા તો ઉસમેં ગુણ ઐસા હૈ કિ અનંત ગુણકી પર્યાય વિદ્યમાન હોતી હી હૈ. હોતી હૈ ઉસકો કરું ઐસા ભી ઉસમેં નહીં. આહાહા..! નિર્મલ, હોં! રાગકી તો બાત હી નહીં હૈ, પ્રભુ! આહાહા..! નિર્મલદશા કરું ઐસા ભી ઉસમેં નહીં. નિર્મલ દશા ભાવગુણકે કારણ અનંત ગુણકી વિદ્યમાન અવસ્થા હોતી હૈ. હોતી હૈ ઉસકો કરું ઐસા કહા. સમજમેં આયા? આહાહા..!

**'સમ્યગ્દૃષ્ટિ જીવકો તથા મુનિકો ભેદજ્ઞાનકી પરિણતિ તો ચલતી હી રહતી હૈ.'** યહ ક્યા કહતે હૈં? રાગ આતા હૈ. તો ભી રાગકે કાલમેં રાગસે ભિન્નકી જ્ઞાનધારા તો સહજ ચલતી હૈ. આહાહા..! ઐસી બાત હૈ. **'સમ્યગ્દૃષ્ટિ જીવકો તથા મુનિકો ભેદજ્ઞાનકી પરિણતિ...'** પર્યાય-દશા **'ચલતી હી રહતી હૈ.'** હોતી હી હૈ. આહાહા..! **'સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થકો ઉસકી દશાકે અનુસાર ઉપયોગ અંતરમેં જાતા હૈ.'** સમ્યગ્દૃષ્ટિ જીવ હૈ, ગૃહસ્થાશ્રમમેં હો. છહ ખંડકા રાજ ચક્રવર્તીમેં હો. આહાહા..! યા સાતવીં નરક મેં સમ્યગ્દૃષ્ટિ હો. આહાહા..! છહ ખંડકે રાજમેં ચક્રવર્તી હો, ઉસ દશાકે અનુસાર ઉપયોગ અંતરમેં જાતા હી હૈ. કરના પડતા નહીં ઐસા કહતે હૈં. આહાહા..! સમજમેં આયા?

પહલે યથાર્થ ક્યા ચીજ હૈ ઐસા જ્ઞાનમેં ઉસકા નિર્ધાર-નિર્ણય તો કરે. યહ ઐસી ચીજ હૈ. ઐસી ચીજસે વિરુદ્ધ નિર્ણય હો તો કભી અંતરમેં જા સકે નહીં.

સત્ ઐસા હૈ નહીં. સત્ પ્રભુ ઐસા ઉસમેં વિપરીત ધારણા યદિ જ્ઞાનકી હો તો વહ અંતરમેં જા સકે નહીં. આહાહા..! ઉસ કારણ જૈસા સત્ હૈ ઔર ઉસકી પર્યાય ભી ઉસ કાલમેં હોનેવાલી સહજ હૈ. ઐસા હૈ ઐસા જાને. સમજમેં આયા? તો અંતરમેં જા સકે. ક્યોંકિ સત્ય બાત ખ્યાલમેં આયી, સત્ જ્ઞાન હુઆ વહ જ્ઞાન અંતર્મુખ હોગા. આહાહા..! ઐસી બાત હૈ.

'**સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થકો ઉસકી દશાકે અનુસાર...**' ચૌથેકી દશા, પાંચવેકી દશા '**ઉપયોગ અંતરમેં જાતા હૈ ઔર બાહર આતા હૈ;...**' દેખો! વિકલ્પ આતા હૈ. '**મુનિરાજકો તો ઉપયોગ અતિ શીઘ્રતાસે બારમ્બાર અંતરમેં ઉતર જાતા હૈ.**' મુનિ તો બાપૂ! વહ અંતરકે આનંદમેં ઝુલતે હુએ, ક્ષણમેં વિકલ્પ આવે છઠવા ગુણસ્થાન. દૂસરે ક્ષણ છઠવે ગુણસ્થાનકી સ્થિતિસે આધી સ્થિતિમેં અંતરમેં ચલે જાતે હૈં. સપ્તમમેં અર્ધમેં ચલે જાતે હૈં ઔર ઉસસે ડબલમેં છઠવે ગુણસ્થાનમેં વિકલ્પ ઉઠતા હૈ. લેકિન સહજ અંતરમેં જાતે હૈ. ધ્યાન કરનેસે જાતે હૈં ઐસા ભી કહને મેં આતા હૈ. લેકિન સહજ હી. છઠવેસે સાતવાં સહજ હો જાતા હૈ. આહા..!

મુનિકો તો પ્રથમ છઠવા ગુણસ્થાન નહીં આતા હૈ. આહાહા..! પ્રથમ તો અપ્રમત્ત દશા આતી હૈ. સપ્તમ ગુણસ્તાન આતા હૈ. વહાંસે નીચે વિકલ્પ આતા હૈ વહ છઠવા ગુણસ્થાન હો જાતા હૈ. લેકિન હો જાતા હૈ, ઐસા હોને પર ભી મેં અંતર્મુહૂર્તમેં સપ્તમમેં ચલા જાતા હૈ. ઐસે મોક્ષકે આખરી અંતર્મુહૂર્તમેં.. ધવલ મેં પાઠ હૈ કિ હજારો બાર છઠવાં-સાતવાં ઉસકો આતા હૈ. આહાહા..! અરે..! ભાઈ! મુનિદશા બહુત અલૌકિક બાતેં હૈં. આહાહા..! સમ્યગ્દૃષ્ટિકી દશા ભી જહાં અલૌકિક હૈ વહાં મુનિદશાકી તો બાત ક્યા કરના?

'**અતિ શીઘ્રતાસે બારંબાર અંતરમેં ઉતર જાતા હૈ. ભેદજ્ઞાન કી પરિણતિ-જ્ઞાતૃત્વધારા-દોનોંકે ચલતી હી રહતી હૈ.**' દોનોં નામ ગૃહસ્થ ઔર મુનિ. દોનોં કો રાગસે ભિન્ન જો અંતરમેં પડે હૈં, વહ ભેદજ્ઞાનકી ધારા કરની પડતી નહીં. ધારા ચલતી હી હૈ. આહાહા..! ચૌથે ગુણસ્થાનમેં હો યા પાંચવેમેં હો યા છઠ્ઠે ગુણસ્થાન મેં હો. વહ ભેદજ્ઞાનકી ધારા ભૂમિકાકે પ્રમાણમેં, દશાકે પ્રમાણમેં સદા ચલતી હી રહતી હૈ, કરની પડતી નહીં. આહાહા..! ઐસા કહતે હૈં. સમજમેં આયા?

'**ઉન્હેં ભેદજ્ઞાન પ્રગટ હુઆ તબસે કોઈ કાલ પુરુષાર્થ રહિત નહીં હોતા.**' ક્યા કહતે હૈં? ગૃહસ્થમેં હો યા મુનિપનામેં. રાગસે ભેદજ્ઞાન ભિન્ન હુઆ તબસે કોઈ સમય સ્વભાવ તરફકા પુરુષાર્થ ન હોય ઐસા કોઈ સમય હોતા નહીં. સ્વભાવ સન્મુખકા પુરુષાર્થ કાયમ ચલતા હી હૈ. બાહરમેં દિખે કિ રાગાદિ આતા હૈ. લેકિન અંતરમેં

તો સ્વભાવ સન્મુખકા પુરુષાર્થ ચલતા હી હૈ. ચાહે તો ગૃહસ્થાશ્રમમેં હો, ચાહે તો મુનિ હો. ધીરુભાઈ! ઐસી બાતેં હૈં. કંપની-બંપનીમેં ઐસા સુનને મિલે નહીં. કંપનીમેં ક્યા યહાં બાહરમેં સંપ્રદાયમેં સુનને નહીં મિલતા. અરેરેરે..! ક્યા હો?

**'અવિરત સમ્યગ્દષ્ટિકો ચૌથે ગુણસ્થાન કે અનુસાર...'** દેખા! અવિરત સમ્યગ્દષ્ટિ. અભી વિરતી નહીં હૈ, ત્યાગ નહીં હૈ અંદર રાગ કા. રાગકા ત્યાગ, હાં! **'ચૌથે ગુણસ્થાનકે અનુસાર ઔર મુનિકો છઠવેં-સાતવેં ગુણસ્થાન અનુસાર પુરુષાર્થ વર્તતા રહતા હૈ.'** અર્થાત્ સ્વભાવ સન્મુખકી ધારા રાગસે ભિન્ન હોકર ભેદજ્ઞાન ધારા ચલતી હી હૈ. રાગ ચલે વહ કર્મધારા હૈ. રાગસે ભિન્ન પડા વહ જ્ઞાનધારા હૈ. દો ધારા ચલતી હૈ. ફિર ભી દૂસરી ધારાકા વહ સ્વામી નહીં. સમ્યગ્દષ્ટિકો રાગકી ધારા ચલતી હૈ લેકિન ઉસકા સ્વામી નહીં. વહ મેરી ચીજ હૈ ઐસા માનતે નહીં. વહ દુઃખદશા હૈ. મેરે જ્ઞાનમેં પરજ્ઞેય તરીકે જાનને લાયક હૈ. ઐસી ધારા **'પુરુષાર્થકે બિના કહીં પરિણતિ સ્થિર નહીં રહતી, સહજ ભી હૈ,...'** ક્યા કહતે હૈં? પુરુષાર્થ ભી અંદર ચલતા હૈ ઔર સહજ ભી ઐસા હોતા હૈ. **'પુરુષાર્થ ભી હૈ.'** સહજ ભી હૈ, પુરુષાર્થ ભી હૈ. ઐસી ચીજ અનુભવીકો, સમ્યગ્દષ્ટિકો રાગ હોતે હુએ ભી રાગસે ભિન્ન ધારા ચલતી હૈ. ઉસકા નામ મોક્ષકા માર્ગ કહનેમેં આતા હૈ. વિશેષ કહેંગે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ સુદ ૧, શુક્રવાર, તા. ૨૭-૪-૧૯૭૯**
**બોલ-૧૯૭, પ્રવચન-૭૭૩**

**પ્રજ્ઞાછીણી શુભાશુભ ભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિમાં પટકવી. ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરી તે બંનેની સંધિમાં સાવધાન થઈને તેનો પ્રહાર કરવો. સાવધાન થઈને એટલે બરાબર સૂક્ષ્મ ઉપયોગ કરીને, બરાબર લક્ષણ વડે ઓળખીને.**

**અબરખનાં પડ કેવાં પાતળાં હોય છે, ત્યાં બરાબર સાવધાનીથી અને જુદાં પાડે, તેમ સૂક્ષ્મ ઉપયોગ કરી સ્વભાવ-વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડ. જે ક્ષણે વિભાવભાવ વર્તે છે તે જ સમયે જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે. જુદો જ છે પણ તને ભાસતો નથી. વિભાવ ને જ્ઞાયક છે તો જુદેજુદા જ;-જેમ પાષાણ ને સોનું ભેગાં દેખાય પણ જુદાં જ છે તેમ.**

**પ્રશ્ન :- સોનું તો ચળકે છે એટલે પથ્થર ને તે બને જુદાં જણાય છે, પણ આ કઈ રીતે જુદા જણાય?**

**ઉત્તર :- આ જ્ઞાન પણ ચળકે જ છે ને? વિભાવભાવ ચળકતા નથી પણ બધે જ્ઞાન જ ચળકે છે-જણાય છે. જ્ઞાનનો ચળકાટ ચારે તરફ પ્રસરી રહ્યો છે. જ્ઞાનના ચળકાટ વિના સોનાનો ચળકાટ શેમાં જણાય?**

**જેમ સાચાં મોતી ને ખોટાં મોતી ભેગાં હોય તો મોતીનો પારખુ એમાંથી સાચાં મોતીને જુદાં પાડી લે છે, તેમ આત્માને 'પ્રજ્ઞાથી ગ્રહવો'. જે જાણનારો છે તે હું, જે દેખનારો છે તે હું-એમ ઉપયોગ સૂક્ષ્મ કરીને આત્માને અને વિભાવને જુદા પાડી શકાય છે. આ જુદા પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી જ થાય છે. વ્રત, તપ કે ત્યાગાદિ ભલે હો, પણ તે સાધન ન થાય, સાધન તો પ્રજ્ઞા જ છે.**

**સ્વભાવના મહિમાથી પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ-સુખબુદ્ધિ તૂટી જાય છે, સ્વભાવમાં જ રસ લાગે, બીજું નીરસ લાગે. ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય. એમ ન હોય કે પરમાં તીવ્ર રુચિ હોય ને ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે. ૧૯૭.**

વચનામૃત. ૧૯૭ બોલ. '**પ્રજ્ઞાછીણી શુભાશુભ ભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિમાં પટકવી.**' પ્રજ્ઞાછીણી. શ્લોક આવે છે ને એમાંથી છે. શું કહે છે? કે આ શુભ અને અશુભભાવ અને જ્ઞાન એટલે આત્મા સ્વભાવ, બે વચ્ચે સાંધ છે. બે વચ્ચે સંધિ છે. બે એક થયા નથી. એણે (એક) માન્યા છે. આહાહા..! ભગવાન આત્મા નિર્મળ શુદ્ધ સ્વભાવ અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ બે વચ્ચે સાંધ છે. જેમ પર્વતમાં ઝીણી રગ હોય છે અને એને લઈને એ બેય પત્થર જુદા પડી જાય છે. એમ આ ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવનો પિંડ તેમાં દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ તે અશુભભાવ, અશુભની તો વાત શું કરવી? એ શુભ અને અશુભભાવ અને ભગવાન જ્ઞાનસ્વભાવ એમાં સૂક્ષ્મ અંતઃસંધિ. સૂક્ષ્મ અંતઃસંધિ નામ બે વચ્ચે સાંધ છે. બે વચ્ચે ત્રડ છે. આહાહા..! તેમાં પ્રજ્ઞાછીણી- આ સાધન. સાધન કહે છે ને? સાધન શું? ઝીણી વાત છે, પ્રભુ! એને પ્રજ્ઞાછીણીનું સાધન પટકવું. રાગ અને સ્વભાવ બે ભિન્ન છે એમ જાણીને રાગ અને સ્વભાવમાં વચ્ચે અંતઃ સંધિ છે ત્યાં જ્ઞાનની એકાગ્રતાથી રાગથી ભિન્ન પડવું. આહાહા..!

'**ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરી...**' અંતરમાં કામ થતું નથી એનો અર્થ કે ઉપયોગ તે સ્થૂળ છે. જે ઉપયોગમાં રાગ અને પુણ્ય-પાપનું જેનું લક્ષ છે તેનો ઉપયોગ સ્થૂળ છે. એ સ્થુળ ઉપયોગ અંદર કામ નહિ કરી શકે. આહાહા..! શુભભાવનો પણ ઉપયોગ જે છે એ સ્થૂળ છે. કેમ? કે શુભભાવને પુણ્ય-પાપના અધિકારમાં અતિ સ્થૂળ પરિણામ કહ્યા છે. અતિ સ્થૂળ. આહાહા..! પરિણામને, હોં! શુભ. પુણ્ય-પાપ અધિકાર. આહાહા..! જેટલો શુભભાવ છે, અશુભની તો વાત કરી છે ત્યાં. અત્યંત સ્થૂળ અશુભભાવ છે એ તો છે, એ તો ઠીક પણ શુભભાવ જે છે એ પણ અતિસ્થૂળ છે. કેમ કે એનાથી ભગવાન પકડાતો નથી. એનાથી તો વિકાર પકડાય છે અને વિકારથી પરિભ્રમણ થાય છે. આહાહા..! એથી શુભભાવને અતિસ્થૂળ કરીને અંદરથી ભિન્ન સૂક્ષ્મ ઉપયોગ કરી એ સ્થૂળપણાથી લક્ષને છોડી અને અંતર્મુખ સ્વભાવમાં સૂક્ષ્મ ઉપયોગને લઈ, '**સૂક્ષ્મ કરી તે બંનેની સંધિમાં સાવધાન થઈને તેનો પ્રહાર કરવો.**' આહાહા..! આવી વાત છે. સમ્યગ્દર્શન પ્રાપ્તિનો આ ઉપાય છે. બાકી કોઈ ઉપાય નથી. જે રાગ શુભ ભલે હો, એના તરફના ઉપયોગને સ્થૂળ કહે છે. ત્યારે તેના તરફથી ખસી અને સૂક્ષ્મ ઉપયોગ જે વડે રાગથી જ્ઞાનસ્વભાવને ભિન્નમાં એકતા તૂટે અને સ્વભાવની એકતા થાય તેને અહીંયાં સૂક્ષ્મ ઉપયોગ કહે છે. આહાહા..! આવું કામ છે.

'**બંનેની સંધિમાં સાવધાન થઈને તેનો પ્રહાર કરવો.**' સાર સાર વચન છે આમાં

તો બહેનના. આહાહા..! સોભાગચંદભાઈ નથી આવ્યા? સોભાગચંદભાઈ કહેતા હતા સવારમાં. આ વાંચ્યું ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમના તરફથી છે. કહેતા કે આ તો વાંચે એને ભવના અભાવની વાતું છે આમાં તો. એ પોતે (કહેતા હતા). ભવના અભાવની વાત છે, બાપા! એકલો માલ ભર્યો છે માખણ. આહાહા..! કેવળજ્ઞાનીના પેટો ખોલ્યા છે. પણ જગતને પોતાના આગ્રહ આડે ન બેસે. એ સ્વતંત્ર છે. અનાદિની વાત છે. ન બેસી. ક્યાંક ક્યાંક એને અટકવાના શલ્ય તો રહી ગયા છે.

અહીં તો કહે છે, પ્રભુ! એક વાર સૂક્ષ્મ ઉપયોગ કરી એટલે કે શુભભાવ તરફના પણ વલણને છોડી. ૧૪૪માં કહ્યું છે ને? ૧૪૪ ગાથા. મતિ-શ્રુતને મર્યાદામાં લાવી. આહાહા..! સંસ્કૃત તો ... છે. એટલે આપણે હિંમતભાઈએ એનો અર્થ મતિ-શ્રુત જે છે પર તરફના વલણવાળું એને મર્યાદામાં એટલે પોતાનું ક્ષેત્ર છે ભાવ છે ત્યાં લાવવું. મર્યાદા. ભાઈએ એવો અર્થ કર્યો છે, ફૂલચંદજીએ. મતિ-શ્રુતને જાણવું. અવધારી એવો શબ્દ છે. પણ એનો અર્થ એ છે કે આ બાજુ જે ઢળેલ છે પર તરફ, એને આ બાજુ ઢાળવો. અને આત્મા અંદર આનંદનો નાથ પ્રભુ છે તેમાં ઉપયોગને સન્મુખ કરવો. આહાહા..! આ સમ્યગ્દર્શન પામવાની પ્રથમ રીત અને કળા આ છે. બાકી બધી વાતું-થોથા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'સાવધાન થઈને તેનો પ્રહાર કરવો. સાવધાન થઈને એટલે...'** હવે એની વ્યાખ્યા. **'બરાબર સૂક્ષ્મ ઉપયોગ કરીને,...'** એ ઉપયોગ જે ચાલે છે, મતિ અને શ્રુતનો ઉપયોગ જે પર્યાયમાં ચાલે છે, ચાલે છે તેને સૂક્ષ્મ, ધીરો-ધીરો થઈ, ધીરો થઈ ધ્યેયને પકડવું. આહાહા..! ધ્રુવને ધ્યેયમાં લઈ સૂક્ષ્મ ઉપયોગ કરી ધીરજથી તે ધૂણીને ધખાવવી. આહાહા..! પૂર્ણાનંદનો નાથ ચૈતન્ય બિરાજે છે એના તરફ વર્તમાનની સૂક્ષ્મ પર્યાયને ધીરજથી એ આખી ચીજ જે ધ્યેયમાં આવે, દૃષ્ટિમાં આવે, વર્તમાન પર્યાયમાં પૂરું જ્ઞેય તરીકે આવે .. પર્યાયને ધીરજથી ધ્યેયમાં લઈ જવી. આહાહા..! આવી વાત છે ઝીણી. શું કરે પણ બીજો ઉપાય? આ જ માર્ગ છે. લોકોએ તો કાંઈક કાંઈક રીતે કલ્પી અને વીતરાગના માર્ગથી વિરુદ્ધ ચલાવ્યું છે બધું. તદ્દન વિરુદ્ધ હોં! મિથ્યાદર્શન. શુભથી આમ થાય ને શુભથી આમ થાય ને. શુભ પહેલો હોય તો અંદર આમ મદદ કરે. આહાહા..! એ બધી મિથ્યાત્વની શલ્યની વાતું પુષ્ટિ કરી છે. આહાહા..! અહીં તો બહેન ચોખ્ખું મૂકે છે. જગતને બેસે કે ન બેસે.

બરાબર... **'સાવધાન થઈને એટલે બરાબર સૂક્ષ્મ ઉપયોગ કરીને, બરાબર લક્ષણ**

**વડે ઓળખીને.**' રાગનું લક્ષણ બંધ છે અથવા બંધનું લક્ષણ રાગ છે અને ચૈતન્યનું લક્ષણ જ્ઞાન છે એ સર્વવિશુદ્ધ અધિકારમાં આવે છે. એ બેના લક્ષણને બરાબર જાણી અંતર્મુખમાં ઉપયોગને વાળી.. આહાહા..! ઓળખીને ત્યાં એકાગ્ર થવું. આવી વાત છે. એના હજી જ્ઞાનના પણ ઠેકાણા નથી વ્યવહારુ જ્ઞાનના. આનાથી થાય અને શુભથી થાય અને ફલાણાથી થાય એનું તો વ્યવહારે જ્ઞાન મિથ્યા છે. આહાહા..!

અહીં તો જેના જ્ઞાનમાં એમ પહેલી વાત આવે કે આ જ્ઞાનને સૂક્ષ્મ ઉપયોગ કરીને અંતરમાં વાળવું ત્યારે તેને અંતર આત્મા સાક્ષાત્કાર થાય. એટલે કે આત્મામાં આનંદનું પ્રત્યક્ષ વેદનમાં આવે એને સમકિત કહે છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! પ્રવાહ ચાલતો હોય એનાથી પ્રવાહ જુદી જાત છે આ.

'**અબરખના પડ કેવાં પાતળાં હોય છે,...**' અબરખ, પાતળા પડ હોય છે એના. '**ત્યાં બરાબર સાવધાનીથી એને જુદાં પાડે,...**' તો પડે, નહિતર ભૂકો થઈ જાય. અબરખનાં પડ પાતળા હોય છે. પડ સમજાય છે? અબરખ-અબરખ. પાતળા પડ હોય ને. પડને શું કહે છે હિન્દીમાં? બહુ પાતળા પડ હોય છે. એને જો ધ્યાન રાખે તો એક એક પડ જુદા પડે. ધ્યાન ન રાખે તો પડ જુદું ન પડતાં પડ તૂટી જાય. આહાહા..! બહેને દૃષ્ટાંત દીધો છે. આહાહા..!

'**અબરખનાં પડ કેવાં પાતળાં હોય છે, ત્યાં બરાબર સાવધાનીથી એને જુદાં પાડે,...**' ધ્યાન રાખીને આખે આખું પડ જુદું પાડે. કોઈ પડમાં પોણી સોળ આની ન થાય. આહાહા..! પડને જુદું પાડતા પડમાં પોણી સોળ આની ન થાય. આખું પડ પાતળું જુદું પડે. આહાહા..! પડને શું કીધું? પુનમચંદજી! તમારી હિન્દી ભાષામાં શું કહે છે? પર્ત. આહાહા..! '**ત્યાં બરાબર સાવધાનીથી એને જુદાં પાડે, તેમ સૂક્ષ્મ ઉપયોગ કરી...**' આ એની રીત છે. આ એની માર્ગની પદ્ધતિ છે. મોંઘી પડે પણ માર્ગ આ છે. શેરો-હલવો કરતાં ઘી પહેલું લોટ પી જાય. શીરો-શીરો-આ હલવા. પહેલું ઘી છે એ લોટ પી જાય અને પછી ગોળનું અને સાકરનું પાણી નાખે. પણ કોઈ એવી ડાહીની દીકરી નીકળે કે આ તો ઘી પી જાય છે. માટે પહેલો લોટને ગોળના પાણીમાં શેકી અને પછી ઘી નાખવું. આહાહા..! તો એ શેરો સોંઘો પડે. આહાહા..! સોંઘો ન પડે, પ્રભુ! એ તો.. આહાહા..! પોટીશ પણ નહિ થાય. પોટીશ સમજો છો? ગુમડા ઉપર જે પોટીશ કરે ને તો એમાં સ્ત્રીઓ બોલતી હોય, આપણે તો બધું સાંભળ્યું છે, અહીં કાંઈ કર્યું નથી. બાયું એમ કહે એકબીજાને. પોટીશ કર બહેન. જાતુવત્તું ઘી નાખજે, એમ કહે. એમ બોલે એમ સાંભળેલું છે. આપણે કાંઈ કર્યું નથી. જાતુંવળતું ઘી નાખજે. એટલે? કે પોટીશમાં ઘી થોડું ન પડે તેમ

પણ નહિ અને ઘણું પડે એમ પણ નહિ. એના પ્રમાણમાં જરીક અડવું જોઈએ. જો વધારે પડશે તો પોટીશ નહિ થાય અને બિલકુલ નહિ પડે તોપણ પોટીશ નહિ થાય. એ લોકો કહે છે બાયું. પોટીશ કરે ને ગુમડા ઉપર.

એમ.. આહાહા..! અહીંયાં આત્મામાં મોંઘું પડે. લોટમાં ઘી પી જાય પછી ગોળનું પાણી નાખે એક શેર. માટે પહેલો લોટ ગોળના પાણીમાં શેકવો અને પછી ઘી નાખવું. પ્રભુ! એમ નહિ બને. એમ પહેલા શુભભાવ વ્રત, તપ અને ભક્તિ કરો પછી આત્માનું જ્ઞાન થશે. આહાહા..! એ ઘીના લોટમાં ન શેકતા પાણીના લોટમાં ઘીને શેકવો. આહાહા..! એવી છે એ વાત. ન બેસે, બાપા! આકરી વાતું, બાપુ! પ્રભુ!

વીતરાગ ત્રણ લોકના નાથનો પોકાર જગત પાસે ઢંઢેરો પીટ્યો છે. ઢંઢેરો પીટ્યો છે. પ્રભુ! તને એ શેરો મોંઘો પડે પણ પાછળથી ઘી નાખવું એમ નહિ બને. ઘી તો પહેલું નાખવું પડશે. એમ આત્મામાં સમ્યગ્દર્શન કરવા માટે સૂક્ષ્મ ઉપયોગ પહેલો કરવો પડશે. પહેલા વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરીને પછી આ કરશું... આહાહા..! એમ નહિ બને ત્રણ કાળ ત્રણ લોકમાં. એ વસ્તુની પદ્ધતિ અને રીત નથી. આહાહા..! એ અહીં બહેન કહે છે.

સાવધાન થઈને ત્યાં '**સૂક્ષ્મ ઉપયોગ કરી સ્વભાવ-વિભાવ વચ્ચે...**' જેમ ઓલા પાતળા પડને ધીમેથી જુદું પાડે, એમ રાગ વિકલ્પ ચાહે તો શુભ હો, દયા, વ્રત, ભક્તિ કે ગુણ-ગુણીનો ભેદ વિકલ્પ હો, એ સ્થૂળ (છે) અને એનાથી ભિન્ન ભગવાન આત્માને પકડવાનો ઉપયોગ સૂક્ષ્મ એ '**સ્વભાવ-વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડ.**' આહાહા..! ત્રિકાળી સ્વભાવ ભગવાન અને કૃત્રિમ ક્ષણિક વિકાર દુઃખરૂપ બેને સાવધાનીથી જુદો પાડ. આ રીત છે. આહાહા..!

'**જે ક્ષણે વિભાવભાવ વર્તે છે...**' શું વ્યાખ્યા છે? '**જે ક્ષણે વિભાવ...**' નામ રાગ વર્તે છે '**તે જ સમયે જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે.**' તે જ સમયે. આહાહા..! જે સમયે વિભાવધારા વર્તે છે... આહાહા..! તે જ સમયે જ્ઞાતાધારા વડે. ઝીણું છે, ભાઈ! મૂળ પદ્ધતિ છે ને.

બહેનની તો ભાષા સહેજે નીકળી ગઈ છે. એ તો બહુ ઓછું બોલે. પણ તે દિ' વળી આ કાંઈક કાંઈક બોલી ગયેલા અને બહેનોએ લખી લીધું દીકરીઓએ એટલે આ બહાર આવ્યું. આહાહા..! લોકના ભાગ્ય! આહાહા..! આવી ચીજ બહાર આવી, પ્રભુ! બહેનનું શરીર ન જોશો. એની વાણી અને ચાલને જોશો તો મડદા જેવા લાગશે. એના અંતરનો આત્મા એ અનુભવના વેદનમાં કામ કરતા કરતા બોલાઈ

ગયું છે. આહાહા..! પણ કેમ બેસે માણસને? સ્ત્રી છે. બોલતા નથી, ચાલે તો મડદા જેવા. ધડાકાબંધ આવડે અને કો'કને સમજાવતા આવડે, ભલે ગપ્પા મારતો હોય. આહાહા..! પાંચ-પચાસ હજાર, દસ હજાર માણસ ભેગા થાય. એથી શું? આહાહા..! ધીરુભાઈ! અહીં તો માતા..! અમે તો માતા કહીએ તો પણ એ છે, બહેન કહીએ તો એ છે, દીકરી કહીએ તો એ છે, સાધર્મી બહેન કહીએ તો એ છે. આહાહા..!

એ કહે છે કે ભાઈ! **'સૂક્ષ્મ ઉપયોગ કરી સ્વભાવ-વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડ. જે ક્ષણે વિભાવભાવ વર્તે છે તે જ સમયે જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે. જુદો જ છે...'** જુદો જાણી લે એમ કહ્યું છે. જુદો જ છે. આહાહા..! એ સોનાને કાટ ન હોય. બહેનની વાણીમાં આવ્યું છે પહેલું. કંચનને કાટ ન હોય, અગ્નિમાં ઉધઈ ન હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લખ્યું છે. આહાહા..! એ બહેનના શબ્દ છે. સોનાને કાટ ન હોય, પ્રભુ! એ અગ્નિમાં ઉધઈ ન હોય એમ પ્રભુને આવરણ ન હોય. આહાહા..! એ તો નિરાવરણ સ્વભાવ અંદર જુદો પડ્યો છે ચૈતન્ય નાથ. પરમાત્મસ્વરૂપે બિરાજે છે, ભાઈ! તને પામરને માપ કરતા આવડતા નથી, પ્રભુ! આહાહા..!

રવિવારનું કહ્યું હતું ને એકવાર? રવિવારનો દિવસ હોય અને એનો બાપ પચાસ હાથનું કપડું લઈ આવ્યો આલપાક. કોટ કરવા. ઓલો નવરો હતો તો માપ્યું તો સો હાથ થયું. બાળકના હાથે સો હાથ થયું. બાપુજી! આ તો તમે પચાસ હાથ કહો છો ને આ તો સો હાથ છે. બાપુજી કહે, દીકરા! અમારા માપમાં કામમાં તારા હાથ માપ ન કામ કરે. એમ વીતરાગ કહે છે કે કુતર્કીઓને તારા કુતર્ક અમારા સ્વભાવના માપમાં કામ નહિ કરે. સમજાય છે કાંઈ? આહાહા..! આમ છે ને તેમ છે, વ્યવહાર સાધન કહ્યું છે, નિશ્ચય સાધ્ય કહ્યું છે, વ્યવહાર પહેલો હોય છે, નિશ્ચય પછી હોય છે. આ બધું કહ્યું છે ને? આમ કુતર્કીઓ અજ્ઞાની આવા કુતર્ક કરીને એનું માપ કરવા જાય. નહિ થાય, ભાઈ! આહાહા..! એના માપલા માપ કરવાના જુદા છે. આહાહા..!

અહીં કહે છે, **'જુદો જ છે...'** જુદો જણાય છે. કેમ કે જુદો છે તો જુદો જણાય છે. ન્યાય, લોજિકથી ન્યાય સમજવો પડશે ને. ભગવાન આત્મા... શરીર, વાણી આ તો .. તો જડ ધૂળ છે. માંસ અને હાડકા. એ માટીનું પૂતળું પાણીમાં ગળી જાય એમ આ તો કાળ આવશે તો ગળી જશે, બાપા! આહાહા..! માટીના

પૂતળા પાણીમાં નાખે એ ગળી જાય, ભાઈ! ત્યાં માટીનો કણ કણ જુદો પડી જાય. એમ આ કાળ આવશે તો આ કણ કણ જુદા પડી જશે, બાપુ! આ કાંઈ તારી ચીજ નથી. આ તો તારી નથી પણ અહીં તો અંદરમાં રાગ છે એ તું નથી અને એ તારામાં નથી. અને તું રાગથી એક થયો નથી. આહાહા..! જો રાગથી એક થયો હોય તો જુદો પાડી શકાય નહિ. જુદા હોય એને જુદા પાડી શકાય. આહાહા..! રમણિકભાઈ! આવી વાતું છે આ, બાપુ! આહાહા..! આવા શહેરમાં પણ સાંભળે છે આટલા માણસો. સાંભળે છે. બાપુ! મારગડા આ (છે). પાગલ કહો, ઘેલા કહો ગમે તે કહો પણ માર્ગ તો આ છે. ઝીણો પડે, મોંઘો પડે અને આવું સાંભળવા ક્યાંય ન મળે માટે કાંઈક આ બીજી જાત છે ઊંધી, એમ રહેવા દેજે, પ્રભુ! આહાહા..! આ જાત જ ભગવાનના ઘરની છે. આહાહા..!

અહીં કહે છે કે જે સમયે વિભાવ વર્તે તે જ સમયે સ્વભાવ જુદો જાણી લે. જુદો જ છે પણ તને ભાસતો નથી. કેમ કે ત્યાં તારી નજરું નથી. તારી નજરું એક સમયની વર્તમાન પર્યાય-અવસ્થા એના ઉપર તારી નજર છે. એ નજર લંબાઈ તો રાગમાં જાય. એ નજર લંબાઈ તો અંતરમાં ન જાય. સમજાય છે કાંઈ? તારી પર્યાય એક સમયની અવસ્થા ઉપર અનાદિથી દૃષ્ટિ છે. મુનિ થયો, અઠ્યાવીસ મૂળગુણ મહાવ્રતાદિ પાળ્યા પણ તેની એક સમયની પર્યાય ઉપર દૃષ્ટિ છે. અને એ દૃષ્ટિ લંબાઈ તો રાગ ઉપર જાય. એ દૃષ્ટિ લંબાય તો અંતરમાં જાય એવી એ પર્યાયની તાકાત નથી. આહાહા..!

માટે કહે છે કે અંદરમાં જવું હોય તો તે પર્યાય ભલે ત્યાં રહી. પણ પછીની પર્યાયને સૂક્ષ્મ કરી અને જુદો છે તેને જાણી લે. પણ જુદો પણ તને ભાસતો નથી. '**વિભાવ અને જ્ઞાયક છે તે જુદેજુદા જ.**' આહાહા..! કાંકરા અને દાણા બેય જુદી ચીજ છે. દાણા અને કાંકરા વીણીને કાઢે છે એનો અર્થ કે દાણા જુદાં જ છે. દાણા અને કાંકરા એક થયા નથી. એક થયા હોય તો જુદા પાડી શકાય નહિ. આહાહા..! એ દાણામાં કાંકરી પણ જુદી અને દાણો જુદો. એમ પ્રભુ એ વિભાવનો વિકલ્પ શુભ છે એ કાંકરો જુદો અને તારો સ્વભાવ જુદો. આહાહા..! આવી વાતું. આહા..!

'**વિભાવ ને જ્ઞાયક છે તો જુદેજુદા જ;...**' તદ્દન જુદા અંદરમાં છે. કાંકરા અને દાણા કોઈ દિ' એક થયા નથી. આહાહા..! તેથી તેને વીણી લેવાય છે. એમ ભગવાન આત્મા અને રાગ એક થયા નથી. એથી તેને કાઢી નાખીને સ્વભાવ ઉપર જવાય છે. સમજાય છે? આહાહા..! આવી વાતું છે. એકવાર કહ્યું હતું. છે ને શું

કહેવાય એ? પદ્મનંદી પંચવિંશતિ. પદ્મનંદી પંચવિંશતિમાં... એ તો મુનિ હતા, ભાવલિંગી સંત હતા, વીતરાગનો પોકાર હતો અંદરથી. એણે બ્રહ્મચર્યની વાતું કરી. નામ એનું પંચવિંશતિ છે. પદ્મનંદી પંચવિંશતિ. પણ છવ્વીસ છે, અધ્યાય છવ્વીસ છે. છવ્વીસમાં અધ્યાયમાં બ્રહ્મચર્યની વાત કરી. ભગવાન! તું કાયા વડે કરીને જાવજીવનું બ્રહ્મચર્ય બાળબ્રહ્મચારી પાળ તો એ બ્રહ્મચર્ય નહિ. આહાહા..! ત્યારે બ્રહ્મચર્ય કોને કહેવું? કે મન, વચન અને કાયાના વિકલ્પથી પાળવું બ્રહ્મચર્ય એ બ્રહ્મચર્ય નહિ. બ્રહ્મ નામ આનંદનો નાથ એમાં રમવું. આહાહા..! બ્રહ્માનંદ પ્રભુ આત્મા બ્રહ્મ આત્મસ્વરૂપ, પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ, જ્ઞાન અને આનંદ સ્વરૂપ, તેમાં ચરવું-રમવું એનું નામ બ્રહ્મચર્ય છે.

પછી મુનિરાજ કહે છે, હે યુવાનો! આ વાત તમને કઠણ પડે અને ન રુચે, શરીર તમારું જુવાન, ત્રણ ત્રણ ચુરમાના લાડવા ચડાવી જતા હોય, ઘરે બાયડી ૨૫-૨૫ વર્ષની જુવાન અને એમાં તારો વિષયનો રસ અને એમાં આ વાત કરીએ. ભાઈ! તને ન રુચે તો મુનિરાજ કહે છે કે માફ કરજો. અમારી પાસે બીજી આશા શું રાખશો? એય..! મુનિરાજ છવ્વીસમાં અધ્યાયમાં કહે છે કે અમારી પાસે બીજી આશા શું રાખશો? પ્રભુ! અમે તો બ્રહ્મ આનંદમાં રમનારા અને બ્રહ્મચર્યની વાતું આ કરશું. અમારી જુવાની અવસ્થા અને પાંચ-પચ્ચીસ લાખ ધૂળના, સંયોગમાં ફાટેલ પ્યાલા હોય અંદર અને આ અમારી વાતું બ્રહ્મચર્યની નહિ ગોઠે તને, માફ કરજો. અમે મુનિ છીએ. આચાર્ય મહારાજ કહે છે અથવા બહેન કહે છે. આ વાત તમને ન રુચે તો માફ કરજો પણ વાત તો આ છે. આહાહા..! એ પદ્મનંદિનો પાઠ છે. પદ્મનંદી પંચવિંશતિમાં ૨૬મો અધિકાર છે ને? એમાં એવો પાઠ છે. આહાહા..!

રાગથી ભિન્ન. જ્ઞાયક અને ચૈતન્ય બે જુદા. '**જેમ પાષાણ ને સોનું ભેગા ભેગા દેખાય પણ જુદાં જ છે તેમ.**' ખાણમાં પથ્થર કાઢે તો પથ્થર અને સોનું જાણે બે દેખાય. ભેગા છે નહિ. સોનું-સોનું જુદું છે. પથ્થર જુદો છે. એ પાષાણ અને સોનું ભેગા દેખાય. પણ. પણ એટલે ભેગા દેખાય પણ જુદા જ છે. તેમ ભગવાન આત્મા અને રાગનો પથરો ભગવાન સોનાસ્વરૂપ આત્મા, જેને કનકનો કટક જેમ કાટ નથી એમ ભગવાન આત્માને રાગ નથી. એવો જે ભગવાન આત્મા એને સોના સમાન જાણી જુદાં જાણી '**પાષાણ ને સોનું ભેગા દેખાય પણ જુદાં જ છે...**' એમ વિભાવરૂપી પાષાણના પથરા.. આહાહા..! એ પુણ્ય-પાપ દયા, દાન વિકલ્પનો ભાવ પાષાણ પથરા અને તારું સ્વરૂપ અંદર જુદું આનંદનો નાથ-સોનું, બે ભેગા દેખાય છતાં બે જુદા છે. આહાહા..!

ત્રણ લોકના નાથની વાત છે, બાપુ! બહેન તો મહાવિદેહમાંથી આવ્યા છે. લોકોને

કઠણ પડે વિશ્વાસ કરવો. પ્રભુ પાસે જતાં. અમે પણ સાથે હતા. પણ બહેનની વાત થાય. સમજાય છે કાંઈ? આહાહા..! બહેન ભગવાન પાસે જાતાં. કુંદકુંદાચાર્ય ગયા જ્યારે સંવત્ ૪૯માં. બાપુ! વિશ્વાસ કરવો કઠણ પડે એવું છે. આ ભરતક્ષેત્ર, ગરીબ ક્ષેત્ર ગરીબ કાળ. એમાં ભગવાન પાસે ગયા અને ત્યાંથી આવ્યા છે એ વાત બેસવી કઠણ. પણ વાત તો ત્રણ કાળમાં સત્ય એ છે. આહાહા..! સમવસરણમાં જતાં સાક્ષાત્ તીર્થંકરની વાણી સીધી સાંભળીને અનુભવ કરી હતી. પણ પાછળથી જરી દોષ આવી ગયો માયાનો જરી. સ્ત્રી થઈ ગયા. આહાહા..!

અહીં હવે કહે છે... આહાહા..! એ પાષાણ અને સોનું બે એક નથી. એમ દયા, દાનનો વિકલ્પનો પથરો અને તારો આનંદનો સ્વભાવ બે એક નથી. અરર..! આવી વાત બેસવી.

'**પ્રશ્ન :-..**' હવે શિષ્યનો પ્રશ્ન છે. મહેન્દ્રભાઈ! આવી વાતું છે, બાપા! અહીં તો પરમાત્માના ઘરની, પરમાત્મા થવાની વાત છે. આહાહા..! સોભાગભાઈ કહેતા, મને તો મુંબઈની .. વિશેષતા સોભાગચંદભાઈને લઈને થાય છે. સોભાગચંદભાઈ ત્યાં રાજકોટમાં બે હજાર ઘરમાં મુખ્ય. આહાહા..! સ્થાનકવાસીમાં. છતાં એમણે આ વહેંચ્યું. બહેનનું પુસ્તક. અહીં આવ્યા. આવીને કહે, મહારાજ! આ વસ્તુ તો ઘરે ઘરે જાય તો એના ભવના અભાવની વાત છે. આહાહા..! આહાહા..! આ ફેરીના મુંબઈની વિશેષતામાં સોભાગચંદભાઈની વિશેષતા આવી. એણે આખી લાઈન ફેરવીને આમાં એમ બોલ્યા હોં! આહાહા..! અને કોઈને મોઢે તો એમ કહ્યું કે બાર અંગનો સાર આમાં ભર્યો છે. આહાહા..! બાર અંગનો આમાં સાર છે, બાપુ! સ્ત્રીનો દેહ અને ભાષા બહુ ન હોય માટે એની કિંમત ન કરવી એમ નહિ. અને બહુ ભાષા આવડે અને હજારો માણસમાં પચાસ હજારમાં આવડે બોલતા માટે તેની કિંમત કરવી એવી અહીં ચીજ નથી અહીં. આહાહા..!

અહીં કહે છે. '**પ્રશ્ન :- સોનું તો ચળકે છે...**' તમે માતા! બે ભેગા કેમ કહો છો? સોનું અને પથ્થર બે ભેગા એમ કેમ કહો છો? સોનું ચળકે છે એટલે પથ્થર અને તે બંને જુદા જણાય છે. પણ આ કઈ રીતે જુદા જણાય? આહાહા..! શું પ્રશ્ન છે? સોનું અને પથ્થરને પ્રભુ, આપ જુદા કહો છો. પણ સોનું તો ચળકે છે અને પથ્થર ચળકતો નથી. એ રીતે તો જુદા જણાય છે. આમાં જુદાં શી રીતે તમે કહો છો?

કહે છે, '**આ જ્ઞાન પણ ચળકે જ છે ને**?' ભાઈ! આહાહા..! ભગવાન જ્ઞાનનો ચળકાટ તે ચળકે છે સદાય. તારી નજરું નથી. આહાહા..! સોનું જેમ ચળકે છે

તેથી પથ્થરથી જુદું ચળકાટથી પાડી શકાય છે. એને તમે અહીં આત્મામાં કેમ લગાવી દો છો? કહે છે, **'આ જ્ઞાન પણ ચળકે જ છે...'** એ ચૈતન્ય અંદર ચમકતો ચંદ્ર, ચમકતો સૂર્ય છે. આહાહા..! ભગવાન ચૈતન્ય અંદર... એ લોગસ્સમાં આવે છે. ત્યાં કહ્યું હતું એક ફેરી. આપણે દિગંબરમાં લોગસ્સમાં આવે છે. પણ એ અત્યારે પ્રથા નથી કરતા. અને શ્વેતાંબરમાં એ પ્રથા આ લોગસ્સની. લોગસ્સ.. એમાં આવે છે ને એમાં?

'ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા; સાગરવરગંભીરા,...' આહાહા..! એ 'ચંદેસુ નિમ્મલયરા,...' ચંદ્રના નિર્મળપણાથી પણ પ્રભુની નિર્મળતા અરૂપી ચળક જુદો છે. ચંદ્રનો ચળક નિર્મળ અને આનો ચળક કોઈ નિર્મળ જુદો છે. 'આઈચ્ચેસુ અહિયં' આદિત્ય એટલે સૂર્ય. 'આઈચ્ચેસુ અહિયં પયાસયરા;...' આદિત્યના-સૂર્યના પ્રકાશથી પ્રભુ! તારો પ્રકાશ ચૈતન્ય ઝળકે છે અંદર. પણ તારી નજરું નથી ત્યાં. આહાહા..! આઠ વાગ્યા હોય, એક ઓરડામાં માણસ એક બારણું હોય ને સૂતો હોય અને આંખ મીંચીને ચીપડા વાળેલા હોય, એને આઠ વાગે કોઈ માણસ કહે, એલા ઊઠ, સોનાના નળિયા થયા. એવું કહે છે આપણે. સોનાના નળિયા એટલે? ઓલા નળિયા ઉજળા થયા. સૂર્ય ઊગે ને? ઉજળા થયા. નથી? આપણે કહેવત છે. પણ ઓરડો બંધ અને આંખું બંધમાં ચીપડા વળેલા એને નળિયા દેખાય શી રીતે? એને સૂર્યનો પ્રકાશ દેખાય શી રીતે? ભલે એ કહે કે નળિયા ઉજળા થયા જો સોનાના. સોનાના એટલે ઉજળા થયા. હવે તો ઊઠ.

અહીં કહે છે, પ્રભુ! તારો અંદર ચંદ્ર ચળકે છે અંદર. આહાહા..! પણ તને મિથ્યાત્વના પડ વળ્યા છે. આહાહા..! ચીપડા વળ્યા છે. આંખ તો બંધ છે અને એમાં ચીપડા વળ્યા છે-મિથ્યાશ્રદ્ધાના જોર તને થયા છે. આહાહા..! એને લઈને આ ચૈતન્યનો ચળકાટ અંદર પડ્યો છતાં જણાતો નથી. આહાહા..! છે?

**'જ્ઞાન પણ ચળકે જ છે ને? વિભાવભાવ ચળકતા નથી...'** એ શું કહે છે? જોયું! જેમ પથરો ચળકતો નથી એમ એ દયા, દાન, પુણ્ય-પાપના ભાવ ચળકતા નથી. આહાહા..! થોડામાં થોડું લખ્યું ઘણું કરીને જાણજો. એવી વાત છે આ. આહાહા..! લગન હોય ત્યારે બોલાવે છે ને? દિકરી અને જમાઈને બોલાવવા હોય. અને જમાઈ જરી કડક હોય આકરો. તો ઝટ ન આવે એવો હોય તો એને લખે. જમાઈ-જમાઈ એવા હોય ને? બે-ચાર-પાંચ એમાં આકરો કો'ક હોય. તો એને કહે કે ભાઈ! અમારે ટાણા છે અને દિકરીને લઈને વહેલા આવજો. તો આ માંડવાની શોભા વધશે. લખે છે. પણ ઓલા આકરો કડક હોય તો માને નહિ. તમારે આવે શોભા છે એમ લખે.

એમ અહીં કહે છે, પ્રભુ! વિભાવના પથરા જે ચળકતા નથી. ત્યાંથી અહીં જા તો એમાં તારી શોભા છે. આ માંડવે જા. માંડવે આવ અંદર. આહાહા..! છે?

**'વિભાવભાવ ચળકતા નથી પણ બધે જ્ઞાન જ ચળકે છે-'** એ વિભાવને પણ વિભાવ છે એમ કઈ ભૂમિકામાં, કઈ સત્તામાં જણાણું? આ શુભરાગ છે એ કઈ સત્તામાં જણાણું? એ શુભરાગના અસ્તિત્વમાં શુભરાગ જણાણો? કે શુભરાગ શુદ્ધતાના જ્ઞાનના ચળકાટમાં જણાણો કે આ શુભરાગ છે? અરે..! હું મને નથી સમજાતો. એમ જે તેં કહ્યું, પ્રભુ કહે છે હું નથી મને સમજાતો. એ કઈ ભૂમિકામાં તેં આ જાણ્યું? હું મને સમજાતું નથી તે શેમાં જાણ્યું? એ તેં જાણ્યું તે તું આત્મા છો. આહાહા..! હું મને દેખાતો નથી. એનો અર્થ કે હું દેખાતો નથી એનો નિર્ણય કરનારો હું છું. આહાહા..! આવી વાતું છે.

બાપા! ધર્મની વાતું વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની વાતું ઝીણી બહુ. આ તો બહેનની ભાષા સાદી ગુજરાતીમાં આવ્યું. ભાઈ એમ કહેતા સોભાગભાઈ સવારમાં. અહીં આવ્યા ને. સાદી ગુજરાતી ભાષામાં આવું!! આહાહા..! લોકોને ઘરે ઘરે પહોંચે તો ભવના અંત લાવે એવી વાત છે. આહાહા..! પણ પોતાની મોટપ આગળ માનના માર્યા બીજાની મોટપ દેખાય નહિ એને. આહાહા..!

અહીં કહે છે, **'બધે જ્ઞાન જ ચળકે છે-'** પ્રભુ! એ વિભાવ છે એ પથરા છે. એ ચળકતા નથી. આંધળા છે-અચેતન છે, અજીવ છે. એને ચળકતો ચૈતન્ય જાણે છે. એ ચૈતન્યની અસ્તિના ચળકાટમાં વિભાવ ભિન્ન છે તેમ જણાય છે. એ ચૈતન્યનો ચળકાટ છે. આહાહા..! **'વિભાવભાવ ચળકતા નથી પણ બધે જ્ઞાન જ ચળકે છે-જણાય છે.'** આહાહા..! ઊર્ધ્વ સ્વભાવ લીધો છે ને? શ્રીમદ્. સમયસાર નાટકના શબ્દ છે. 'સમતા રમતા ઊર્ધ્વતા જ્ઞાયકતા સુખભાસ.' એ ઊર્ધ્વતાની વ્યાખ્યા કરી છે શ્રીમદ્. પોતાની હયાતી જાણનારની ન હોય તો આ છે એમ જાણ્યું કોણે? જેની સત્તાની મોજૂદગી પહેલી ન હોય તો આ રાગ છે, આ શરીર છે, આ દેશ છે એ જાણ્યું કોણે? એટલે બધા જાણનારની ચીજમાં જાણનારો મોઢા આગળ છે. ઊર્ધ્વ છે. આહાહા..! ભરતભાઈ! આ બધું સમજવું પડશે, હોં! મહેનત કરે છે થોડી. આહાહા..!

અહીંયાં કહે છે, **'બધે જ્ઞાન જ ચળકે છે-'** આહાહા..! **'જ્ઞાનનો ચળકાટ ચારે તરફ પ્રસરી રહ્યો છે.'** આહાહા..! ચારે બાજુ જ્યાં જ્યાં જોઉ ત્યાં. ખરેખર તો એ શરીરને રાગને જાણતો નથી. જાણનાર જાણનારની પર્યાયને જાણે છે. રાગને જાણતો નથી, શરીરને જાણતો નથી, કેવળજ્ઞાનીનો પર્યાય લોકાલોકને જાણતો નથી.

એની પર્યાયને જાણે છે. આહાહા..! એ ચળકતો આત્મા કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના સંબંધના સંયોગમાં પોતે જ પોતાને જ્ઞાનની અંદર ચમકે છે. આહાહા..! પણ તે ચમકની મહિમાનો મહિમા એને આવતો નથી. કેમ કે નજરું ફેરવી નથી. અંદરમાં નજર જવી જોઈએ એ નજરું... પરમાત્મા ત્રિલોકનાથના પોકાર છે એ જ આ વાણી છે. આહાહા..!

**'જ્ઞાનના ચળકાટ વિના સોનાનો ચળકાટ શેમાં જણાય?'** તું કહે છો કે સોનાનો ચળકાટ છે ને? પણ એ ચળકાટ જ્ઞાન વિના શેમાં જણાય? સોનામાં ચળકાટ છે એ ચળકાટ ચળકાટને જાણે છે? એ તો અચેતન છે. એ સોનાનો ચળકાટ સોનાનું જ્ઞાન જાણે છે. આહાહા..! સમજાય છે કાંઈ? પા કલાક છે. આ હિન્દી-હિન્દી. પા કલાક.

**'જૈસે સચ્ચે મોતી ઔર ખોટે મોતી ઈકઠ્ઠે હોં...'** મોતી-મોતી. સચ્ચે મોતી અને ખોટે મોતી એકસાથ હો. **'તો મોતીકા પારખી...'** મોતીકો પરખનેવાલા **'ઉસમેંસે સચ્ચે મોતીયોંકો અલગ કર દેતા હૈ.'** સચ્ચે મોતીકો અલગ કર દેતા હૈ, જૂઠા મોતીકો જૂઠા કર દેતા હૈ. આહાહા..! કૌન? મોતીકા પારખી. સચ્ચા ઔર ખોટા મોતી ઈકઠ્ઠે હોને પર ભી, સચ્ચે મોતીકા પારખી ઐસા હૈ કિ સચ્ચે મોતીયોંકો અલગ કર દેતા હૈ.

**'ઉસી પ્રકાર...'** વહ તો દૃષ્ટાંત હુઆ. **'આત્માકો પ્રજ્ઞા સે ગ્રહણ કરના...'** વહ સચ્ચા મોતી હૈ પ્રભુ અંદર. આહાહા..! જ્ઞાનકી પ્રજ્ઞા દ્વારા ઉસકો ગ્રહણ કરના. રાગકો છોડ દેના જ્ઞાનમેં સે. આહાહા..! **'આત્માકો પ્રજ્ઞાસે ગ્રહણ કરના. જો જાનનેવાલા હૈ સો મૈં...'** હૂં. અંદર જાનનેવાલા જિસકી અસ્તિત્વતા સત્તા, મૌજૂદગી જાનનેમેં મૌજૂદગી દેખતી હૈ વહ મૈં હૂં. મેરી સત્તા જો જાનનેકી જો સત્તા હૈ વહ મેરી સત્તા હૈ. રાગ ઔર પુણ્ય મેરી સત્તા નહીં. આહાહા..! હૈ?

**'ઈસ પ્રકાર ઉપયોગ સૂક્ષ્મ કરકે આત્માકો ઔર વિભાવકો પૃથક્ કિયા જા સકતા હૈ.'** અંતરમેં મતિ ઔર શ્રુતજ્ઞાનકા ઉપયોગ પર ઓરકા ઝુકાવવાલા હૈ, ઉસ મતિ ઔર શ્રુતજ્ઞાનકો સ્વ-ઓર જુકાવ કરના. આહાહા..! ઝુકાવ સમજતે હૈં ન? સન્મુખ કરના. આહાહા..! જો મતિ ઔર (શ્રુતજ્ઞાન) પરસન્મુખ હૈ... આહાહા..! વહ મતિજ્ઞાન જિસકી પર્યાય હૈ, જિસકી વહ પર્યાય હૈ ઉસકા પિતા પરમાત્મા સ્વયં હૈ. આહાહા..! **'સૂક્ષ્મ કરકે આત્માકો ઔર વિભાવકો પૃથક્ કિયા જા સકતા હૈ. યહ પૃથક્ કરનેકા કાર્ય પ્રજ્ઞાસે હી હોતા હૈ.'** રાગ ઔર આત્માકો પૃથક્ કરનેકા કાર્ય પ્રજ્ઞાસે હોતા હૈ, રાગસે નહીં. આહાહા..! સમજમેં આયા?

રાગ જો હૈ વિકલ્પ શુભ ઉસસે વહ પૃથક્ નહીં હો સકતા. પ્રજ્ઞાસે હી. હી

કહા હૈ. આહાહા..! વ્રત, તપ, ત્યાગાદિ વિકલ્પ ભલે હો. હૈ? વહ સબ તો રાગ હૈ. વહ કોઈ ચીજ નહીં. વ્રત, તપ વિકલ્પ હૈ. પુણ્ય-પાપ અધિકાર મેં કહા ન? વ્રત, તપ, શિલ, નિયમ વહ સબ પુણ્યકાર્ય હૈ. પુણ્યકાર્ય હૈ. જડ કાર્ય હૈ, ચૈતન્ય નહીં. આહાહા..! ચૈતન્ય ભગવાન તો ઉસસે બિલકૂલ ભિન્ન હૈ. ભલે હો રાગાદિ વહાં. '**પરંતુ વે સાધન નહીં હોતે,...**' આહાહા..! વ્રત ઔર તપ ઔર બાહ્ય ત્યાગ... લોગોંકી દૃષ્ટિ બાહ્ય ત્યાગ પર હૈ. પ્રભુ કહતે હૈં કિ બાહ્ય ત્યાગ ઔર ગ્રહણ તો આત્મામેં હૈ હી નહીં. ઔર જ્ઞાનીકી દૃષ્ટિ મિથ્યાત્વકે ત્યાગ પર (હૈ), વહ નાસ્તિસે. મિથ્યાત્વકા ત્યાગ ઉસ ત્યાગકી તો લોગોંકો કિંમત નહીં. બાહરકા ત્યાગ કરકે બૈઠે, નગ્ન હોકર બૈઠે. કપડે બદલે યહ થોડા ખાયા. પાંચ રસ હી ખપતા હૈ ઔર પાંચ ફલાના ખપતા હૈ. ઉસમેં ક્યા કાર્ય હુઆ તેરા? સમજ મેં આયા?

'**વ્રત, તપ યા ત્યાગાદિ ભલે હોં,...**' વહ વિકલ્પ હૈ. '**પરંતુ વે સાધન નહીં હોતે,...**' આહાહા..! સાધન કહનેમેં આયા હૈ ન? વહ તો પ્રજ્ઞાસે ભિન્ન હોકર સાધન હુઆ તો રાગકો વ્યવહાર સાધનકા ઉપચાર કિયા. ઈસલિયે જો હૈ નહિ ઉસકો સાધન કહનેમેં આયા. સાધન હૈ નહીં. આહાહા..! બડા કઠિન કામ. વ્રત, તપ કરે, વર્ષીતપ કરે. એક દિન ખાયે, એક દિન આહાર ન કરે. ઔર બારહ મહિનેકે બાદ વર્ષીતપ મનાયે. ગૃહસ્થાશ્રમકે પ્રમાણમેં પાંચ-પચ્ચીસ હજારકા ખર્ચ કરે. બડે ગૃહસ્થ હો તો લાખો રૂપયે ખર્ચ કરે.

મંગળભાઈ થે ન? મંગળ ઉજમશી. અહેમદાબાદ. વહ તો કરોડપતિ થે. મંગલભાઈકી બહુને જબ વર્ષીતપ પારના કિયા તબ પૌને લાખકા ખર્ચ કિયા. એય.. ચીમનભાઈ! વહાં લેકર આયે થે પાલીતાણા. પૂરી રેલ. ઉસસે ક્યા હુઆ? વહ ક્યા ચીજ હૈ? દુનિયા જાને કિ આહાહા..! એક દિન ખાયા ઔર એક દિન તપસ્યા કરી. કહાં ગયે હમારે બલુભાઈ? બલુભાઈને વર્ષીતપ કિયા થા. બહુત સાલ પહલે. પારણામેં હમ ગયે થે. લાંઘન હૈ કહા, યે સબ લાંઘન હૈ. બડા થા ન, મુંબઈમેં બડા કારખાના ૭૦ લાખકા બડા. બાદમેં દે દિયા ન. ... આહાહા..! વહ તો લંઘન હૈ. પ્રભુ! વહ તો અપવાસ હૈ. અપવાસ નામ અપને આત્માસે બૂરી દશામેં વાસ હૈ-રાગમેં.

ઉપવાસ તો ઈસકો પ્રભુ કહેં કિ, આનંદકા નાથ પ્રભુ જ્ઞાન સાગરમેં ઉપ નામ સમીપ. રાગસે ભિન્ન હોકર અપને આનંદમેં રમે, ઉપ નામ સમીપમેં રમે, વાસ કરે ઉસકો તીન લોકકા નાથ ઉપવાસ કહતે હૈં. બાકી સબ તો અપવાસ. અપ નામ બૂરા વાસ. દુર્ગતિમેં જાનેકી વહ સબ ક્રિયા હૈ. આહાહા..! કઠિન બાત હૈ, બાપુ! બહને બહુત વર્ષીતપ કરતી હૈં. ફિર મનાયે. પતિ કુછ પૈસેવાલા હો તો કુછ દો-

પાંચ હજારકા ખર્ચ કરે. ફિર અઠમ કરે ઔર ફિર ઢોંગ કરે કુછ. બહુત હોવે તો સોંઠ લગાયે. અઠમ કિયા તો કઠિન પડા હોગા. સબ ઢોંગ હૈ, સુન ન.

યહાં તો ભલે હો મુનિ, સમકિતીકો ભી ભલે કદાચિત રાગ મંદ હો, લેકિન વહ સાધન નહીં. **'સાધન તો પ્રજ્ઞા હી હૈ.'** આહાહા..! સાધન તો પ્રજ્ઞા હી હૈ. દૂસરા કોઈ સાધન હૈ નહીં. આહાહા..! **'સ્વભાવકી મહિમાસે પરપદાર્થોકે પ્રતિ રસબુદ્ધિ-સુખબુદ્ધિ ટૂટ જાતી હૈ.'** ધર્મકી દૃષ્ટિવંતકો સ્વભાવકી મહિમાસે અપના ભગવાન ચૈતન્ય પ્રભુકી મહિમાસે પરપદાર્થકે પ્રતિ રાગ ઔર પરમેં સુખબુદ્ધિ ઊડ જાતી હૈ. આહાહા..! રસ ઊડ જાતા હૈ. રસ-સુખબુદ્ધિ ઊઠ જાતી હૈ. ભલે રાગ આતા હૈ લેકિન ઉસમેં સુખબુદ્ધિ ઉડ જાતી હૈ. ક્યોંકિ રાગ હૈ વહ દુઃખ હૈ. ચાહે તો અપવાસ ઔર તપકા વિકલ્પ હૈ વહ ભી દુઃખ હૈ. આહાહા..! ઐસા સુનના કઠિન લગે.

**'સ્વભાવકી મહિમા સે પરપદાર્થોકે પ્રતિ રસબુદ્ધિ-સુખબુદ્ધિ ટૂટ જાતી હૈ. સ્વભાવમેં હી રસ આતા હૈ,...'** આહાહા..! ધર્મી જીવકો, સમકિતીકો સ્વભાવ આનંદમેં રસ આતા હૈ. ઉસકા રસ રાગ ઔર પરપદાર્થમેં રસબુદ્ધિ ઊડ જાતી હૈ. ચાહે તો ઈન્દ્રકા ઈન્દ્રાસન હો, કરોડોં અપ્સરાએં હોં. યે સબ તો અનાજકે પૂતલે હૈં. દો દિન ન ખાયે તો ચહેરા ઐસે હો જાયે. વહ તો અનાજકે બિના અમૃતકા ઝરના કંઠમેં જરે ઐસી ઈન્દ્રાણીયાં. ઉસકે ભોગ ભી સમકિતીકો સડે હુએ કૂત્તે જૈસા લગે. આહાહા..! કૂત્તે ઔર બિલ્લી જૈસે સડે હુએ હૈં, વૈસે ઈન્દ્રકે ભોગ.. આહાહા..! ઐસા લગે. રસબુદ્ધિ ઉડ જાતી હૈ. **'સ્વભાવમેં હી રસ આતા હૈ. દૂસરા સબ નીરસ લગતા હૈ. તભી અંતર કી સૂક્ષ્મ સંધિ જ્ઞાત હોતી હૈ.'** તબ અંદરમેં સૂક્ષ્મ જ્ઞાન, આનંદકા ખયાલ ઔર અનુભવ આતા હૈ.

**'ઐસા નહીં હોતા કિ પરમેં તીવ્ર રુચિ હો...'** રાગમેં રુચિ હો, પરમેં સુખબુદ્ધિ હો **'ઔર ઉપયોગ અંદર પ્રજ્ઞાછૈનીકા કાર્ય કરે.'** ઐસા કભી બનતા નહીં. એક મ્યાનમેં દો તલવાર રહ સકતી નહીં. પરમેં રસ હો ઔર આત્માકા અનુભવ હો ઔર આત્માકા અનુભવ હૈ ઔર રાગકા રસ ભી રહે ઐસા હો સકતા નહીં. વિશેષ કહેંગે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ સુદ ૨, શનિવાર, તા. ૨૮-૪-૧૯૭૯**
**બોલ-૧૯૮, ૨૦૦, પ્રવચન-૭૭૪**

**જ્ઞાતાપણાના અભ્યાસથી જ્ઞાતાપણું પ્રગટ થતાં કર્તાપણું છૂટે છે. વિભાવ પોતાનો સ્વભાવ નથી તેથી આત્મદ્રવ્ય કાંઈ પોતે ઊછળીને વિભાવમાં એકમેક થઈ જતું નથી, દ્રવ્ય તો શુદ્ધ રહે છે; માત્ર અનાદિ કાળની માન્યતાને લીધે 'પર એવા જડ પદાર્થને હું કરું છું, રાગાદિ મારું સ્વરૂપ છે, હું વિભાવનો ખરેખર કર્તા છું.' વગેરે ભ્રમણા થઈ રહી છે. યથાર્થ જ્ઞાતાધારા પ્રગટ થાય તો કર્તાપણું છૂટે છે. ૧૯૮.**

૧૯૮. વચનામૃત-૧૯૮. '**જ્ઞાતાપણાના અભ્યાસથી...**' આહાહા..! કોઈ રાગના અભ્યાસથી કે નિમિત્તના અભ્યાસથી કે ભેદના અભ્યાસથી એ ભગવાન પ્રાપ્ત થાય એવો નથી. એથી અસ્તિથી વાત કરી. નાસ્તિથી ન કહેતાં અસ્તિથી કરી. '**જ્ઞાતાપણાના અભ્યાસથી...**' આત્મા જ્ઞાતા છે, દ્રષ્ટા છે, જ્ઞાયક સ્વભાવ ત્રિકાળ છે એના અભ્યાસથી. '**જ્ઞાતાપણું પ્રગટ થતાં...**' જ્ઞાતાપણાના અભ્યાસથી. અંતર્મુખ જ્ઞાતાપણા સન્મુખ થવાથી, જ્ઞાતાપણું પ્રગટ થાય છે. એટલે વસ્તુ જ્ઞાતા છે એનો પર્યાયમાં એનો અભ્યાસ કરતાં પર્યાયમાં જ્ઞાતાપણું પ્રગટ થાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ? બીજી કોઈ ક્રિયાકાંડથી કે આનાથી કે દેવ-ગુરુ-શાસ્ત્રથી કે કૃપાથી મળી જાય આત્મા, એવો નથી. આહાહા..! એક જ્ઞાતાપણાનો ત્રિકાળી સ્વભાવ તેનો જે સ્વસન્મુખનો અભ્યાસ તે તેની પર્યાયમાં જ્ઞાતાદ્રષ્ટાપણું થવાનું કારણ છે. બહુ ભાષા ટૂંકી. આહાહા..!

'**કર્તાપણું છૂટે છે.**' એટલે જ્ઞાતાપણાનો ત્રિકાળી જ્ઞાયકભાવ, તેના સન્મુખપણાથી વર્તમાન પર્યાયમાં જાણનાર-દેખનાર છું એવી પર્યાય પ્રગટ થાય છે. એથી તે પર્યાયમાં રાગનું કર્તાપણું એને છૂટી જાય છે. વ્યવહારરત્નત્રયનો જે રાગ એનાથી આત્માને કાંઈ લાભ થાય એ તો મિથ્યાદર્શન અને મિથ્યાશલ્ય છે. આહાહા..! પણ આવા જ્ઞાતાપણાના અસ્તિત્વની પૂર્ણતાના સ્વસન્મુખના અભ્યાસથી તેની પર્યાયમાં જેવું જ્ઞાતાપણું શક્તિરૂપે, સ્વભાવરૂપે, સહજ ભાવે અસ્તિપણે છે, તેવું જ તેની પર્યાયમાં જ્ઞાતાપણું, દ્રષ્ટાપણું સહજપણે પ્રગટ થાય છે. આહાહા..! આવી વાત છે. તેથી જ્ઞાતાપણું જાણનાર-દેખનાર હું છું. આહાહા..!

જોકે જાણનાર-દેખનાર પર્યાય જે છે એ પણ જ્ઞાતાપણાના દૃષ્ટિના જોરને લઈને જ્ઞાતાપણું પર્યાયમાં ઊપજે છે તે ઊપજવાને લાયક છે તે ઊપજાવું છું-જ્ઞાનને ઊપજાવું છું એવું પણ જ્યાં નથી. આહાહા..! ઊપજે છે. આહાહા..! ભગવાન પરમાનંદની મૂર્તિ પ્રભુ ધ્રુવ, તેના ધ્યેય ધ્યાનમાં આવતા, ધ્યેયને ધ્યાનમાં લેતા જે ધ્યેય છે તેવી પર્યાય વર્તમાન પ્રગટમાં પ્રગટ થાય છે. તેનું કર્તાપણું છૂટે છે. એની વ્યાખ્યા લાંબી બહુ. પરનું કર્તાપણું તો છૂટે છે. વ્યવહારરત્નત્રયના રાગનું કર્તાપણું તો છૂટે છે પણ આ પર્યાય કરું એવી કર્તાબુદ્ધિ પણ છૂટે છે. કેમ કે એનામાં ભાવ નામનો એક શુદ્ધ ગુણ છે. આહાહા..! એ ગુણને કારણે અનંતા ગુણમાં તેનું રૂપ છે એથી તે પર્યાય જ્ઞાતા ઉપર દૃષ્ટિ આપતા એનો સ્વીકાર અને સત્કાર થતાં પર્યાયમાં દરેક ગુણની પર્યાય ઉત્પન્ન થાય. એને ઉત્પન્ન કરું એવું પણ નથી. આહાહા..! આવી વાત છે.

'**વિભાવ પોતાનો સ્વભાવ નથી...**' ચાહે તો દયા, દાન આદિ શુભરાગ એ ચૈતન્યનો નિજ સ્વભાવ નથી. એટલે કે એ વિભાવભાવ સ્વભાવમાં છે નહિ. છે? '**વિભાવ પોતાનો સ્વભાવ નથી તેથી આત્મદ્રવ્ય...**' જરી સૂક્ષ્મ કહે છે. '**વિભાવ પોતાનો સ્વભાવ નથી તેથી...**' તેથી, તેથી, તે કારણે. આહાહા..! વ્યવહારરત્નત્રયનો જે શુભ વિકલ્પ એ પણ પોતાનો સ્વભાવ નથી તેથી, સ્વભાવ નથી તે કારણે '**આત્મદ્રવ્ય કાંઈ પોતે ઊછળીને વિભાવમાં એકમેક થઈ જતું નથી,...**' આહાહા..! જરી ઝીણી વાત કરી છે. આત્મદ્રવ્યનો વિભાવ સ્વભાવ નહિ હોવાથી પોતે આત્મદ્રવ્ય કાંઈ પોતે ઊછળીને વિભાવમાં એકમેક થઈ જતું નથી. કેમ કે એ આત્મદ્રવ્યનો વિભાવસ્વભાવ નથી. એથી આત્મદ્રવ્ય ઊછળીને વિભાવમાં પરિણમે એવું ત્રણ કાળમાં બનતું નથી. આહાહા..! આવું આકરું કામ છે. આ ભાષા તો અનુભવમાંથી સહેજે આવી છે, નીકળી ગઈ છે. આહાહા..! દ્રવ્ય સ્વભાવ ભગવાન, એમાં વિભાવનો સ્વભાવ નથી. તેથી તે દ્રવ્ય સ્વભાવ ઊછળીને વિભાવરૂપે પરિણમે એવું ત્રણ કાળમાં બનતું નથી. આહાહા..!

'**દ્રવ્ય તો શુદ્ધ રહે છે;...**' છે? '**વિભાવમાં એકમેક થઈ જતું નથી,...**' વિભાવ થાય છે પણ દ્રવ્ય ઉછળીને વિભાવ સાથે એકમેક થાય છે એવું નથી. આહાહા..! ઝીણી વાતું બાપુ બહુ. વાત તો એ સિદ્ધ કરી કે વસ્તુ ભગવાન આત્મા આનંદ ને જ્ઞાન ને દર્શન ને સ્વચ્છતા ને પ્રભુતા અને એમાં એક એવો ગુણ છે કે અકાર્યકારણ નામનો એનામાં એક ગુણ છે. અકાર્યકારણ નામનો પ્રભુમાં ગુણ છે. દરેક આત્મામાં જેમ જ્ઞાનગુણ છે, આનંદગુણ છે, સ્વચ્છતા ગુણ છે, પ્રભુતા ગુણ છે એવા અનંત

ગુણ છે, એ માંયલો એક અકાર્યકારણ નામનો ગુણ છે કે જેથી સ્વભાવભાવ વિભાવનું કારણ થાય અને વિભાવનું કાર્ય થાય એવું એનામાં નથી. આહાહા..!

ફરીને. ભગવાન આત્મામાં એવો એક ગુણ ભગવાને કીધો અને ભગવાનમાં છે. ભગવાન એટલે આત્મા. અકાર્યકારણ નામનો એક ગુણ છે. ૪૭ શક્તિ છે ને? એમાં ૧૪મો ગુણ છે. ૧૪મો. એટલે શું? કે એ વિકારને કરે એવો એનામાં ગુણ નથી. વિકારનું કારણ થાય અને વિકાર કાર્ય થાય એવો એનામાં ગુણ નથી. તેમ વિકાર કારણ થાય અને સ્વભાવની પર્યાય કાર્ય થાય એવો કોઈ ગુણ નથી. આહાહા..! શું કહ્યું ફરીને?

આ તો ગહન વાતું છે, બાપુ! આહાહા..! અનુભવીઓની અનુભવવાણી અલૌકિક હોય છે. એ સમજવા માટે તો કેટલી તૈયારી મધ્યસ્થથી જોઈએ. આહાહા..! એકલા એ શાસ્ત્ર ભણતરથી પણ તે જણાય એવો નથી એવી ચીજ છે. આહાહા..!

કહે છે કે એ આત્મસ્વભાવમાં એક અકાર્યકારણ નામનો સ્વભાવ છે, જેથી તે દ્રવ્ય સ્વભાવ, ગુણ સ્વભાવ; દયા, દાન, વ્રતના શુભભાવને કારણ થાય એવો એનામાં ગુણ નથી. તેમ એ શુભભાવનું કાર્ય કરે અથવા શુભભાવથી સ્વભાવની પર્યાયનું કાર્ય થાય અને શુભભાવ કારણ થાય એવો ગુણ નથી. યશપાલજી! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મામાં જ્ઞાતા-દૃષ્ટા જેમ સ્વભાવ છે, એવો આનંદ અતીન્દ્રિય સ્વભાવ છે, એવો જ એક અકાર્યકારણ નામનો સ્વભાવ છે. ત્રિકાળી સ્વભાવ છે. કે જે સ્વભાવને કારણે એ દયા, દાન આદિ શુભભાવનો સ્વભાવ કારણ થાય એવો ગુણ નથી. તેમ વિભાવનું કાર્ય... વિભાવ કારણ થાય, શુભભાવ કારણ થાય અને જ્ઞાતા-દૃષ્ટાપણાની પર્યાય કાર્ય થાય એવો ગુણ નથી. આહાહા..! એથી કહે છે, દ્રવ્ય ઊછળીને.. દ્રવ્યમાં એક અકાર્યકારણ નામનો ગુણ છે. તેથી તે દ્રવ્ય ઊછળીને. ઊછળીને. ઊછળે ક્યાંથી? એમાં સ્વભાવ જ નથી ત્યાં. સમજાય છે કાંઈ? પ્રિયંકરજી!

દ્રવ્યનો સ્વભાવ જ અકાર્યકારણ નામનો ત્રિકાળી ગુણ છે. તે ગુણનો ધરનાર ગુણી એવો પણ જેમાં ભેદ નથી. એ અકાર્યકારણગુણસ્વરૂપ જ છે. આહાહા..! ઝીણું છે જરી. એ અકાર્યકારણ નામનો, જેમ આનંદ અતીન્દ્રિય ગુણ છે, જેમ અતીન્દ્રિય જ્ઞાનગુણ છે, એમ અકાર્યકારણ નામનો અતીન્દ્રિય અનાદિઅનંત આત્મામાં ગુણ અને સ્વભાવ છે. એથી તે ગુણનો સ્વભાવ ઊછળીને અકાર્યકારણ છે માટે વિભાવનું કાર્ય કરે એમ નથી. અને વિભાવના કારણે તેમાં કાંઈક કાર્ય થાય એવો એ આત્મા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? બહારની વાતું તો ઘણી કરે છે, વ્યવહારથી થાય, નિમિત્તથી થાય, ફલાણાથી થાય, આવો શુભભાવ થાય તો અંદર

આત્માને જ્ઞાન થાય ને શાંતિ થાય. આહાહા..!

ભગવાન! જેના સ્વભાવમાં જ અકાર્યકારણ નામની શક્તિ ઠસોઠસ ભરી છે. જેમ અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભર્યો છે, એમ અકાર્યકારણ નામનો એક ધ્રુવ ધ્રુવ, નિત્ય, અચળ સહજ સ્વભાવ ભગવાન આત્માનો સ્વયંસિદ્ધ સ્વભાવ છે. માટે તે દ્રવ્યસ્વભાવ દયા, દાન અને વ્રતના વિકલ્પને કરે, ઊછળીને તેનું કાર્ય કરે એવું તેના સ્વરૂપમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અને તે શુભભાવ ગમે તેવો શુભભાવ, તીર્થંકરગોત્ર બાંધવાનો શુભભાવ, એ ભાવ આત્માના શુદ્ધ સ્વરૂપની પર્યાયનું કાર્ય કરે એવો એનામાં ગુણ નથી. આહાહા..! અરે..! આવું સાંભળવું કઠણ. જગત કાંઈ ને કાંઈ પોતાની કલ્પનાથી અર્થો કરે. ત્રણ લોકના નાથના રહસ્યને ભાવને ફેરવીને પોતાની કલ્પનાથી અર્થ કરે.

અહીં તો બહેન તો પોતાના અનુભવથી આ વાત કરે છે. આહાહા..! અતીન્દ્રિય આનંદના સ્વાદમાં રહેતા, ભૂમિકામાં રહેતા આવો એક વિકલ્પ આવ્યો. આહાહા..! એમાં એમ કહેવાણું, પ્રભુ! તારી પ્રભુતા તો પરના કારણે કાર્ય થાય અને તારે કારણે વિભાવ થાય એ તારી પ્રભુતા નહિ. સમજાય છે કાંઈ? એ ગમે તેટલા ભગવાનના સ્મરણ કરો અને ભગવાન નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... લાખ વાર, કરોડ વાર, અનંત વાર કરો તો તે રાગનું કારણ થાય અને તારામાં નિર્મળતા કાર્ય થાય, પ્રભુ! એવું ત્રણ કાળમાં નથી. એ એના ગુણમાં નથી. ગુણમાં નથી તો પર્યાયમાં આવે ક્યાંથી? જેના ગુણમાં જ અકાર્યકારણ નામનો સ્વભાવ, વિભાવનું કારણ ન થાય અને વિભાવથી કાર્ય સ્વભાવ ન થાય તો એની પર્યાયમાં વિભાવને કારણે થાય એવું આવે ક્યાંથી? આહાહા..! ઝીણું બહુ બાપુ! અત્યારે તો ચાલે છે ભગવાનના નામે, આગમના નામે કંઈક ને કંઈક ... ઊંધી માન્યતામાં કરે છે. આહાહા..! બહેનથી તો આ સાધારણ બહેનોમાં બોલાઈ ગયું છે. લખાયું છે. આહાહા..!

એ '**ઊછળીને વિભાવમાં એકમેક થઈ જતું નથી,...**' વિભાવ થાય ભલે પણ તેના તો જ્ઞાતાપણું રહેવું તે તેનો સ્વભાવ થઈને અકાર્યકારણપણે વિભાવના કાર્યકારણપણે ન થવું એ પણે રહે છે. આહાહા..! વિભાવ થવા છતાં તેને પરજ્ઞેય તરીકે જાણવાના કાર્યરૂપે થતું તેના વિભાવના કારણે કાર્ય ન થતું, વિભાવને જાણવાના કાર્ય રૂપે થતું અને વિભાવના જાણવાના કાર્યથી વિભાવ થાય તેમ નહિ થતાં... આહાહા..! ઝીણી પડે, પ્રભુ! વાત તારી મોટી છે, બાપા! ભગવાન! તું મોટો છો, ભાઈ! તારા માહાત્મ્યની શું વાત કરવી! સંતો વીતરાગી ત્રણ કષાયના અભાવવાળા પરમેશ્વર પદમાં જે પાંચમાં ભર્યા એ પરમેશ્વર પદમાં રહ્યા જીવને ભગવાન તરીકે

બોલાવે. પ્રભુ! આહાહા..!

પ્રભુ! તું ભગવાન છો, ભાઈ! એ ભગવાનમાં અકાર્યકારણ નામની જે ભગ નામ લક્ષ્મી. આહાહા..! એનું વાન એ તારું રૂપ છે. અકાર્યકારણ નામનો જે ગુણ છે એ ભગ નામ લક્ષ્મી છે એ તારું સ્વરૂપ અને રૂપ છે. એનાથી તું રાગ, વ્યવહાર, દયા, દાનના રાગને ઉત્પન્ન કર અને એ રાગના કારણે તારામાં નિર્મળ પર્યાય થાય, પ્રભુ! એવો કોઈ ત્રણ કાળમાં આત્મામાં ગુણ નથી. આહાહા..! શું આગમને મરડી-કચરડી અર્થ કરવા. ધીરુભાઈ! આવી વાત છે, બાપુ! આહાહા..! આ તો રાતે જરી બોલાઈ ગયું બહેનોમાં. બહાર આવ્યું. નહિતર તો કાંઈ બહાર આવત પણ નહિ. આહાહા..!

'**વિભાવમાં એકમેક થઈ...**' એટલે કે જુદું રહે. પણ તેનો જ્ઞાતા થાય, તેનું કારણ થાય અને તેનાથી કાર્ય ન થાય એવી રીતે એકમેક થઈને તે રહેતો નથી. આહાહા..! '**દ્રવ્ય તો શુદ્ધ રહે છે;...**' વસ્તુ તો શુદ્ધ સચ્ચિદાનંદ મૂર્તિ ભગવાન સ્વરૂપ, અરે..! ભગવાન પરમાત્મસ્વરૂપ ન હોય તો પર્યાયમાં પરમાત્માપણું પ્રગટ ક્યાંથી આવશે? ક્યાંય બહારથી આવે છે? અરે..! પૂર્વની પર્યાયમાંથી પણ પરમાત્મપણું આવતું નથી. શું કીધું?

મોક્ષનો નિશ્ચય મોક્ષમાર્ગ છે એનાથી કેવળજ્ઞાન અને પરમાત્મદશા આવતી નથી. આહાહા..! એ પરમાત્મદશા પરમાત્મશક્તિનો સ્વભાવ તારામાં અકાર્યકારણ આદિ અનંત ગુણનો પિંડ છે એમાંથી છે પ્રવાહ, કૂવામાં છે તે અવેડામાં આવે છે, એમ અંદર છે તે પર્યાયમાં (આવે છે). પૂર્વની પર્યાયને લઈને મોક્ષ થાય એમ પણ એમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

નિશ્ચય મોક્ષમાર્ગથી મોક્ષ થાય એ પણ વ્યવહારના કથન છે. વ્યવહારથી તો થાય નહિ પણ નિશ્ચય મોક્ષમાર્ગથી મોક્ષ થાય એ પણ વ્યવહાર કથન છે. કારણ કે મોક્ષપર્યાય છે જ્યારે ઉત્પાદ એ તો ત્રિકાળી સ્વભાવમાંથી આવે છે એ. પૂર્વ પર્યાયનો તો વ્યય થાય છે. વ્યયમાંથી ઉત્પાદ થાય, મોક્ષમાર્ગની પર્યાયનો તો વ્યય થાય ત્યારે મોક્ષ થાય છે. તો અભાવમાંથી ભાવ થાય? ત્યારે ભાવમાંથી ભાવ થાય. એ અંદરમાં ભાવ ભરેલો છે પ્રભુ! પણ તને માહાત્મ્ય આવવું મુશ્કેલ છે. આહાહા..!

એ મોક્ષની પર્યાય સિદ્ધની કે કેવળજ્ઞાનની કે અનંત આનંદની, એ પર્યાય બધી દ્રવ્યમાં સ્વભાવરૂપ છે. તેમાં એકાગ્ર થતાં તે એમાંથી આવે છે. પૂર્વની પર્યાયથી પણ તે કેવળજ્ઞાન નહિ. આહાહા..! વ્યવહારુ કથન આવે ત્યારે તો એમ આવે કે દ્રવ્ય, પૂર્વની પર્યાય યુક્ત દ્રવ્ય તે કારણ અને ઉત્તરની પર્યાયરૂપ તે દ્રવ્ય તે કાર્ય.

ભાષા એમ આવે. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા. તત્ત્વ મિમાંસામાં બહુ નાખ્યું છે ભાઈએ. નાનામાં નાખ્યું છે અને મોટામાં નાખ્યું છે. ઘણું લખાણ તો ઉપાદાન ઉપાદેયનું શાસ્ત્રમાં આવું આવે છે. પૂર્વપર્યાય યુક્ત દ્રવ્ય એ તારું અને પછીની પર્યાય ઉત્તરપર્યાય યુક્ત દ્રવ્ય તે કાર્ય. એમ આવે છે. પણ એ તો એક સદ્ભુત વ્યવહારનયનું કથન છે.

અહીં તો કહે છે કે વર્તમાન જે કાર્ય થાય છે એ દ્રવ્યના કારણમાંથી સ્વભાવ નથી એનો બીજો વિભાવ થવાનો. અરે..! અપૂર્ણ રહેવાનો સ્વભાવ નથી. એનામાં પ્રભુત્વ નામનો ગુણ છે એ પણ પૂર્ણ ભર્યો છે. એથી સ્વતંત્રતાથી શોભાયમાન જેનો પ્રતાપ અખંડ છે એવી પર્યાય તેના દ્રવ્યના અવલંબનથી પ્રગટ થાય છે. પૂર્વની પર્યાયથી મોક્ષ થાય છે એ વ્યવહાર કહેવામાં આવે છે. તો પછી રાગથી મોક્ષ થાય વ્યવહારથી એ વાત તો ઘણી ભ્રમણામાં જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એ અહીં કહે છે. '**દ્રવ્ય તો શુદ્ધ રહે છે; માત્ર અનાદિ કાળની માન્યતાને લીધે...**' ફક્ત એની માન્યતા ભ્રમ છે. આ પ્રભુમાં અનંત આવા ગુણો છે અને એવો એ હું છું એવા અસ્તિત્વના મોજૂદગીની પ્રતીતના અભાવે અનાદિ કાળની માન્યતાને લીધે પર એવા જડ પદાર્થને હું કરું છું. આહાહા..! શરીરને હું ચલાવું છું, વાણીને હું બોલું છું, પરની દયા પાળી શકું છું, પરની હિંસા કરી શકું છું, એ જડ પદાર્થને હું કરું એ માન્યતા અનાદિની અજ્ઞાનને લઈને છે. આહાહા..! પરમાં કાર્ય થાય તારાથી એવો કોઈ ગુણ નથી ને. રાગ કાર્ય થાય એવો ગુણ નથી તો પરનું કાર્ય થાય એ વાત ક્યાં રહી? આહાહા..! ભારે કામ, ભાઈ!

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અને નવ તત્ત્વની શ્રદ્ધા... બંધ અધિકારમાં તો એમ કહ્યું છે કે જે શ્રદ્ધા વ્યવહાર છે એ નવ તત્ત્વ છે. શ્રદ્ધા છે એ નવ તત્ત્વ છે એમ કીધું છે. નવ તત્ત્વના લક્ષે છે માટે નવ તત્ત્વ છે. એ શ્રદ્ધા આત્મતત્ત્વ નહિ. આહાહા..! બંધ અધિકારમાં કહ્યું છે. અને ચારિત્રમાં જે છકાયની દયા પાળે છે-ભાવ, એવો શુભભાવ આવે છે વ્યવહાર, એને છકાયની દયા છકાય કહે છે. અહીં શુભભાવને છકાય કહે છે. કેમ કે એના લક્ષે થાય છે એટલે શુભભાવને છકાય કહે છે. અને શાસ્ત્રના જ્ઞાનમાં વિકલ્પ ઊઠે છે તેને શબ્દજ્ઞાન કહે છે. આહાહા..! બંધ અધિકાર છે. છે? શબ્દજ્ઞાન. આહાહા..! શબ્દજ્ઞાન. એ તો એનો અર્થ એ કે શબ્દના નિમિત્તથી થયું જ્ઞાન માટે તે શબ્દજ્ઞાન છે. છકાયની દયાના લક્ષે શુભભાવ થયો માટે તે શુભભાવ તે છ કાયરૂપ છે. છ કાયરૂપ છે, તારારૂપે નહિ. આહાહા..!

ખરેખર છકાય તે જીવનું સ્વરૂપ નથી. છકાય તે જીવનું સ્વરૂપ નથી. પંચાસ્તિકાય. પાઠ છે. જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા એ તારું સ્વરૂપ છે. છકાય છે એ તારું સ્વરૂપ છે

નહિ. આહાહા..! એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત અને અપર્યાપ્ત ને માણસ ને ઢોર ને નારકી ને દેવ ને.. આહાહા..! એ જીવ નથી. પંચાસ્તિકાયમાં છે શબ્દ. છકાય એ જીવ નથી. જીવ તો અંદર જ્ઞાન સ્વરૂપનો નાથ અનંત ગુણનો ભંડાર તેને અમે આત્મા અને જીવ કહીએ છીએ. એ આત્મા જડ પદાર્થને હું કરું એ માન્યતા અનાદિની મિથ્યાદૃષ્ટિની છે. આહાહા..! શરીરને હલાવી શકું, પ્રેરણા હોય તો શરીર ચાલે, આત્માની ઇચ્છાની પ્રેરણા હોય તો શરીર ચાલે, એ માન્યતા મિથ્યાદૃષ્ટિની અનાદિની છે. આહાહા..!

આ લખે છે ને લખે? શબ્દો કલમ. એ કલમ પણ અક્ષરને અડતા નથી. કલમથી અક્ષર થયા નથી અને ઇચ્છાથી અક્ષર થયા નથી, ઇચ્છાથી કલમ ચાલી નથી, કલમ કલમને કારણે ગતિ કરે છે. અક્ષરના પરમાણુ એને કારણે ત્યાં સ્વરૂપે પરિણમે છે. આહાહા..! એનો કર્તા ભગવાન અકાર્યકારણ નામના સ્વભાવને લઈને છે નહિ એનો કર્તા પણ અનાદિકાળની માન્યતાને લઈને હું કર્તા છું એમ માને છે. છે પહેલું?

'**જડ પદાર્થને હું કરું છું,...**' એ લખું છું આમ અક્ષર બરાબર કલમથી ને આમ ગાયન જોડી દઉં છું. આહાહા..! એ જડનો કર્તા મિથ્યાદૃષ્ટિ થાય છે. આકરું કામ. એક પદાર્થ બીજા પદાર્થને અડે નહિ ત્યાં એકને બીજો કરે, પ્રભુ! એ તો માન્યતા મિથ્યાત્વની ભ્રમ છે. આહાહા..! એનો સ્વભાવ જે જ્ઞાતા-દૃષ્ટા છે એનાથી વિરુદ્ધ માન્યતા એ તો છે. એટલે તત્ત્વજ્ઞાનથી વિરુદ્ધ, આગમથી વિરુદ્ધ ભગવાનના વચનથી વિરુદ્ધ છે એ. આહાહા..!

એ અહીં કહે છે. '**માત્ર અનાદિ કાળની માન્યતાને લીધે પર એવા જડ પદાર્થને હું કરું છું,...**' એક વાત. '**રાગાદિ મારું સ્વરૂપ છે,...**' દયા પાળવાનો ભાવ, વ્રતનો ભાવ, અરે..! શુભ બોલવાનો ભાવ એ મારો છે એમ માન્યતા અનાદિની મિથ્યાદૃષ્ટિની છે. આહાહા..! '**રાગાદિ મારું સ્વરૂપ છે,...**' એટલે હું જે રીતે બીજાને સમજાવવા માગું છું એ રાગ મારું સ્વરૂપ છે. આહાહા..! સમજાવવા કાળનો રાગ અને વાણી બે તદ્દન જુદા છે. એનો આત્મા કર્તા અને ભોક્તા બિલકુલ નથી. આહાહા..! બે.

'**હું વિભાવનો ખરેખર કર્તા છું...**' ત્રીજી વાત. વિસ્તાર કર્યો. '**રાગાદિ મારું સ્વરૂપ છે, હું વિભાવનો ખરેખર કર્તા છું...**' આહાહા..! ખરેખર એમ કીધું, હોં! પર્યાયમાં થાય છે એ એના પુરુષાર્થની કમજોરીને લઈને. પણ સ્વભાવની દૃષ્ટિથી એને કહીએ તો વિભાવનો ખરેખર હું કર્તા છું એ માન્યતા તદ્દન અસત્યના સેવનના માનનારની છે. જૂઠું જેનું સેવન છે. આહાહા..! જેને સત્ય પ્રભુનું સેવન આવ્યું નથી. જ્ઞાતા-દૃષ્ટા સેવવા યોગ્ય અને આદરવા યોગ્ય છે એ વાત જેને બેઠી નથી,

એ બધા વિભાવનો ખરેખર કર્તા છું એમ માને છે. આહાહા..!

પરમાત્મપ્રકાશમાં તો એમ કહ્યું છે કે આત્મા તો પાંગળો છે. કર્મ એને લઈ જાય અને કર્મ એને બીજે ગતિમાં લઈ જાય એવી વાત છે. પરમાત્મ પ્રકાશ. છે તો પોતાની પર્યાય પણ એ પર્યાય વિભાવની છે એ એના સમયે થયેલી છે એને લઈને એ ગતિમાં આમ જાય છે. કર્મને લઈને નહિ. છતાં અહીં તો કહે છે કે એ વિભાવથી જાય છે એ પણ એના સ્વભાવનું સ્વરૂપ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'વિભાવનો ખરેખર કર્તા છું' વગેરે ભ્રમણા થઈ રહી છે.'** વગેરે ભ્રમણા અનાદિની અજ્ઞાનીમાં શાસ્ત્રના વાંચનારા, ભણનારા અગિયાર અંગ ભણ્યા. એક એક અંગમાં ૧૮ હજાર પદ અને અને એક પદમાં ૫૧ કરોડ ઝાઝેરા શ્લોક. એટલું જાણપણું કર્યું પણ ભ્રમણા ગઈ નહિ. આહાહા..! ભ્રમણામાં રોકાઈને એ બધું જ્ઞાન તે મારું જ્ઞાન છે. એ તો બધું શબ્દજ્ઞાન છે. શબ્દજ્ઞાન છે. શબ્દથી થયેલું જ્ઞાન નિમિત્તથી. તે શબ્દજ્ઞાન કહીને એ આત્મજ્ઞાન નહિ. આહાહા..!

કહે છે, અનાદિની ભ્રમણા થઈ રહી છે. **'યથાર્થ જ્ઞાતાધારા પ્રગટ થાય...'** યથાર્થ જાણનાર-દેખનાર છૂટો છે એવો છૂટો જણાય, છૂટો છે તેવો છૂટો અનુભવમાં આવે. આહાહા..! **'તો કર્તાપણું છૂટે છે.'** નહિતર કર્તાપણું માન્યતા શબ્દ શાસ્ત્ર ભણ્યો હોય તેથી કર્તાપણું છૂટે એમ નથી. ૧૯૮ (પૂરો થયો). ૧૯૯.

મુમુક્ષુ :- ૨૦૦

ઉત્તર :- હા. ઠીક ૨૦૦-૨૦૦. ૨૦૦ છે આમાં.

**શુદ્ધનયની અનુભૂતિ અર્થાત્ શુદ્ધનયના વિષયભૂત અબદ્ધસ્પૃષ્ટ-આદિરૂપ શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે. ચૌદ બ્રહ્માંડના ભાવો એમાં આવી ગયા. મોક્ષમાર્ગ, કેવળજ્ઞાન, મોક્ષ વગેરે બધું જાણી લીધું. 'સર્વગુણાંશ તે સમકિત'-અનંત ગુણોનો અંશ પ્રગટ્યો; આખા લોકાલોકનું સ્વરૂપ જણાઈ ગયું.**

**જે માર્ગે આ સમકિત થયું તે જ માર્ગે મુનિપણું ને કેવળ થશે-એમ જણાઈ ગયું. પૂર્ણતાના લક્ષે શરૂઆત થઈ; આ જ માર્ગે દેશવિરતિપણું, મુનિપણું, પૂર્ણ ચારિત્ર ને કેવળજ્ઞાન-બધું પ્રગટ થશે.**

**નમૂનામાં પૂરા માલનો ખ્યાલ આવે. ચંદ્રની બીજની કળામાં આખો**

**ચંદ્રમા ખ્યાલમાં આવે. ગોળની એક કણીમાં આખા રવાનો ખ્યાલ આવે. ત્યાં (દૃષ્ટાંતમાં) તો જુદા જુદાં દ્રવ્ય ને આ તો એક જ દ્રવ્ય. માટે સમકિતમાં ચૌદ બ્રહ્માંડના ભાવો આવી ગયા. એ જ માર્ગે કેવળ. જેમ અંશ પ્રગટ્યો તેમ જ પૂર્ણતા પ્રગટશે. માટે શુદ્ધનયની અનુભૂતિ એટલે કે શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે. ૨૦૦.**

૨૦૦. '**શુદ્ધનયની અનુભૂતિ અર્થાત્ શુદ્ધનયના વિષયભૂત અબદ્ધસ્પૃષ્ટ-આદિરૂપ શુદ્ધ આત્માની અનુભૂતિ...**' શું કહ્યું? ૧૪મી-૧૫મી ગાથા. જે આ આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અસંયુક્ત, અનેરા-અનેરા રહિત... આહાહા..! અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયતં. અને પર્યાયની અનેકતાની પર્યાય વિનાનો એવો જે આત્મા જેને જાણવામાં આવે એને અહીંયાં શુદ્ધનયની અનુભૂતિ કહે છે. એ '**શુદ્ધનયની અનૂભૂતિ અર્થાત્ શુદ્ધનયના વિષયભૂત...**' બે જુદા પાડ્યા છે.

૧૧મી ગાથામાં '**भूदत्थो देसिदो दु सुद्धणओ।**' ત્રિકાળ વસ્તુ છે શુદ્ધ ચિદાનંદ તેને જ અમે શુદ્ધનય કહીએ છીએ. એમ પહેલું અભેદ સિદ્ધ કરી અને ત્રીજા બોલમાં પછી એમ કહ્યું કે '**भूदत्थमस्सिदो खलु**'. ત્યાં ભેદ પાડ્યો. ૧૧મી ગાથા. '**ववहारोऽभूदत्थो**' પર્યાયમાત્ર ગૌણ કરીને અસત્ય નામ નથી એમ કીધું છે. વેદાંત કહે છે પર્યાય નથી, એમ નહિ. '**ववहारोऽभूदत्थो**' વ્યવહાર એટલે પર્યાય. પર્યાય તે જૂઠી છે, પર્યાય તે અસત્ય છે. એ તો ઠીક. પણ '**भूदत्थो देसिदो दु सुद्धणओ।**' શુદ્ધનયને અમે ત્રિકાળી ચીજને શુદ્ધનય કહીએ છીએ. નય અને નયનો વિષય એવો ભેદ ન પાડતાં ભૂતાર્થ જે ત્રિકાળ વસ્તુ છે તેને અમે શુદ્ધનય કહીએ છીએ. એમ બીજા પદમાં કહીને પછી ત્રીજા પદમાં જરી ભેદ પાડ્યો. '**भूदत्थमस्सिदो खलु**' આ પ્રશ્ન ભાઈને બહુ ચાલ્યો હતો. સોગાનીને. '**भूदत्थमस्सिदो**' આશ્રય આ શું? એટલી પરાધીનતા શી? બહુ વિચારો ચાલે ને. દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં ઘણું સારું લખ્યું છે એણે. બહુ આ શબ્દમાં વિચાર (ચાલ્યા). આ વસ્તુ સ્વતંત્ર છે તેમાં '**मस्सिदो**' આશ્રય વળી પર્યાયને ભૂતાર્થનો આશ્રય! આવે છે ને? એમાં રહી ગયું હતું પણ પછી તો આવી ગયું. આશ્રય કરે છે એ પણ સ્વતંત્રપણે કરે છે. નિર્મળ પર્યાય સ્વતંત્રપણે કર્તા થઈને આશ્રય કરે છે. પરાધીન નથી. પર્યાય પરાધીન નથી.

અહીં કહે છે, '**અબદ્ધસ્પૃષ્ટ-આદિરૂપ શુદ્ધ આત્માની અનુભૂતિ...**' એટલે કે આ આત્મા જે શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ એનો અનુભવ. વ્યવહારરત્નત્રયનો નહિ, સંયુક્ત નામ રાગનો નહિ, દુઃખનો નહિ. એકલો પ્રભુનો આનંદનો અનુભવ. આહાહા..! '**તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે.**' છે ને એમાં? '**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं**' ૧૫મી ગાથા. એનો અર્થ અત્યારે બીજો કરે છે. '**अपदेससंतमज्झं**' એનો અર્થ વળી એક જણો એમ કરે છે કે '**अपदेस**' જેમાં પ્રદેશ નથી અખંડ. એવો અર્થ છે નહિ. '**अपदेस**' એટલે કથન છે. જયસેનાચાર્યની ટીકામાં છે. જયસેનાચાર્યની ટીકામાં છે. એને ઉડાવી દે છે. '**अपदेस**' એટલે કે અખંડ. અને શ્રુત પરિચિત અનુભૂતા એટલે શ્રુત નામ જ્ઞાન અને પરિચિત એટલે દર્શન અને અનુભૂતિ એટલે ચારિત્ર. એમ લે છે. અરે..! એમ છે નહિ, પ્રભુ! સમયસાર છપાણું છે ને, વિદ્યાનંદજી તરફથી. એમાં આ બધા લખાણ છે બળભદ્રના. બધાં જૂઠા છે. આહાહા..! શું થાય?

અહીં કહે છે, '**અનુભૂતિ...**' આહાહા..! એ જિનશાસનની અનુભૂતિ છે. એકલો ચિદાનંદ આત્મા જેનું લક્ષ પર્યાયનું પણ નથી, ત્રિકાળી ભગવાનનું લક્ષ કરતાં જે અનુભવ આનંદનો આવે તે જૈનશાસનમાં '**अपदेस**' એટલે કથન એ છે. '**अपदेस**'નો અર્થ દ્રવ્યસૂત્રમાં પણ એમ છે અને ભાવશ્રુત એ છે. અનુભૂતિ તે ભાવશ્રુત છે. '**अपदेससंतम**' '**अपदेस**' એટલે કથન દ્રવ્યશ્રુતમાં પણ એ છે. એ વાત અમૃતચંદ્રાચાર્યે નથી નાખી એટલે ટીકા કરી છે કે '**अपदेस**'નો અર્થ એમને બરાબર સમજાણો નથી માટે... અરે..! પ્રભુ નથી સમજાણો? '**अपदेस**' શબ્દ કીધો એમાં જ દ્રવ્યસૂત્ર આવી ગયું. એટલે દ્રવ્યસૂત્રને જુદું પાડવાની જરૂર નથી. ભાવનો અર્થ કર્યો. દ્રવ્યસૂત્રમાં.. શું કહેવું છે આમાં? કે જેટલા ચાર અનુયોગો છે, ભગવાનની વાણીમાં '**अपदेस**' એટલે કથન. '**अपदेस**' એટલે દ્રવ્યસૂત્ર. દ્રવ્યસૂત્રમાં પણ અનુભૂતિનો વિષય કહ્યો છે. ભાષા દેખો!

જેટલા શાસ્ત્ર છે જૈન વીતરાગના એમાં આત્માને અબદ્ધસ્પૃષ્ટ છે એનું વર્ણન કર્યું છે. '**अपदेस**' એટલે કથન. જયસેનાચાર્યની ટીકામાં છે. હવે એ આચાર્યનો અર્થ ફેરવી નાખીને '**अपदेस**'નો અર્થ અખંડ કરવો. આહાહા..! નવો અર્થ ઊભો કરવો. એમ કરીને નવું કાંઈક અમે જાણીએ છીએ. બાપુ! આચાર્યો દિગંબર સંતો એમણે જે ટીકાઓ કરી છે એ ત્રણ કાળમાં ફરે એવી નથી. આહાહા..!

એ '**अपदेस**' એટલે કે આત્મા અબદ્ધ છે, અસ્પૃષ્ટ છે એવું દ્રવ્યસૂત્રમાં પણ કહ્યું છે. આહાહા..! એટલે વીતરાગની વાણીમાં અખંડ આત્મા છે અબદ્ધ એમ કહ્યું છે. એટલે પછી દ્રવ્યસૂત્રની વ્યાખ્યા કરવાની જરૂર પડી નહિ. ભાવની વ્યાખ્યા કરી.

દ્રવ્ય તો આવી ગયું. '**अपदेससंतम**' એટલે ભાવશ્રુત જે છે જ્ઞાન એ અબદ્ધસ્પૃષ્ટને જોવે છે એ જ્ઞાન તે અનુભૂતિ છે. તે અનુભૂતિ તે જૈનશાસન છે. વચ્ચે રાગ આવે વ્યવહાર એ જૈનશાસન નથી. આહાહા..! '**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं**' જે કોઈ ભગવાન આત્માને અબદ્ધસ્પૃષ્ટ અનુભવે છે તે તેના શાસ્ત્રમાં પરમાગમમાં પણ આ કહ્યું છે અને ભાવશ્રુતના અનુભવમાં પણ એ આવે છે. એટલે બેય આવી ગયા-દ્રવ્યસૂત્ર અને ભાવશ્રુત. આહાહા..! એ અહીં કહ્યું. છે? આમાં ૨૦૦ની વાત છે ને?

'**જિનશાસનની અનુભૂતિ છે. ચૌદ બ્રહ્માંડના ભાવો એમાં આવી ગયા.**' આહાહા..! વસ્તુ અખંડ અભેદ અબદ્ધ છે એમાં અનુભવ થતાં અબદ્ધને કહેવું એમાં જ આવ્યું કે વ્યવહાર બદ્ધ છે. એનો નિષેધ થઈ ગયો. એમાં બધું આવી ગયું. અબદ્ધને કેમ કહેવું પડ્યું? કે બદ્ધ છે માટે અબદ્ધને કહ્યું. અબદ્ધનો અનુભવ થતાં બદ્ધ હતું, પર્યાયમાં વ્યવહારમાં એ વાત ખ્યાલમાં આવી ગઈ પણ આદરમાં આ રહ્યું. આહાહા..! આવી વાતું છે. દુનિયા સાથે મેળ ખાય એવું આકરું પડે એવું છે. આ બધા વ્યાખ્યાનો બહાર પાડવાના છે તમારે. આહાહા..!

'**જિનશાસનની અનુભૂતિ છે. ચૌદ બ્રહ્માંડના ભાવો એમાં આવી ગયા.**' એટલે? જેણે એકને જાણ્યું એણે સર્વને જાણ્યું. પ્રવચનસારની ગાથા ૪૮-૪૯. જેણે ભગવાન એકને જાણ્યો તો એકને જ્યાં જાણ્યો એને ત્રિકાળી પર્યાય અને ગુણ સહિત જાણ્યો. ત્રિકાળી પર્યાય સહિત ન જાણ્યો હોય એકને તો જણાય નહિ. એટલે ત્રિકાળી પર્યાયનો ધરનાર ગુણ અને અનંત ધરનારો દ્રવ્ય એને જાણતા પર્યાય, ગુણ અને ચૌદ બ્રહ્માંડનું જ્ઞાન એમાં આવી ગયું. એ પર્યાય પરને પણ જાણનારી છે એવો વ્યવહાર.. આહાહા..! એ વ્યવહાર હોં! પણ એક સ્વનો અનુભવ કરે એમાં ચૌદ બ્રહ્માંડનું જ્ઞાન આવી ગયું. સમજાણું કાંઈ?

એક ફેરી તો એમ કહ્યું હતું કે એ પર્યાયમાં જે દ્રવ્યનું જ્ઞાન થાય છે, પર્યાયમાં જે દ્રવ્યનું જ્ઞાન થાય છે તે દ્રવ્ય અને ગુણ પર્યાયમાં આવતા નથી. એ પર્યાયમાં લોકાલોકનું જ્ઞાન થાય છે તે લોકાલોક પર્યાયમાં આવતા નથી. પણ એ એક જ પર્યાય વીતરાગી, એક જ પર્યાય વીતરાગીનું અસ્તિત્વ એ દ્રવ્ય-ગુણને પણ જણાવે છે અને આને જણાવે છે. એ એક જ પર્યાયની તાકાતમાં એટલી તાકાત છે. એ પર્યાય દ્રવ્ય-ગુણને અડતી નથી. એ પર્યાય ચૌદ બ્રહ્માંડના બીજા તત્ત્વને સ્પર્શતી નથી. છતાં તે અનુભૂતિની પર્યાય, એક જ પર્યાય .. બસ છે. એના બીજા બધાનો અભાવ છે. આવી વાતું છે. એ શું કહ્યું?

(સંવત) ૧૯૮૫ની સાલમાં વીરજીભાઈ સાથે ચર્ચા થતી હતી. કાઠિયાવાડમાં દિગંબરના અભ્યાસની શરૂઆત વીરજી વકીલ, જામનગર. દિગંબરનો અભ્યાસ બીજો નહોતો કોઈને. શરૂઆતમાં ઘણો એનો અભ્યાસ. એની સાથે એક ફેરી ચર્ચા ૮૫માં થઈ હતી. નારણભાઈની દીક્ષા હતી ને ૮૫માં? ત્યારે. વઢવાણ બહાર છે ને ઓલા જતિનું? ત્યાં દીક્ષા થઈ હતી ને? ત્યાં રાતે વાત થઈ હતી. કીધું.. આહાહા..! એક આત્માની જ્ઞાનની અનુભૂતિની પર્યાય, એ પર્યાયમાં દ્રવ્ય-ગુણ પણ જણાણા, પર્યાયે પર્યાયને જાણ્યું, પર્યાયે છ દ્રવ્યના લોકાલોકને પણ જાણ્યું, એક જ પર્યાયના લોકાલોક ને દ્રવ્ય-ગુણનું બધું અસ્તિત્વ આવી જાય છે. .. ઓલું અસ્તિત્વ આમાં આવી જતું નથી. પણ એ અસ્તિત્વનું જ્ઞાન અને લોકાલોકનું જ્ઞાન એક સમયની પર્યાયમાં જ આવી જાય છે. આવડી તો તેની એક ગુણની એક પર્યાયનું સામર્થ્ય છે. ઝીણી છે થોડી વાત, ભાઈ! આહાહા..! આ તો અંદરથી પહેલેથી આવતું હતું. ચર્ચા બધા ઘણાં કરતા હતા. એ ચર્ચા ૮૫માં મોટી ચાલી હતી.

૮૫માં તો એક બીજી ચર્ચા મોટી ચાલી હતી. મોહનલાલજી સાથે. લીંબડી સંઘના સ્થાનકવાસી. એમ કે અભવીને મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાનનું આવરણ ન હોય. કેમ કે એને મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન થાતું નથી. સાંભળજો! ૮૫ની વાત છે. સુંદર વોરાના અપાસરે. કેમ નથી? કીધું. કે એને થાતું નથી. અરે..! પ્રભુ! એમ નથી, ભાઈ! અભવીને પણ કેવળજ્ઞાન અને આનંદનો સ્વભાવ ખુલ્યો જ છે. એને પણ પાંચ આવરણ છે. મારે શું કહેવું છે સમજાય છે એમાં?

અભવિને પણ મતિઆવરણ, શ્રુતઆવરણ, અવધિ આવરણ, મનઃપર્યય આવરણ, કેવળજ્ઞાનાવરણ. કેવળજ્ઞાનાવરણીય એને છે. એ એમ બતાવે છે કે એનો સ્વભાવ કેવળજ્ઞાન છે. 'સર્વ જીવ છે સિદ્ધ સમ.' ઝીણી વાત છે, ભાઈ! એણે મોહનમાળા બનાવી હતી. પુસ્તક એક મોહનમાળા. ૮૦ની સાલમાં મારી પાસે આવ્યું હતું. ૮૦માં. ૮૦માં. તમારા જન્મ પહેલા. પંડિતજી! જન્મ પહેલાની વાત છે. ૮૦ની સાલ. કેટલા વર્ષ થયા? મોહનમાળા બનાવી હતી. મોહનલાલજી લીંબડી સંઘના નાના અપાસરે. એ પછી મને મોકલ્યું હતું. મેં વાંચ્યું. પછી મળ્યા પછી કીધું પણ આ શું તમે લખ્યું? ચર્ચા ચાલી. મોટા ખરાને એટલે જરી.. અને મારી દીક્ષા નાની હજી તે દિ'. ૧૫ વર્ષની. આની દીક્ષા ૪૦ કે ૫૦ વર્ષની. જરીક બોલે પણ મણિલાલજી હતા જોડે. બોલો નહિ. કાનજી મહારાજ સાથે બોલો નહિ. સામું ન બોલો. તમારું નહિ માને, એનું માનશે એવી એની છાપ છે.

મેં કીધું, પણ તમે અભવીને પાંચ આવરણનો નકાર કરો છો. તો અભવીમાં

કેવળજ્ઞાન અને સિદ્ધપદનો સ્વભાવ છે એનો નકાર થઈ જાય છે. વાત સમજાય છે આમાં? અરે..! સર્વ જીવ ભગવાન સ્વરૂપે છે. પ્રભુ! તને ખબર નથી. કેવળજ્ઞાનથી ભરેલો અભવીનો જીવ છે અને તેથી તેને કેવળજ્ઞાનાવરણી પ્રકૃતિ છે નિમિત્તરૂપે. આહાહા..! પાંચ આવરણ છે અભવીને. અભવીને.. આહાહા..! વખત થવા આવ્યો તમારો હિન્દીનો.

ક્યા કહા સમજમેં આયા? કિ અભવી જીવ હૈ ઉસકો કેવલજ્ઞાન હોતા નહીં, મનઃપર્યયજ્ઞાન હોતા નહીં તો ઉસકો દો આવરણ હૈ નહીં. બડી ચર્ચા ચલી. કહા, બિલકુલ જૂઠી બાત હૈ. આપને લિખી હૈ મોહનમાલામેં જૂઠી બાત હૈ. લેકિન ઉસકી બડી દીક્ષા ૫૦-૬૦ સાલકી દીક્ષા ઈસલિયે થોડા.. મણિલાલજી સાથમેં થે ઉસને કહા. કાનજીસ્વામીકે સામને નહીં બોલના. બોલના નહીં. બાત અગર બાહર ગઈ તો આપકી નહીં માનેગે, ઉનકી માનેંગે. હમારી પહલેસે શાખ ઐસી થી ન. અભવીકો ભી કેવલજ્ઞાન(સ્વભાવ) હૈ. આહાહા..! અભવીકો ભી સિદ્ધપદ સ્વભાવમેં હૈ. ઐસા ન માનો કિ ઉસકો પર્યાય હોતી નહીં ઈસલિયે વહ સિદ્ધસ્વરૂપ નહીં હૈ. એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગુજરાતી.

કેવલજ્ઞાન સ્વભાવ આત્મામેં અભવીકો હૈ. યદિ અભવીકો કેવલજ્ઞાન ન હો તો કેવલજ્ઞાનકી પ્રકૃતિ ન હો. ભગવાન તો કહતે હૈં કિ અભવીકો પાંચ પ્રકૃતિ હૈ આવરણમેં. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ઔર કેવલ. યે ક્યા કહતે હૈં? કેવલજ્ઞાનાવરણીય હૈ તો અભવીકો ભી કેવલજ્ઞાન(સ્વભાવ) હૈ. પ્રગટ હો કિ ન હો, વહ પ્રશ્ન યહાં હૈ નહીં. યહાં તો દ્રવ્યસ્વભાવ કહના હૈ ન. હૈ ન?

**'ચૌદહ બ્રહ્માંડકે ભાવ ઉસમેં આ ગયે. મોક્ષમાર્ગ, કેવલજ્ઞાન, મોક્ષ ઈત્યાદિ સબ જાન લિયા.'** એક આત્મા ત્રિકાલી જ્ઞાયક આનંદકા નાથ, અભવીકા ભી ઐસા હૈ ઔર ભવીકા ભી ઐસા હૈ. અભવીકો પર્યાયમેં જાનનેમેં આતા નહીં. ઈતના ફેર હૈ. લેકિન ઈતને ફેરસે વસ્તુમેં ફેર હૈ (ઐસા હૈ નહીં). આહાહા..! ભવીકે આત્મામેં પૂર્ણ જ્ઞાન હૈ કેવલજ્ઞાન ઔર અભવીમેં કેવલજ્ઞાન નહીં ઔર અલ્પજ્ઞાન હૈ, ઐસા દ્રવ્યકા સ્વરૂપ હૈ હી નહીં. દ્રવ્યકા સ્વરૂપ તો અભવીકો ભી કેવલજ્ઞાન ઔર અનંત આનંદ ભરા હૈ. તબ ઉસકો અનંત જ્ઞાનકા આવરણ કેવલજ્ઞાન ઐસા કહને મેં આયા હૈ. યશપાલજી! સમજમેં આયા? અભવી કભી મુક્ત નહીં હોતા, તીન કાલમેં મુક્તિ નહીં હોતી ઉસકો કેવલજ્ઞાન? અરે..! પ્રભુ! તુઝે દ્રવ્યસ્વભાવ કી ખબર નહીં. આહાહા..! દ્રવ્યસ્વભાવ ક્યા હૈ વહ યહાં બહિન કહતે હૈં. દેખો!

**'મોક્ષમાર્ગ, કેવલજ્ઞાન, મોક્ષ ઈત્યાદિ સબ જાન લિયા. સર્વગુણાંશ સો સમ્યક્ત્વ અનંત ગુણોંકા અંશ પ્રગટ હુઆ.'** અનંતગુણકા અંશ પ્રગટ હુઆ અનુભૂતિમેં. **'સમસ્ત લોકાલોકકા સ્વરૂપ જ્ઞાત હો ગયા.'** સમ્યગ્દર્શન ઔર સમ્યગ્જ્ઞાન હોતે હી... આહાહા..! સમસ્ત સત્ય સ્વરૂપ લોકાલોકકા જૈસા હૈ ઐસા ઉસકે ખ્યાલમેં આ જાતા હૈ. ઐસી આત્માકી શક્તિ હૈ. અભવીકી શક્તિ ઐસી કેવલજ્ઞાનકી હૈ. માત્ર પ્રગટ નહીં હોતા. પ્રગટ નહીં હોતા ઈસલિયે કેવલજ્ઞાન નહીં હૈ ઐસા કૌન કહતા હૈ? આહાહા..! સમજ મેં આયા? પ્રભુ! તુઝે તો પ્રગટ હોનેકી લાયકાત હૈ. ઐસા ન સમજો કિ હમ અભવી હૈં, ઐસા કહકર નિકાલ દે. મૈં નહીં સમજ સકું ઐસા નિકાલ દે. તૂ પ્રભુ કેવલજ્ઞાનકા પિંડ હૈ. તૂ ઉસકા નિષેધ કૈસે કરતા હૈ? મૈં મેરેકો સમજ સકું નહીં. મૈં કેવલજ્ઞાન પ્રગટ કર સકું નહીં. પ્રભુ! તૂ કેવલજ્ઞાનકા પિંડ હૈ ન. તુજસે ઐસા કૈસે કહનેમેં આતા હૈ? મૈં ભવી... આહાહા..! સમય હો ગયા હૈ.

ક્યા કહતે હૈં? ધવલ. ધવલમેં ઐસા આયા હૈ, ધવલમેં. કિ યહ ભવી જીવ હૈ યા અભવી જીવ હૈ યહ કૈસે જાનનેમેં આતા હૈ? ઐસા પ્રશ્ન આયા હૈ. સર્વાર્થસિદ્ધમેં પ્રશ્ન આયા હૈ વહ વ્યવહારકા આયા હૈ. ઔર વહાં નિશ્ચયકા આયા હૈ-ધવલમેં. યે ભવી હૈ યા અભવી? ધ્યાન રખો. તો પરમાત્મા વહાં કહતે હૈં, ધવલમેં, મુનિરાજ, કિ ઉસકા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હૈ ઉસકા ખ્યાલમેં આતા હૈ દૂસરેકો. દૂસરેકો ઉસકા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હૈ વહ દૂસરેકો ખ્યાલમેં આતા હૈ. ઈસલિયે વહ ભવી હૈ ઐસા નિર્ણય કર સકતે હૈં. મોક્ષમાર્ગકા નિર્ણય કર સકતે હૈં, દૂસરે દૂસરેકા. દૂસરે દૂસરેકા કર સકે નહીં હૈ ઐસા હૈ નહીં. સર્વ લોક બ્રહ્માંડ... આયા ન? ચૌદ બ્રહ્માંડકા. આહાહા..! સમજમેં આયા ક્યા કહા?

દૂસરેમેં સમ્યગ્દર્શન-જ્ઞાન હૈ કિ નહીં? વહાં પ્રશ્ન તો ભવીકા હૈ. યહ ભવ્યજીવ હૈ યા અભવ્ય હૈ? લેકિન પ્રશ્ન ઐસા ચલા હૈ કિ ઉસમેં સમ્યગ્દર્શન-જ્ઞાન દિખતે હૈં. ક્યોંકિ પૂર્ણાનંદકે નાથકી પ્રતીતિ દીખતી હૈ. ઔર પૂર્ણાનંદકે નાથકા જ્ઞાન દિખતા હૈ ઔર ઉસમેં લીનતા ભી દિખતી હૈ. ઐસા દૂસરા જીવ દૂસરેકા મોક્ષમાર્ગકા નિર્ણય કરતા હૈ, ઐસે ભવ્યજીવ નિર્ણય કર સકતા હૈ. ઐસા પાઠ હૈ. આહાહા..! યહાં તો અપના તો નિર્ણય કરે. લેકિન પરકા ભી યથાર્થ નિર્ણય કર સકતે હૈં. યહ ભવી હૈ યા અભવી. મોક્ષમાર્ગ હૈ યા બંધમાર્ગ મેં હૈ. ઐસા વસ્તુકા સ્વરૂપ અપના અનુભવ હુઆ તો ચૌદ બ્રહ્માંડકા પરકા ભી જ્ઞાન ઉસકો હો જાતા હૈ. વહ ન હો ઐસા હૈ નહીં. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)